ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MASTER IN SOCIAL WORK



## MSW-203
## સામુદાયિક સંગઠન કાર્ય

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-203
# સામુદાયિક સંગઠન કાર્ય

વિભાગ

# 1

## સમુદાયનો પરિચય


એકમ-1 સમુદાયનો પરિચય-1

એકમ-2 સમુદાયનો પરિચય-2

એકમ-3 સમુદાય એકતા અને વિઘટન

ISBN : 978-81-937666-5-1


| લેખક | |
|---|---|
| **શૈલેષ બ્રહ્મભટ્ટ** | મુલાકાતી અધ્યાપક,<br>એચ. કે. આર્ટ્સ્ કૉલેજ, અમદાવાદ. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **મોનિકા પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **નીલાબેન એન. પટેલ** | અધ્યાપક (ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન<br>રાજ્યગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા, અમદાવાદ. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## દૂરવર્તી અધ્યયનમાં સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીની ભૂમિકા

દૂરવર્તી શિક્ષણ પ્રણાલીમાં અસરકારક સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રી અનિવાર્ય છે. આ અભ્યાસ-સામગ્રીના લેખકો, અધ્યાપકો અને વિદ્યાર્થીઓ એકબીજાથી ઘણાં દૂર અને ક્યારેક તો ક્યારેય ન મળી શકે તેવી સ્થિતિમાં હોવાથી આવી અધ્યયન સામગ્રી સુગમ અને અસરકારક હોવી જરૂરી છે. દૂરવર્તી શિક્ષણ માટેની અભ્યાસ-સામગ્રીમાં વિદ્યાર્થીના બૌદ્ધિક ચિંતનને ઉદ્દીપ્ત કરવાની ક્ષમતા તથા આવશ્યક તમામ અધ્યયન પ્રવૃત્તિઓ હોવી જોઈએ. આ સામગ્રી પાઠ્યક્રમના સામાન્ય અને વિશિષ્ટ હેતુઓના અનુસંધાને વિદ્યાર્થીને પર્યાપ્ત માર્ગદર્શન આપવા સક્ષમ હોવી જોઈએ. સ્વ-અધ્યયન સામગ્રીમાં અભ્યાસક્રમમાં સૂચિત તમામ બાબતોનો સમાવેશ થાય તે જરૂરી છે.

અસરકારક અધ્યયન સિદ્ધ કરવા માટે અનેક પ્રકારના આયોજનનો ઉપયોગ કરવામાં આવે છે; જેનાથી વિદ્યાર્થી જ્ઞાનોપાર્જન કરી શકે. બૌદ્ધિક અને મનોશારીરિક કૌશલ્યો કેળવી શકે અને વર્તન તથા અભિગમમાં આવશ્યક પરિવર્તનો સાધી શકે. આથી જ વિદ્યાર્થીનું મૂલ્યાંકન પણ પાઠ્યસામગ્રીમાં આવરી લેવામાં આવ્યું છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન અભ્યાસ સામગ્રીમાં ઉપયોગમાં લેવામાં આવેલી શૈક્ષણિક પ્રવૃત્તિઓનું સ્વરૂપ તે શિક્ષણના જ્ઞાનાત્મક, ભાવાત્મક કે મનોશારીરિક હેતુમાંથી કયા હેતુને સંલગ્ન છે ? તેના પર આધારિત છે. આ હેતુઓ ભવિષ્યમાં અનુક્રમે જ્ઞાન, બૌદ્ધિક કૌશલ્યો અને મનોશારીરિક કૌશલ્યોની ઉપલબ્ધિમાં પરિણમે છે. વિદ્યાર્થીએ મેળવેલ જ્ઞાનની પ્રાપ્તિ, ઉપયોગ અને અભિવ્યક્તિ કરવા માટે પ્રોત્સાહિત કરી શકાય. વિદ્યાર્થીઓના પૂર્વજ્ઞાનનો અને અનુભવોનો આધાર લઈને રચવામાં આવેલ શિક્ષણ સામગ્રી દ્વારા બૌદ્ધિક કૌશલ્યના હેતુને સિદ્ધ કરી શકાય છે અને તેના દ્વારા નવીન જ્ઞાન પ્રાપ્તિનો માર્ગ પ્રશસ્ત થાય છે.

અભ્યાસ-સામગ્રીમાં સ્વાધ્યાય પ્રોજેક્ટ અને પ્રતિપૃષ્ટિ(Feedback)ના સ્વરૂપે અભ્યાસનું આયોજન જરૂરી છે. શારીરિક કૌશલ્ય સંબંધિત શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં ચિત્રાત્મક રજૂઆત હોવી જોઈએ અને ત્યારબાદ ઊચિત અભ્યાસનું આયોજન હોવું જોઈએ. વર્તન અને અભિગમમાં પરિવર્તન માટે આયોજિત શિક્ષણ પ્રવૃત્તિઓ રસ જન્માવે તેવી તથા આ પરિવર્તન દ્વારા થતાં લાભ અને તેની જરૂરિયાતને પ્રતિબિંબિત કરે તેવી હોવી જોઈએ. ત્યાર પછી નવાં અભિગમોને અપનાવવાની અને તે સંબંધિત પ્રક્રિયાના યોગ્ય અભ્યાસનું ઉચિત આલેખન થવું જોઈએ.

## દૂરવર્તી શિક્ષણની ભૂમિકા

પ્રત્યક્ષ અધ્યાપનમાં જોવા મળતી પ્રત્યાયનની વિશેષતાઓ; જેવી કે અંતરાલાપ, પૂર્વઅભિસંધાન, યોગ્ય સ્થાને વિરામ, આરોહ-અવરોહ, ભાવ-ભંગીમાં, સ્વરભાર વગેરે દૂરવર્તી અધ્યયનમાં ઉપલબ્ધ નથી. આ ઉણપ વિશેષતઃ મુદ્રિત સાહિત્યમાં (લેખિત સાહિત્યમાં) જોવા મળે છે. વિદ્યાર્થી અને શિક્ષક વચ્ચેના વ્યવવહારની આ ખૂટતી કડીને જોડવા માટે જ દૂરવર્તી સ્વ-અધ્યયન સામગ્રીમાં શૈક્ષણિક પ્રવૃત્તિઓનું આયોજન કરવામાં આવે છે. માટે જ આવી પ્રવૃત્તિઓનું આયોજન વૈકલ્પિક નહીં; પરંતુ અનિવાર્ય છે.

સ્વ-અધ્યયન અભ્યાસ-સામગ્રીને નાના એકમોમાં વિભાજિત કરીને શિક્ષણના ઉત્તમ સાધન તરીકે વિકસાવવાની સંકલ્પના છે. શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં વૈવિધ્ય દ્વારા શિક્ષણના વિવિધ ક્ષેત્રના હેતુઓ સિદ્ધ થાય તેવો પ્રયત્ન કરવાનો છે.

દૂરવર્તી શિક્ષણની સ્વ-અધ્યયન સામગ્રીનું આયોજન પૂર્વનિશ્ચિત શૈક્ષણિક નીપજને ધ્યાનમાં લઈને કરવાનું હોવાથી તેના હેતુઓ અને ધ્યેયો નિશ્ચિત હોય છે. વળી અધ્યેતાઓ દૂરસ્થ હોવાથી આ સામગ્રી દ્વારા તેઓ નિશ્ચિત અધ્યયન પ્રવૃત્તિઓમાં સંલગ્ન રહે તેવું આયોજન કરવામાં આવે છે. જેથી અધ્યેતાઓ સંબંધિત સંકલ્પનાઓને બરાબર સમજી શકે. સ્વ-અધ્યયન સામગ્રીમાં સાથે સંકળાયેલ સ્વાધ્યાયો, પ્રાયોગિક કાર્યો, પ્રવૃત્તિઓ અને પ્રકલ્પોનો પણ આ જ હેતુ છે. આ સામગ્રી માટે ઉચિત શૈક્ષણિક પ્રવૃત્તિઓની ઉદાહરણરૂપ સૂચિ ઘણી મોટી હોઈ શકે. આ સંદર્ભે શૈક્ષણિક પ્રવૃત્તિઓ વિદ્યાર્થીને અભિપ્રેરિત કરે છે, માર્ગદર્શન આપે છે અને વિદ્યાર્થીની પ્રગતિ અને પ્રદર્શનનું સતત માપન-મૂલ્યાંકન પણ કરે છે.

## પ્રસ્તાવના

દૂરવર્તી શિક્ષણની અભ્યાસ-સામગ્રી તૈયાર કરવા માટે વિવિધ બાબતોની કાળજી રાખવાની થાય છે. પ્રસ્તુત પુસ્તક દરેક વિદ્યાર્થીની અધ્યયન વિષયક સજ્જતા કેળવવામાં સહાયક નીવડશે તેવી શ્રદ્ધા છે. વિષયલક્ષી વિભાવનાઓની સરળ સમજ આ પુસ્તિકાને વિદ્યાર્થીભોગ્ય બનાવે છે.

આશા છે કે સ્વ-અધ્યયન અને અધ્યાપનના ક્ષેત્રે આ પ્રકારની અભ્યાસ સામગ્રી વિષયક્ષેત્રની સમજનો વિસ્તાર કરશે. કારકિર્દી ઘડતરના નિર્ણાયક તબક્કે આપને ઉજ્જવળ ભવિષ્યની શુભકામનાઓ.

## MSW-203 સામુદાયિક સંગઠન કાર્ય

**વિભાગ-1 : સમુદાયનો પરિચય**

1. સમુદાયનો પરિચય-1
2. સમુદાયનો પરિચય-2
3. સમુદાય એકતા અને વિઘટન

**વિભાગ-2 : સામુદાયિક સંગઠનની પ્રક્રિયા અને પદ્ધતિ**

1. સામુદાયિક સંગઠનની મૂળભૂત વિભાવના
2. સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો અને કૌશલ્યો
3. સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયા
4. સામુદાયિક સંગઠન પદ્ધતિમાં કાર્યકરની ભૂમિકા

**વિભાગ-3 : સામુદાયિક સંગઠનની વ્યુહરચનાઓ અને સામુદાયિક સંગઠકની ભૂમિકા**

1. સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડેલ્સ
2. સહભાગી સૂક્ષ્મ મૂલ્યાંકન, ક્ષમતાવર્ધન અને નેતૃત્વવિકાસ
3. સામુદાયિક સંગઠનની વિભાવના
4. સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ, નિયંત્રણ અને દસ્તાવેજીકરણ

**વિભાગ-4 : સામાજિક ક્રિયાઓ અને સમુદાય વિકાસ**

1. સમાજકાર્ય અને સામાજિક ક્રિયા, ભારતમાં સામાજિક ક્રિયાનો ઇતિહાસ, સામાજિક ક્રિયાના મૌલિક તથ્યો, હક આધારિત અભિગમ
2. પ્રતિકારના વિવિધ રૂપો, સામાજિક ક્રિયાઓની વિવિધ થીયરીઓઃ મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયર
3. સામાજિક આંદોલનો માટે સામાજિક ક્રિયાની રણનીતિઓ
4. સામુદાયિક વિકાસ અર્થ, સિદ્ધાંતો અને રણનીતિઓ
5. સમુદાય વિકાસ કાર્યક્રમો અને સમુદાય વિકાસ કાર્યક્રમોમાં સંકળાયેલી સંસ્થાઓ

**ઘટક પરિચયઃ**

પ્રસ્તુત એકમમાં આપણે સામુદાયિક સંગઠનમાં સમુદાયનો અર્થ, વ્યાખ્યા, સમુદાયની લાક્ષણિકતાઓ, સમુદાયના પ્રકાર, સામુદાયિક ભાવના-જ્ઞાન, સમુદાયના કાર્યો તથા સમુદાયમાં નેતૃત્વ અંગેની જાણકારી મેળવીશું.

વિદ્યાર્થીઓ બ્લોક-૧ના દ્વિતીય એકમમાં સમુદાયનો પરીચય ભાગ-૨માં આપણે સામુદાયિક સંગઠનની પ્રક્રિયા, તેની પદ્ધતિ, સામુદાયિક સંગઠનની વિભાવના તથા સામુદાયિક સંગઠનના સિદ્ધાંતો અંગેની વિસ્તૃતમાં માહિતી મેળવીશું.

પ્રસ્તુત બ્લોક-૧ના તૃતીય એકમમાં સમુદાયમાં એકતા અને વિઘટનના પ્રકરણમાં આપણે સામાજિક સંગઠનનો અર્થ તેની વ્યાખ્યા, સમુદાયમાં એકતા બની રહે તે માટે સામુદાયિક એકતા વિશેનો અભ્યાસ કરીશું. સમુદાયમાં સામાજિક વિઘટન થાય છે તો તેની જાણકારી મેળવવા માટે સામાજિક વિઘટનનો અર્થ, વ્યાખ્યા સામાજિક વિઘટનના લક્ષણો તથા સામાજિક વિઘટન થવા પાછળના કારણોની પણ જાણકારી પ્રાપ્ત કરીશું.

આમ, આ ઘટકમાં સામુદાયિક સંગઠનને સમજવા માટેનો પ્રારંભિક ખ્યાલ સમુદાય વિશેની જાણકારી અંગે સમજાવવામાં આવ્યું છે.

**ઘટકના હેતુઓઃ**

(૧) સામુદાયિક સંગઠન પદ્ધતિમાં સમુદાય શું છે તે અંગેની સમજ મેળવવી.

(૨) સમુદાયની લાક્ષણિકતાઓ તેના પ્રકારો અને કાર્યો અંગે માહિતી પ્રાપ્ત થશે.

(૩) સમુદાયમાં દલિત સમુદાય, નારીવાદી સમુદાય ગ્રામીણ સમુદાય નગરીય તથા આદીવાસી સમુદાય તેમના પ્રશ્નો સમસ્યાઓ અંગે જાણકારી મેળવવી.

(૪) સમુદાયમાં મજબૂતી બની રહે તે માટે સામુદાયિક એકતા તથા વિઘટન અંગેની જાણકારી પ્રાપ્ત કરવી.

# એકમ-1 સમુદાયનો પરિચય-1

## એકમનું માળખું

1.0 એકમના હેતુઓ
1.1 પ્રસ્તાવના
1.2 સમુદાયનો અર્થ અને વ્યાખ્યાઓ
1.3 સમુદાયની લાક્ષણિકતાઓ / લાક્ષણિકતાઓ
1.4 સમુદાયનાં પ્રકારો
1.5 સામુદાયિક ભાવના
1.6 સમુદાય વિશેનું જ્ઞાન
1.7 સમુદાયનાં કાર્યો
1.8 સમુદાયમાં નેતૃત્વ
1.9 ઉપસંહાર
1.10 આપની પ્રગતિ ચકાસો
1.11 આપની પ્રગતિ ચકાસોના જવાબો
1.12 ચાવીરૂપ શબ્દો
1.13 સ્વાધ્યાય લેખન
1.14 પ્રવૃત્તિ
1.15 કેસસ્ટડી
1.16 સંદર્ભસૂચિ

### 1.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

– આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સમુદાય શું છે ? તેની વ્યાખ્યા તેના લક્ષણો અને સમુદાયના પ્રકારો અંગે માહિતી પ્રાપ્ત થશે.

– આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સમુદાયની સામુદાયિક ભાવના, સમુદાય અંગેનું જ્ઞાન, સમુદાયના કાર્યો અને નેતૃત્ત્વ અંગેની જાણકારી મળશે.

### 1.1 પ્રસ્તાવના :

સમુદાય શબ્દ લૈટિન ભાષાનાં Com અને સ્હૈજ શબ્દોનો બનેલો છે. જેનો અર્થ છે. together એટલે કે એક સાથે અથવા સાથે - સાથે તથા સ્હૈજ નો અર્થ છે. Service અર્થાત સેવા કરવી. આ રીતે સમુદાયનો અર્થ થાય છે. સાથે મળીને સેવા કરવી. સાથે મળીને સેવા કરવાની પ્રવૃત્તિઓનો વિકાસ નિશ્ચિત ભૂ-ભાગ પર રહેવાથી જ શકય બની શકે. આટલા વિશાળ સમાજમાં દરેક વ્યક્તિની સાથે રહેવું એટલે કે બધાની સાથે મળીને સેવા કરવી શકય નથી.

એટલા માટે વ્યક્તિ એક નિશ્ચિત ભૂ-ક્ષેત્રમાં રહેવા લાગે છે. અને ધીરે ધીરે અન્ય વ્યક્તિઓ સાથે સંબંધ વિકસાવે છે.

## 1.2 સમુદાયનો અર્થ અને વ્યાખ્યાઓ :

સમુદાય શબ્દની વ્યાખ્યા કરવી અઘરી છે. જયારે આપણે વ્યાખ્યા કરીએ ત્યારે એક ચોક્કસ ફ્રેમમાં બંધ થઇ જઇએ છીએ. તેમાં કઇ વધારે પણ નહી અને ઓછું પણ નહી. પરિણામે તેમાં સામેલ એક બદલાતા અનેક પરિમાણોને વ્યક્ત કરવાની જગ્યા રહેતી નથી. તેનાં બદલે વ્યાખ્યાની જગ્યાએ તેમાં સામેલ ચાવીરૂપ કેટલાંક ખ્યાલોને સમજવાનો પ્રયત્ન કરીએ તો તેને વધુ સારી રીતે સમજી શકાય. સમુદાય માટે બહુ જ સામાન્ય અર્થમાં કહી શકાય કે થોડા લોકોનો સમૂહ જેઓ વચ્ચે કશુંક સામાન્ય છે. બધા વચ્ચે સામાન્ય શું છે તે વિશે અલગ અલગ મત જોવા મળે છે.

સમુદાય વિશે વાત કરીએ ત્યારે ચાર બાબતોનો તેમાં સમાવેશ થાય છે.

(1) નાનો - સ્થાનિક સમુદાય, જેના સભ્યો એક ભૌગોલિક વિસ્તારમાં હોય અને જીવનના ઘણા ક્ષેત્રોમાં સમાનતા ધરાવતા હોય.

(2) લોકોનું એવું મંડળ જેઓ વચ્ચે એક સામાન્ય જીવન હોય પરંતુ તેઓ એક જ ભૌગોલિક વિસ્તારમાં ન રહેતા હોય.

(3) સ્થાનિક એક મોટું જૂથ પણ તેઓ વચ્ચે સામાન્ય જીવન ઘણું ઓછુ હોય.

(4) સામુદાયિક જીવન એક પ્રક્રિયાના અર્થમાં માનવ જીવનના એક પાસાને રજૂ કરતું હોય.

ઉપરોક્ત ચાર જુદી - જુદી બાબતો સમુદાય સાથે સંકળાયેલી હોવાથી તેને કોઇ ચોક્કસ લાવવામાં બાંધવાનો પ્રયત્ન સફળ થતો નથી. ઉપરોકત બાબતોને આધારે કહી શકાય કે આપણે મુખ્યત્વે બે પ્રકારના સમુદાયનાં સભ્યો બનીએ છીએ. તેમાં એક કે જયાં મોઢા મોઢનો કે વ્યક્તિગત સંબંધો હોય તેવું આત્મીય સમુદાય દા.ત. કુટુંબ જયારે બીજુ કે જયાં સબંધો બિનવૈયકિતક છે. દા.ત. શહેર, રાષ્ટ્ર વગેરે. સમુદાયને વિસ્તૃત અર્થમાં સમજવા માટે વિભિન્ન વિદ્વાનો દ્વારા આપેલ વ્યાખ્યાઓનાં આધારે સમજી શકાય.

### 1.2.1 સમુદાયની વ્યાખ્યાઓ :

**(1) મેકાઇવર અને પેજ :**

જયારે એક નાના કે મોટા સમૂહના સભ્યો એક સાથે રહીને કોઇ વિશેષ ઉદેશ માટે નહીં પરંતુ સામાન્ય જીવનની બધી પરિસ્થિતિમાં ભાગ લે ત્યારે તેવા સમૂહને સમુદાય કહીએ છીએ.

**(2) બૉગાર્ડસ :**

જે સામાજિક સમૂહમાં પોતાપણાની ભાવના હોય અને કોઇ વિશેષ ક્ષેત્રમાં રહેતા હોય તેને સમુદાય કહેવામાં આવે છે.

**(3) ઑાગબર્ન અને નિમકોંફ :**

"સમુદાય કોઇ સીમિત પ્રદેશની અંદર સામાજિક જીવનનું પૂર્ણ સંગઠન છે."

**(4) એચ.ટી.મજુમદાર :**

"સમુદાય કોઇ નિશ્ચિત ભૂ-ક્ષેત્ર, ક્ષેત્રની સીમા જે પણ હોય પણ તેમાં રહેવાવાળા વ્યક્તિઓ સમૂહ છે જે સામાન્ય જીવન વ્યતીત કરે છે."

**(5) ડેવિસ :**

"સમુદાય લઘુ પ્રાદેશિક સમૂહ છે. જે સામાજિક જીવનનાં બધાં જ પાસાઓને જોડે છે."

**(6) ગ્રીન :**

"સમુદાય વ્યક્તિઓનો સમૂહ છે જે નાના ક્ષેત્રમાં નિવાસ કરે છે તથા સામાન્ય જીવન વ્યતીત કરે છે."

**(7) ગિન્સબર્ગ :**

"સમુદાય સામાજિક પ્રાણીઓનો એક સમૂહ છે જે સામાન્ય જીવન વ્યતીત કરે છે, જેમાં અનેક પ્રકારના અને જટિલ સંબંધો સંબંધિત હોય છે. જે સામાન્ય જીવનનાં કારણે ઉભા થાય છે. અથવા તેવા સંબંધો નિર્માણ કરે છે."

**(8) સદરલૈન્ડ :**

"સમુદાય એક સામાજિક ક્ષેત્ર છે. જેમાં રહેવાવાળા લોકો સમાન ભાષા બોલે છે, સમાન રૂઢિયોનું પાલન કરે છે. સમાન ભાવનાઓ હોય છે. અને સમાન પ્રવૃત્તિઓ અનુસાર કાર્ય કરે છે."

ઉપરોકત વિદશનો દ્વારા આપેલી વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સમુદાય એક એવા ક્ષેત્રનું નામ છે કે જયાં મનુષ્ય નું કાર્ય, વ્યવસાય, સંસ્કૃતિ અને સતુષતામાં સમાનતાની સાથે સાથે તેમાં પોતાની જવાબદારીઓનો એહસાસ અને તેને પુરી કરવાની સામુહિક ચેતના જોવા મળે છે.

## 1.3 સમુદાયની વિશેષતાઓ : (લાક્ષણિકતાઓ)

### 1.3.1. મનુષ્યોનો સમૂહ :

સમુદાયની પહેલી વિશેષતા એ છે કે સમુદાય મનુષ્યોનો સમૂહ છે. મનુષ્યોના સમૂહ વગર સમુદાય બની શકે નહીં.

### 1.3.2. મૂર્ત રૂપ :

સમાજ અમૂર્ત હોય છે. કેમ કે તે સામાજિક સંબંધોનો સમૂહ છે. તેનાથી વિપરિત સમુદાય મુનષ્યોનો સમૂહ છે. મનુષ્ય - સમૂહ મૂર્ત હોય છે. એટલે સમુદાય પણ મૂર્ત છે.

### 1.3.3. નિશ્ચિત પ્રાદેશિક વિસ્તાર :

સમુદાય અમુક ચોક્કસ પ્રદેશમાં વસવાટ કરતા લોકોનું બનેલું જૂથ છે. આથી જ સમુદાયને સ્થાનિક કે પ્રાદેશિક જૂથ તરીકે પરિભાષિત કરવામાં આવે છે. કોઈપણ ગામ કે શહેર જેવા જૂથને તેનો નિશ્ચિત પ્રદેશ હોય છે. આ નિશ્ચિત પ્રદેશમાં લોકો પોતે એક જૂથના છે તેમ માને છે અને તેઓનું જીવન પણ મદદ અંશે આ નિશ્ચિત પ્રદેશની હદમર્યાદામાં જીવાતું હોય છે. સ્થાનિકત્વ સમુદાયને આધાર સ્થંભ છે. લોકો અમુક નિશ્ચિત પ્રદેશમાં વસવાટ કરતા હોવાને લીધે એ પ્રદેશ સાથે તેઓ એકતા સાધે છે. પ્રદેશમાં રહેતા અન્ય લોકોને પોતાના ગણવા લાગે છે. પોતાની ઓળખ એ પ્રદેશના નામથી આપે છે.

### 1.3.4. સમાનતા અને સામાન્ય જીવન :

સમુદાયનું જીવન સામાન્ય હિતો પર આધારિત હોય છે. જેમાં સભ્યોનાં સામાન્ય

સ્વાર્થ હોય છે. જેની પૂર્તિ સામાન્ય રીતે કરવામાં આવે છે. અલગ અલગ ઉદ્દેશ્યોની જુદી - જુદી રીતે પૂરી કરવામાં સમુદાયનું સંગઠન વિખંડીત થઇ જાય છે. જીવનની મોટા ભાગની સમાનતાઓ જ મનુષ્યને એક બીજાની નજીક લાવે છે. ખાન-પાન, રહેણી-કરણી, બોલચાલ વગેરેની સમાનતા જ સમુદાયને સંગઠીત રાખે છે. સામુદાયિક ભાવના સામાન્ય જીવનની સમાનતાઓથી જ વિકસીત થાય છે. જેમાં ભાષાની સમાનતા સમુદાયનાં નિમાર્ણમાં મહત્વપૂર્ણ હોય છે.

### 1.3.5. વિશિષ્ટ નામ :

જેમ હાથ, પગ, નાક, વગેરેની સંરચના થી શરીર બને છે. તેમજ ભિન્ન - ભિન્ન પ્રકારનાં વ્યક્તિઓથી સમૂહની રચના થાય છે. માનવ શરીરને એક વિશેષ નામ આવવાથી તેનું મહત્ત્વ વધી જાય છે. તેમજ નામનાં કારણે બીજાથી અલગ પોતાનું વ્યક્તિત્વ સમજવા લાગે છે. નામ જેમ માણસનાં શારીરિક, માનસિક તથા સામાજિક સ્તરનો સંકેત આપે છે. તેજ પ્રમાણે સમુદાયનું ચિત્ર પણ પ્રસ્તૃત કરે છે. વાસ્તવમાં સમુદાયનું વ્યક્તિત્વ નામથી પ્રગટ થાય છે. ગ્રામીણ સમુદાય કહેવાથી ગ્રામીણ લોકોનું સામુહિક ચિત્ર આપણી સામે આવી જાય છે. પ્રત્યેક સમુદાયને પોતાનું વિશેષ નામ હોય છે. કોઇપણ ગામ કે શહેર નામ વગરનું નહી હોય. અમદાવાદ એક શહેર છે અને દિલ્હી એક શહેર છે. પરંતુ બનેની જીવનશૈલીમાં અંતર છે. આમ સમુદાયનું નામ આ અંતરને સ્પષ્ટ કરે છે.

### 1.3.6. સમુદાય ભાવના :

સમુદાયમાં ભાવનાં સમુદાયનો આધારસ્થંભ છે. 'અમે ભાવના' સમુદાયનું મહત્વનું લક્ષણ છે. કુટુંબ, રાષ્ટ્ર, કોમ કે કોઇપણ પ્રકારનું જૂથ અમે ભાવના ધરાવતું હોય છે. પરંતુ સમુદાયના સભ્યોમાં જોવા મળતી સામુદાયિક ભાવના તેમના નિશ્ચિત પ્રદેશના વસવાટ સાથે સંકળાયેલી છે. અમે ગુજરાતી અમે ભારતીય અમે અમદાવાદી જેવા શબ્દ પ્રયોગમાં વ્યક્તિનું પોતાનું પ્રદેશ સાથે, પોતાના પ્રદેશમાં વસતા અન્ય લોકો સાથે તાદાત્મ્યએ એકતા વ્યક્ત થાય છે. પોતાના પ્રદેશ સાથે વ્યક્તિનું જીવન ઓત પ્રોત થઇ ગયું હોય છે.

વ્યક્તિ પોતાની ઓળખ પણ પોતાના પ્રદેશના નામથી આવે છે. બીજી રીતે કહીએ તો વ્યક્તિનાં હિતો અને પોતાનાં સમુદાયનાં હિતો અને જીવન સાથે ઓછેવત્તે અંશે ઓત પ્રોત થયેલા હોય છે. ''સહજીવનનો ભાવ અને સહિયારો ધરતીનો ઉપયોગ આ ભાવનાનાં આવશ્યક અંગો છે.''

### 1.3.7. સ્વયંજનિત :

સમુદાય સ્વયંજનિત પ્રાદેશિક જૂથ છે. સમુદાય આપો આપ ઉદ્દભવે છે તે કૃત્રિમ રચના નથી તેને આયોજનપૂર્વક રચનાત્મક આવતું નથી પરંતુ આપો આપ સહજ રીતે જ ઉદ્દભવે છે. આપણે કોઇપણ ગામડું કે શહેર કે આદિવાસી સમુદાયનો ઇતિહાસ તપાસીશું તો જણાશે કે તે હેતુપૂર્વક રચવામાં આવેલાં હોતા નથી. પણ સ્વયં ઉદભવ્યાં હોય છે. જો કે, આધુનિક યુગમાં આયોજનપૂર્વક સમુદાયો રચવામાં આવે છે.

### 1.3.8. આત્મનિર્ભરતા :

કેટલાંક વિદ્વાનો આત્મનિર્ભરતાને સમુદાયનું તત્વ માને છે. પરંતુ આત્મનિર્ભરતા એ વ્યાપાકરૂપે સમુદાયની સામાન્ય વિશેષતા નથી. આજે વર્તમાન સમયે વાહન વ્યવહાર માટે આવાન જાવનનો સાધનો છેવાડાનાં ગામ સુધી પહોચે છે. આત્મનિર્ભરતાને સમુદાયનું અનિવાર્ય અંગે છે એ કહેવું યૂક્તિપૂર્ણ નથી. આજે કોઇપણ ગામ, શહેર, જિલ્લો, પ્રદેશ યા દેશ કોઇનાં

કોઇ પ્રકારે એક યા બીજા સમુદાયનાં સહયોગ કે સહાયતા પર આશ્રિત હોય છે. દા.ત. વિનય એક સમુદાય બની જાય તો સંભવતઃ આત્મનિર્ભરતા સમુદાયનું આવશ્યક અંગ બની જાય.

## 1.4 સમુદાયનાં પ્રકારો :

ડેવિસએ વર્ગીકરણનાં આધારે ચાર પ્રકાર બતાવે છે. (1) આદિમ જન - સમૂહ, (2) સજય સમુદાય, (3) ગ્રામીણ સમુદાય અને (4) શહરી સમુદાય.

મૈકાઇવર અને પેજ એ સમુદાયના ત્રણ પ્રકારનો ઉલ્લેખ કર્યો છે. (1) ગામ, (2) નગર તથા (3) ક્ષેત્ર (પ્રદેશ) (Region)

જ્ઞાતિ સમુદાય નથી. જ્ઞાતિને સમુદાય કહી શકાય નહિ. જ્ઞાતિ પણ સમુદાયની જેમ મનુષ્યનો સમુદાય છે. જ્ઞાતિમાં પણ "હમની ભાવના" જોવા મળે છે. નિયમોની સામાન્ય વ્યવસ્થા, વિશિષ્ટ નામ વગેરે તત્વો હોવા છતાં જ્ઞાતિ એક સમુદાય નથી. કેમ કે જ્ઞાતિનું એક નિશ્ચિત ભૌગોલિક ક્ષેત્ર હોતું નથી. જે સમુદાયનું પ્રાથમિક તત્વ છે. જ્ઞાતિમાં અમેપણાની ભાવનાં હોય છે પણ સામુદાયિક ભાવના હોતી નથી. અતઃ જ્ઞાતિ સમુદાય નથી.

રાજય સમુદાય નથી. રાજય એક સંસ્થા છે. જેનું એક નિશ્ચિત ઉદ્દેશ્ય હોય છે જે સમાજ જીવનનાં એક વિશિષ્ટ પક્ષ સાથે સંબંધિત હોય છે. સમુદાયનાં વિશિષ્ટ ઉદ્દેશ્યો હોતા નથી તે સંપૂર્ણ જીવન સાથે સંબંધિત હોય છે. બીજી અનેક સમાનતા હોવા છતાં રાજયને સમુદાય કહી શકાય નહી.

વિવિધ સમુદાયો વચ્ચે ભેદ, તેમાં રહેલી પોતાણાપણાની (પોતાપણાની) ભાવના અને પરસ્પર રખાતી અપેક્ષાઓ અને પરસ્પર મળતી સહાયના આધારે કહી શકાય કે આ બધા સમુદાયો વચ્ચે માત્રામાં જ ભેદ રહેલ છે તેના કારણે એક સમુદાય બીજા સમુદાયથી જુદા પડે છે. ભૌગોલિક વિસ્તારની દષ્ટિએ પણ ભેદ પાડી શકીએ. આના આધારે સમુદાયને બે પ્રકારમાં વહેંચી શકાય. એક રહેણાંકી અને બીજા હિતોનાં જોડાણથી બનેલ સમુદાય. એટલે કે હિતોનાં લીધે - કાર્યના લીધે બનેલો સમુદાય જેને કાર્યકારી સમુદાય પણ કહીએ છીએ. ભૌગોલિક વિસ્તારની દષ્ટિથી સમુદાયને બે પ્રકારમાં વહેંચી શકાય એક ભૌગોલિક સમુદાય અને બે કાર્યકારી સમુદાય આ પ્રકારો વિગતે જોઇએ.

### 1.4.1. ભૌગોલિક સમુદાય :

ભૌગોલિક દષ્ટિએ માનવ વસાહતોનો અભ્યાસ કરતાં કેટલીક વિચાર કરાવતી ઘટનાઓ જેમ કે, કેટલાંક પ્રદેશોમાં વસ્તી ગીચ હોય છે. કેટલાકમાં છુટાછવાયા વસવાટો હોય છે. અને કેટલાક પ્રદેશોમાં માનવવસાહતો શોધી પણ જડતી નથી. આવી ઘટનાઓ ગ્રામીણ પ્રદેશોમાં, રાષ્ટ્રમાં અને આખી પૃથ્વી પર જોઇએ તો જણાય છે. ભૌગોલિક દષ્ટિએ માનવ વસાવહતોને અતિગીચ, ગીચ, સાધારણ વસ્તીવાળા ઓછી વસ્તીવાળા અને ઉજ્જડ સ્થાનોમાં વહેચાઇ ગયેલ જોઇએ છીએ. આ વિવિધ ગીચતાવાળી માનવવસાહતો આપણને વિભીન્ન પ્રકારનાં સમુદાયનો ખ્યાલ આપે છે.

ભૌગોલિક દષ્ટિથી સમુદાયનો અર્થ જોઇએ તો કોઇ નિશ્ચિત જમીનના ભાગ પર રહેતા લોકોનો સમુહ જેઓ વચ્ચે જીવનની પાયાની બાબતોમાં પરસ્પર આદાન પ્રદાન હોય. આ રીતે ભૌગોલિક સમુદાય એ નિશ્ચિત જમીનના ભાગ પર રહેતા લોકો વચ્ચેના પરસ્પરના વ્યવહાર, નિશ્ચિત રીત - રિવાજો તથા વિશિષ્ટ સંસ્થાઓનું એક સંગઠન છે. જેના દ્વારા તેના સભ્યના જીવન તથા વ્યવહાર નિયંત્રિત થાય છે. આ અર્થમાં સમુદાયને વ્યાખ્યાયિત કરનારું આધારભૂત તત્વ નિશ્ચિત ભૂ-ભાગ બને છે. સાથે સાથે જરૂરી છે. કે આ જમીનનાં ભાગ પર રહેતા સભ્યોમાં

સામુદાયિક ભાવના હોય, પોતાપણાની અને સહકારની ભાવના હોય તથા તેમની વચ્ચે આદાન-પ્રદાનની પ્રક્રિયા પણ થતી હતી.

### 1.4.2. કાર્યકારી સમુદાય :

બીજા પ્રકારનો સમુદાય કાર્યકારી સમુદાય છે. આજના બદલાતા ઔદ્યોગિક યુગમાં એક સ્થેળથી બીજા સ્થળે આવવા - જવાનાં સાધનો સુગમતાથી ઉપલબ્ધ છે. વ્યક્તિને પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટે કોઇ નિશ્ચિત ભૂ-ભાગમાં ઉપલબ્ધ સાધનો પર જ આધારિત રહેવું પડતું નથી. તે પોતાની જરૂરિયાતની પૂર્તિ બહારથી પણ કરી શકે છે. આથી સમુદાયના ઘણા કાર્યો ભૌગોલિક સ્થાનની જગ્યાએ લોકોના સમાન હિત, ઉદ્દેશ્ય અથવા કાર્યોના આધારે નિશ્ચિત થાય છે. આવી સ્થિતિમાં લોકોનો સમૂહ જો કોઇ સમાન હિત કે ઉદ્દેશ્યની પૂર્તિ માટે સામૂહિક રૂપથી કાર્ય કરે તો તેને કાર્યકારી સમુદાય કહે છે. આવા સમુદાયમાં કોઇ નિશ્ચિત ભૌગોલિક સમુદાયના જ બધા સભ્યો સંમિલિત નથી હોતા પરંતુ તે બધા વ્યક્તિઓ અને સમૂહોને સામેલ કરવામાં આવે છે. જેઓ વિશિષ્ટ ઉદ્દેશ્ય અથવા કાર્યથી જોડાયેલ હોય. અહીં સમુદાયનું મુખ્ય તત્વ સમાન ઉદ્દેશ્ય અથવા સમાન હિતની ભાવના છે. ભૌગોલિક સમુદાયનો આકાર વિશિષ્ટ ભૂ-ભાગ પૂરતો મર્યાદિત છે. જયારે કાર્યકારી સમુદાયહિતો અને ઉદ્દેશ્યોમાં પરિવર્તન સાથે વધે ઘટે છે. કયારેક એક ભૌગોલિક સમુદાયમાં એક કરતાં વધુ કાર્યકારી સમુદાયો હોઇ શકે છે.

## 1.5 સામુદાયિક ભાવના :

કોઇપણ પ્રકારનો સમુદાય હોય પરંતુ સમુદાયના નિર્માણ માટે સમુદાયતા સભ્યોમાં સામુદાયિક ભાવના હોવી જરૂરી છે. તેના અભાવમાં સમુદાય વિગઠિત થઇ જાય છે. આ ભાવ ઉભો કરવા માટે જયાં સમુદાયના સભ્યો રહે છે તે વિસ્તાર વધુ મહત્ત્વનો થઇ રહે છે. કારણ કે તેઓના માટે તે જન્મભૂમિ, માતૃભૂમિ અને કર્મભૂમિ હોય છે. અને તેના માટેનો મોહ સામુદાયિક ભાવના ઉત્પન્ન કરે છે. આ સામુદાયિકભાવના સંગઠન બનાવવા માટે અત્યંત મહત્ત્વપૂર્ણ છે. આ ભાવનાથી પ્રેરાઇને જ લોકો જે તે સમુદાયના રીત - રિવાજ, પ્રચલન સામાજિક વ્યવહાર અને પ્રથાઓને સ્વીકારે છે. સામુદાયિક ભાવ ઉભો થવા માટે કેટલાક પ્રકારની અનુભૂતિ જરૂરી બને છે.

### 1.5.1. સમુદાયભાવનાનાં મુખ્ય તત્વો :

સમુદાયભાવના એ સંકુલ ભાવ છે. તે અનેક લાગણીનાં તત્વો અને વિવિધ પ્રકારનાં ઉર્મિ - વલણોનો બનેલો છે. સમુદાય - ભાવનાનાં તત્ત્વો નીચે મુજબ છે.

#### 1.5.1.1. "અમ - ભાવ" :

જયારે સમુદાય માટે મોહ ઉત્પન્ન થાય છે ત્યારે વ્યક્તિ સમુદાયને પરિવાર જેવો ગણે છે અને તેના સભ્યો માટે પોતાપણાની ભાવના ઉભી થાય છે. આવું થવાથી વ્યક્તિગત સ્વાર્થ સામૂહિક હિતમાં સમાઇ જાય છે. અને પ્રત્યેક સભ્ય માને છે કે તે સંપૂર્ણ સમુદાયનું એક અંગ છે. સમુદાય સાથે તે એકત્વ અનુભવે છે, સમભાવ અનુભવે છે.

#### 1.5.1.2. સ્થાન - ભાવ :

સમુદાય પ્રત્યે વ્યક્તિ એવું માને છે કે સમુદાયમાં એક ચોક્કસ સ્થાન છે. તેની ભૂમિકા નિશ્ચિત છે. અને સમુદાયના બીજા સભ્યો પ્રત્યે પણ તેની એક સહજ છે.

#### 1.5.1.3. અવલંબન - ભાવ :

પ્રત્યેક વ્યક્તિ પોતાના વ્યક્તિત્વના વિકાસ માટે સમુદાય પર નિર્ભર રહે છે. કેમકે શારીરિક તથા માનસિક જરૂરિયાતો સમુદાય પૂરી કરે છે. પોતાની ભૌતિક જરૂરિયાતો માટે પણ

સમુદાય આવશ્યક લાગે છે. ઘર,સ્થળ અને જીવનની બીજી જરૂરિયાતો સમુદાય પૂરી પાડે છે. સમુદાયમાં એકતા તથા સંગઠન માટે તેના સભ્યોમાં નિર્ભરતા ભાવની અનુભૂતિ હોય તે બહુ જરૂરી છે.

**1.5.1.4. કર્તવ્ય ભાવ :**

જયારે વ્યક્તિ અનુભવ કરે કે તેનું સમુદાયમાં નિશ્ચિત સ્થાન છે. ત્યારે સમુદાય પ્રત્યે પોતાનું ખાસ કર્તવ્ય છે તેવો ભાવ ઉભો થાય છે જેને કર્તવ્ય ભાવના કહે છે. કર્તવ્ય ભાવથી સમુદાયમાં પોતાના સભ્યપદનો અનુભવ કરે છે તે સૂચવે છે.

**1.5.1.5. સામુદાયિક લોકાચાર :**

સમુદાય - જીવનની એકતા અને તેના સહજીવનનો એક પુરાવો તે સમુદાય, તે પ્રદેશમાં રહેતા લોકોના એક જ પ્રકારના લોકોચારોમાં દેખાય છે. સમુદાયના સભ્યોનાં પહેરવેશ, ખાવાપીવાની ઢબ, આદરસત્કારની રીતિ, બોલવાચાલવાની શૈલી, સામાન્ય રીતિરિવાજો અને ઉત્સવોમાં એક પ્રકાર સરખાપણું હોય છે. પ્રત્યેક સમુદાયની વિશિષ્ટતા અને પ્રત્યેક સમુદાયના બીજા સમુદાયથી અલગ લોકાચાર દર્શાવે છે.

**1.5.1.6 સ્થાનિક જીવનમાં રસ :**

સમુદાયના લોકો માત્ર ભૌતિક રીતે જ પરસ્પર નિકટતા અનુભવતા નથી માનસિક નિકટતા પણ અનુભવે છે. અન્ય સમુદાયમાં ઘટતી ઘટના કરતા પોતાના સમુદાયમાં બનાતી ઘટનાનું તેને વધુ મહત્ત્વ લાગે છે. સભ્યો વચ્ચે સહકાર અને સ્નેહની ભાવના હોય છે. સમુદાયના સ્થાનિક જીવનમાં બનતી ઘટનાઓમાં પ્રત્યેક વ્યક્તિને ઘણો રસ હોય છે. પ્રત્યેક સમુદાયના લોકો વચ્ચે સામુદાયિક ભાવના અલગ અલગ હોય છે. પરંતુ તેનું હોવું તે સંગઠિત હોવાનું પ્રમાણ છે. તે ન હોય તો સામુદાયિક સંગઠનની પ્રક્રિયા દ્વારા તેને ઉત્પન્ન કરવું જરૂરી બને છે.

વર્તમાન સમયમાં સમુદાયનાં સ્વરૂપમાં પરિવર્તન જોવા મળે છે. અને તેનું એક કારણ એ પણ છે કે વ્યક્તિની સમુદાય પરની આધારિતતા ઘટવા લાગી છે. પહેલા જે જરૂરિયાતો માટે વ્યક્તિ સમુદાય પર આધારિત હતો તે હવે અન્ય માધ્યમો દ્વારા પૂરી થાય છે. જેનાં કારણે સમુદાયની સીમાઓ નિશ્ચિત રહી નથી. આ ઉપરાંત શહેરીકરણ, ઔદ્યોગિકરણ, સ્થળાંતર વગેરેનાં કારણ પણ નિશ્ચિત ભૂ-ભાગ પર રહેઠાણ શકય રહતું નથી. પરિણામે હાલના સમયમાં હિતોથી જોડાયેલ સમુદાય કે કાર્યકારી સમુદાયોનું પ્રચલન વધી રહ્યું છે.

## 1.6 સમુદાય વિશેનું જ્ઞાન :

જયારે કોઇ સમુદાયમાં કાર્ય કરતા હોઇએ ત્યારે સમુદાયમાં દેખાતી ઘટનાઓ, બાબતો કે વસ્તુઓ એક જેવી દેખાતી હોય છે. તેવી હોતી નથી. આથી સમુદાય સાથે કાર્ય કરતી વખતે કેટલીક બાબતો જાણવી જરૂરી છે. સમુદાય સાથે કાર્ય કરતા સમયે સમુદાયનું બંધારણ, સમુદાયમાં ઉપલબ્ધ આરોગ્યની અગવડ, સમુદાયમાં હયાત શૈક્ષણિક, સામાજિક, ધાર્મિક સંસ્થાઓ અને તેમનું કાર્ય, સમુદાયની માન્યતાઓ વ્યક્ત કરતા અગત્યનાં તહેવારો, સમુદાયની સમસ્યાઓ વગેરે બાબતો વિશે જ્ઞાન મેળવવું આવશ્યક બને છે. સમુદાયમાં કાર્ય કરતી વખતે સમુદાયની બહાર દેખીતી વાસ્તિવિકતા પાછળની વાસ્તવિકતા જાણવી. સમુદાયનાં લોકોનું જીવન, સંબંધો, મૂલ્યો, સમુદાયનો ઇતિહાસ, સંઘર્ષ કરાવતા પરિબળો સમુદાયનાં સહકારનાં પરિબળો એક જૂથ બીજા જૂથ સાથે કેવી રીતે જોડાયેલું છે. જૂથમાં સત્તા કોની પાસે છે. ઔપચારિક, અનૌપચારિક નેતાઓ કોણ છે વગેરે બાબતો વિશે જાણવું જરૂરી છે. આ સમુદાયમાં બનતી ઘટનાઓ પાછળની આ વાસ્તવિકતા છે. અને બહારની ઘટનાઓને સબળ પણે પ્રભાવિત કરી હોય છે. જેનાં માટે સમુદાયમાં કાર્ય કરતી વખતે આ બાબતોનું જ્ઞાન મેળવવું.

## 1.7 સમુદાયનાં કાર્યો :

સમુદાય પરંપરાગત રીતે કેટલાં કાર્યો કરતું ચાલે છે. જે નીચે મુજબ છે.

### 1.7.1. ઉત્પાદન :

ઉત્પાદન અને વહેંચણીના સાધનો પર કોણ નિયંત્રણ ધરાવે છે. તે જાણવું જરૂરી છે. આ ઉપરાંત કુટુંબમાં કોનો શેના પર અધિકાર હોય વગેરે બાબતો પણ જાણવી જરૂરી છે. પહેલાના સમુદાય સ્થાપિત અને સ્વ-નિર્ભર હતા હવે તેમાં પરિવર્તન આવેલ જોવા મળે છે.

### 1.7.2. સામાજિકરણ :

સમુદાય તેના મૂલ્યો એક પેઢીથી બીજી પેઢીમાં પસાર કરે છે અને તે રીતે સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક મૂલ્યો એક પેઢીથી બીજી પેઢીમાં પસાર થાય છે. સ્ત્રી સામાજિકરણનું મુખ્ય સાધન છે. પરંતુ તેનો તે પ્રક્રિયા પર કેટલો કાબુ છે તે પ્રશ્નાર્થ છે. સમુદાયમાં આ પ્રક્રિયા કેવી રીતે થાય છે. તે જાણવું પણ બહુ જરૂરી છે.

### 1.7.3. સામાજિક નિયંત્રણ :

સમુદાયનું ત્રીજુ અગત્યનું કાર્ય સામાજિક નિયંત્રણનું છે. સામાજિક ધોરણો વર્તણૂંકને નિયત્રિંત કરે છે. આથી સમુદાયમાં અસ્તિત્વ ધરાવતી સામાજિક નિયત્રણની સમગ્ર વ્યવસ્થાની જાણકારી મેળવવી ઘણી અગત્યની છે.

### 1.7.4. કાર્યોમાં ભાગીદારીની તકો :

સમુદાય વિવિધ કાર્યોમાં સમુદાયનાં સભ્યોમાં ભાગીદારી માટેની તકો પાડે છે. સમુદાય તેની વિવિધ સંસ્થાઓ દ્વારા સમૂહનાં સભ્યોને ભાગીદારીની તક આપે છે. જેનાં દ્વારા સભ્યો વચ્ચે જોડાણ થાય છે. અને સામુદાયિક ભાવનાં ઉભી થાય છે. આ પ્રક્રિયા કેટલી અને કેવી રીતે થાય તે જાણવું જરૂરી છે.

### 1.7.5. માનસિક આધારો પૂરા પાડે :

સમુદાય વ્યક્તિને માનસિક આધાર અને કાળજી કેવી રીતે અને કેટલા પ્રમાણમાં પૂરી પાડે છે તે જાણવું પણ જરૂરી છે. સમુદાયનાં ઘણા કાર્યો જુદી – જુદી સંસ્થાઓ એ ઉપાડી લીધા છે છતાં સમુદાય તેના સભ્યોને માનસિક આધાર અને કાળજી પૂરી પાડે છે તેનું મહત્ત્વ ઘણું છે. આથી તેનાં વિશે જાણવું જરૂરી છે.

## 1.8 સમુદાયમાં નેતૃત્વ :

સામુદાયિક સગઠન માટે સમુદાયમાં નેતૃત્ત્વ વિશે જાણવું જરૂરી છે. નેતૃત્વ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા જૂથમાં એક વ્યક્તિ બીજા વ્યક્તિને વારંવાર પ્રભાવિત કરે છે. અને તેઓને દિશા આપે છે. નેતૃત્વ બે રીતે જોવા મળે છે. એક કે જેમાં એવી વ્યક્તિઓ હોય બે જેઓમાં જન્મથી જ બીજા કરતાં કંઇક વિશેષ ગુણો હોય છે. બીજીમાં નેતૃત્ત્વ પરિસ્થિતિ જન્ય હોય છે. કેટલીક વિશિષ્ટ પરિસ્થિતિ વ્યક્તિને નેતા બનાવે છે. સમુદાયના નેતૃત્વ વિશેની સમજ એટલા માટે જરૂરી છે કે તે જૂથના વ્યવહારને પ્રભાવિત કરી દિશા આપે છે. સાથે સાથે સામુદાયિક કાર્યો અને પ્રક્રિયાઓની વ્યાખ્યા કરે છે. આયોજન કરે છે, કાર્યક્રમ કરે છે અને નીતિ નિર્ધારણ કરે છે. નેતામાં સમુદાય સાથે કાર્ય કરવા માટે વિશેષ જ્ઞાન અને કાર્ય કરવાની વિશેષ શક્તિ હોવાના કારણે તે જૂથના લોકો માટે આદર્શ હોય છે. તેથી જ તે જૂથના પ્રતિનિધિ તરીકે અન્ય જૂથ સાથે ચર્ચા કરે છે. સંઘર્ષ થાય ત્યારે મધ્યસ્થી પણ થઇ શકે છે. આ રીતે તે સમુદાયને દિશા આપવાની ક્ષમતા ધરાવે છે. તેથી તેનો સહકાર બહુજ જરૂરી થઇ પડે છે. સમાજ કાર્યકર માટે નેતૃત્વનો પ્રકાર પણ જાણવો જરૂરી છે. તે ઔપચારિક નેતા છે. કે

અનૌપચારિક, તે સત્તાવાદી નેતૃત્ત્વ છે કે પ્રજાતંત્રવાદી નેતૃત્વ વગેરે બાબતો નેતા દ્વારા થતા કાર્યોની ગુણવતા અને અસરકારકતા સૂચવે છે.

## 1.9 ઉપસંહાર :

સમુદાય વિશેની ઉપરોક્ત સમજૂતી મેળવ્યા પછી સમુદાય વિશે એ પણ જાણવું જરૂરી છે કે દરેક સમુદાયના વર્તણૂંકના ધોરણો, મૂલ્યો અને કેટલાંક ખાસ લક્ષણો હોય છે. પરંતુ આ લક્ષણો બતાવતી દરેક કેટેગરી એકરૂપ હોય છે તે વિભાવના હવે માન્ય નથી. પેટા જૂથો પ્રમાણે ખ્યાલો, સંબંધો, અનુભવો બદલાતા રહે છે. પોતાપણાની ભાવના પણ બદલાતી રહે છે. સામુદાયિક સંગઠન તરીકે આ ભેદને ધ્યાનમાં રાખવો જરૂરી છે. આ દૃષ્ટિએ સમુદાયની સમાજશાસ્ત્રીય વિભાવના પૂરતી નથી. સામુદાયિક સંગઠનની પ્રક્રિયામાં સફળતા માટે અને આવશ્યક છે કે બંને પ્રકારના સમુદાયોને સ્પષ્ટરૂપથી સમજવામાં આવે. કાર્યકરે સમુદાયનો આકાર તથા તેની પ્રકૃતિને જાણવી પણ જરૂરી છે.

## 1.10 આપની પ્રગતિ ચકાસો :

(1) સમુદાય શબ્દ કઈ ભાષા પરથી બનેલો છે ?

(A) ગ્રીક (C) લેટીન

(B) અરબી (D) જર્મની

(2) સમુદાય કોઈ સીમિત પ્રદેશની અંદર સામાજિક જીવનનું પૂર્ણ સંગઠન છે. આ વ્યાખ્યા કોણે આપી ?

(A) મેકાઈવર અને પેજ (C) ગ્રીન

(B) ડેવિસ (D) ઓગબન અને નિમ્ફોક

(3) નીચેનામાંથી કઈ લાક્ષણિકતા સમુદાયની નથી.

(A) મનુષ્યોનો સમુહ (C) વિશિષ્ટ નામ

(B) અમૂર્ત સ્વરૂપ (D) સમુદાય ભાવના

(4) સમુદાય ભાવનામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) સમભાવ (C) સ્વતઃ જન્મ

(B) કર્તવ્ય ભાવ (D) સ્થાનભાવ

(5) સમુદાયના કાર્યમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) ઉત્પાદન (C) સામાજીકરણ

(B) સામાજિક નિયંત્રણ (D) શ્રમવિભાજન

(6) સમુદાયના નિર્માણ માટે સમુદાયના સભ્યોમાં શું હોવું જરૂરી છે ?

(A) અવલંબન ભાવ (C) કર્તવ્યભાવ

(B) સામુદાયિક ભાવના (D) સ્થાનભાવ

## 1.11 આપની પ્રગતિ ચકાસો

(1) (C) લેટીન

(2) (D) ઓગબન અને નિમ્ફોક

(3) (B) અમૂર્ત સ્વરૂપ

(4) (C) સ્વતઃ જન્મ

(5) (D) શ્રમવિભાજન

(6) (B) સામુદાયિક ભાવના

## 1.12 ચાવીરૂપ શબ્દો

**સમુદાય :** નાનો-મોટો સમૂહ સાથે રહીને એકબીજા સાથે આંતરક્રિયા કરે તે.

**આત્મનિર્ભર :** આત્મનિર્ભર એટલે સ્વાવલંબન પોતાના પર આધાર રાખવો તે.

**ભૌગોલિક :** ભૂ-પ્રદેશને લગતું - ભૂગોળ સંબંધી.

## 1.13 સ્વાધ્યાય લેખન

(1) સમુદાય એટલે શું ? તે જણાવી તેની લાક્ષણિકતાઓ અંગે વિસ્તૃતમાં સમજૂતી આપો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(2) ભૌગોલિક અને કાર્યકારી સમુદાય અંગે વિગતે સમજાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(3) સામુદાયિક ભાવનાના મુખ્ય તત્ત્વો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

(4) સમુદાયનાં કાર્યોની વિગતે ચર્ચા કરો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 1.14 પ્રવૃત્તિ

1. ડેવિસે જણાવેલ સામુદાયિક સંગઠનના પ્રકારોની સૂચી બનાવી વિસ્તૃતમાં લખો.
2. સમુદાયમાં સામુદાયિક ભાવના બની રહે તે માટે જરૂરી તત્ત્વો વિશે સમજાવો.

## 1.15 કેસસ્ટડી

1. સામુદાયિક સંગઠનમાં સમુદાયના પ્રકારોની યાદી તૈયાર કરવી.
2. સામુદાયિક સંગઠનમાં નેતૃત્વ માટે જરૂરી ગુણો અને કૌશલ્યોની સૂચી બનાવવી.

## 1.16 સંદર્ભ સૂચિ :


| | | | |
|---|---|---|---|
| 1. | ચાવડા ગીતા (2011) | : | "સામુદાયિક સંગઠન" રન્નાર્ડ પ્રકાશન, અમદાવાદ. |
| 2. | ચાવડા ગીતા (2010) | : | "વ્યાવસાયિક સમાજકાર્ય" રતનપુર - બનાસકાંઠા, લોક પ્રકાશન |
| 3. | પટેલ આનંદી (2009) | : | "વ્યાવસાયિક સમાજકાર્યનાં આધાર સ્તંભો", અભિવૃત્તિ પ્રકાશન, અમદાવાદ. |
| 4. | અનુવાદક : અ.ર.દેસાઇ | : | "સમાજ" ખંડ - 2 (Muciver and Puye) ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| 5. | વર્મા.ઓ.પી. | : | "સમાજશાસ્ત્ર કી મૂલ અવધારણાઓ" વિકાસ પ્રકાશન, કાનપુર. |

# એકમ-2 સમુદાયનો પરિચય-2

## એકમનું માળખું


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 દલિત સમુદાય

2.3 નારીવાદી સમુદાય

2.4 ગ્રામીણ સમુદાય

2.5 નગરીય સમુદાય

2.6 આદિવાસી સમુદાય

2.7 ઉપસંહાર

2.8 આપની પ્રગતિ ચકાસો

2.9 આપની પ્રગતિ ચકાસોના જવાબો

2.10 ચાવીરૂપ શબ્દો

2.11 સ્વાધ્યાય લેખન

2.12 પ્રવૃત્તિ

2.13 કેસસ્ટડી

2.14 સંદર્ભસૂચિ


## 2.0 એકમના હેતુઓ :

– આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને વિવિધ સમુદાયો અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

– આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને દલિત સમુદાય તેમની સમસ્યાઓ, પ્રશ્નો અંગે માહિતી પ્રાપ્ત થશે.

– આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને નારીવાદી સમુદાય તેના સિદ્ધાંતોની જાણકારી મળશે.

– આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને ગ્રામીણ અને નગર સમુદાય તથા આદિવાસી સમુદાય અને તેની સમસ્યાઓ જાણવા મળશે.

## 2.1 પ્રસ્તાવના :

સમાજકાર્યમાં સમુદાયને મહત્વ આપવામાં આવે છે. દલીત સમુદાય, ગ્રામીણ સમુદાય, આદિવાસી સમુદાય વગેરે સમુદાય દ્વારા સમાજકાર્યનો અભ્યાસ કરવામાં આવે છે. સમુદાયમાં રહેલી સમસ્યા શોધીને તેના નિરાકરણ માટે જે પ્રયત્ન કરવામાં આવે છે તે સમાજકાર્યકરની ભુમિકા વિશેષ રહેલી છે. દેશ-રાજ્યમાં રહેલી સમસ્યા અને પછાત વર્ગના કલ્યાણ માટે સમાજકાર્યનો અભ્યાસ જરૂરી બને છે. ગ્રામીણ સમુદાયના લોકોની જીવનશૈલી રહેણી કરણ,

રીત-રીવાજો, ધર્મ સાંસ્કૃતિક રીવાજો દ્વારા દરેક સમાજની ઓળખ થતી હોય છે. આદિવાસી અને દલીત સમુદાયમાં શિક્ષણ અને વિકાસ સમાજકાર્યકરે અગત્યની ભુમિકા ભજવવાની હોય છે. દ્રઢીવાદી રીતે રીવાજો અંધ્ધશ્રદ્ધા વહેમોથી લોકોને દુર રાખીને શિક્ષણ દ્વારા સમાજનો વિકાસ કરી શકાય છે તેમ સમજાવી શકાય છે. નારીવાદી સમુદાય ને પ્રાધાન્ય મળવું જરૂરી છે.

## 2.2 દલિત સમુદાય :

ગુજરાતમાં દલિતોની વસ્તી 8 % જેટલી છે. દલિતોમાં 29 જેટલી જ્ઞાતિઓ જોવા મળે છે. દલિતોને બંધારણમાં 'અનુસૂચિત જાતિ' તરીકે ઓળખવામાં આવે છે. ભારતના બંધારણમાં વિશિષ્ટ પ્રકારનો દરજ્જો આપવામાં આવ્યો છે. આવો દરજ્જો પ્રાપ્ત કરનાર જ્ઞાતિની યાદીને અનુસૂચિત જાતિ તરીકે ઓળખવામાં આવે છે. ભારતના રાષ્ટ્રીય પ્રતિ દલિત જ્ઞાતિને અનુસૂચિત જાતિ તરીકે ઓળખાવી એ છીએ. અનુસૂચિત જ્ઞાતિ એટલે એવી જ્ઞાતિ કે જે સામાજિક, આર્થિક, શૈક્ષણિક, રાજકીય એમ દરેક ક્ષેત્રોમાં અન્યાયનો ભોગ બનેલી હોય તેવી જ્ઞાતિને આપણા બંધારણમાં વિશિષ્ટ પ્રકારના લાભ મળેલ છે.

ગુજરાતમાં કુલ 60 ટકા દલિતો ગામડામાં રહે છે. ગુજરાતનાં દલિતોને ત્રણ વિભાગમાં વહેંચવામાં આવે છે. (1) વણકર જેમની વસ્તી 45 ટકા છે. (2) રોહિત (ચમાર) જેની વસ્તી 30 ટકા છે. અને (3) વાલ્મીકિ (ભંગી) જેમની વસ્તી 25 ટકા છે. આ ત્રણેય વિશેની વિસ્તૃત ચર્ચા નીચે મુજબ છે.

### 2.2.1 વણકર :

દલિત જ્ઞાતિમાં 'વણકર' એ સૌથી ઊંચા છે. 'વણ' એટલે વણવું. 'કર' એટલે હાથ એટલે કે હાથથી વણવું એટલે વણકર, તેમના વ્યવસાય પરથી આ શબ્દ આવ્યો છે. હાથથી જે કાપડ વણાવવામાં આવે છે તેને હાથશાળ કહેવામાં આવે છે. ભારતમાં જ્યારે મિલો નહોતી ત્યારે આ વણકર જ્ઞાતિ કાપડ વણતી હતી. ભૂતકાળમાં આ જ્ઞાતિને ''ઢેડ'' તરીકે ઓળખવામાં આવતી હતી. બંધારણ મુજબ આ જ્ઞાતિને 'વણકર' તરીકે ઓળખવામાં આવે છે. ''ઢેડના ઢેડ'' તેને ભંગી કહેવામાં આવે છે. જ્ઞાતિ વ્યવસ્થામાં આ જ્ઞાતિનું નિમ્ન સ્થાન છે. વણકરોનો પરંપરાગત વ્યવસાય રહ્યો નથી. સૌરાષ્ટ્રની અંદર કેટલાક ગામોમાં કેટલીક જગ્યાએ આ વ્યવસાય ટકી રહ્યો છે. કારણ કે અમુક જ્ઞાતિ વણકરે બનાવેલા જ વસ્ત્રો પહેરે છે. જેમકે રબારી વગેરે અત્યારે આ વ્યવસાય ખૂબ ઓછો છે. કારણ કે ગૃહ ઉદ્યોગ પડી ભાંગ્યા છે. હવે કાપડની મિલો વિકસી છે. સૌપ્રથમ કાપડની મિલ 1863 માં શરૂ થઈ 135 વર્ષ પહેલા આ મિલ શરૂ કરવામાં આવી હતી. રણછોડલાલે આ મિલની શરૂઆત કરી હતી. 1863 માં અમદાવાદમાં ખૂબ જ મિલો અસ્તિત્વમાં આવી આ મિલો ચાલુ થવાથી જે ગામડામાં વણકરો બેકાર હતા તે શહેરમાં આવ્યા. આ વણકરોમાં 90 ટકા વણકરોમાંથી 10 વણકરોને જ કામ મળ્યું.

વણકરોમાં રોહિત અને વાલ્મિકિ કરતા શિક્ષણનું પ્રમાણ વધારે હતું. દલિતોમાં ગાયકવાડના સમય દરમિયાન છોકરીઓ ભણેલી જોવા મળતી હતી. આ રાજના સમયમાં ફરજિયાત સ્ત્રી શિક્ષણનો કાયદો હતો. વણકરની પહેલી પેઢી શહેરમાં આવી અને તે અભણ હતી અને આ વણકરો મિલમાં જોડાયા અને પછી તેમના પછીની પેઢી ભણવા ભાગી, તેથી તેમના સમાજિક ગતિશીલતા વધી છે. દક્ષિણ ગુજરાતના વણકરોમાં સુરતના વણકરોમાં સુરતના વણકરોનો બ્રિટિશ સમય દરમિયાન ઘણા લાભ મળ્યા છે. સુરતના બંદરને ''ચોરસીયા'' બંદર તરીકે ઓળખવામાં આવે છે. સુરતના વણકરો અંગ્રેજોના સંપર્કના લીધે એજ્યુકેશન મેળવતા થયા અને અંગ્રેજોએ આ વણકરોને કૂક તરીકેની નોકરી આપી. તેથી વણકરોના સંબંધો અંગ્રેજો સાથે વધતા ગયા. તે લોકો ઉદ્યોગમાં આગળ આવ્યા. અમદાવાદ, સુરત, રાજકોટમાં વણકરોની પહેલી પેઢી ભણી અને રાજકારણમાં પણ તેઓ ધીમે-ધીમે પ્રવેશ્યા.

### 2.2.2 ચમાર જ્ઞાતિ (રોહિત સમાજ) :

ચમાર એટલે તેઓ ચામડાના વ્યવસાય સાથે જોડાયેલા હોવાથી 'ચમાર' શબ્દ પડ્યો. રોહિત નામ એટલા માટે પડ્યુ તેમાં દલિત સંત થઈ ગયા જેનું નામ રોહિત દાસ હતું. જ્યારે ગામમાં કોઈ પણ ઢોર મરી જાય તો તેને લઈ જવાનું કામ ભંગી જ્ઞાતિનું છે અને તે ચમાર ને આપે છે, કારણ કે મરી ગયેલા ઢોરનું ચામડું ઊતારવાનું કામ ચમાર કરે છે. તેને બીજા શબ્દોમાં 'ચામડું પકવવું' આવું પણ કહેવામાં આવે છે. આ કામ સૌથી નિમ્ન ગણવામાં આવે છે. આ તૈયાર કરેલું ચામડું મોચી લઈ જાય છે. ગામની અર્થવ્યવસ્થા સાથે ચમારનું કામ સંકળાયેલું છે. ચમારની વસ્તી ગામમાં વધુ જોવા મળે છે.

વર્તમાન સમયમાં ચમાર જ્ઞાતિનું પરંપરાગત સ્થાન બદલાવવા લાગ્યું. કારણ કે જે હાથથી કામ કરતા હતા તેને સ્થાને યંત્રો આવ્યા. આથી ચમાર બેકાર બન્યા. આ જ્ઞાતિના લોકો બીજો વ્યવસાય સ્વીકારી શકતા પણ નહોતા. આથી ચમાર જ્ઞાતિ પોતાનું વતન છોડી સ્થળાંતર કરવા લાગ્યા. તેમની સામાજિક ગતિશીલતા ઓછી થઈ ગઈ છે. અંગ્રેજોમાં એવો ખ્યાલ છે કે એટલે ગતિશીલતા રૂંધાઈ. સૌરાષ્ટ્રમાં દુકાળ પડવાથી ત્યાંના ચમાર લોકોએ મુંબઈ સ્થળાંતર કર્યુ. મુંબઈમાં ત્રણ પુત્રો હોય તો તેમાંથી એકને સફાઈનું કામ કરવું પડે. કારણ કે તેમનું મકાન છિનવાઈ ન જાય. જ્યારે શિક્ષણની શરૂઆત થઈ ત્યારે વણકરોને પ્રવેશ હતો પણ ચમાર જ્ઞાતિને શિક્ષણ આપવમાં આવતું નહોતું. જ્ઞાતિના કોટિક્રમમાં ચમારને વધારે અસર થયેલી જોવા મળે છે.

### 2.2.3 વાલ્મીકિ (ભંગી) :

રામાયણની રચના કરનાર વાલ્મીકિ પણ ભંગી જ્ઞાતિના હતાં. વાલ્મીકિ શબ્દ ઇતિહાસમાંથી લેવામાં આવ્યો છે. 'ભંગી' શબ્દ જ્ઞાતિમાં ઊતરતાપણું બતાવે છે. તેથી તેમને વાલ્મીકિ નામ આપવામાં આવે છે. દલિત સમાજમાં ભંગી સૌથી નીચું સ્થાન ધરાવે છે. આને કારણે ભંગી સમાજના પરિવર્તન આવ્યું નથી. તેનું કારણ તેમનો વ્યવસાય છે. સૌથી નીચું કામ સફાઈકામ છે. ભંગી જ્ઞાતિમાં જે વ્યક્તિનો જન્મ થાય તેને ઇચ્છાએ કે અનિચ્છાએ આ સફાઈ કામ કરવું પડે છે. તે બીજાનો વ્યવસાય લઈ શકતો નથી. અને તેમનો વ્યવસાય કોઈ સ્વીકારતું નથી. આ જ્ઞાતિમાં શિક્ષણને લીધે થોડો ઘણો ફેર પડ્યો છે. દલિત જ્ઞાતિમાં વણકર, ચમાર અને વાલ્મીકિ એકબીજાના ઘરે જમી શકતા નથી અને લગ્ન પણ કરી શકતા નથી. તેને કારણે ભંગીનું સ્થાન નીચું છે. શહેર અને ગામમાં સૌથી છેવાડે આ જ્ઞાતિ વસવાટ કરતી હોય છે. તેમનું સૌથી નિમ્ન કામ માથે મેલું ઉપાડી જવુ અને મરેલા પ્રાણીને લઈ જવા. તેમને જમવાનું આમંત્રણ પણ આપવામાં આવતું નહોતું. તેઓને બીજા મહોલ્લામાં પણ પ્રવેશ દેવામાં આવતા નહોતા. તેઓ ગામડામાંથી શહેરમાં સ્થળાંતર કરે તો પણ તેમને સફાઈ કામ કરવું પડતું હતું. અમદાવાદમાં 90 ટકા સફાઈ કામદારો ભંગી છે. તેથી આ જ્ઞાતિમાં પેઢી દર પેઢી આજ વ્યવસાય કરવો પડે છે. આ બધાના કારણોમાં વાલ્મીકિને શિક્ષણની તક આપવામાં આવતી નહોતી. તેથી તેમનું સ્થાન ખૂબ નીચું.

### 2.2.4 વર્તમાન સમાજમાં દલિત સમુદાયના પ્રશ્નો

#### 2.2.4.1 ઓળખનો પ્રશ્ન

દલિતોની સામાજિક ઓળખ બદલાઈ નથી. દલિત સમાજ એવું માને છે કે તેઓ હજુ નિમ્ન છે. દલિત સમાજ સાથે સંકળાયેલ વ્યક્તિઓ નિમ્ન છે તેઓ એવી લઘુતાગ્રંથિ અનુભવે છે. તેમનામાં સહાનુભૂતિ પણ વિકસી નથી. તેનો અર્થ પરાઅનુભૂતિ થાય છે. દલિત જ્ઞાતિમાં આ બંનેનો અભાવ છે. તેથી તેને ઓળખની સમસ્યા કહેવામાં આવે છે. આ દલિત જ્ઞાતિને લાગણી અનુભવાય છે.

### 2.2.4.2 અસ્પૃશ્યતાની સમસ્યાઓ

ભારતીય સમાજમાં દલિતને અસ્પૃશ્યતાનો સામનો કરવો પડે છે. તેમની જાતિ નીચી હોવાથી ગામડામાં જે સફાઈકામ કરે છે તેની અસર શહેરમાં જોવા મળે છે. તેઓને સારી જગ્યાએ બેસાડતા નથી. ગામમાં ઉપલી જ્ઞાતિને ત્યાં દલિતોને ઘરમાં પ્રવેશ નથી. કામની બાબતમાં પણ 'અનટચેબલ' જોવા મળે છે. જ્ઞાતિ જુદી હોવાથી એક વ્યક્તિ બીજી વ્યક્તિને સ્પર્શી શકતી નથી કારીગર જ્ઞાતિઓ દલિતો સાથે વ્યવહાર રાખતા નથી. સાર્વજનિક કૂવાનો ઉપયોગ કરી શકતા નથી. કૂવો એકજ પણ દલિત માટે પાણી ભરવાના કાંઠા જુદા હોય છે. તળાવના કિનારા પર કપડાં ધોવા દેતા નથી. ધોબીઘાટ અને સ્મશાન અલગ-અલગ કોઈપણ પંચાયતનો સભ્ય દલિત હોય તો તેને બહાર બેસવું પડે.

### 2.2.4.3 સામાજિક ભેદભાવ

દલિત સમાજમાં સામાજિક ભેદભાવ એ સમસ્યા બને છે. બિનદલિત રોજિંદા જીવનમાં દલિત જ્ઞાતિમાં ભેદભાવ રાખે છે.

#### 2.2.4.3.1 લગ્ન અંગેના ભેદભાવ

દલિત જ્ઞાતિ સાથે કોઈ લગ્ન કરવા તૈયાર નથી દલિત અને બિનદલિત વચ્ચે લગ્નનાં ભેદભાવ છે. અને તે ઓછા છે. લગ્ન પ્રસંગે કોઈ ખાન-પાન વ્યવહારમાં પણ તેમને સ્થાન હતું જ નહિ. સરકારે આવા લગ્નને પ્રોત્સાહન આપવા માટે 60 હજાર રૂપિયાની ઘરવખરી તેમજ તેમના બાળકોને શિક્ષણ આપવાની જવાબદારી લે છે. છતાં આવા લગ્ન ઓછા પ્રમાણમાં થાય છે. દલિત પુરૂષ ઉપલી જ્ઞાતિની સ્ત્રી સાથે લગ્ન કરી શકતો નહિ.

#### 2.2.4.3.2 સામાજિક સંબંધોમાં ફેરફાર (ભેદભાવ)

દલિત જ્ઞાતિમાં ખૂબ ઓછા મિત્ર સંબંધ જોવા મળે છે. ખાવા-પીવા અને લગ્નના સંબંધોમાં પણ ભેદભાવ જોવા મળે છે. સંબંધો બાધવા માટે જ્ઞાતિને પ્રાધાન્ય આપવામાં આવે છે. બિનદલિતની પાસે તક હોવા છતાં પણ દલિત જ્ઞાતિ સાથેનાં સંબંધો રાખતા નથી કહેવાતી ઉપલી જ્ઞાતિઓ દલિત સાથે કોઈપણ જાતનો સંબંધ રાખતાં નહિ. ગામની ભાગોળમાં પણ તેઓ છેક છેવાડે રહેતા હતાં. તેમજ ગામના મુખ્ય પ્રસંગોમાં પણ દલિત જ્ઞાતિને સ્થાન નહોતું.

#### 2.2.4.3.3. ધાર્મિક સ્થળોનો ભેદભાવ

ધાર્મિક સ્થળોમાં પણ દલિત જ્ઞાતિને પ્રવેશ નથી મંદિરમાં પણ દલિત પૂજારી જોવા મળતા નથી. તેઓ મૂર્તિને પણ સ્પર્શી શકતા નથી. મંદિરના સત્તાધીશો દલિતોને પ્રવેશ આપવાનો ઈનકાર કરતા હતા. ગામડામાં મોટેભાગે હજુ પણ પ્રવેશ મળતો નથી. કેટલીક જગ્યાએ મંદિરમાં દાખલ થઈ શકે છે. પરંતુ ગર્ભ દ્વારામાં જઈ શકતા નથી. આજે પણ બ્રાહ્મણો દલિત જ્ઞાતિનું ભોજન લેતા નથી.

### 2.2.4.4 દલિત મહિલાઓની સમસ્યાઓ

જ્ઞાતિને આધારે દલિત મહિલાઓની સમસ્યા ઉદ્‌ભવે છે. જાતીય શોષણનો ભોગ બનવું પડે છે. એવી જ રીતે શહેરમાં કાગળ વીણનારા બહેનોનું મોટા પાયે શોષણ થાય છે. પોલીસ કોન્ટ્રાકટર દ્વારા તેમનું જાતીય શોષણ થાય છે.

શહેરમાં કામ કરવાની જગ્યાએ પણ નાત-જાતનાં ભેદભાવ રાખવામાં આવતા હોય છે. અહીંયા પણ દલિત મહિલાઓનું શોષણનો ભોગ બને છે. તેમનું આર્થિક શોષણ પણ થાય છે. દલિત પુરુષો પણ દારૂ પીને તેમનું શોષણ કરતા હોય છે.

#### 2.2.4.4.1 દલિત સ્ત્રીમાં શિક્ષણ

દલિતોમાં શિક્ષણનું પ્રમાણ ઓછું છે અને તેમાંય દલિત પુરૂષો કરતા દલિત સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઓછું જોવા મળે છે દલિત સ્ત્રીઓ માંડ 5-7 ધોરણ સુધી માંડ ભણે છે અને નવા ધોરણ પછી શિક્ષણ અધૂરું મૂકી દે છે.

#### 2.2.4.4.2 દલિત સ્ત્રીઓની સામાજિક-આર્થિક જવાબદારી

લગ્ન પ્રસંગે સ્ત્રી ન જાય તો ટીકાનો ભોગ બને છે. દલિત સ્ત્રીઓ ખેતીકામ, ચર્મકામ, સફાઈકામ જેવી પૈસા કમાવવાની આર્થિક પ્રવૃતિમાં જોડાયેલી છે.

#### 2.2.4.4.3 દલિત સ્ત્રીઓમાં પાણીના પ્રશ્નો

બ્રાહ્મણનો કૂવો કે રાજાનો કૂવો હોય તો પણ પાણી લાવવા માટે દૂર જવું પડતું.

#### 2.2.4.5 રાજકીય સમસ્યાઓ

અમુક નેતાઓએ આ માટે ઝૂંબેશ ચલાવી જેમાં 1920 માં ગાંધીજીએ હરિજન ઉચ્ચારક મંડળ અને 1965 માં અસ્પૃશ્યતા નિવારણ કાયદો અમલમાં મૂક્યા.

ગાંધીજી અને ડૉ. બાબા સાહેબ આંબેડકરના વચ્ચે જે કરાર થયા તેમા ‘પૂના કરાર’ કહેવામાં આવે છે. ભવિષ્યમાં દલિતના પ્રશ્નો ઓછા થાય માટે અને વસ્તીના આધારે દલિતને અનામત આપવી જોઈએ એવા મત ડૉ. બાબા સાહેબ આંબેડકરનો હતો. પણ ગાંધીજીએ આનો વિરોધ કર્યો હતો. પાછળ થી ગાંધીએ કહ્યું રાજકીય અનામત હોવી જોઈએ. દલિતને 8 ટકા પ્રમાણે 14 ટકા બેઠકો ફાળવવામાં આવે છે. રાજકીય ક્ષેત્રમાં પણ મુખ્ય નેતૃત્વ બ્રાહ્મણ, ક્ષત્રિય પાસે જ હોય છે. તેમાં દલિતને નેતૃત્વ આપવામાં આવતું નથી.

#### 2.2.4.6 આર્થિક સમસ્યાઓ

ગુજરાતમાં 50 થી 60 સફાઇ કામદારો ગટર સફાઈનાં કામ દરમ્યાન મૃત્યુ પામે છે. કુટુંબમાં વ્યક્તિનું મૃત્યુ થવાથી ઘણા પ્રશ્નો ઊભા થાય છે. ગ્રામ વિસ્તારમાં ખેતમજૂરીના કામમાં દલિતોને સૌથી ઓછું વેતન આપવામાં આવે છે ગ્રામ્ય વિસ્તારમાં સીઝનેબલ ધંધો હોય છે. એટલે કે અડધું વર્ષ કામ મળે અને અડધું વર્ષ બેકાર બેસી રહે છે. દલિત જ્ઞાતિઓનું આર્થિક શોષણ થાય છે. ગ્રામ્ય વિસ્તારમાં આર્થિક શોષણની સાથે સામાજિક શોષણ પણ થાય છે. દલિત ખેતમજૂરોને સામાજિક પછાતપણાનો ભોગ બનવું પડે છે. દલિતો ખેતમજૂરી કરે છે. ભણતર ઓછું હોવાથી તે ખેતમજૂરી જ કરે છે. દાદા, બાપા, ખેતમજૂરી કરે છે, છોકરા પણ ખેતમજૂરી કરે છે. નવી તકોના અભાવે આ વિષચક્ર ચાલ્યા જ કરે છે. ખેતમજૂરી મોટી આર્થિક સમસ્યા ઊભી કરે છે. આ માટે ગરીબી જવાબદાર છે.

#### 2.2.4.7 ગરીબાઈની સમસ્યાઓ

ગરીબાઈની સંસ્કૃતિ એટલે જો તમે ગરીબ હોય તો તેની સંસ્કૃતિ જોવા મળે છે. દા.ત. કાળી મજૂરી, અમુક પ્રકારની સંસ્કૃતિ, દલિતો પાસે જમીનની માલિકી નથી, માટે તેઓનો આર્થિક વિકાસ રૂંધાય છે. દલિતોને ખેતમજૂરી સિવાય બીજો કોઈ વિકલ્પ નથી. જે દલિતો આર્થિક સમસ્યામાંથી બહાર આવ્યા તેમને ગામની કહેવાની ઉચ્ચ જ્ઞાતિઓ દબાવવા લાગી. ઉદાહરણ તરીકે જેતલપુર ગામનું ઉદાહરણ જોઈએ તો તે ગામમાં શકરાનું ખૂન કરવામાં આવ્યું હતું. કારણ કે શકરાએ લીડરશિપ લીધી હતી અને તે દલિત હતો. તેથી તેને મારી નાખવામાં આવ્યો.

#### 2.2.4.8 શિક્ષિત અને અશિક્ષિત બેકારોની સમસ્યાઓ

દરેક દલિતને નોકરી મળવાની શક્યતા નથી એની અંદર પણ છોકરાઓને સામાજિક પ્રશ્ન મૂંઝવે છે. આર્થિક પ્રશ્નોની અંદર ઘણા પ્રશ્નો છે. દલિત સમાજમાં નાની ઉંમરે લગ્ન કરવાનો રિવાજ છે. આવી માનસિકતાને કારણે ઘરના પ્રશ્નો ઉભા થાય છે. એટલે આર્થિક સમસ્યાઓ સામાજિક બની જાય છે. દલિત સમાજમાં જો કમાતા ન હોય તો સ્વતંત્ર રહી શકતા નથી.

#### 2.2.4.9 સામાજિક અત્યાચારો

દલિતો ઉપર સૌથી વધુ અત્યાચાર થાય છે, કારણ કે પરંપરાગત સમાજથી જ દલિતોનું સ્થાન નિમ્ન રહ્યું છે. દલિતોનું સંખ્યાબળ ઓછું હોવાથી તેમની પાસે સત્તા નથી જ્ઞાતિની દૃષ્ટિએ પણ નિમ્ન સ્થાન ધરાવે છે. દલિત સમાજમાં ઉચ્ચ-નીચના ભેદભાવ જોવા મળે છે. ઉદાહરણ તરીકે 1981માં જેતલપુર ગામમાં પટેલો પ્રભાવી જ્ઞાતિના હતા. અને તેઓ સ્વામિનારાયણ સંપ્રદાયી છે. તે ગામમાં શકરો નામનો એક દલિત યુવાન હતો તેને તે સમયે સરકારે રૂ. 11 લઘુતમ વેતન નક્કી કર્યુ હતું. તેના માટે આંદોલન કર્યુ અને અવાજ ઉઠાવ્યો અને જયાં સુધી 11 રૂપિયા લઘુતમ વેતન ન મળે ત્યાં સુધી પટેલોના ખેતરમાં ખેતમજૂરી ન કરવાનું નક્કી કર્યુ અને આ માટે લાંબી હડતાલ ચાલી, જેના લીધે પટેલ અને દલિતો વચ્ચે સંઘર્ષ થયા અને આ આંદોલનને ડામવા માટે પટેલોએ શકરા સામે કાવતરું કર્યુ અને તેમાં એક રાત્રે શકરો સૂતો હતો ત્યારે તેને બાંધીને પંચાયતની ઓફિસમાં લઈ ગયા અને ત્યાં જીવતો સળગાવી દીધો અને દલિતોએ પટેલો સામે કેસ ચલાવ્યો અને સાત પટેલોને હાઈકોર્ટમાં આજીવન કેદની સજા ફરમાવી.

## 2.3 નારીવાદી સમુદાય :

નારી અભ્યાસો શબ્દ પશ્ચિમી શબ્દ છે. વીસમી સદીના છઠ્ઠા દાયકાના ઉતરાર્ધમાં અમેરિકામાં અને ભારતમાં 1975 નાં આંતરરાષ્ટ્રીય નારી વર્ષ બાદ આ શબ્દસમૂહનો એક અભ્યાસ વિષયક તરીકે ઉપયોગ થયા લાગ્યો. ત્યાર પછીનાં સમયગાળામાં નારી અભ્યાસો અભ્યાસના એક વિષય તરીકે ઉદ્ભવ-વિકાસ પામી રહેલ છે. નારી અભ્યાસોની એક વ્યાખ્યા અનુસાર સ્ત્રીઓના પરિપ્રેક્ષ્યથી સ્ત્રીઓનો અભ્યાસ કર્યો તેને નારી સમસ્યાઓ કહેવાય. બીજી રીતે કહીએતો સ્ત્રીઓ પ્રત્યે સ્ત્રીઓના દૃષ્ટિબિંદુથી જોવું તેને નારી અભ્યાસો કહેવાય.

### 2.3.1 નારીવાદી પરિપ્રેક્ષ્ય

નારીવાદી પરિપ્રેક્ષ્ય એટલે સ્ત્રીની પરિસ્થિતિ પ્રત્યે, સ્ત્રીના સમાજ સાથેના સંબંધ પ્રત્યે, નારીદમન પ્રત્યે, સ્ત્રી પ્રત્યેના ભેદભાવ પ્રત્યે સભાન બનવું. તેમજ આ સભાનતાનો સ્ત્રીની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવાની શક્તિ તરીકે ઉપયોગ કર્યો. નારીવાદી પરિપ્રેક્ષ્યથી સ્ત્રી ઓનો અભ્યાસ કરવો એટલે સ્ત્રીઓની પરિસ્થિતિ અંગેની સમજ મેળવવી, સ્ત્રીઓની સમગ્ર પરિસ્થિતિ પ્રત્યે સભાન બનવું અને જાગૃતિ દાખવવી તથા સ્ત્રીઓની પરિસ્થિતિમાં પરિવર્તન લાવવા માટે આ સભાનતા અને જાગૃતિનો ઉપયોગ કરવો, સ્ત્રીઓની પરિસ્થિતિ અંગે મેળવેલા જ્ઞાનનો પિપદારમાં ઉપયોગ કરવા પગલાં લેવો. નારી અભ્યાસો પાછળનું સંચાલકબળ નારીવાદ છે. નારીવાદ એ જાતિ તરીકે સ્ત્રીનાં હિતો ઉપર ભાર મૂકતી ચળવળ છે. સ્ત્રીના આ હિતો પુરૂષ સમકક્ષતાનાં હિતો છે. નારીવાદ વિશાળ અર્થમાં માનવતાવાદી ચળવળ છે. તેની માંગ એ છે કે માનવસમાજની કુલ વસ્તીમાં અર્ધી વસ્તી સ્ત્રીઓની છે. જે સમાજનું અર્ધુ અંગ છે. આથી સ્ત્રીઓને સમાજમાં સાચું સ્થાન આપવું. સ્ત્રીઓને તેમની માનવતાની કક્ષાએ પહોંચવા શક્તિમાન બનાવવા. માનવસમાજનાં બંને અંગો-સ્ત્રી અને પુરૂષને સમાનતાના ધોરણે સ્વીકૃતિ આપવી.

નારીવાદી પરિપ્રેક્ષ્ય સમાનતા અને સ્વાતંત્ર્યને અનુલક્ષીને નારીઅભ્યાસોના કાર્યક્ષેત્રમાં નારી મૂક્તિનું વિષયવસ્તુ અને તે કઈ રીતે સિદ્ધ થઈ શકે તે બંને બાબતોનો સમાવેશ થાય છે.

### 2.3.2 ભારતમાં નારીવાદી સમુદાયનાં અભ્યાસની આવશ્યકતા

ભારતીય નારીઓ બે વાસ્તવિકતામાં જીવે છે એક કાનુની વાસ્તવિકતા અને બીજી સામાજિક વાસ્તવિકતા કાનુની વાસ્તવિકતા અનુસાર ઔપચારિક અને સૈદ્ધાંતિક રીતે સ્ત્રીનું સ્થાન પુરૂષ સમોવડું છે. પરંતુ સામાજિક વાસ્તવિકતા તે ચરિતાર્થ થવા પામ્યું નથી ભારતમાં સ્ત્રીઓ માટે કાનુની અને બંધારણીય હકો વિશાળ પ્રમાણમાં ઉપલબ્ધ છે. પરંતુ સામાજ વ્યવસ્થામાં સ્ત્રીઓ આ હકો ભોગવવા માટે શક્તિમાન બની શકી નથી. ભારતમાં નારી સમુદાયનાં અભ્યાસની આવશ્યકતાઓ સમાજમાં સ્ત્રીનું સ્થાન સમજવામાં, સામાજિક જાગૃતિ અને સભાનતા કેળવવામાં, સ્ત્રી વિકાસ અર્થે વિવિધ પગલાંઓ માટે સમાજમાં સંસ્કારવાદી પક્ષપાતો દૂર કરવા માટે, સમાજમાં સ્ત્રીઓની બહુવિધતાની સમજ પુરી પાડવા, ભાવી સમાજનાં ઘડતર અને નિર્માણ માટે, અને પુરૂષ પ્રધાન સમાજમાં સ્ત્રીઓનાં પ્રદાનને સમજવવાં માટેની આવશ્યકતાઓ રહેલી છે.

### 2.3.4 વિવિધનારીવાદી સિધ્ધાંતો

નારી મૂક્તિની હિમાયત કરનારા નારીવાદી ઓની ચળવળનાં વિવિધ પ્રકારો નીચે મુજબ છે.

#### 2.3.4.1 ઉદારમતવાદી નારીવાદી

ઉદારમતવાદી નારીવાદી એટલે ઉદારમતવાદી ઉપર રચાયેલી નારીમૂક્તિની ચળવળ ઉદારમતવાદ સમાનતા અને સ્વાતંત્ર્યની તથા સર્વે પ્રકારનાં બંધનમાંથી મૂક્તિની હિમાયત કરતી તથા વિજ્ઞાન દ્વારા પ્રગતિ સાધવાની અને કાનુન દ્વારા સુધારા કે પરિવર્તન કરવાની હિમાયત કરતી વિચારસરણી છે. સમાનતા અને માનવતા તેનાં મૂલ્યો છે અને પ્રગતિ તેનું ધ્યેય છે. કાનુન અને વિજ્ઞાન આ ધ્યેય પ્રાપ્તિના સાધન છે. તે લિંગભેદ વિના સમાન અધિકારની હિમાયત કરે છે. તથા વ્યક્તિને પ્રાધાન્ય આપે છે. ઉદારમતવાદના આ વિચારો, માન્યતાઓ મૂલ્યો અને ધ્યેયોએ સ્ત્રી-પુરૂષ સમાનતા માટેની નારીવાદી ચળવળને જન્મ આપવો. ઉદારમતવાદી નારીવાદ પર રચાયેલી નારીમૂક્તિની કે સ્ત્રી-પુરૂષ સમાનતાની ચળવળ છે. ઉદારમતવાદી નારીવાદ મધ્યમવર્ગી નારીવાદ તરીકે પણ ઓળખાય છે.

#### 2.3.4.2 ઉદામવાદી નારીવાદ

ઉદામવાદી નારીવાદ એ ઉદામવાદ પર રચાયેલી માન્યતાવાદી નારી ચળવળ છે. ઉદામ એટલે અંકુશ કે બંધન વિનાનું ઉગ્ર કે જદાલ. મૂળભૂત અને અંતિમ કક્ષાનો ઉદામવાદ એટલે મૂળભૂત અને ઝડપી પરિવર્તન કે ક્રાંતિકારી પરિવર્તન હિમાયત ઉદામવાદી નારીવાદ એટલે સ્ત્રી-પુરૂષ સમાનતા માટે સ્ત્રીને તમામ પ્રકારના બંધનમાંથી મૂક્તિ આપવા માટેની ઉગ્ર અને અંતિમવાદી નારી ચળવળ તે સ્ત્રી-પુરૂષ સમાનતા માટે પ્રવર્તમાન સમાજવ્યવસ્થામાં ધરખમ, ક્રાંતિકારી, ઉગ્ર અને ઝડપી-મૂળભૂત પરિવર્તનોની હિમાયત કરે છે. તે અંતિમવાદી પરિવર્તનોની હિમાયત કરે છે. તે અંતિમવાદી અભિગમ ઉપર ભાર મૂકે છે. તે વિચાર, માન્યતા અને ક્રિયા કે પગલાંની બાબતમાં ઉગ્રવાદી અંતિવાદી કે ક્રાંતિકારી છે. તેમાં તમામ પ્રકારના બંધનમાંથી મૂક્તિનો એટલે કે, લગ્નના બંધનમાંથી તેમજ ગર્ભધારણ, પ્રશ્નોત્પાદન અને બાળઉછેરની જવાબદારીના બંધનમાંથી મૂક્તિનો પણ સમાવેશ થાય છે.

#### 2.3.4.3. સમાજવાદી નારીવાદ

સમાજવાદી નારીવાદ સમાજવાદ ઉપર રચાયેલી માનતવાદી નારીમૂક્તિની ચળવળ ઉપર સમગ્ર સમાજની માલિકી અને નિયત્રણની હિમાયત કરતી તથા જાતિ, વર્ગ, લિંગ, હકની હિમાયત કરતી વિચારસરણી છે. સમાજવાદી નારીવાદી સમાજવાદી ક્રાંતિ દ્વારા નારી દમનનો અંત લાવવા માટેની ચળવળ એ તે લિંગવાદ અને પુરૂષની સત્તાની નાબુદીની તથા સ્ત્રીઓને સમાનતક અને તેમના ઘરકામને સામાજિક સ્વરૂપ આપવાની હિમાયત કરતી નારી ચળવળ છે.

આ ઉપરાંત નારીવાદનાં વિભિન્ન સિદવાંલોમાં માર્કસવાદી નારીવાદ મનોવિશ્લેષણવાદી આધ્યત્મિકતા, અસ્તિત્વવાદી નારીવાદ અને ઉતર આધુનિક નારીવાદ વગેરે નારીવાદ સિદ્ધાંતો પણ નારીવાદી સમુદાય માટે જોવા મળે છે.

## 2.4 ગ્રામ સમુદાયનો અર્થ અને પરિભાષા :

સામાન્ય શબ્દોમાં ગામ એક સમુદાય છે. જ્યાં અપેક્ષાથી વધારે સમાનતા, અનૌપચારીક્તા, પ્રાથમિક સમુહોને પ્રાધાન્ય, જનસંખ્યાની ઓછી ઘનતા તથા ખેતી વ્યવસાયને પ્રાધાન્ય જેવી મુખ્ય વિશેષતા જોવા મળે છે.

"મેરિલ અને એલ્ડીજ"ના મતે

"ગ્રામ સમુદાયમાં એવી વ્યક્તિઓનો સમાવેશ થાય છે કે જે એક નાના કેન્દ્રની ફરતે સંગઠિત હોય છે તથા સામાન્ય અને પ્રાથમિક હિતો દ્વારા પરસ્પર જોડાયેલા હોય છે."

સધરલેન્ડ - "ધ રૂરલ કોમ્યુનિટી"

"ગ્રામ સમુદાય એ એક પ્રકારની સમિતિ હોય છે. જેમાં કાયમી વિસ્તારના લોકોની સામાજિક ક્રિયાઓ અને સંસ્થાઓ હોય છે. ગ્રામીણ સમુદાય એ ગ્રામીણ સમાજમાં વસવાટ કરતા વ્યક્તિઓનો બનેલો હોય છે, જે પોતાની સામાજિક ક્રિયાઓ ત્યાં કરે છે."

### 2.4.1 ગ્રામીણ સમુદાયની લાક્ષણિકતા

ગ્રામીણ સમુદાયની લાક્ષણિકતા નીચે મુજબ છે.

#### 2.4.1 (1) લઘુ આકાર

ભારતીય ગ્રામીણ સમુદાયને ભૌગોલિક ક્ષેત્રના આધાર પર તપાસવામાં આવે તો આ સમુદાય આકારમાં નાનો હોય છે. ગ્રામીણ સમુદાયનું ભૌગોલિક ક્ષેત્રફળ શહેરોની તુલનામાં નાનુ હોય છે. ગ્રામીણ સમુદાય પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રકૃતિ પર નિર્ભર હોય છે. ગ્રામીણ સમુદાયનો મુખ્ય વ્યવસાય ખેતી તેમજ પશુપાલન હોય છે.

#### 2.4.1 (2) વસ્તીનું ઓછું પ્રમાણ

ગ્રામીણ સમુદાયમાં વસ્તીની સંખ્યા પ્રમાણ માં ઓછી હોય છે. મોટાભાગના ગ્રામીણ કુટુંબો પાસે ખેતી વિષયક જમીન હોય છે. ખેતીના વ્યવસાય માટે તેમજ પશુપાલન માટે દરેક વ્યક્તિને જમીનની જરૂર પડે છે.

#### 2.4.1 (3) પ્રાથમિક સંબંધોનું મહત્વ

ગ્રામીણ સમુદાય કદની દૃષ્ટિએ નાનો હોવાના કારણે તેમજ ઓછી વસ્તી હોવાના કારણે બધા ગ્રામવાસીઓ એકબીજાને જાણે છે. બધી જાતિઓના લોકો પરસ્પર પોતાની વિભિન્ન જરૂરીયાતો તથા જજમાની વ્યવસ્થાના કારણે એકબીજાથી પેઢી દર પેઢી જોડાયેલા હોય છે.

તેઓમાં અનૌપચારિક સંબંધો હોય છે. ગ્રામીણ સમુદાયમાં પરસ્પર સામાજિક સંબંધોનો નાતેદારી હોય છે. તેવો એકબીજાને નાતેદારીના શબ્દોથી સંબોધે છે.

**2.4.1 (4) સાદુ જીવન**

બધા જ ગામવાસીઓનું જીવન લગભગ એક સરખુ હોય છે. તેમનું જીવન પ્રકૃતિની નજીક પ્રત્યક્ષ રીતે સંકળાયેલુ હોય છે. ખોરાક, વસ્ત્રપરિધાન, તેમજ શહેરની જીવનશૈલીની ભૌતિક સુવિધાઓની સરખામણીએ તેમનું જીવન સાદુ સરળ જણાય છે.

**2.4.1 (5) પ્રકૃતિ પર નિર્ભરતા તેમજ ઘનિષ્ઠતા**

ભારતીય ગ્રામીણ સમુદાય પ્રકૃતિ પર નિર્ભર હોય છે. ગ્રામ વાસીઓનો મુખ્ય વ્યવસાય ખેતી છે. ખેતીનો વ્યવસાય પ્રકૃતિ પર આધારિત છે. જેમકે વરસાદ, શિયાળો, ગરમી, ઠંડી વગેરે.

**2.4.1 (6) મુખ્ય વ્યવસાય ખેતી**

ભારતીય ગ્રામીણ સમુદાયની મુખ્ય વિશેષતા ખેતીનો વ્યવસાય છે. જેમાં 70 થી 80 ટકા લોકો કોઈના કોઈ પ્રકારે ખેતી સાથે સંબંધ ધરાવે છે. અને પોતાનો જીવન નિર્વાહ ચલાવે છે. ખેતી સાથે પશુપાલનનો વ્યવસાય પણ તેઓ કરે છે. ગામમાં વસ્તી અન્ય કારીગરી જ્ઞાતિઓ પોતાનો વંશ પરંપરાગત વ્યવસાય કરે છે.

**2.4.1 (7) જનમતનું મહત્વ**

ભારતીય ગ્રામીણ સમુદાય કદમા નાનો હોવાથી તેમજ એકબીજા સાથેના પરસ્પરના પ્રાથમિક સંબંધોને લીધે જનમતનું વિશેષ મહત્વ રહેલું છે. મોટાભાગના ગ્રામીણ લોકો જનમતને મહત્વ આપે છે. જનમતનો વિરોધ કરવાવાળાની નિંદા કરવામાં આવે છે.

**2.4.1 (8) સામુદાયિક ભાવના**

પ્રાથમિક અને મોઢામોઢાના સંબંધોને લીધે તેમનામાં આપણાપણાની ભાવના હોય છે. બધા જ એકબીજા માટે સુખ-દુઃખના સાથી હોય છે. તેઓ વિવિધ પ્રસંગો જેવા કે લગ્ન, ઉત્સવ, જન્મ કે મૃત્યુ, દુષ્કાળ વગેરેમાં એકબીજાને સાથ આપે છે.

**2.4.1 (9) ધર્મનું મહત્વ**

ગ્રામીણ સમુદાયમાં ધર્મ અનેક પ્રકારના કાર્યો કરે છે. ભારતીય ગ્રામોમાં સવારથી સાંજ સુધી તથા જન્મથી મૃત્યુ સુધી ધર્મ સંકળાયેલો છે. જન્મ સંસ્કાર, વ્યવસાય વગેરે ધર્મના અનુસાર હોય છે. સ્વર્ગ, નર્ક, પાપ, પુણ્ય, સારુ, ખરાબ, સુખ, દુઃખ વગેરે ધર્મ દ્વારા પરિભાષિત થાય છે.

**2.4.1 (10) ભાગ્યવાદી રૂઢિવાદી તેમજ અશિક્ષિત**

ગ્રામીણ સમુદાયની મોટાભાગની વસ્તી અશિક્ષિત હોય છે. આ અશિક્ષિત હોવાના કારણે ગામ લોકો ભાગ્યવાદી તેમજ રૂઢિવાદી વલણ ધરાવે છે.

**2.4.1 (11) એકરૂપતા - (સમરૂપતા)**

ગ્રામવાસીઓ જીવનમાં દૈનિક જીવન ચર્યા, વેશભૂષા, ખાનપાન, રહેણીકરણી વગેરેમાં સમાનતા જોવા મળે છે. તેમના વિચાર, આદર્શો, માનસિકતા, વિશ્વાસ, ધારણાઓ વ્યવહાર વગેરેમાં સમાનતા જણાય છે. સામાજિક ચેતના જનમત, ધર્મ તેમજ ભક્તિભાવ વગેરેમાં એકરૂપતા જોવા મળે છે.

### 2.4.1 (12) આત્મનિર્ભરતા

ગ્રામીણ લોકોની પોતાની જરૂરિયાતો પ્રમાણમાં ઓછી હોય છે. તેમજ તેઓ જરૂરિયાતની ચીજોનું ઉત્પાદન કરે છે. પરિણામે તેઓ આત્મનિર્ભર જણાય છે.

### 2.4.1 (13) સંયુક્ત પરિવાર

ગ્રામીણ સમુદાયનો મુખ્ય વ્યવસાય કૃષિ હોય છે. તેમાં વધુ શ્રમિકોની આવશ્યકતા રહે છે. તેના કારણે ગ્રામીણ સમુદાયમાં સંયુક્ત કુટુંબનું મહત્વ જણાય છે. એકથી વધારે પેઢીઓના સભ્યો એકસાથે વસવાટ કરે છે. પરિવારનો સૌથી મોટો મુખી હોય છે. તે સંયુક્ત પરિવારના બધા સભ્યો ઉપર નિયંત્રણ મૂકે છે. તેમજ શ્રમવિભાજન કરે છે. પરિવારના બધા જ સભ્યો પોતાની ક્ષમતા અનુસાર કાર્યો કરે છે.

### 2.4.1 (14) વિશેષીકરણનો અભાવ

ગ્રામીણ જીવન સરળ અને સાદુ હોય છે. તેમની અર્થવ્યવસ્થાનો મુખ્ય આધાર ખેતી હોય છે. જેનું સામાન્ય જ્ઞાન ગ્રામીણ લોકોમાં હોય છે. પરંતુ ગ્રામીણ સમુદાયમાં વિશેષીકરણનો અભાવ જોવા મળે છે.

## 2.5 નગર સમુદાય :

સામાન્ય રીતે નગર અથવા ગ્રામ સમુદાયની પરિભાષા જે તે સમુદાયની વસ્તીના પ્રમાણને આધારે થતી આવે છે. ખાસ કરીને વસ્તી ગણતરીના અધિકારીઓ નગરની વ્યાખ્યા અર્થે વસ્તીના કદને કેન્દ્રીય બાબત ગણે છે. તે ઉપરાંત જ્યાં નગરપાલિકા હોય અથવા જે વસાહતનો કાયદાથી નગર તરીકે સ્વીકાર થયો હોય તે પણ નગર ગણાય છે. વિશ્વનાં સર્વ રાષ્ટ્રોમાં વસ્તી ગણતરીના અધિકારીઓ આ રીતે જે તે માનવ વસાહતોનો નગર અથવા ગ્રામ તરીકેનો દરજ્જો નક્કી કરે છે.

**વ્યાખ્યાઓ**

**(1) ફેરચાઈલ્ડ :**

"શહેર સાધારણ રીતે સ્થાયી વસવાટ કરતી વસ્તી (બંને જાતિઓનાં પુખ્તવયનાં માનવીઓ અને બાળકો સહિત) કે જે પ્રધાનતઃ સંયોજિત ક્ષેત્રમાં વસે છે. તેને કહી શકાય. આ વિસ્તારમાં જ સમાજ અને કુટુંબ પરંપરાથી ચાલી આવતું જીવન જીવવામાં આવે છે અને જ્યાં રાજનૈતિક સંગઠન તથા આર્થિક પ્રવૃતિઓ અને રોજગાર ચાલે છે."

**(2) સોમવર્ટ :**

"નગર એટલું મોટું હોય છે કે ત્યાંના રહીશો એકબીજાને ઓળખાતા નથી."

**(3) બર્ગેલ :**

નગરની વ્યાખ્યામાં ધંધાકીય તત્વને મહત્વ આપે છે. તેના મતે કોઈ પણ એવી વસાહતને આપણે નગર કહીશું કે જ્યાંના મોટા ભાગના રહીશો ખેતીવાડી સિવાયના ધંધાઓમાં રોકાયેલા હોય છે.

**(4) ગિબ્સ :**

"રાજકીય દરજ્જા, વસ્તીવિષયક લક્ષણો, આર્થિક પરિવર્ત્યો, વર્તણૂકનાં સામાજિક-સાંસ્કૃતિક પ્રરૉપો અને મનોવૈજ્ઞાનિક લક્ષણો વગેરે પરત્વેનાં દૃષ્ટિબિંદુઓથી કરી શકાય છે.

**(5) ગિડિયન સ્ઝોબર્ગ :**

નગરને વિસ્તૃત સમાજ વ્યવસ્થાના એક અંગ રૂપે જુએ છે અને કહે છે નગરમાં વસતા લોકોનું પ્રમાણ કુલ વસ્તીના અનુપાતમાં ઘણું ઓછું હોવા છતાં નગરમાં વસતા બુધ્ધિજીવીઓ અને ભદ્ર લોકોને કારણે નગરનું જે તે સમાજમાં મહત્વ વધી જતું હોય છે.''

**(6) સ્ઝોબર્ગ :**

સામંતશાહી સમાજવ્યવસ્થા ધરાવતા સમાજોના સંદર્ભ માં વ્યક્ત કરે છે. નગરની વ્યાખ્યા કરતા તેઓ કહે છે કે નગર શબ્દનો ઉપયોગ વિવિધ રીતે થતો આવ્યો છે છતાં ગ્રામ સમુદાયની તુલનામાં કસ્બા અથવા નગરનું કદ, તેની વસ્તીની ગીચતા અને વસ્તીનું પચરંગીપણુ વધારે હોય છે. ત્યાંના રહીશો બિન-ખેતીવાડી વિષયક બાબતોમાં વિસ્તૃત ફલક ઉપર નિષ્ણાતીકરણ ધરાવતા હોય છે અને ત્યાં સાક્ષર લોકોનું પ્રતિષ્ઠિત સ્થાન હોય છે.

**2.5.1 નગર સમુદાયની લાક્ષણિકતાઓ**

નગર સમુદાયો બંધી રીતે એક સરખા હોતા નથી. તેમના કદ, કાર્યો, વહીવટીય દરજ્જો, વ્યવસાયિક બંધારણ અને ઔદ્યોગિક વિકાસ વગેરેની બાબતોમાં ભિન્નતા હોવાથી નગરો જુદા જુદા પ્રકારના હોય છે. નગર સમુદાયોના એવા મુખ્ય પ્રકારોની પ્રકરણ ચારમાં વિસ્તૃત ચર્ચા કરવામાં આવી છે. છતાં નગરોની કેટલીક એવી પાયાની લાક્ષણિકતાઓ હોય છે કે જે નગરોમાં અંદરો-અંદરના તફાવતો હોવા છતાં દરેકે દરેક નગર સમુદાયમાં ઓછાવત્તા અંશોમાં જોવા મળે છે. સમાજશાસ્ત્રીય દષ્ટિથી નગરનો અર્થ સમજાવવામાં એવી મૂળભૂત લાક્ષણિકતાઓ ઘણી અગત્યની હોય છે. હકીકતમાં સમય અને સ્થળના ભેદ વિના પ્રત્યેક સમાજના નગર સમુદાયોમાં આ લાક્ષણિકતાઓ જોવા મળતી હોવાથી તેની વિગતવાર સમજૂતી પ્રાપ્ત કરવી જરૂરી છે.

**2.5.1 (1) સામાજિક જીવનની વિવિધતા**

નગર સમુદાયોમાં વિશાળ વસ્તી નાના ભૃ-ભાગ ઉપર કાયમી ધોરણે વસવાટ કરતચી હોવાથી નગરવાસીઓના સામાજિક જીવનમાં વૈવિધ્ય અને પચરંગીપણું નૈસર્ગિક રીતે જ જન્મ પામે છે. આ અંગે કિગ્લ્લે ડેવિસ જણાવે છે કે જેટલા પ્રમાણમાં નગરોનો વિકાસ થાય છે તેટલા જ પ્રમાણમાં તેના સામાજિક જીવનમાં વિવિધતા પણ વધે છે. એટલે કે નગર સમુદાયના વિકાસની પ્રક્રિયા અને તેની વસ્તીમાં આવતું વૈવિધ્ય એ બંને બાબતો સહગામી હોય છે. આ વિવિધતાનો આધાર નગરવાસીઓની જ્ઞાતિ, પેટાજ્ઞાતિ, ધર્મ, ભાષા, વ્યવસાય, કૌટુંબિક તથા સામાજિક રીતરિવાજ તથા તેમના વિભિન્ન મનોવૃત્તિઓમાં વ્યક્ત થાય છે. નગર અથવા શહેર વ્યક્તિ-વ્યક્તિ વચ્ચેના વૈવિધ્યને માત્ર ચલાવી લેતું હોય તેવું નથી. પણ તે એવા વૈવિધ્યને પ્રોત્સાહન આપે છે. લૂઈ વર્થના મંતવ્યને સમર્થન આપતાં ડેવિસ કહે છે કે જ્યારે સામાજિક આંતરક્રિયામાં વધુ ને વધુ લોકો ભાગ લે છે ત્યારે તેમનામાં વધુ ને વધુ વૈવિધ્ય માટેની ભૂમિકા સર્જાય છે. આથી નગરના લોકોમાં વૈયક્તિક ગુણો, ધંધા અને સાંસ્કૃતિક જીવન વગેરેની બાબતોમાં વિશાળ ફલક ઉપરની વિવિધતા જોવા મળે છે. ટૂંકમાં કહીએ તો નગરવાસીઓમાં સામાજિક, સાંસ્કૃતિક અને આર્થિક જીવનના ક્ષેત્રે સમરૂપતા હોતી નથી.

**2.5.1 (2) દૂરવર્તી સંસર્ગ**

નગરનું કદ વિશાળ હોવાથી તે એક નિકટવર્તી અથવા પ્રાથમિક જૂથ હોતું નથી. નગરવાસીઓ અવારનવાર અને ઘણી નિકટતાથી બિનપરિચિત એવી વ્યક્તિઓના સંસર્ગમાં આવતા હોય છે. તેથી કોઈપણ નગરવાસી પોતે જે વ્યક્તિઓનાં સંસર્ગમાં આવે છે તે સર્વ સાથે

નિકટવર્તી સંબંધો બાંધી શકતો નથી. કારણ કે તે જેટલી વ્યક્તિઓના સંસર્ગમાં આવે છે તેમની સંખ્યા વિશાળ હોય છે તથા તેનો એ વ્યક્તિઓ સાથેનો સસંર્ગ કામ પૂરતો હોય છે. દા.ત. બસ કન્ડકટર સાથે અથવા તો કામના સ્થળે મળતા લોકો સાથેનો સસંર્ગ ભૌતિક રીતે નિકટનો હોવા છતાં તેના સામાજિક સ્વરૂપમાં તો તે દૂરવર્તીજ રહે છે. કિંગ્સલે ડેવિસ કહે છે કે નગરવાસીઓમાં એકબીજા પ્રત્યેની વર્તણૂંકમાં દોસ્તી કે દુશ્મનાવટને સ્થાને ઉપેક્ષાવૃત્તિ જોવા મળે છે. નગરની સ્થાનિક પરિસ્થિતિ જ એવી હોય છે કે ત્યાં અજાણ્યા માણસોએ પણ જોડે જોડે રહેવું પડે છે. તેથી નગરવાસીઓમાં એક તરફ ઉદારતા અને સહિષ્ણુતા અને બીજી તરફ સંબંધમાં છીછરાપણું અને ઉપેક્ષાવૃત્તિ જોઈ શકાય છે. અજાણ્યાપણું અગર તો અલિપ્તતા એ નગરની બીજી મુખ્ય લાક્ષણિકતા બની જાય છે. નગરમાં અજાણ્યા માણસોના મહાસાગરમાં વ્યક્તિ અન્ય લોકો પ્રત્યેના પોતાના નિર્ણયો વર્ગ-દરજ્જા મુજબની રહેણીકરણીનાં બાહ્ય ચિહ્નો અથવા પ્રતીકોને આધારે લે છે.

નગર સમુદાયમાં લોકો પોતાના પરિચિતોને પણ અમુક સંદર્ભમાં જ ઓળખતા હોય છે. વળી, નગરવાસી તેની જરૂરિયાતો સંતોષવા અર્થે ઘણી વ્યક્તિઓ ઉપર અવલંબે છે. તેમ છતાં કોઈ ખાસ વ્યક્તિ અથવા સમૂહ ઉપર તેની કાયમી નિર્ભરતા હોતી નથી. હકીકતમાં નગરમાં વ્યક્તિની બીજી વ્યક્તિઓ ઉપરની નિર્ભરતા અમુક ધ્યેય અથવા સ્વાર્થ પૂરતી જ હોય છે. આને કારણે નાગરી સંસર્ગ અથવા 'અર્બન કોન્ટેકટ' ખંડીય પણ મનાય છે. તે સિવાય નગરમાં વ્યક્તિ પોતાની વ્યાવસાયિક સંસ્થાઓમાં, પડોશમાં અગર ન બદલી શકાય તેવી પરિસ્થિતિ હોતી નથી. ખરે-ખર તો નગરમાં વ્યક્તિ પોતાના ધંધાકીય સંબંધો, રહેઠાણ ક્ષોત્ર અથવા સંકોચ વિના બદલી શકે છે. તેથી નગરવાસીઓમાં સામાજિક ગતિશીલતા અને ભૌતિક ગતિશીલતા સ્વાભાવિક બાબત ગણાતી હોય છે. વળી, નગરવાસીઓમાં એકબીજાનો સમાગમ સ્થાયી નથી રહેતો.

### 2.5.1 (3) સામાજિક સહિષ્ણુતા અથવા સહનશીલતા

નગરની વસ્તીના પચરંગીપણા અને લોકોના દૂરવર્તી સંસર્ગને કારણે નગરવાસીઓમાં જોવા મળતી સહનશીલતા અથવા સહિષ્ણુતા નગરની ત્રીજી મુખ્ય લાક્ષણિકતા હોય છે. આનો અર્થ એવો નથી કે નગરવાસીઓમાં આપસમાં ઝઘડા અને હિંસાત્મક બનાવો બનતા નથી. નગરવાસીઓમાં જોવા મળતી સહિષ્ણુતા એટલે કે પોતાનાથી તદ્દન જુદી રહેણીકરણી અને માન્યતા ધરાવતા લોકો પણ એકી સાથે રહેતા હોય છે અને તેઓમાં એકબીજાની આવી સામાજિક સાંસ્કૃતિ ભિન્નતા પરત્વે સૂગ હોતી નથી. વળી નગરમાં શિક્ષિત-અશિક્ષિત અને અમીર-ગરીબના ભેદની સાથોસાથ વિચારસરણી તથા સ્વાર્થો વગેરેની બાબતોમાં તીવ્ર વિષમતાઓ જોવા મળે છે. એવા સંજોગોમાં નગરવાસીઓમાં અલિપ્તતા કેટલાક અંશોમાં જરૂરી બની જાય છે અને કેટલેક અંશે તે સંબંધોમાં પોતાનાપણાની ભાવનાના અભાવને કારણે આવતી હોય છે. પારસ્પરિક જીવનમાં નગરવાસી એક રીતે શુષ્ક બની જાય છે અને ખૂબ વિચિત્ર ગણાતી એવી બાબતને જોઈને પણ તે આશ્ચર્ય પામતી નથી. હકીકતમાં નગરમાં શિષ્ટાચારી અપેક્ષાએ સંતોષવી તથા પોતાની સગવડતા અર્થે નગરવાસી અણગમતી પરિસ્થિતિનો પણ દેખાવ પૂરતો સ્વીકાર કરે છે. આથી નગરવાસીઓના અંગત જીવનને સ્પર્શતી બાબતો અને તેના જાહેર જીવન પ્રત્યેના અભિગમ વચ્ચે ખૂબ જ તીવ્ર ભેદ પ્રવર્તતો હોય છે. સામાન્ય રીતે નગર વ્યક્તિના જાહેર જીવનનું નિયમન કરે છે, પણ તેના ખાનગી જીવનમાં રસ લેતું નથી. આ સર્વ પરિસ્થિતિ ઓ નગરવાસીઓમાં સામાજિક સહિષ્ણુતા પ્રેરે છે.

### 2.5.1 (4) દૂરવર્તી નિયંત્રણ :

દૂરવર્તી નિયંત્રણ એ નગર સમુદાય ની ચોથી લાક્ષણિકતા અથવા વિશિષ્ટતા હોય છે. નગરમાં અજાણ્યા લોકોના સંસર્ગ વખતે તેમની વચ્ચે ભૌતિક નિકટતા હોવા છતાં સામાજિક અંતર તો રહે જ છે. પરિણામ સ્વરૂપે નગરવાસીઓમાં પારસ્પરિક વ્યવહારની નિયમન અર્થે સામાજિક સમસ્યા જટિલ બનતી જાય છે. હકીકતમાં નગરમાં વ્યક્તિ અજાણ્યા માણસોના મહાસાગરમાં સામાજિક નિયંત્રણના પ્રાથમિક સાધનો, જેવા કે રીતરિવાજ, શિસ્તો, શિષ્ટાચાર, બીજાઓની શરમ વગેરેના દબાણથી મુક્ત થઈ જાય છે. તેને બીજાઓ તેના વિશે શું વિચારશે તેની ચિંતા રહેતી નથી. ધાર્મિક અકુંશો અને નૈતિક બંધનો તેને નડતા નથી. વળી, વ્યક્તિ પોતાના જરૂર પુરતા પ્રાથમિક સંબંધો કુટુંબ, પડોશ સિવાયના અન્ય જૂથો જોડે બાંધી શકે છે. પણ એવા સંબંધો પણ સ્વાર્થ પૂરતા જ રહે છે. માટે તે ગમે ત્યારે તોડી શકાય છે. આ સંજોગોમાં નગરમાં સામાજિક નિયંત્રણનાં પ્રાથમિક સાધનો અસરકારક રહેતાં નથી અને કાનૂની તથા બિન-અંગત નિયંત્રણો જરૂરી બની જાય છે. તેથી કાયદો, પોલીસ, ગુપ્તચર, નગરપાલિકા, ન્યાયાલયો અને વહીવટી વિભાગો વગેરે નગરમાં સામાજિક નિયંત્રણ માટે અતિઆવશ્યક ભૂમિકા ભજવતા હોય છે. જેમ જેમ નગરનો વિકાસ થતો જાય છે, તેમ તેમ નગરની જટિલતા વધતી નગરનો વિકાસ થતો જાય છે, તેમ તેમ નગરની જટિલતા વધતી જાય છે. તેને હલ કરવાના પ્રયાસોમાં કુદરતી રીતે જ નગરોમાં દૂરવર્તી નિયંત્રણોની જાળ વધુ ને વધુ ફેલાતી જાય છે.

### 2.5.1 (5) સામાજિક ગતિશીલતા

નગર સમુદાયમાં લોકોની ભૌતિક ગતિશીલતાની જેમ સામાજિક ગતિશીલતા અનિવાર્ય હોય છે. અને નાગરી પરિસ્થિતિઓ પણ તેને પ્રોત્સાહન આપે છે. નગરવાસીઓમાં સામાજિક ગતિશીલતાનો સંબંધ સ્થાનના પરિવર્તન સાથે, વ્યવસાયના પરિવર્તન સાથે અને સામાજિક સંબંધના પરિવર્તન સાથે સંકળાયેલો છે. નગરવાસીની સામાજિક સ્થિતિનો આધાર તેણે હાંસલ કરેલી સિધ્ધિ પર રહે છે. વ્યક્તિ ગમે તે કુટુંબમાં જન્મ પામે એના પૂર્વજો ભલે સામાન્ય હોય કે પ્રતિષ્ઠિત હોય, ધનવાન હોય કે નિર્ધન હોય, તેની પ્રતિષ્ઠા તે શું કરે છે અને તેની કેવી છાપ છે તેના સંદર્ભમાં નક્કી થતી હોય છે. તેવી નગરમાં વ્યક્તિનો તેના જીવનકાળ દરમ્યાન પોતાની સ્થિતિ સુધારવાની તકો મળી શકે છે.

ઉપરોક્ત કથન પાછળનું ધ્યેય એવું નથી કે નગરમાં સામાજિક વિષમતાઓ ઓછી અથવા તો નહિવત્ હોય છે. હકીકતમાં નગર સમુદાયમાં જ સામાજિક વિષમતાઓ તેમના તીવ્ર સ્વરૂપમાં અભિવ્યક્તિ થતી હોય છે. આવી વિષમતાઓ માત્ર અસમાન તકો ને કારણે જ આવતી નથી. પણ વ્યક્તિઓની અસમાન સિધ્ધિઓમાંથી પણ ફલિત થાય છે. ભારતીય પરિસ્થિતિ ઓના સંદર્ભમાં કહીએ તો નગરની સમાજ સ્તરરચનામાં જ્ઞાતિવ્યવસ્થાનાં તત્ત્વો તેમના શુધ્ધ સ્વરૂપમાં અસરકારક રહ્યાં નથી. આજે જુદી જુદી જ્ઞાતિઓની વ્યક્તિઓમાં ઊભી ગતિશીલતા એક સામાન્ય બાબત બની ગઈ છે. આજે વ્યક્તિની જ્ઞાતિ પૂછવાને સ્થાને તેનાં કાર્યો અને સિધ્ધિઓના સંદર્ભમાં તેની પ્રતિષ્ઠા નક્કી થાય છે. ભારતનાં નગરોમાં આવી ઊભી ગતિશીલતાને યાંત્રીકરણ, ઔદ્યોગીકરણ, અવરજવરની સગવડતા તથા ગામડામાંથી વસ્તીના સ્થળાંતર વગેરે પરિબળોનું પીઠબળ મળે છે.

### 2.5.1 (6) સ્વૈચ્છિક મંડળો :

નગર સમુદાયમાં હિત અને રસની સમરૂપતા ધરાવતા લોકોનાં સ્વૈચ્છિક મંડળો સ્થાપવા માટેની જરૂરી ભૂમિકા મળી આવે છે. તેથી આવા સ્વૈચ્છિક મંડળોનું નગર સમુદાયમાં પ્રાધાન્ય

હોય છે. આ મંડળોનું સભ્યપદ ભૌગોલિક કે સગપણ જેવી બાબતો ઉપર આધાર રાખતું નથી. હકીકતમાં વિશિષ્ટ એવાં હિતોને કેન્દ્રમાં રાખીને ભાત ભાતના મંડળો નગરમાં જન્મ લે છે. તેથી નગરવાસી તેનાં જુદાં જુદાં હિતો સંતોષવા અર્થે એકી વખતે અનેક સ્વૈચ્છિક મંડળોને સભ્ય હોઈ શકે છે. એવાં મંડળો પડોશ, રમતગમતનાં જૂથ, ભજનમંડળ, કલબ, જ્ઞાતિ, વ્યાવસાયિક જૂથ, ધાર્મિક જૂથ, યુનિયન વગેરે જેવાં અનેક સ્વરૂપોમાં જોવા મળે છે. આ અને બીજા અનેક સ્વૈચ્છિક મંડળો નગરમાં હોવા છતાં તેમની વચ્ચે નિસ્બત હોતી નથી.

**2.5.1 (7) વૈયક્તિકતા :**

વ્યક્તિની સામાજિક અલગતા અથવા વૈયક્તિકતા નગર સમુદાયની એક અન્ય નોંધપાત્ર લાક્ષણિકતા હોય છે. નાગરી સંસર્ગોની દ્વેતીયિક પ્રકૃતિ સામાજિક ગતિશીલતા અને તકોનું બાહુલ્ય વગેરે વ્યક્તિને પોતાના વિષે પોતે નિર્ણયો લેવાની તેમજ પોતાની કારકિર્દીનું પોતે આયોજન કરવાની ફરજ પાડે છે. વળી, નગરવાસીઓમાં જીવનની સફળતા અર્થે જુદાં જુદાં ક્ષેત્રોમાં સતત હરીફાઈ થતી રહે છે. પ્રત્યેક વ્યક્તિ બીજી વ્યક્તિની સામે હરીફ તરીકે જ ઊભી હોય એવું જણાય છે. આપણે આગળ જોયું કે નગરમાં વ્યક્તિ કોઈ કોઈ ખાસ સમૂહ સાથે કે સંબંધથી કાયમી બંધાતી નથી. તેને પોતાનો માર્ગ પોતે જ શોધવો અને નક્કી કરવો પડે છે. વળી ધારેલાં લક્ષ્યોની પ્રાપ્તિ માટે છેવટે તો તેને એકલાં જ મથવાનું હોય છે. પરિણામે નગરવાસી એક એકલવાયાપણાંનો અનુભવ કરે છે. આને પરિણામે તે ખૂબ જાગ્રત વ્યવહાર અને હરીફવૃત્તિ ધરાવતો થાય છે. કિંગસ્લે ડેવિસ કહે છે કે નગરમાં નાગરી પરિસ્થિતિઓની જટિલતાના વર્ચસ્વ સમક્ષ વ્યક્તિનું અલગ અસ્તિત્વ અલોપ થઈ જતું હોય છે.

**2.5.1 (8) સ્થળકીય વિભાજન અથવા કુદરતી વિસ્તારો :**

નગરમાં જમીનની અછતને કારણે તેની ભૌતિક બંધારણમાં સમૂહો અને કાર્યોને આધારે કુદરતી રીતે જુદા જુદા વિસ્તારો વિકસતા હોય છે. નગરના આવા કુદરતી વિસ્તારો તેની એક ખાસ લાક્ષણિકતા હોય છે. સામાન્ય રીતે નગરનો કેન્દ્રીય વિસ્તાર સમસ્ત નગરને માટે ઉપયોગી એવા વેપારી અને વહીવટીય કાર્યો સાથે સંકળાયેલો હોય છે. નગરમાં અનેક વૈપારિક સંસ્થાઓ અને પેઢીઓ ઊંચા ઊંચા ભાડાં ભરીને પણ એવા કેન્દ્રીય વિસ્તારમાં સ્થાયી થવાનું યોગ્ય ગણે છે. નાની દુકાનો અને છૂટક વેપાર કરતી પેઢીઓ નગરના જુદા જુદા પડોશ અને વિસ્તારોમાં ફેલાયેલી જોવા મળે છે. વળી, નગરમાં જમીનની કિંમત ખૂબ ઊંચી હોવાથી ત્યાં બહુમાળી ભવનો અને મકાનો બાંધવાનું વધુ ઉપયોગી થઈ પડે છે. તેથી જ નગરોમાં અને ખાસ કરીને મહાનગરોમાં ગગનચુંબી મકાનો જોવા મળે છે. આવાં મકાનો નગરમાં મધ્ય વિસ્તારોમાં વધારે હોય છે. એવા વિસ્તારોમાં બેટલ સિવાય અન્યત્ર લોકોનાં રહેઠાણો ઝાઝાં જોવા મળતાં નથી. સામાન્ય રીતે નગરમાં લોકો કેન્દ્ર વિસ્તારની ફરતેના વિસ્તારો અને નગરના છેવાડે વસવાટ કરવાનું વધુ પસંદ કરે છે. આ હકીકત આધુનિક સમયનાં નગરોમાં અપેક્ષાકૃત વધુ જોવા મળે છે. પરિણામે લોકોના કામનું સ્થળ અને રહેઠાણ એક-બીજાથી છૂટાં અને દૂર હોય છે.

નગરમાં રહેઠાણના વિસ્તારો અને પડોશનો વિકાસ મોટેભાગે સમાન સામાજિક દરજ્જા, જ્ઞાતિ, પેટા-જાતિ, વ્યવસાય, ધર્મ અને સામાજિક-સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિ ધરાવતા લોકોના વસવાટો તરીકે થાય છે. સાથી મોટેભાગે જે તે વિસ્તાર અથવા તો પડોશમાં સામાજિક આર્થિક રીતે સમાન દરજ્જો ધરાવતા લોકો વસતા હોય છે. તેથી નગરમાં એક વિસ્તાર બીજા વિસ્તારથી જુદો તરી આવે છે. વળી નગર સમુદાયમાં જોવા મળતી અનેક સામાજિક સમસ્યા ઓ જેવી કે ગુનાખોરી, બાળ-ગુનેગારી, ભિક્ષાવૃત્તિ, જુગાર, વૈશ્યાવૃત્તિ, અનૈતિક જાતીય સંબંધ, આત્મહત્યા, નિરક્ષરતા વગેરેનું પ્રમાણ ગંદા અને પછાત વસવાટોમાં ભદ્ર વિસ્તારો કરતાં ઘણું વધુ હોય છે, તે પણ દેખાઈ આવે છે.

આમ, નગર સમુદાયોની ઉપરોક્ત કેટલીક ખાસ લાક્ષણિકતાઓ હોય છે. તે ઉપરાંત ધર્મનિરપેક્ષતા પણ નગરની એક વિશેષતા હોય છે. રોબર્ટ રેડફિલ્ડ નગરના આ લક્ષણને ઘણું મહત્વ આપે છે. તેઓ કહે છે કે નગરમાં ધર્મ અને પરંપરા ગૌણ બની જાય છે. કારણ કે નાગરી પરિસ્થિતિમાં એવાં ઘણાં પરિબળો હોય છે કે જે આધ્યાત્મિક પાસાને નબળું બનાવે છે અને વૈજ્ઞાનિક વિચારોને સમર્થન તથા બળ આપે છે. તે ઉપરાંત નગર સમુદાયમાં લોકોના સામાજિક વ્યવહારનું સંચાલન અને નિયંત્રણ દૂરવર્તી સંસ્થાઓ કરતી હોવાથી વ્યક્તિ ઉપર ધર્મની પકડ નબળી થઈ જાય છે.

## 2.6 આદિવાસી સમુદાય :

આદિવાસી શબ્દ માટે અંગ્રેજીમાં (Tribal) શબ્દ વપરાય છે. જે લેટિભાષાનો છે. તે (Tribus) શબ્દ પરથી ઉતરી આવેલ છે. 'જનજાતિ' શબ્દ કાયદાકીય અને વહીવટી અર્થ ધરાવે છે. તેથી તેઓને અનુસૂચિત જનજાતિ કહેવાય છે.

વેબસ્ટરની દૃષ્ટિએ આદિમ એટલે શરૂઆત, ઉદ્ભવ અથવા સંસ્કૃતિનું ઉપઃકાળનો સમય ટાયલર આદિમને નીચલી કક્ષા -સાંસ્કૃતિક ઉત્ક્રાંતિનો તબક્કો તરીકે ઓળખાય છે. એલેકઝાન્ડર ગોલ્ડનવિઝર આદિમને નાનુ અને નીચલીકક્ષા ધરાવતુ જૂથ તરીકે ઓળખાવે છે.

આમ આદિમલોકો પોતાની સંસ્કૃતિ વિષે વિચારતા કે વિશ્લેષણ કરતા નથી. પરંતુ પોતાની સંસ્કૃતિમાં જીવી જાણે છે. મધ્યકાલીન યુગ પછી () નો અર્થ પ્રાથમિક () શબ્દ પ્રચલિત બને છે. સામાન્ય અર્થમાં વિકાસનો અભાવ-નીચલી કક્ષા, સવિશેષ વિશ્વની રચનામાં શરૂઆતના વર્ષો જેનો માનવ સમાજના ઉષઃકાળ સાથે સંબંધ છે.

### 2.6.1 આદિવાસીની વ્યાખ્યા :

**(1) હોમન્સ :**

આદિમજાતિના લોકોને નિરક્ષર કે અનક્ષર કહેવા જોઈએ કેમ કે તેઓ લેખિત ભાષા વિકસાવવામાં નિષ્ફળ રહ્યા છે. પરંતુ સગાઈસંબંધો દ્વારા સંગઠિત કોઈપણ પાશ્ચાત્ય સમાજ કરતા અનેક પ્રવૃત્તિઓ કરે છે.

**(2) ક્રિસ્ટોફર ડોસન :**

આદિવાસીઓ ઈર્ષા આવે તેવા સદ્ગુણો ધરાવે છે. તેઓમાં વ્યક્તિગત સ્વાતંત્ર્ય અને સમાનતાના ઉચ્ચ આદર્શો સમુદાય અને મુખી પ્રત્યે વફાદારી અને સ્વાર્પણની ભાવના જોવા મળે છે.

**(3) હોબેલ :**

આદિવાસીએ એક વિભિન્ન ભાષા અથવા બોલી બોલતો અને વિભિન્ન સંસ્કૃતિ ધરાવતો સામાજિક સમૂહ છે. જે અન્ય આદિવાસી જાતિઓથી જુદી તરી આવે છે.

**(4) જેકોબ્સ અને સ્ટર્ન :**

આદિવાસી ગ્રામ સમુદાયનો બનેલો એવો સંકુલ છે જે સમાન પ્રદેશ, ભાષા, સંસ્કૃતિ ધરાવે છે. તેમજ આર્થિક રીતે પરસ્પર ઓતપ્રોત થયેલો હોય છે.

**(5) મુખરજી :**

આદિવાસી પ્રાદેશિક જૂથ છે જે પ્રદેશ, ભાષા, સામાજિક નિયમો અને આર્થિક પ્રવૃત્તિઓમાં સમાનતા ધરાવે છે.

**(6) ડી.એન.મજુમદાર :**

આદિવાસી એ પ્રાદેશિક જોડાણ ધરાવતુ અંતર્વિવાહી સામજિક જૂથ છે. જેમાં કાર્યોના વિશેષીકરણનો અભાવ હોય છે. પોતાની વિકસાવેલી શાસન વ્યવસ્થા હોય છે. ભાષા કે બોલીની સમાનતા હોય છે. તેઓ અન્ય આદિવાસી સમૂહથી અંતર ધરાવે છે. અને તેઓ આદિમ પ્રણાલિકાઓ, માન્યતા તથા રિવાજોને અનુસરે છે.

## 2.6.2 આદિવાસી સમુદાયનાં લક્ષણો :

### 2.6.2.1 નિશ્ચિત પ્રદેશ :

આદિવાસી પ્રાદેશિક સમૂહ તરીકે નિશ્ચિત પ્રદેશમાં વસવાટ કરે છે. તેઓ પોતાના પ્રદેશમાં વસે છે. તેને કોઈ પણ ભોગે વળગી રહે છે. મુંડા, હો, ગારો વગેરે પૂર્ણ પણે પ્રાદેશિક સમૂહ છે. જયારે ભૂમિજ ભીલ વગેરે આદિવાસીઓ સભ્ય સમાજ સાથે પણ વસે છે. આદિવાસીઓ, બગીચા, ખાણો, કારખાનાઓમાં કામ માટે જાય છે. પરંતુ તેઓ મુખ્યત્વે પોતાના પ્રદેશમાં જ જીવવાની ઉત્કંઠા ધરાવે છે.

### 2.6.2.2 નિશ્ચિત નામ :

દરેક આદિવાસી જાતિને પોતાનું વિશિષ્ટ નામ હોય છે. આ નામની સાથે કેટલીક દંતકથા વણાયેલી હોય છે. આ નામથી એક જાતિ બીજી જાતિથી અલગ પડે છે. આદિવાસીઓમાં કેટલીક જાતિઓમાં જ્ઞાતિઓના નામ જેવી વિવિધતાઓ જોવા મળે છે. દા.ત. નાગા આદિવાસીઓમાં અંગામીનાગા, ઓનાના, રેગમાનાગા, લોહરનાગા જેવા પેટા નામો જોવા મળે છે. આમ દરેક આદિવાસી કોઈને કોઈ એક વિશિષ્ટ નામથી ઓળખાય છે.

### 2.6.2.3 નિશ્ચિત બોલી :

દરેક આદિવાસી જાતિને પોતાની નિશ્ચિત બોલી કે ભાષા હોય છે. આ બોલી કે ભાષામાં તેઓ અંદરો-અંદર વ્યવહાર કરે છે કેટલીક આદિજાતિ પોતાના પ્રદેશની પ્રાદેશિક ભાષાને અપનાવે છે. કેટલીક આદિવાસીજાતિ પોતાની બોલી ભાષા પ્રત્યે મમત્વ ધરાવે છે. તેને તેઓ વળગી રહે છે. સામાન્યપણે આદિવાસીઓને પોતાની બોલી હોય છે. તે લિપી સ્વરૂપે હોતી નથી. જેથી તેઓનું કોઈ સાહિત્ય લેખિત સ્વરૂપે જોવા મળતુ નથી. તેમ છતા હિમાલયના આદિવાસી 'ફતિયા' અને નેફાના આદિવાસી 'ખામતી' જાતિની પોતાની આગવી લિપી અને સાહિત્ય જોવા મળે છે. આદિવાસી ઓની બોલી કે લિપી પ્રદેશ મુજબ અલગ-અલગ હોય છે. છતા દરેક આદિવાસીજાતિને નિશ્ચિત બોલી હોય છે.

### 2.6.2.4 સગાઈ સંબંધોનું ગૂંફન :

આદિવાસીઓ સગાઈસંબંધના ગૂંફનમાં રહિને જીવન જીવે છે. જીવનના મહત્વના પ્રસંગો જેવા કે જન્મ, મૃત્યુ અને ધાર્મિક વિધિઓમાં પણ સગાઈ સંબંધોનું મહત્વ રહેલુ છે. જુદા જુદા પ્રસંગોએ જેવા કે શ્રાદ્ધવિધિ, પૂર્વજ પૂજા કે શુભપ્રસંગોએ સંગાઈસંબંધો પર આધારિત રૂઢિઓ, આચારો, નિયમો અને રિવાજો દ્વારા વ્યક્તિનું વર્તન નિયંત્રિત તેમજ અમુક જ દિશામાં પ્રવાહિત થાય છે. ટૂકમાં આદિવાસીઓ સગાઈસંબંધને કેન્દ્રમાં રાખી જીવે છે. એ મુજબ વર્તે છે.

### 2.6.2.5 આદિમ જાતિપંચ :

આદિવાસી સમુદાયમાં આદિવાસીઓના જાતિપંચની ખૂબ જ પ્રભાવશાળી અસર જોવા મળે છે. 'પંચ એજ પરમેશ્વર'નો ખ્યાલ રહેલો છે. જેથી પંચને પરમેશ્વર જેટલુ મહત્વ અપાય છે તેમના આદેશનું ઉલ્લંઘન કરતા નથી. આદિવાસીઓમાં જાતિપંચ સર્વોપરી છે. આ જાતિપંચ ન્યાયધીશ તરીકેનુ અને કોર્ટ તરીકેનુ બંને કાર્ય કરે છે. એટલે કે ન્યાયધીશ તરીકે કોઈપણ બાબતમાં આદિવાસીઓ ને સાંભળે છે અને ન્યાયધીશ તરીકે યોગ્ય ન્યાય આપે છે. જાતિપંચ પાસે તેઓને દંડ કે શિક્ષા કરવાની સત્તા છે. રાજકીય દૃષ્ટિએ રાજ્ય સરકારનું નિમત્રણ હોવા છતા તેઓ આંતરિક વ્યવસ્થા તેમજ સામાજિક નિયંત્રણ માટે પંચને મહત્વ આપે છે. આજે જાતિપંચની સત્તા નહિવત બની છે. આદિવાસીઓ પંચાયત, કોર્ટ-કચેરી અને પોલીસ સ્ટેશન પાસે ન્યાય મેળવવા જતા હોય છે.

### 2.6.2.6 યુવા સંગઠન

આદિવાસીઓમાં યુવા સંગઠન જોવા મળે છે. જેને બીજા શબ્દમાં યુવાગૃહ તરીકે પણ ઓળખવામાં આવે છે. દરેક આદિવાસી જાતિઓમાં તે કેન્દ્ર સ્થાને છે. ભારતમાં ઉત્તર પૂર્વ-ઈશાનખૂણાની જાતિઓમા, મધ્યભારતની કેટલીક આદિમજાતિઓમાં તેમજ દક્ષિણભારતની કેટલીક આદિમ જાતિઓમાં યુવાગૃહ જોવા મળે છે. જેમ કે આસામની નાગા જાતિમાં, બિહારની ઉર્રાવ, સંપાલ, મૂંડા, હો એ જ રીતે જુઓગ, ભૂમિયા, બોંહો, મધુવન, હિમાલય ના ભોટિયા, મુરિયા, ગોંડ વગેરે યુવકો યુવતીઓ રાત્રે એકત્ર થાય છે. અહી તેમને લગ્નજીવનનું જ્ઞાન, સમાજીકરણ, સામાજીક સાંસ્કૃતિક વારસો વગેરે આપવામાં આવે છે. ગુજરાતના આદિવાસીઓમાં આવા યુવાગૃહો જોવા મળતા નથી.

### 2.6.2.7 અવિકસિત અર્થ વ્યવસ્થા :

આદિવાસીઓની અર્થવ્યવસ્થા સભ્ય સમાજની દૃષ્ટિએ અવિકસિત હોય છે. તેઓમાં વિનિમય પ્રથા પ્રચલિત છે. એટલે કે વસ્તુ ના બદલામાં વસ્તુની લેવડ-દેવડ થાય છે. નાણાકિય ચલણનો તેઓમાં અભાવ છે. ધિરાણ માટે શાહુકારોનું પ્રાધાન્ય પાસેથી ધિરાણ મેળવી જરૂરિયાતો પૂરી કરે છે અને જયારે પાકો તૈયાર થાય છે. ત્યારે અનાજ સ્વરૂપે ચૂકવે છે આજે નાણાકીય વ્યવહાર શરૂ થયો છે. શાહુકારોની જગ્યાએ સગા-સંબંધી ઓ સાથે આર્થિક વ્યવહારો કરે છે.

### 2.6.2.8 પરંપરાવાદી-રૂઢિવાદી વલણ :

આદિવાસીઓ રૂઢિવાદી વલણ ધરાવે છે અને પરંપરાને અનુસરે છે. વર્ષોથી એ ગરેછમાં ગોઠવાઈ ગયા છે. જેથી પરિવર્તન ઈચ્છતા નથી. નવી બાબતોને શંકા-કુશકા થી તેઓ જુએ છે. ધાર્મિક શ્રદ્ધા સાથે જેડો છે. આજે પરંપરાવાદી અને રૂઢિવાદી વલણમાં પરિવર્તન આવી રહ્યુ છે. હવે નવી બાબતો અપનાવતા થયા છે.

### 2.6.2.9 અદશ્ય શક્તિઓમાં શ્રદ્ધા :

આદિવાસીઓ અદશ્ય-અમાનવીય શક્તિઓમાં શ્રદ્ધા ધરાવે છે. તેઓ કોઈ પણ સાથે અલૌકિક સંબંધમાં માને છે. આ માન્યતાઓ પાછળ અનેક વહેમો રહેલા હોય છે. આમ અંધશ્રદ્ધાને તેઓ પોષે છે. જેથી ચમત્કારી વ્યક્તિત્વ ધરાવતા શામન, બડવો કે ભગતનુ તેમના જીવનમાં આધિપત્ય હોય છે. જીવનની કોઈપણ ઘટનાને અદશ્ય શક્તિ સાથે જોડે છે.

**2.6.2.10 વિશિષ્ટ નૈતિક નિયમાવલી :**

દરેક આદિવાસી જાતિઓને વિશિષ્ટ નૈતિક નિયામવલિ હોય છે. આ નિયમોને તેઓ કોઈપણ ભોગે વળગી રહે છે. આ નિયમોનું સામુદાયિક જીવનમાં વિશેષ મહત્વ હોય છે. જેમ કે ઉત્સવો, તહેવારો, સામૂહિકપૂજા, લગ્ન, મૃત્યુ જેવા પ્રસંગોએ તેનુ પાલન કરવુ પડે છે. આ નિયમો હિન્દુ, ખ્રિસ્તી કે ઈસ્લામ ધર્મ કરતા જુદા હોય છે.

**2.6.2.11 સામાજિક-ધાર્મિક નિષેધા વ્યવસ્થા :**

આદિવાસી સમુદાયમાં સામાજિક અને ધાર્મિક ક્ષેત્રે અનેક નિષેધોનું પાલન કરવાનુ હોય છે. જેમકે સામાજિક નિષેધોમાં પરિહાર સંબંધો આ વ્યવસ્થાનું ઉદાહરણ છે. ધાર્મિક ક્રિયા-વિધિઓમાં પવિત્રતાનો ખ્યાલ રહેલો છે. ધાર્મિક વિધિ-વિધાન કરાવનાર ભગત, સ્ત્રીઓ માટે નિષેધો નક્કી કરે છે. આવા નિષેધો વ્યક્તિના વર્તનને નિયંત્રિત કરે છે.

**2.6.2.12 ગૂઢ શક્તિઓનુ પ્રાધાન્ય :**

આદિવાસીઓ અનેક ગૂઢ શક્તિઓમાં વિશ્વાસ ધરાવે છે. આવી શક્તિઓમાં ટેકરીની શક્તિ, જંગલની શક્તિ, પૂર્વજોની શક્તિ, મૃતવીરોની શક્તિ, ગામની ગૂંઢશક્તિઓ તેમજ ભૂત, ચૂડેલ જેવી અનિષ્ટકારક શક્તિઓમાં તેઓ માને છે. આ શક્તિઓને ખુશ કરવા તેઓ પશુ કે માનવબલિ આપે છે. તે પાછળ એવી માન્યતા છે કે બલિ આપવાથી ગૂઢશક્તિઓ ખુશ થાય છે અને તેઓનું રક્ષણ, ઉન્નતિ કરે છે.

**2.6.2.13 મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા :**

આદિવાસીઓ મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા ધરાવે છે. તેઓ પૂર્વજન્મ અને પ્રકૃતિપૂજા કરે છે. કેમ કે તેમાં આત્માનું અસ્તિત્વ ટકી રહે છે. તેવી માન્યતા છે કેટલીક જાતિ 12 વર્ષ સુધી માટીની નાની દેહરીમાં મૃત આત્માને પ્રતિષ્ઠિત કરી રાખે છે. તેઓ મૃતવ્યક્તિને ખુશ કરવા 'સમૂહ શ્રાદ્ધ' કરે છે. મૃતકને વાપરવા માટે તેમની વસ્તુઓ સાથે મૂકવામાં આવે છે. આમ આ બધા રિવાજો પાછળ મૃત્યુ પછીના જીવનમાં શ્રદ્ધા રહેલી છે તે દર્શાવે છે.

**2.6.2.14 ગોત્ર ચિન્હ, નિષેધ, અને છૂંદણાનું મહત્વ :**

આદિવાસીઓ ગોત્રચિન્હમાં શ્રદ્ધા ધરાવે છે. જે આસપાસ વણાયેલી વર્તનભાત માંથી ગોત્રચિન્હવાદ ઉદ્ભવે છે. એ જ રીતે તેઓના જીવનમાં જુદા જુદા નિષેધોનું પ્રાધાન્ય હોય છે. જે કોઈપણ ભોગે પાળવા પડે છે. આદિવાસીઓમાની ઘણી આદિમજાતિઓમાં છુંદણાઓની ફેશન જોવા મળે છે. જે મેળા-ઉત્સવો વખતે તેઓ છુંદાવે છે. આમ આદિવાસી સમુદાયોમાં ટોટેમ, ટેબુ અને ટેટૂનુ અસ્તિત્વ જોવા મળે છે.

**2.6.2.15 કેફી પીણાનો ઉપયોગ :**

આદિવાસીઓ કેફી પીણાનો છૂટથી ઉપયોગ કરે છે. જેમાં અફીણ-ગોમે અને મહુડા અને તાડીનો ઉપયોગ કરે છે. જ્યાં દારૂ પ્રવેશ્યો છે ત્યાં તેનો છુટથી ઉપયોગ થાય છે. તેઓ સામાજિક-ધાર્મિક પ્રસંગોએ દારૂનો વધુ છુટથી, વધુ પ્રમાણમાં ઉપયોગ કરે છે. તેઓ પ્રસંગોપાત કેફ ચઢાવવા આવા પીણા વાપરે છે. દારૂનો તેઓ વધુ પડતો ઉપયોગ કરે છે જેથી તેઓ દેવાદાર બન્યા છે. સ્વાસ્થ્ય પણ બગડ્યુ છે. દારૂ- ઉપર પ્રતિબંધ હોવાથી તેઓ છુપી રીતે દારૂ ગાળવાની પ્રવૃતિ કરે છે આમ ગુનાહિત કાર્યો કરે છે.

**2.6.2.16 નિરક્ષરતાનું ઉંચું પ્રમાણ :**

આદિવાસી વિસ્તારોમાં શૈક્ષણિક વ્યવસ્થા ઓછી છે જેથી તેઓમાં ખૂબ જ ઓછું શિક્ષણ જોવા મળે છે. હિમાલયનો પ્રદેશ, અંદમાન-નિકોબાર, આંધ્ર, આસામ વગેરે વિસ્તારોમાં શાળાઓનું પ્રમાણ ભૌતિક સુવિધાઓ અને શિક્ષકોનો અભાવ છે. ઊંડાણના ડુંગરાળ અને જંગલોના વિસ્તારમાં શિક્ષકો જતા નથી. આમ આદિવાસીઓમાં નિરક્ષરતાનું પ્રમાણ ઉંચુ જોવા મળે છે.

**2.6.2.17 સમૂહ નૃત્ય અને ગીતોનું અસ્તિત્વ :**

આદિવાસીઓનુ પોતાનુ વિશિષ્ટ નૃત્ય હોય છે. જે પ્રદેશ મુજબ જુદુ જુદુ જોવા મળે છે. આ નૃત્ય વખતે સાથે ખાસ પ્રકારના વાંજિત્રો અને સંગીત વગાડવામાં આવે છે. જેના તાલે તેઓ નૃત્ય કરે છે. તેઓમાં સમૂહગીતોનુ પણ વિશેષ પ્રાધાન્ય હોય છે. જુદા જુદા પ્રસંગોએ અલગ-અલગ ગવાય છે. આખ્યાનો, દંતકથા, ભજનો તેઓ સાથે મળીને ગાતા હોય છે.

**2.6.2.18 મેળાઓ અને ઉત્સવોનુ મહત્વ :**

આદિવાસીઓના જીવનમાં મેળાઓ અને ઉત્સવોનું ખૂબ મહત્વ રહેલુ છે. આના દ્વારા તેઓ ઉલ્લાસ, આનંદ અને ઉત્સાહની અભિવ્યક્તિ કરે છે. મુખ્યત્વે ઋતુના ફેરફાર મુજબ તેઓ ઉત્સવો, તહેવારો અને મેળાઓ ઉજવે છે. આવા પ્રસંગો વખતે તેઓ અંદરોઅંદરના મતભેદો ભૂલી મનાવે છે.

**2.6.2.19 એકતા-જૂથ સભાનતા :**

આદિવાસીઓમાં જૂથ એકતા જૂથ સભાનતાનું વિશેષ મહત્વ છે. તેઓ એક તાંતણે બંધાયેલા હોય છે. આદિવાસીઓમાં હવે જૂથ સભાનતા વિકસતી જાય છે. તેઓ રાજકીય અધિકારો માટે સજાગ પ્રયત્ન કરતા થયા છે. આ સંદર્ભમાં કેટલીક જાતિઓએ બળવા પણ કર્યા છે. એટલે કે સંઘબળ દ્વારા સ્વાયત થવાના પ્રયત્નો કરી રહ્યા છે. તેઓમાં સામાજીક, ધાર્મિક અને રાજકીય આંદોલન પ્રાપ્ત થાય છે.

આમ ભારતીય આદિવાસી સમુદાયોની વિભિન્ન લાક્ષણિકતાઓ જોવા મળે છે. આ લક્ષણો દ્વારા તેમની સમગ્રવ્યવસ્થા-જીવનપદ્ધતિનો ખ્યાલ મળે છે. આ દરેક લક્ષણો તેઓમાં બધા જ લક્ષણો ધરવતા હોય એવી જાતિઓનુ પ્રમાણ ઓછું છે.

## 2.7 ઉપસંહાર

આ એકમમાં સમુદાયના વિવિધ પ્રકારો જેમ કે, ગ્રામીણ-શહેરી સમુદાય, દલિત સમુદાય, નારીવાદી સમુદાય તથા આદિવાસી સમુદાય અંગે જાણકારી પ્રાપ્ત કરી છે. જેમાં દરેક સમુદાયની પોતાની કેટલીક ખાસ લાક્ષણિકતાઓ છે જેના આધારે તેની ઓળખ પ્રાપ્ત થાય છે. તથા દરેક સમુદાયના પોતાના કેટલા પ્રશ્નો કે સમસ્યાઓ હોય છે જે તેના વિકાસમાં અવરોધરૂપ બને છે. જે અંગે પણ જાણકારી મળી.

## 2.8 આપની પ્રગતિ ચકાસો

(1) ગુજરાતમાં દલિતોની વસ્તી કેટલી છે ?

(A) 12% (B) 9%

(C) 8% (D) 15%

(2) દલિતોને બંધારણમાં ......... તરીકે ઓળખવામાં આવે છે ?

(A) અનુસૂચિત જનજાતિ (B) અનુસૂચિત જાતિ

(C) જનરલ (D) અન્ય

(3) ગુજરાતના દલિતોના પ્રકાર કેટલા છે ?

(A) પાંચ (B) ત્રણ

(C) સાત (D) બે

(4) ભારતમાં કાપડની મિલ સૌ પ્રથમ ક્યારે શરૂ થઈ ?

(A) 1863 (B) 1805

(C) 1992 (D) 1852

(5) અસ્પૃશ્યતા નિવારણ કાયદો ક્યારે અમલમાં આવ્યો ?

(A) 1991 (B) 1961

(C) 1960 (D) 1965

## 2.9 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) 8%
2. (B) અનુસૂચિત જાતિ
3. (B) ત્રણ
4. (A) 1863
5. (D) 1965

## 2.10 ચાવીરૂપ શબ્દો

**નારીવાદ :** સ્ત્રીઓની પરિસ્થિતિ, તેમના પ્રત્યેના ભેદભાવ પ્રત્યે સભાન બનવું.

**નગર :** એવી વસાહત જ્યાં ધંધાકીય તત્ત્વને મહત્ત્વ આપવામાં આવે છે. ત્યાં મોટાભાગના લોકો ખેતીવાડી વ્યવસાય સિવાયના વ્યવસાય કરે છે.

## 2.11 સ્વાધ્યાય લેખન

1. દલિત સમુદાય વિશે વિસ્તૃતમાં જણાવી તેમની સમસ્યાઓની માહિતી આપો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

2. નારીવાદી સમુદાયના અભ્યાસનું મહત્ત્વ સમજાવી તેના સિદ્ધાંતો વિગતે લખો ?

.......................................................................

.......................................................................

.......................................................................

3. ગ્રામીણ સમુદાય અને નગરીય સમુદાયની ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

4. આદિવાસી સમુદાયના લક્ષણો જણાવી તેમની સમસ્યાઓ જણાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.12 પ્રવૃત્તિ

1. દલિત સમુદાયની મુલાકાત લઈને વર્તમાન સમયના સંદર્ભમાં સમસ્યાઓની નોંધ કરો.
2. શહેરી સમુદાયની નગરપાલિકાના UCD વિભાગની મુલાકાત લઈ વિકાસના સંદર્ભની યોજનાઓની નોંધ કરો.
3. આદિવાસી સમુદાયની મુલાકાત લઈને તેમની સમસ્યાઓ વિશે ચર્ચા કરો.

## 2.13 કેસસ્ટડી

1. દલિત સમુદાયની વર્તમાન સમયની સમસ્યાઓ દૂર કરવાના પ્રયત્નો અંગેના તમારા વિચારો જણાવો.
2. ગ્રામીણ અને શહેરી સમુદાયના પ્રશ્નોના નિવારણ અંગેના તમારા મંતવ્યો જણાવો.
3. વર્તમાન સમયમાં વનવાસી સમુદાયમાં આવેલ પરિવર્તનલક્ષી બાબતો જણાવો.

## 2.14 સંદર્ભસૂચિ :


(1) Bhagat R.D. (2014) : 'Urban community Development' Centrum Press, Delhi

(2) Anderson vels (1960) : 'The urban community' Routledge & kegun puul, Londan.

(3) Butten T.R. (1957) : 'Communities and Their development' Oxford university Press, Londan.

(4) ચાવડા ગીતા : નારીવાદી કે વિવિધ પરિપ્રેક્ષ્ય, શાંતી પ્રકાશક, રોહતક હરિયાણા

(5) જૈન સહી. કે (1988) : 'ગ્રામીણ સમાજશાસ્ત્ર' રિસર્વ પબ્લિકેશન, જયપુર

(6) પટેલ જે.સી. : 'ભારતમાં ગ્રામીણ સમાજ' પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(7) રાવલ ચંદ્રિકા (2010) : ‘જેન્ડર અને સમાજ’
પાર્શ્વ પબ્લિકેશન, અમદાવાદ

(8) દોશી હરીશ (1998) : ‘નગર સમાજશાસ્ત્ર’
યુનિવર્સિટી ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ

(9) શાહ વિમલ (1964) : “આદિવાસીઓનાં પ્રશ્નો”
ગુજરાત વિદ્યાપીઠ, અમદાવાદ

(10) દવે હર્ષિદા (2005) : ‘માનવશાસ્ત્ર’
યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ, અમદાવાદ

(11) મકવાણા મનુભાઈ (2000): ‘ગુજરાતમાં અનુસૂચિત જાતિઓ’
સુરભી પ્રકાશન, વડોદરા.

# એકમ-3 સમુદાય એકતા અને વિઘટન

## એકમનું માળખું


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સામાજિક સંગઠન, સંગઠનનો અર્થ, વ્યાખ્યા

3.3 સામાજિક સંગઠનની વિશેષતાઓ

3.4 સમુદાય એકતા

3.5 સામાજિક વિઘટન, અર્થ અને વ્યાખ્યા

3.6 સામાજિક વિઘટનના લક્ષણો

3.7 સામાજિક વિઘટનના કારણો

3.8 ઉપસંહાર

3.9 આપની પ્રગતિ ચકાસો

3.10 આપની પ્રગતિ ચકાસોના જવાબો

3.11 ચાવીરૂપ શબ્દો

3.12 સ્વાધ્યાય લેખન

3.13 પ્રવૃત્તિ

3.14 કેસસ્ટડી

3.15 સંદર્ભસૂચિ


## 3.0 એકમના હેતુઓ

– આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓ સામાજિક સંગઠન અને તેની લાક્ષણિકતાઓ અંગે માહિતી પ્રાપ્ત કરશે.

– આ એકમથી વિદ્યાર્થીઓને સમુદાયમાં એકતા અને વિઘટન અંગેની જાણકારી પ્રાપ્ત થશે.

## 3.1 પ્રસ્તાવના :

દરેક સમુદાયમાં રહેતા સભ્યો એક પ્રકારની એકતા, સહકાર અને બિરાદરીની ભાવના અનુભવે છે, પરંતુ એકતાનો અર્થ એવો નથી કે સમુદાય કે સમુદાયનાં સભ્યોમાં કે સમુદાયનાં વિવિધ ભાગોમાં કોઈ ભેદ (તફાવત) નથી. તફાવતો ભિન્નતા તો નાનામાં નાના સમુદાયમાં હોય અને મોટા સમુદાયમાં પણ હોય, પરંતુ આ તફાવતો ભિન્નતાઓ બે પ્રકારના હોય છે. એક સમુદાયની એકતાને વધુ દૃઢ બનાવે અને સમુદાય ભાવનાને મદદરૂપ પણ થાય. જ્યારે બીજા પ્રકારનાં તફાવત છે. એટલું જ નહિ પરંતુ ઘણીવાર સમુદાય ની એકતાને સતત ભયમાં

રાખી સમુદાયનો વિનાશ પણ કરે છે. આપણે આ બન્ને પ્રકારનાં તફાવતોને સમજવાનો પ્રયાસ કરીશું.

## 3.2 સામાજિક સંગઠન, સંગઠનનો અર્થ, વ્યાખ્યા

કોઈ પણ સમાજ સંગઠન વિના રહી શકતો નતી. સંગઠન શબ્દની વ્યાખ્યા પણ ખૂબ જ મુશ્કેલ છે. સંગઠન શબ્દનો ઉપયોગ નાના અને મોટા એટલે કે સમાજ વ્યવસ્થાના મોટા અને નાના જૂથો માટે કરવામાં આવે છે. સમાજશાસ્ત્રીઓ તેના ઉપયોગ સામાજિક સંબંધો તથા સામાજિક દૃષ્ટિકોણથી સમાજના તાણા-વાણામાં કરે છે જેના દ્વારા સામાજિક માળખું તથા સામાજિક સંસ્કૃતિ અંગે જ્ઞાન પ્રાપ્ત થાય છે.

**સંગઠનનો અર્થ અને વ્યાખ્યા :**

સામાજિક સંગઠનના અર્થ અંગે જુદા-જુદા વિદ્વાનોના વિચારોમાં સમાનતા જોવા મળતી નથી. આ એક એવી સ્થિતિ છે. જેમાં સમાજના જુદા-જુદા એકમો પોતાના અગાઉથી નક્કી કરેલા અને માન્ય ઉદ્દેશ્યો મુજબ કામ કરે છે. સામાજિક સંગઠન શબ્દને સમજવા માટે તેના બન્ને શબ્દો સામાજિક અને સંગઠન બન્નેને સમજવા જરૂરી છે. સામાજિક શબ્દનો અર્થ એ સૂચવે છે કે બે અથવા વધુ વ્યક્તિ કે જે આંતરક્રિયા કરે છે. કોઈપણ વ્યક્તિને સામાજિક બનવા માટે સમાજ હોવો જરૂરી છે. સંગઠન દ્વારા આપણને કોઈ એકમના માળખાનું જ્ઞાન પ્રાપ્ત થાય છે. જેમાં સુવ્યવસ્થા રહેલી હોય છે. આ એક એવી સામુહિકતા છે જે નક્કી કરવામાં આવેલાં ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે બનાવવામાં આવેલ છે.

પ્રો. મૂને ના મત મુજબ "સંગઠન કોઈ સામાન્ય ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે કરવામાં આવતું માનવીય સંમેલનનું એક રૂપ છે."

સ્કોટના મત મુજબ સંગઠનની વ્યાખ્યા એ રૂપમાં આપવામાં આપી શકાય છે જેનું નિર્માણ અપેક્ષીકૃત નિરંતરતાના આધાર ઉપર નિશ્ચિત કરેલા ઉદ્દેશ્યોની પ્રાપ્તિ માટે કરવામાં આવે છે.

જોન્સના મત મુજબ, "સમાજના જુદા-જુદા ભાગોમાં વ્યક્તિઓ, સમૂહો, સંસ્થાઓ અને સમિતિઓમાં એકબીજાને તથા સંપૂર્ણ સમાજમાં એક સાર્થક સબંધ સ્થાપિત હોય છે."

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સંગઠન સમાજની એ પ્રકારની સંતુલિત સ્થિતિ છે જેમાં સમાજના જુદા-જુદા એકમો કોઈ પણ મુશ્કેલી વિના પોતાના નિર્ધારિત કરેલાં કાર્યો કરે છે. જેના દ્વારા સમાજનો સભ્ય તેના સામાજિક ઉદ્દેશ્યોને પૂર્ણ કરવામાં વધુ સમર્થ બને છે.

## 3.3 સામાજિક સંગઠનની વિશેષતાઓ :

સામાજિક સંગઠનની વિશેષતાઓ નીચે મુજબ છે.

**1. લક્ષ્ય નિર્દેશિત સમૂહ :**

સામાજિક સંગઠન લક્ષવિહોણું હોતું નથી કે ઉદ્દેશ્ય વિનાનું પણ હોતું નથી. પરંતુ તેમાં કોઈ પણ પ્રકારના સામાજિક ઉદ્દેશ્યો કે જરૂરિયાતોની પૂર્તિ રહેલી હોય છે. પરંતુ તેના ઉદ્દેશ્યો અને આંતરસંબંધોનું ક્ષેત્ર સિમિત હોય છે. આ વ્યક્તિઓનો એવો સમૂહ છે કે જે એક અથવા તેનાથી વધારે લક્ષ્યો મેળવવા માટે બનાવવામાં આવેલ હોય છે.

**2. સ્થાયિત્વ :**

સામાજિક વ્યવસ્થાનું સંતુલિત રૂપ જ સામાજિક સંગઠન છે. દરેક સંગઠનમાં જાળવણી કરતી સંસ્થાઓ છે. જે તેમાં સ્થાયિત્વ અને સંતુલન બનાવી રાખે છે.

**3. સભાનરૂપથી આયોજિત :**

સામાજિક સંગઠન સભાનરૂપથી આયોજિત હોય છે. તથા તેના લક્ષ્યો પ્રાપ્ત કરવાની કાર્યપદ્ધતિ પણ આયોજીત વ્યવસ્થા પર આધારિત હોય છે. એટલા માટે સામાજિક સંગઠનનો કોઈ પણ એકમ નિષ્ક્રિય બનીને કાર્ય કરતો નથી.

**4. પરિવર્તનશીલ પ્રકૃતિ :**

સામાજિક સંગઠન કોઈ સ્થિર નહીં પરંતુ ગતિશીલ ખ્યાલ છે, જેમાં સતત પરિવર્તન થતું જ રહેતું હોય છે. હકીકતમાં સંગઠનમાં નિરંતરતા તથા સ્થાયિત્વનો અંશ હોવા છતાં એવા નિયમનકારી તંત્રો હોય છે. જે સંગઠનમાં થતી ક્રિયાઓને પરિવર્તનશીલ પર્યાવરણ સાથે સમાયોજન કરાવે છે.

**5. સંબંધિત ખ્યાલ :**

સંગઠન એક સંબંધિત ખ્યાલ છે કારણ કે એવો કોઈ પણ સમાજ નથી જે પૂર્ણ રૂપથી સંગઠિત અથવા વિઘટિત હોય. સંગઠન અને વિઘટન બન્ને વચ્ચે અંતર માત્ર જથ્થાનો જ હોય છે.

**6. અમૂર્ત ખ્યાલ :**

સંગઠિત સમાજનો ખ્યાલ એક અમૂર્ત રૂપે છે. જેનો ઉપયોગ માત્ર તુલનાત્મક તથા વિશ્લેષણાત્મક અધ્યયન માટે કરવામાં આવે છે.

**7. શક્તિનું કેન્દ્ર :**

દરેક સામાજિક સંગઠનમાં ભૂમિકા તથા કાર્ય-કુશળતા તથા સંગઠનમાં નિયંત્રણ રાખવા માટે શક્તિનું એક કેન્દ્ર હોય છે તે એક અથવા એકથી વધુ હોય છે.

**8. વિચારધારા :**

દરેક સામાજિક સંગઠનની પોતાની એક વિચારધારા હોય છે. જે વ્યવસ્થા અર્થાત્ સંગઠનની માન્યતાઓના નિર્ધારણ તથા સત્તાના માળખાને નિયમિત કરવામાં મદદ કરે છે.

**9. નિશ્ચિત નામ :**

દરેક સંગઠનને પોતાનું એક નિશ્ચિત નામ હોય છે અને તેના સદસ્યો કોણ-કોણ છે એ પણ નક્કી હોય છે. આધુનિક સંગઠનોમાં સદસ્યોના નામો લખેલા હોય છે.

પરંતુ એ વાત વિશેષ રૂપથી ઉલ્લેખનીય છે કે લક્ષ્યો નિર્દેશિત હોવા છતાં સામાજિક સંગઠનને સિમિત કરી શકાય નહી કારણ કે આ સમિતિ મુજબ અસ્થાયી ન હોવા સાથે કોઈને કોઈ બાબતોમાં નિરંતરતા રાખે છે.

## 3.4 સમુદાય-એકતા :

સમુદાયની અંદર કેટલી બાબતો એવી હોય છે જે સમુદાયની એકતાને તોડતી નથી પરંતુ સમુદાયની એકતાને મજબૂત બનાવવામાં મદદરૂપ થાય છે. જે નીચે મુજબ છે.

### 3.4.1 શ્રમવિભાજન

દરેક પ્રકારનાં સમુદાયમાં એક પ્રકારનું શ્રમવિભાજન આવશ્ય જોવા મળે છે. આ શ્રમવિભાજન અને કાર્યનાં તફાવતો દરેક સમુદાયમાં જોવા મળે છે. પ્રાથમિક સમુદાયોમાં શ્રમવિભાજન લોહીનાં સંબંધ, ઉંમર, જાતિ, લીંગ વગેરે નાં પાયા પર રચાયેલા હોય છે. જયારે વર્તમાન સમયનાં સમુદાયમાં હજારો ધંધાઓ જોવા મળે છે. જેમાં આ સમુદાયોમાં શ્રમવિભાજન અને કાર્યવિભાજન જુદા-જુદા સમુદાયનાં સભ્યો વચ્ચે કે સમુદાયની એકતા માટે વિઘ્નરૂપ બનતા નથી. પરંતુ આ ભૂમિકા ઉપર વિકસેલા સભ્યોના તફાવતો દરેક સભ્યને સમુદાયના તંત્રમાં નિશ્ચિત સ્થાન અને કાર્ય સૌથી સમુદાયમાં તેને એકસૂત્ર બનાવી સમુદાયની એકતાને દઢ કરે છે. શ્રમવિભાજન સમુદાયના વ્યવહારને વધુ કુશળ અને ઓછા ખર્ચાળ બનાવવામાં મદદરૂપ થાય છે. માનવીને પોતાનું સ્થાન સમુદાયમાં નિશ્ચિત કરવામાં પણ શ્રમવિભાજન મદદરૂપ થાય છે.

### 3.4.1.2 વર્ગ અને જ્ઞાતિ :

વર્ગભેદ અને જ્ઞાતિભેદ જે સતાની એક ઢબની માન્યતા પર રચાયેલા હોય છે. જે બધા જ વર્ગો અને જ્ઞાતિઓને માન્ય હોય છે. છતાં પણ તે કોમી એકતાને સુગ્રથિત કરે છે. ભારતમાં જ્ઞાતિવ્યવસ્થા સદીઓથી આજ રીતે વર્ગ રચનાનાં આધારે ચાલ્યો આવ્યો છે. જ્ઞાતિવ્યવસ્થા પ્રત્યેક વ્યક્તિને તેની સામાજિક પ્રવૃતિઓમાં ભાગ લેતાં અટકાવે છે. જે બધા માટે બંધન કર્તા છે. બધાને માન્ય હોય, યોગ્ય અને વ્યાજબી લાગતું હોય એટલું જ નહિ પણ બધી જ ઉચ-નીચ જ્ઞાતિઓમાં પ્રચલિત હોય તો તે વ્યવસ્થા સમુદાયની એકતાને ટકાવી રાખવામાં ખૂબ જ મદદરૂપ છે. ભારતીય સમાજમાં બ્રાહ્મણો ને પૂજય ગણયા તેને ઉચ્ચ ગણવા એ માન્યતા નીચલા વર્ણોમાં પણ એટલી જ રૂઢ હતી કે આ માન્યતાઓ ભારતીય સમાજમાં એક પ્રકારની સ્થિરતા આણવામાં મદદ કરી હતી.

### 3.4.1.3 મુક્ત રાજકીય મતભેદો

વર્તમાન ગતિશીલ સમાજમાં વિવિધ રાજકીય પક્ષો વચ્ચેના મતભેદ સમુદાય-એકતાને વધુ મજબૂત બનાવે છે. પરંતુ આ રાજકીય મતભેદો માટેનાં બહુમતીના અભિપ્રાયને માન આપવાનો સિદ્ધાંત વિવિધ રાજકીય પક્ષો દ્વારા આ મતભેદો નિર્ણય કરવાની કાર્ય પધ્ધતિ હોય ત્યાં જ મુક્ત રાજકીય મતભેદો શકય બને છે. એમ ભૂમિકા છે. ગૌણ મતભેદોને સંપૂર્ણ તક મળે છે. એટલું જ નહિ પરંતુ આ મતભેદો દ્વારા રાજકીય વાતાવરણ જાગૃત સ્વચ્છ અને મુક્ત રહેવાથી સમુદાયમાં એક પ્રકારની એકતાની ભાવના વધુ તીવ્રતાથી વિકસી આપે છે. આપમેળે સ્વીકારેલો બહુમતીનો નિર્ણય બંધનકર્તા લાગતો નથી.

### 3.4.2 સમુદાય એકતા અને સંસ્કૃતિ

સમુદાયનાં અભ્યાસ પરકથી આપાણે જોયુ કે, સંસ્કૃતિમાં મતભેદ હોવા છતાં પણ સમુદાયનાં વિવિધ જૂથો અને વ્યક્તિઓ સમુદાયની એકતા ની ભાવના રાખી શકે છે. સાંસ્કૃતિક વિભિન્નતા સમુદાયની એકતાને ભયમાં મુક્તી નથી. એટલું જ નહિ પરંતુ ઘણી વખત એ એકતામાં એકતાને બદલે વૈવિધ્ય આણે છે. પરંતુ એવા પ્રકારના સંસ્કૃતિક ભેદોનાં દષ્ટાંતો પણ જોવા મળે છે. જે એકતામાં વિવિધતા જોવા મળે છતાં પણ સાંસ્કૃતિક ભેદભાવો માંથી શક્ય ઘર્ષણો તરફ પણ આંગળી ચીંધી શકાય છે. કોઈપણ સમૂહ ઉપર સંસ્કૃતિ જોર જુલમથી લાદી શકાય નહી. સમુદાય-ઐકય પણ એ ઢબે ઉપજાવી શકાય નહી. સાંસ્કૃતિક ભેદભાવો જોરજુલમથી ભૂંસી નાખવાના પ્રયત્નો નિષ્ફળ નિવડ્યાએ. તેનાં હજારો ઉદાહરણ ઇતિહાસમાં છે. યહુદી

ઓનો ઇતિહાસ તેનું એક ઉદાહરણ છે. સાંસ્કૃતિક તફાવત ધરાવતાં જૂથો વિભિન્નતાને મિટાવવા કરતાં તફાવતોને સમજપૂર્વક સમજી શકે અને વિભિન્ન સંસ્કૃતિને જીવવા માટે અનુકૂળ હવામાન પેદા કરી એકબીજા સાથે હળીમળી રહી શકે તો તેમાં સમુદાયની સાચી એકતા વિકસાવી શકે. ઐકય એટલે એકરંગીપણું કે એકધારિતા નહિ પરંતુ વિવિધતા નો સુમેળ, સુરાગ.

## 3.5 સામાજિક વિઘટન :

દરેક સમાજ કે જે પરિવર્તનશીલ છે. તે વિઘટીત થયા વિના રહી શકતો નથી. સમાજના જુદા-જુદા વિભાગોમાં જે પરિવર્તન થાય છે એ એક જ સાથે થતું નથી. કોઈ એક ભાગમાં પરિવર્તન ખૂબ જ ઝડપથી થાય છે તો કોઈ બીજા અંગોમાં પરિવર્તન પાછળ રહી જાય છે. તેનાથી અનેક સામાજિક અને સાંસ્કૃતિક મુશ્કેલીઓનો વિકાસ થાય છે. જેમ કે ઔદ્યોગીકરણ દ્વારા શહેરીકરણનો જન્મ થાય છે. જેના સ્વરૂપે અનેક પ્રકારની સમસ્યાઓ પેદા થાય છે. સામાજિક વિઘટન દ્વારા સમાજમાં અવ્યવસ્થા અને અનિશ્ચિતતા વિસ્તાર પામે છે. જૂની પ્રથાઓ આચરણને નિયંત્રિત કરવામાં અસમર્થ બને છે. વ્યક્તિ દિશાહીન બની જાય છે. આ દિશામાં વ્યક્તિનું જીવન નષ્ટ થઈ જાય છે. તથા સંબંધો પણ અસ્થિર અને વિકૃત બને છે. સામાજિક વિઘટન અસંતુલિત તથા અનિશ્ચિત અવસ્થા છે. જેમાં જુદા-જુદા એકમો એકબીજા સાથે સંબંધો બનાવી રાખવામાં અસફળ થાય છે.

**સામાજિક વિઘટનનો અર્થ અને વ્યાખ્યા :**

ખૂબ જ સરળ શબ્દોમાં કહેવમાં આવે તો વિઘટન એવી અવસ્થા છે. જેમાં સમાજ અથવા વિભિન્ન એકમો એકબીજા સાથે સંપ રાખી શકતા નથી. તથા સામાજિક સંગઠન બનાવી રાખતા સામાજિક સંબંધો શિથિલ બની જાય છે અથવા તો નષ્ટ થઈ જાય છે. સામાજિક વિઘટનમાં સમાજના સભ્યોમાં સામાજિક એકતાનો અભાવ જોવા મળે છે.

ઈલિયર તથા મૈરિલના મત મુજબ, ‘‘સામાજિક વિઘટન એવી પ્રક્રિયા છે જેના કારણે સમૂહના સભ્યો વચ્ચેના સંબંધો તૂટી જાય છે અથવા નષ્ટ થઈ જાય છે.’’

ફેરિસના મત મુજબ, ‘‘સામાજિક વિઘટન વ્યક્તિઓ વચ્ચે કાર્યાત્મક સંબંધોને એ રૂપમાં તૂટી જવાની સ્થિતિને કહેવામાં આવે છે. જેમાં સમૂહના સ્વીકારેલા કાર્યોને કરવામાં મુશ્કેલી પેદા થાય છે.’’

ફેયર ચાઈલ્ડ, ‘‘સામૂહિક વ્યવહારના દાખલાઓ સંસ્થાઓ તથા નિયંત્રણોની સ્થાપિત વ્યવસ્થાઓની અવ્યવસ્થા અને ખોટી કાર્યાત્મકતાને સામાજિક વિઘટન કહેવામાં આવે છે.’’

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સામાજિક વિઘટન ત્યારે પેદા થાય છે જ્યારે સંતુલન સ્થાપિત કરતી શક્તિઓમાં પરિવર્તન આવે છે અને પહેલાના દાખલાઓ લાગુ નહીં થઈ શકે એ પ્રમાણે સામાજિક માળખું તૂટી જાય છે. સામાજિક નિયંત્રણના સ્વીકારવામાં આવેલા સાધનો અસરકારક રૂપથી કાર્ય કરતા નથી. હકીકતમાં આ સ્થિતિ સામાજિક નિયંત્રણની નબળાઈ અને સમાજવ્યવસ્થા છિન્ન ભિન્ન થવાની સૂચક માનવામાં આવે છે.

## 3.6 સામાજિક વિઘટનના લક્ષણો

વિઘટિત સમાજ અથવા સામાજિક વિઘટનના લક્ષણો નીચે મુજબ છે.

### 1. રૂઢિઓ, મૂલ્યો તથા સંસ્થાઓમાં સંઘર્ષ :

સામાજિક માળખામાં રૂઢિઓ, મૂલ્યો તથા સંસ્થાઓનું મહત્ત્વપૂર્ણ સ્થાન હોય છે. તેમને સંગઠનમાં જરૂરી માનવામાં આવે છે. તથા તેમનામાં સહયોગ હોવો જરૂરી હોય છે. જ્યારે તેમના વચ્ચે પરસ્પર સહયોગ રહેતો નથી ત્યારે સમાજમાં વિઘટનની પ્રક્રિયા બને છે.

### 2. સમિતિઓના કાર્યોમાં અસંતુલન :

સમાજની સમિતિઓના કેટલાક નિશ્ચિત કરવામાં આવેલા કાર્યો હોય છે. જ્યારે તે કાર્યોમાં કોઈ પણ પ્રકારનું પરિવર્તન કે અસંતુલન આવે છે ત્યારે વિઘટન થવા લાગે છે. કુટુંબ તેનું ઉત્તમ ઉદાહરણ છે. પ્રાચીન સમયમાં કુટુંબ સંસ્થા દ્વારા પાલન, પોષણ, રક્ષણ, કાળજી કાર્યો થતા હતા પરંતુ તે કાર્યો ધીરે-ધીરે અન્ય સંસ્થાઓ દ્વારા કરવામાં આવતા વિઘટન થવા લાગ્યું.

### 3. વ્યક્તિવાદી વિચારધારા :

જ્યારે સમાજનો સભ્ય વ્યક્તિ સમાજ અને સમાજની સ્થિતિઓની ચિંતા કરવાનું છોડી દે છે, સમાજના નિતિ-નિયમો પ્રત્યે બેદરકાર બને છે તથા પોતાની જરૂરિયાતોને જ પ્રાથમિકતા આપે છે. ત્યારે વિઘટન થવા લાગે છે. ઉદા. જ્યારે પિતા પોતાના દરજ્જાને ધ્યાનમાં રાખીને કાર્ય કરતા નથી, બાળકો અને કુટુંબનું યોગ્ય ધ્યાન નથી રાખતા ત્યારે આવી સ્થિતિમાં વિઘટન થવા માંડે છે.

### 4. એકમતનો અભાવ :

કોઈપણ સમાજનાં સંગઠન જ્યારે લોકોમાં એકમત હોય ત્યારે સંગઠન ટકી શકે છે. જ્યારે લોકોમાં એકમત બનતો નથી ત્યારે વિઘટન થવા લાગે છે. એકમતનો અભિપ્રાય એવા મત સાથે હોય છે. જેમાં કોઈ પણ ઘટના પ્રત્યે સમાજના વધારેમાં વધારે લોકોનો વિચાર રહેલો હોય છે. માર્ટીન ન્યૂમેર કહે છે કે જ્યારે એકમત તથા ઉદ્દેશ્યો પૂર્ણ થઈ જાય છે ત્યારે સમાજમાં વિઘટનની શરૂઆત થવા લાગે છે.

### 5. સામાજિક નિયંત્રણના સાધનોની શક્તિનો નાશ :

કોઈપણ સમાજમાં સંગઠન જ્યાં સુધી તે સમાજમાં નિયંત્રણ હોય છે ત્યાં સુધી જોવા મળે છે. સમાજમાં રહેલા નિયંત્રણના ડરના કારણે લોકો વ્યવહારોને અપનાવે છે અને તે મુજબ કાર્ય કરે છે. પરંતુ જ્યારે નિયંત્રણના સાધનોની શક્તિ ઢીલી પડી જાય છે ત્યારે સંબંધો બગડવા લાગે છે, શિથિલતા આવે છે અને સામાજિક વિઘટન થવા લાગે છે.

### 6. સમસ્યાઓ :

વિઘટિત સમાજમાં અનેક પ્રકારની સમસ્યાઓ જોવા મળે છે અને તે સમસ્યાઓથી સમાજ ઘેરાયેલો જોવા મળે છે. જુદા-જુદા પ્રકારની સમસ્યાઓના કારણે વ્યક્તિ સમાજ માન્ય સાધનો દ્વારા તેની જરૂરિયાતો પૂર્ણ કરી શકતો નથી. અયોગ્ય સાધનોનો ઉપયોગ કરવા લાગે છે અને તેના દ્વારા સમાજનાં વિઘટન લાવનારા તત્ત્વોને પ્રોત્સાહન મળે છે.

## 3.7 સામાજિક વિઘટનના કારણો

સામાજિક વિઘટન એક એવી પરિસ્થિતિ છે જેમાં સમાજના એકમો પોતાની સ્થિતિ અને કાર્યો મુજબ કાર્ય કરી શકતા નથી. જેના કારણે તેમનામાં સંપ અને સંતુલન સમાપ્ત થઈ જાય છે.

**A. સામાજિક કારણ :**

સામાજિક વિઘટનના મુખ્ય સામાજિક કારણ નીચે મુજબ છે.

**1. સામાજિક પરિવર્તન :**

સામાજિક સંબંધોમાં ઝડપથી આવી રહેલું પરિવર્તન પણ સામાજિક વિઘટન માટે જવાબદાર પરિબળ માનવામાં આવે છે. ઔદ્યોગિકરણે સમાજમાં પરિવર્તન આણ્યું છે. પરંતુ બધા જ પક્ષોમાં સમાન ગતિ હોવાને કારણે પરસ્પર સંપની ભાવના નષ્ટ થઈ જાય છે અને વિઘટન પણ થાય છે. સમાજમાં આપણને ભૌતિક અને અભૌતિક બન્ને પ્રકારની સંસ્કૃતિ જોવા મળે છે. જેમાં રેડિયો, વાહનવ્યવહારના સાધનો, સંદેશાવ્યવહારના સાધનો એ ભૌતિક સંસ્કૃતિ છે. જ્યારે સમાજની પરંપરાઓ, રિવાજો, રિતિઓ એ અભૌતિક સંસ્કૃતિ છે. આ બન્ને પ્રકારની સંસ્કૃતિમાં વિકાસ એકસમાન જોવા મળતો નથી. સંસ્કૃતિના અંગો વચ્ચે જોવા મળતી અસામંજસ્યની સ્થિતિ સાંસ્કૃતિક વિલંબના એ સામાજિક વિઘટનનું કારણ બને છે.

**2. સામાજિક મનોવૃત્તિ :**

સામાજિક કલ્પનાઓ અને મનોવૃત્તિઓમાં આવી રહેલો બદલાવ પણ સામાજિક વિઘટનનું કારણ બની રહે છે. સામાજિક મનોવૃત્તિ એ કાર્ય કરવાની પ્રવૃત્તિ છે. તે વૈયક્તિક ચેતનાની એવી પ્રક્રિયા છે જે સમાજમાં વ્યક્તિની વાસ્તવિક અને સંભવિત ક્રિયાઓને નક્કી કરે છે. સામાજિક કલ્પના અને મનોવૃત્તિ એ માનસિક અવસ્થા છે. જો માનવીના મગજમાં ઉત્પન્ન થતા ધારણાઓ એ જૂની પ્રથાઓ અનુકૂળ હોય છે તો ત્યાં સુધી સારું છે પરંતુ જો તે અનુકૂળ ના હોય તો પરિવર્તન આવતું નથી. પરિસ્થિતિઓમાં સહાયરૂપ ન બનતા મતભેદ બને છે જે સામાજિક વિઘટનની શરૂઆત બને છે.

**3. સામાજિક મૂલ્યો :**

મૂલ્ય એ વ્યક્તિ માટે આદર્શ હોય છે. તથા તે વ્યક્તિના વ્યવહારને નિયંત્રિત કરવામાં ખૂબ જ મહત્ત્વ બની રહે છે. દરેક સમાજમાં તેની સંસ્કૃતિ મુજબ કેટલાક સામાજિક મૂલ્યો વિકસિત થાય છે અને તે સમાજમાં એવું માનવામાં આવે છે કે દરેક વ્યક્તિ તે મૂલ્યો મુજબ વ્યવહાર કરશે તથા તેની જાળવણી કરશે. સમાજમાં જ્યારે પરિવર્તન આવે છે ત્યારે નવા મૂલ્યો પણ સ્થાપિત થવા લાગે છે. તે સમયે નવા અને જૂના મૂલ્યો વચ્ચે સંઘર્ષ થવા લાગે છે જેના પરિણામ સ્વરૂપે વિઘટન થવા લાગે છે.

**4. સામાજિક સંકટ :**

સામાજિક વિઘટનના મુખ્ય કારણમાં સામાજિક સંકટને પણ માનવામાં આવે છે. સંકટ એક એવી ઘટના છે. જે વ્યવસ્થિત રીતે ચાલતી આદતોમાં મુશ્કેલી પેદા થાય છે ત્યારે સંકટ ઉત્પન્ન થાય છે. સામુહિક કાર્યોમાં આવતા ગંભીર અવરોધોને કારણે રિત-રિવાજો અને અન્ય સામાજિક વ્યવહારોમાં પરિવર્તનની જરૂરિયાત પર ભાર મૂકતા સંકટ પેદા થાય છે.

**5. સામાજિક માળખામાં ઝડપી પરિવર્તન :**

સામાજિક માળખામાં આવી રહેલું ઝડપી પરિવર્તન એ વિઘટનની સ્થિતિ ઉત્પન્ન કરે છે. માળખાગત પરિવર્તનને કારણે વ્યક્તિ પોતાની ભૂમિકાઓને પરિસ્થિતિ પ્રમાણે નિભાવી શકતો નથી. ગતિશીલ સમાજમાં ઝડપી પરિવર્તનને કારણે પરિસ્થિતિ તથા કાર્યો સ્પષ્ટ થતા

નથી જેથી વ્યક્તિ એવું માને છે કે તેનું અસ્તિત્વ રહેતું નથી આવી સ્થિતિમાં સમાજ સંગઠિત રહેતો નથી. સમાજમાં જે રિવાજો, રિતિઓ, પ્રથાઓ તથા કાયદાઓ જે સમાજના વ્યવહારોને નિયંત્રિત કરે છે જેનાથી સમાજમાં સ્થિરતા પેદા થાય છે. પરંતુ આજના ગતિશીલ સમાજમાં આવી રહેલ પરિવર્તન સમાજની વ્યવસ્થા અને સ્થિરતાને ખંડિત કરી દે છે. જેના કારણે વિઘટન પેદા થાય છે.

**6. યુદ્ધ :**

યુદ્ધના કારણે સમાજની આર્થિક, સામાજિક, રાજનૈતિક પરિસ્થિતિઓમાં પરિવર્તન આવે છે. જેમાં વસ્તુઓની કિંમતો વધવી, લોકોની રહેવાની સ્થિતિમાં પરિવર્તન આવે છે. જેના દ્વારા વિઘટન થવા માંડે છે.

**B. આર્થિક કારણ :**

**1. બેરોજગારી :**

આજના સમયમાં અનેક દેશો જે બેકારીનો સામનો કરી રહ્યા છે. બેકારીને કારણે દેશના યુવાનો પોતાની પ્રત્યે તથા સમાજ પ્રત્યે ધ્યાન આપતા નથી અને અનેક માનસિક તણાવોને કારણે સમાજને વિઘટિત કરનારો વ્યવહાર કરે છે. જેના કારણે વિઘટન થવા લાગે છે.

**2. ઔદ્યોગિકરણ અને શહેરીકરણ :**

ઔદ્યોગિકરણ અને શહેરીકરણ દ્વારા સમાજને અનેક લાભ થાય છે. તે જ રીતે અનેક ગેરલાભ પણ થાય છે. ઔદ્યોગિકરણને કારણે વ્યક્તિની પરિસ્થિતિ અને કાર્યોમાં પણ ઝડપી પરિવર્તન આવે છે. આર્થિક કમાણી માટે વ્યક્તિએ પોતાના કુટુંબથી દૂર રહેવું પડે છે. જેનાથી કૌટુંબિક સંબંધોમાં અંતર આવે છે. શહેરીકરણને કારણે ગંદી વસાહતો, શિક્ષણ, વ્યસન, આરોગ્ય વગેરે બાબતોના પ્રશ્નો વધે છે. જેના કારણે વિઘટનની પ્રક્રિયા થાય છે.

**3. વ્યાપારમાં મંદી :**

વ્યાપારમાં મંદીની સ્થિતિ સામાજિક વિઘટનને બળ આપે છે. વ્યાપારમાં આવવાને કારણે આર્થિક ચક્રમાં અનિશ્ચિતતા આવે છે. વેપારના ક્ષેત્રમાં માંગ અને પુરવઠા વચ્ચેનો સંબંધ તુટવા માંડે છે. બેકારી વધે છે જેના કારણે સમાજમાં આત્મહત્યા, ચોરી, લૂંટફાટ વગેરે અપરાધો વધે છે. જે સામાજિક વિઘટનના બીજ રોપે છે.

**4. ગતિશીલતા :**

વાહનવ્યવહારના સાધનોનો વિકાસ તથા ઔદ્યોગિકરણને કારણે વ્યક્તિએ પોતાના ઘરથી દૂર રહેવું પડે છે અને આર્થિક ઉપાર્જન કરવું પડે છે. જેના કારણે વ્યક્તિ પોતાના પરિવાર સાથે રહી શકતો નથી અને ઘણી વાર તે વ્યસન, વેશ્યાવૃત્તિ, નશાખોરી જેવા ગુના તરફ વળી જાય છે. જેના કારણે વિઘટનની પ્રક્રિયા થવા માંડે છે.

**5. આર્થિક અસમાનતા અને આવકની અસમાન વહેંચણી :**

આવકની અસમાન વહેંચણી એ સામાજિક વિઘટનનું મુખ્ય કારણ છે. આધુનિક સમાજમાં આવકની અસમાન વહેંચણી વર્ગ સંઘર્ષ તથા સામાજિક ક્રાંતિ ઉત્પન્ન કરે છે. જે સમાજમાં વિઘટન લાવે છે.

## 3.8 ઉપસંહાર :

સામુદાયિક એકતા સમુદાયમાં રહેલી વિભિન્નતાઓનાં કારણે તૂટતી નથી. પરંતુ સાંસ્કૃતિક વિભિન્નતાઓના કેટલાંક તત્વો સમુદાયની એક સમૂહનો બીજા સમૂહ પરનો બળપ્રયોગ એ સમુદાયની એકતા માટે ભયજનક છે. ઘણા નાના આદર્શ સમુદાયો જેઓ પોતાનું આગવું અળગું જીવન ગાળવા પ્રયત્નો કરે છે. તેઓનું આંતરિક જીવન ખૂબ ઘેરું હોય છે, પરંતુ વિશાળ માનવ સમુદાય સાથે તેમનો જરાપણ સંપર્ક ન હોવાને લીધે તે ઘણું સંકુચિત અને અસ્થિર રહે છે.

## 3.9 આપની પ્રગતિ ચકાસો

1. નીચેનામાંથી કોનો સામાજિક સંગઠનની લાક્ષણિકતાઓમાં સમાવેશ થતો નથી.

(A) સ્થાયિત્વ (B) શક્તિનું કેન્દ્ર

(C) મૂર્ત ખ્યાલ (D) વિચારધારા

2. સમુદાયના વ્યવહારને વધુ કુશળ અને ઓછા ખર્ચાળ બનાવવામાં ....... મદદરૂપ થાય છે.

(A) જ્ઞાતિ (B) વર્ગ

(C) રાજકીય મતભેદ (D) શ્રમવિભાજન

3. સમુદાયની એકતાને વિઘટન કરતાં કેટલા પરિબળો છે.

(A) પાંચ (B) ચાર

(C) ત્રણ (D) સાત

4. નીચેનામાંથી કોનો પ્રાથમિક સમુદાયોના શ્રમવિભાજનમાં સમાવેશ થતો નથી.

(A) ઉંમર (B) લિંગ

(C) જાતિ (D) નામ

5. સમુદાયની એકતાને મજબૂત બનાવવામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) શ્રમવિભાજન (B) વર્ગ અને જ્ઞાતિ

(C) ધાર્મિક ભેદ (D) મુક્ત રાજકીય ભેદ

6. સમુદાયના વિઘટીત પરીબળોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) જાતિ-ભાન (B) ધાર્મિક ભેદ

(C) વર્ગયુદ્ધ (D) શ્રમવિભાજન

7. સામાજિક વિઘટનના લક્ષણોમાં કોનો સમાવેશ થતો નથી.

(A) વ્યક્તિવાદી વિચારધારા (B) વર્ગયુદ્ધ

(C) એકમતનો અભાવ (D) સમસ્યાઓ

## 3.10 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) મૂર્ત ખ્યાલ

2. (D) શ્રમવિભાજન

3. (C) ત્રણ

4. (D) નામ

5. (C) ધાર્મિક ભેદ

6. (D) શ્રમવિભાજન

7. (B) વર્ગયુદ્ધ

## 3.11 ચાવીરૂપ શબ્દો

**સંગઠન :** સંગઠન એટલે શાબ્દિક અર્થ સમાન બાબતોનું ગઠન. સમ + ગઠન, સંગઠન અનેક હેતુ માટે રચાતા હોય છે.

**વિઘટન :** બધા જ ભાગોને અલગ અથવા છૂટા પાડવા કે તોડી દેવા.

**અમૂર્ત :** જેને જોઈ શકાય નહીં તે.

**પરિવર્તન :** કોઈપણ વસ્તુ કે સમયમાં બદલાવની સાથે થતો ફેરફાર.

## 3.12 સ્વાધ્યાય લેખન

1. સમુદાયમાં એકતા અને વિઘટન વિશે ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

2. સામાજિક વિઘટનના લક્ષણો જણાવી તેના કારણોની ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 3.13 પ્રવૃત્તિ

1. તમે જાણતા હોવ તેવા સમુદાયમાં એકતા અને વિઘટીત કરતા પરિબળો વિશે જણાવો.

2. સમુદાયની મુલાકાત લઈને સમુદાયમાં વિઘટનના કારણોની નોંધ કરો.

## 3.14 કેસસ્ટડી

1. ક્ષેત્રકાર્યના અનુભવોના આધારે કોઈપણ સમુદાયમાં એકતા અને વિઘટનના કારણો અંગેના મુદ્દા સ્પષ્ટ કરો.

## 3.15 સંદર્ભસૂચિ :


| | | | |
|---|---|---|---|
| (1) | અનુવાદ : અક્ષય કુમાર ર. દેસાઈ | : | "સમાજ" ખંડ-2<br>ગુજરાત યુનિવર્સિટી, અમદાવાદ |
| (2) | દિબદેન્દ્ર નારાયણ | : | સોશિયોલોજી ફોર ફિજીયોથેરાપી<br>જયશ્રી બ્રધર્સ, નવી દિલ્હી-2006 |
| (3) | Baffen T.R. (1957) | : | Community and Development<br>Oxford University, London |
| (4) | ડૉ. સંજી વ મહાજન (2010) | : | અર્જુન પબ્લિશિંગ હાઉસ, વ્યાવહારિક સમાજશાસ્ત્ર, નવી દિલ્હી. |

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-203
# સામુદાયિક સંગઠન કાર્ય

વિભાગ

# 2

## સામુદાયિક સંગઠનની પ્રક્રિયા અને પદ્ધતિ


એકમ-1 સામુદાયિક સંગઠનની મૂળભૂત વિભાવના

એકમ-2 સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો અને કૌશલ્યો

એકમ-3 સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયા

એકમ-4 સામુદાયિક સંગઠન પદ્ધતિમાં કાર્યકરની ભૂમિકા

ISBN : 978-81-937666-5-1


| લેખક | |
|---|---|
| **ડૉ. સારિકા દવે** | એસોસિએટ પ્રોફેસર,<br>સી. યુ. શાહ આર્ટ્સ કૉલેજ,<br>લાલદરવાજા, અમદાવાદ. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **મોનિકા પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |
| **પરામર્શક (વિષય)** | |
| **ડૉ. રવિન્દ્રભાઈ આર. પંચોલી** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા,<br>ગાંધીનગર. |
| **પરામર્શક (ભાષા)** | |
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**

All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**

Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

**ઘટક પરિચયઃ**

વિદ્યાર્થી મિત્રો, આપણે પ્રથમ સત્રમાં સમાજકાર્ય શું છે, તેની વ્યાખ્યા-વિભાવનાથી માંડીને તેના ઈતિહાસ વિશે પરિચય કેળવ્યો. સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓ વિષે સંક્ષિપ્તમાં પરિચય અને આ પદ્ધતિઓનો અન્ય સામાજિક વિજ્ઞાન સાથેના સબંધનો પરિચય મેળવ્યો. આપણે જોયું કે સમાજકાર્યની મુખ્ય છ પદ્ધતીઓ છે. તેમાંથી વૈયક્તિક સેવા કાર્ય, જૂથ કાર્ય અને સામુદાયિક સંગઠન કાર્ય એ મુખ્ય પધ્તિઓ છે તથા સામાજિક ક્રિયા, સમાજકાર્ય સંશોધન અને સમાજ કલ્યાણ વહીવટી પદ્ધતિ એ સહાયક કે દ્વિતિય પદ્ધતિ તરીકે વિકાસ પામી છે. સમાજ કાર્યમાં જયારે કોઈ એક નિશ્ચિત સેવાર્થી સાથે કામ કરવાનું હોય ત્યારે વૈયક્તિક સેવા કાર્ય, કોઈ જૂથ કે સમૂહ સાથે કામ કરવાનું હોય ત્યારે જૂથ કાર્ય અને સમુદાય કહી શકાય તેવા વિશાળ જૂથ સાથે કાર્ય કરવાનું હોય ત્યારે સામુદાયિક સંગઠન કાર્યની પદ્ધતિ અપનાવવામાં આવે છે.

વિદ્યાર્થી મિત્રો, આપણે અગાઉના ઘટકોમાં વૈયક્તિક સેવા કાર્ય, અને જૂથ કાર્યનો વિસ્તૃત પરિચય મેળવ્યો. પ્રસ્તૃત એકમમાં આપણે સમુદાયની વિભાવના સમજીશું. સમુદાય એટલે નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતી, સમાન સંસ્કૃતિક જીવન જીવતી અને સમાન સામુદાયિક જરૂરિયાતો ધરાવતી માનવવસતી. સંગઠન એટલે, કોઈ એક ચોક્કસ લક્ષ્યને કેન્દ્રમાં રાખીને સમુદાયના લોકો સમાયોજન સાધીને એકતાની ભાવનાથી જોડાય છે તેને સંગઠન કહેવાય છે. સામુદાયિક સંગઠન પદ્ધતિ એ સમુદાયની હિતકારી જરૂરિયાતો પૂરી કરવા અને ઉપલબ્ધ સંસાધનોને ક્રિયાન્વિત કરીને સમુદાયના લોકો વચ્ચેના આયોજનને વધુ સઘન બનાવીને સમુદાયનો વિકાસ કરવા માટેની અસરકારક પદ્ધતિ છે.

પ્રસ્તુત એકમમાં પ્રથમ ઘટકમાં આપણે સમુદાય અને સામુદાયિક સંગઠનની વિભાવના સમજીશું. સમુદાય, સંગઠન અને સામુદાયિક સંગઠન વિશે વિદ્વાનોએ આપેલી વ્યાખ્યાઓ જોઈશું. સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિ તરીકે સામુદાયિક સંગઠન વિશે પદ્ધતિસરનું જ્ઞાન મેળવીશું. સમુદાયના પ્રકાર, સામુદાયિક સંગઠનના પ્રકાર, તેની માન્યતાઓ, વગેરે વિશે જાણકારી મેળવીશું. એકમ-૨માં સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઈતિહાસ અને ઉદભવ, તેનું સ્વરૂપ, તેના સિદ્ધાંતો અને તેના કૌશલ્યો વિશે માહિતી મેળવીશું. એકમ -૩માં સામુદાયિક સંગઠન કાર્યની પદ્ધતિઓ અને તેની પ્રક્રિયાઓ જોઈશું. એકમ-૪માં સામુદાયિક સંગઠનના કર્યો અને તેમાં સમાજકાર્યકરની ભૂમિકા સમજીશું.

આમ, આ ઘટકમાં સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિ તરીકે સામુદાયિક સંગઠન પદ્ધતિને ખુબ વિસ્તૃતમાં સમજાવવામાં આવી છે. સામુદાયિક સંગઠન પદ્ધતિનો સમુદાયના વિકાસ અને તેના લોકોના વિકાસમાં રહેલ ફાળો અને તેના મહત્વ વિશે સંપૂર્ણ માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

**ઘટકના હેતુઓ:**

(૧) સમાજકાર્યની ત્રણ મુખ્ય પદ્ધતિઓમાની એક એવી સામુદાયિક સંગઠન કાર્ય વિશે ઊંડી સમાજ મેળવવી.

(૨) સમુદાય, સંગઠન અને સામુદાયિક સંગઠન કાર્યની વિભાવના, વ્યાખ્યા અને તેનો ઉપયોગ સમજી શકાશે.

(૩) સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો અને કૌશલ્યો વિષે વિસ્તૃત માહિતી મેળવી શકાશે.

(૪) સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઈતિહાસ, તેના કાર્યો અને તેની ઉપયોગીતા વિષે સમજી શકાશે.

(૫) સામુદાયિક સંગઠન કાર્યની પ્રક્રિયા વિશે માહિતી મેળવી શકાશે.

(૬) સામુદાયિક સંગઠન પદ્ધતિમાં એક સમાજ કાર્યકરની રહેલી ભૂમિકા વિષે સમજી શકાશે.

(૭) સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરવાથી સમુદાયમાં આવતાં પરિવર્તનો અને સમુદાયના વિકાસમાં રહેલો એનો ફાળો સમજી શકાશે તથા આ પદ્ધતિના ઉપયોગથી સમુદાયના લોકોને થતો સીધો કે આડકતરો લાભ મેળવી શકાય છે તથા વિકાસ માટેની દિશા નક્કી કરી શકાય છે.

# એકમ-1 સામુદાયિક સંગઠનની મૂળભૂત વિભાવના

## એકમનું માળખું

1.0 એકમના હેતુઓ
1.1 પ્રસ્તાવના
1.2 વ્યાખ્યા
1.3 સમુદાયની વિભાવના
1.4 સમુદાયના કાર્યો
1.5 સામુદાયિક સંગઠનની વિભાવના
1.6 સામુદાયિક સંગઠનની પદ્ધતિની ધારણાઓ
1.7 સમાજકાર્યની અન્ય પદ્ધતિઓ સાથેનો સંબંધ
1.8 સામુદાયિક વિકાસ અને સામુદાયિક સંગઠન
1.9 ઉપસંહાર
1.10 આપની પ્રગતિ ચકાસો
1.11 આપની પ્રગતિ ચકાસોના જવાબો
1.12 ચાવીરૂપ શબ્દો
1.13 સ્વાધ્યાય લેખન
1.14 પ્રવૃત્તિ
1.15 કેસસ્ટડી
1.16 સંદર્ભસૂચિ

## 1.0 એકમના હેતુઓ

- પ્રસ્તુત એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સમુદાયની વ્યાખ્યા અને સમુદાયના કાર્યો અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સામુદાયિક સંગઠનની વ્યાખ્યા દ્વારા સામુદાયિક સંગઠન પદ્ધતિ અંગે વિગતે જાણવા મળશે.
- આ એકમના અભ્યાસના અંતે વિદ્યાર્થીઓ સામુદાયિક સંગઠન પદ્ધતિઓની ધારણાઓ અને માન્યતા અંગે વાકેફ થશે.
- ઉપરાંત વિદ્યાર્થીઓને સામુદાયિક સંગઠન અને સામુદાયિક વિકાસ વચ્ચેનો તફાવત શું છે તે પણ જાણવા મળશે.

## 1.1 પ્રસ્તાવના

સમાજકાર્યના પરંપરાગત સ્વરૂપને પદ્ધતિની રીતે જોઈએ તો માનવસેવાના સંદર્ભમાં પ્રાચીન સમયમાં કરવામાં આવતા કાર્યો, પ્રવૃત્તિને મોટેભાગે ધાર્મિક કાર્ય માનવામાં આવતું

હતું. સમાજના ગરીબ પીડિત કે દુઃખી વ્યક્તિઓને વ્યક્તિગત રીતે મદદ કે સેવા કરવાનો ખ્યાલ પ્રચલિત હતો. જો કે 17મી સદીની શરૂઆતથી માનવસેવાના પરંપરાગત સ્વરૂપમાં પરિવર્તનની શરૂઆત થઈ, જે સમાજસેવાની પ્રવૃત્તિને આધુનિકતા તરફ લઈ જાય છે.

સમાજકાર્ય સમસ્યાગ્રસ્ત વ્યક્તિ એટલે કે સેવાર્થીની સમસ્યાને બે સ્વરૂપમાં તપાસે છે. (1) મનોસામાજિક (2) ભૌતિક તેના આધાર પર સમસ્યાનું નિદાન અને સારવારનું કાર્ય સમસ્યાની જટિલતાને ધ્યાનમાં રાખીને વિશેષરૂપથી કરી શકાય છે. સમાજકાર્યમાં જુદાં જુદાં પ્રકારની સમસ્યાઓથી ગ્રસિત સેવાર્થીઓની સમસ્યાના સમાધાન કે નિવારણ માટે અને તે દ્વારા માનવજીવનને વધુ સમૃદ્ધ અને વિકાસલક્ષી બનાવવા માટેની કાર્યપદ્ધતિને ત્રણ સ્તરમાં જોઈ શકાય છે. જેમાં વ્યક્તિ, જૂથ અને સમુદાયની સાથે પ્રત્યક્ષ રીતે અસરકારક કાર્ય કરવાની જે પદ્ધતિઓ વિકાસ પામી છે; તેમાં (1) સામાજિક વૈયક્તિક સેવાકાર્ય (2) સામાજિક જૂથ સેવાકાર્ય (3) સામુદાયિક સંગઠન પદ્ધતિનો સમાવેશ થાય છે.

પ્રસ્તુત એકમમાં સામુદાયિક સંગઠન પદ્ધતિની વિભાવના, ધારણાઓ અને અન્ય પદ્ધતિઓ સાથેનો સંબંધ, સામુદાયિક વિકાસ અને સામુદાયિક સંગઠન વચ્ચેનો તફાવત સમજાવવામાં આવ્યો છે.

## 1.2 વ્યાખ્યાઓ :

સામુદાયિક સંગઠન પદ્ધતિમાં શાબ્દિક રીતે જોઈએ તો બે જુદાં જુદાં ખ્યાલો સમાવિષ્ટ છે. જેમ કે (1) સમુદાય (2) સંગઠન. જો કે સમુદાયની જરૂરિયાતોનો સંતોષ સંગઠનના માધ્યમ દ્વારા સંગઠિત સામુદાયિક કાર્યોથી થાય છે. એ અર્થમાં જોઈએ તો આ પદ્ધતિનો ખ્યાલ વિસ્તૃત છે. આ પદ્ધતિના બે શબ્દોની પહેલા સમજૂતી જોઈએ તો

**(1) સમુદાય :**

સમુદાય એટલે, ''નિશ્ચિત ભૌગોલિક વિસ્તારમાં વસવાટ કરતી, સમાન સામાજિક સાંસ્કૃતિક જીવન જીવતી અને સમાન સામુદાયિક જરૂરિયાતો ધરાવનાર માનવવસતી એટલે સમુદાય.''

સમુદાય શબ્દનો અર્થ કેટલીકવાર ભૌગોલિક રીતે સાથે વસતા લોકો અથવા કોઈક ચોક્કસ કાર્યથી સંકળાયેલા લોકો એમ પણ કરવામાં આવે છે. દા.ત.સરકારી વસાહતો કે ઔદ્યોગિક વસાહતમાં રહેતા કર્મચારીઓનો સમુદાય.

**(2) સંગઠન :**

સંગઠન એટલે, ''સભ્યોમાં મજબૂત સંગઠન ભાવનાથી સંગઠનની જરૂરિયાતો, ઉપલબ્ધ સાધનો-સ્રોતો અને સુવિધાઓને સંગઠિત અને પ્રભાવશાળી રીતે ઉચ્ચકક્ષાના કાર્યાત્મક સંતુલન દ્વારા યોગ્ય રીતે સામુદાયિક ક્રિયાથી જરૂરિયાતોનો સંતોષ મેળવતો સમુદાય જે સંગઠિત રીતે પ્રક્રિયાને સમાયોજિત બનાવે છે તે સંગઠન.''

**સામુદાયિક સંગઠન :**

સામુદાયિક સંગઠન પદ્ધતિ એ સમુદાયની કલ્યાણકારી આવશ્યકતાઓ અને સામાજિક સાધનો વચ્ચે પ્રગતિશીલ અને વધારે પ્રભાવશાળી સમાયોજનની રચના કરવા અને તેને જાળવી રાખવાની એક પ્રક્રિયા છે.

## 1.3 સમુદાયની વિભાવના

**ભૌગોલિક સુમદાય :**

ભૌગોલિક દૃષ્ટિથી સમુદાયનો અર્થ જોઈએ તો, "કોઈ નિશ્ચિત ભૂ-ભાગ પર રહેતા લોકોનો એવો સમૂહ છે; જેમની વચ્ચે પરસ્પર જીવનની પાયાની બાબતોમાં આદાન-પ્રદાન હોય, તેમની વચ્ચેના પરસ્પર વ્યવહાર તથા રીત-રિવાજ દ્વારા તેના સભ્યોનું જીવન તથા વ્યવહાર નિયંત્રિત થાય છે." આ અર્થમાં સમુદાયનું આધારભૂત તત્ત્વ નિશ્ચિત ભૂ-ભાગ બને છે. તેના સભ્યોમાં સામુદાયિક ભાવના તથા તેમની વચ્ચે પરસ્પર સામાજિક અદાન પ્રદાનની પ્રક્રિયા થતી હોવાનું જરૂરી છે.

ખરેખર તો કોઈપણ સમુદાયના નિર્માણ માટે સમુદાયના સભ્યોમાં સામુદાયિક ભાવના હોવી જરૂરી છે. તેના અભાવમાં સમુદાય વિખેરાઈ જાય છે. આ ભાવ ઊભો કરવા માટે તેઓ જે ભૂ ભાગ પર રહે છે તે મહત્ત્વનું છે. કારણ કે તેમના માટે તે જન્મભૂમિ, માતૃભૂમિ અને કર્મભૂમિ હોય છે અને તેના માટેની લાગણી જ આવી સામુદાયિક ભાવના ઉત્પન્ન કરે છે. લોકો જે તે સમુદાયના રીત રિવાજ, સંસ્કૃતિ, સામાજિક વ્યવહાર અને પ્રથાઓને સ્વીકારે છે. સામુદાયિક ભાવ ઊભો થવા માટે ત્રણ બાબતો જરૂરી છે.

**(1) અમેપણાની ભાવના (એકાત્મતાની ભાવના)**

જ્યારે સમુદાય માટે લાગણી ઉત્પન્ન થાય ત્યારે વ્યક્તિ સમુદાયને પોતાના પરિવાર જેવો ગણે છે અને તેના સભ્યો માટે અમેપણાની ભાવના જન્મે છે. ગામડામાં કે શહેરમાં અમુક વિસ્તાર કે લત્તામાં રહેતા લોકો વચ્ચે આવી એકાત્મતાની લાગણી સ્વભાવિકપણે જ જોવા મળે છે. આવું થવાથી વ્યક્તિગત સ્વાર્થ સામૂહિક હિતમાં સમાઈ જાય છે અને સભ્યો માને છે કે તે સંપૂર્ણ સમુદાયનું એક અંગ છે. આ બાબત સમુદાયના દરેક સભ્ય માટે કદાચ સાચી ન પણ હોય, પરંતુ સામાન્ય રીતે મોટાભાગના સભ્યોમાં આવી લાગણી જોવા મળે છે.

**(2) કર્તવ્ય ભાવના**

જ્યારે વ્યક્તિ માનસિક રીતે અનુભવે કે તેનું સમુદાયમાં નિશ્ચિત સ્થાન છે અને તે સમુદાય માટે પોતાનું ખાસ કર્તવ્ય છે. વ્યક્તિના મનમાં સહજ રીતે આ ભાવ જન્મે તેને કર્તવ્યભાવના કહે છે. કર્તવ્યભાવનાથી જ વ્યક્તિ સુમદાયમાં પોતાના સભ્યપદનો સાચો અને સહજ અહેસાસ કરે છે.

**(3) સલામતીની ભાવના**

પ્રત્યેક વ્યક્તિ પોતાના વ્યક્તિત્ત્વના વિકાસ માટે સમગ્રપણે નહિ તો અંશતઃપણે સમુદાય પર જ નિર્ભર રહે છે. કેમ કે તેની શારીરિક તથા માનસિક જરૂરિયાતો સમુદાય પૂરી કરે છે. સમુદાયમાં એકતા તથા સંગઠન માટે તેના સભ્યોમાં પરસ્પર નિર્ભરતાનો ભાવ હોય તે બહુ જરૂરી છે. આવા ભાવથી તે એક પ્રકારની સલામતીની ભાવનાનો અનુભવ કરે છે. સમુદાય દ્વારા હૂંફ પૂરી પડે છે.

ઉપરની ત્રણેય સામુદાયિક ભાવના વ્યક્તિઓ વચ્ચે અલગ અલગ સમુદાયમાં અલગ અલગ હોય છે, પરંતુ તેનું હોવું તે સમુદાયના સંગઠનનું પ્રમાણ છે અને તે ન હોય તો સામુદાયિક સંગઠનની પ્રક્રિયા દ્વારા તેને ઉત્પન્ન કરવી જરૂરી છે. આ ઉત્પન્ન કરવાની પ્રક્રિયા પણ કૃત્રિમ કે જડ ન હોવી જોઈએ; પરંતુ સહજ અને ગતિશીલ હોવી જોઈએ.

**સમુદાયના પ્રકાર :-**

ભૌગોલિક વિસ્તારની દૃષ્ટિથી સમુદાયને બે પ્રકારમાં વહેંચી શકાય.

(1) ભૌગોલિક સમુદાય

(2) કાર્યકારી સમુદાય

**(1) ભૌગોલિક સમુદાય**

ભૌગોલિક દૃષ્ટિથી સમુદાયનો અર્થ જોઈએ તો, "કોઈ નિશ્ચિત જમીનના ભાગ પર રહેતા લોકોનો સમૂહ. જેઓ વચ્ચે જીવનની પાયાની બાબતોમાં પરસ્પર આદાન પ્રદાન હોય. આ રીતે ભૌગોલિક સમુદાય એ નિશ્ચિત જમીનના ભાગ પર રહેતા લોકો વચ્ચેના પરસ્પરના વ્યવહાર, નિશ્ચિત રીત રિવાજો તથા વિશિષ્ટ સંસ્થાઓનું એક સંગઠન છે. જેના દ્વારા તેના સભ્યના જીવન તથા વ્યવહાર નિયંત્રિત થાય છે. આ અર્થમાં સમુદાયને વ્યાખ્યાતિ કરનારું આધારભૂત તત્ત્વ નિશ્ચિત ભૂ-ભાગ બને છે. સાથે સાથે જરૂરી છે કે આ જમીનના ભાગ પર રહેતા સભ્યોમાં સામુદાયિક ભાવના હોય, અમેપણાની અને સહકારની ભાવના હોય તથા તેમની વચ્ચે આદાન પ્રદાનની પ્રક્રિયા પણ થતી હોય.

**(2) કાર્યકારી સમુદાય**

બીજા પ્રકારના સમુદાય કાર્યકારી સમુદાય છે. આજના બદલાતા ઔદ્યોગિક યુગમાં અવ-ગમનના સાધનો સુગમતાથી ઉપલબ્ધ છે. વ્યક્તિને પોતાની જરૂરિયાતોની પૂર્તિ માટે કોઈ નિશ્ચિત ભૂ-ભાગમાં ઉપલબ્ધ સાધનો પર જ આધારિત રહેવું પડતું નથી; તે પોતાની જરૂરિયાતની પૂર્તિ બહારથી પણ કરી શકે છે. આથી સમુદાયના ઘણાં કાર્યો ભૌગોલિક સ્થાનની જગ્યાએ લોકોના સમાન હિત, ઉદ્દેશ્ય અથવા કાર્યોના આધારે નિશ્ચિત થાય છે. આવી સ્થિતિમાં લોકોનો સમુહ જો કોઈ સમાન હિત કે ઉદ્દેશ્યની પૂર્તિ માટે સામુહિક રૂપથી કાર્ય કરે તો તેને કાર્યકારી સમુદાય કહે છે. આવા સમુદાયમાં નિશ્ચિત ભૌગોલિક સમુદાયના બધા જ સભ્યને સંમિલિત કરવામાં આવતા નથી, પરંતુ જો વિશિષ્ટ ઉદ્દેશ કે કાર્યથી જોડાયેલી હોય તેવી જ વ્યક્તિઓ અને સમૂહોને સામેલ કરવામાં આવે છે.

## 1.4 સમુદાયના કાર્યો

પરંપરાગત રીતે સમુદાય કેટલાંક કાર્યો કરે છે, જેમ કે

**(1) ઉત્પાદન**

તેમાં વહેંચણી, ઉપભોગ અને સાધનો પર કોણ નિયંત્રણ ધરાવે છે તે જાણવું જરૂરી છે. આ ઉપરાંત કુટુંબમાં કોનો શેના પર અધિકાર હોય છે અને કોણ કોના પર કેવા પ્રકારનું આધિપત્ય ધરાવે છે વગેરે બાબત જાણવી પણ જરૂરી છે. પહેલાં સમુદાય સ્વાયત્ત હતો; તેમાં હવે પરિવર્તન આવ્યું છે અને સમાજ અને સમુદાય વચ્ચે પરસ્પરનું આલંબન અને અવલંબન વધ્યું છે.

**(2) સામાજિક કરણ**

જે તે સમુદાય તેનાં મૂલ્યો કે સંસ્કૃતિનું એક પેઢીમાંથી બીજી પેઢીમાં આંતરીકકરણ કરે છે અને એ રીતે સામાજિક, સાંસ્કૃતિક, ધાર્મિક મૂલ્યો સમાજની સંસ્કૃતિ, એક પેઢીમાંથી બીજી પેઢીમાં ઉતરે છે. કુટુંબમાં સ્ત્રી સામાજિક કરણનું મુખ્ય સ્રોત છે.

**(3) સામાજિક નિયંત્રણ**

જે તે સમુદાયનું ત્રીજું કાર્ય સામાજિક નિયંત્રણ છે. સામાજિક ધોરણો સમુદાયમાં તેના સભ્યના વર્તનને નિયંત્રિત કરે છે. આથી તેના વિશે જાણકારી જરૂરી છે.

**(4) ભાગીદારી**

સમુદાય તેની વિવિધ સંસ્થાઓ દ્વારા જૂથના સભ્યોને ભાગીદારીનો મોકો આપે છે. તેનાથી સભ્યો વચ્ચે ઔપચારિક અને અનૌપચારિક જોડાણ થાય છે અને તેમાંથી સામુદાયિક ભાવના ઊભી થાય છે. આ પ્રક્રિયા કેટલી અને કેવી રીતે થાય છે તે જાણવું જરૂરી છે.

**(5) માનસિક આધાર અને કાળજી પૂરી પાડવી**

વર્તમાન સમુદાયનાં ઘણાં કાર્યો સમાજની જુદી જુદી સંસ્થા દ્વારા થાય છે. તેમ છતાં સમુદાય તેના સભ્યોને જે માનસિક આધાર અને સંભાળ પૂરી પાડે છે તેનું મહત્ત્વ ઓછું થતું નથી. આથી તે વિશે જાણવું જરૂરી છે.

## 1.5 સામુદાયિક સંગઠનની (Community Organisation) વિભાવના

સામુદાયિક સંગઠન પદ્ધતિ સમાજકાર્યની એવી પદ્ધતિ છે; જેની જરૂર સમુદાયની જરૂરિયાતો પૂરી કરવા અને સમુદાયમાં એકતા વધારવાના સંદર્ભે જરૂર પડતી હોય છે. સમુદાયની સમસ્યાઓને હલ કરવાના માનવતાવાદી અભિગમથી સામુદાયિક સંગઠનને જોઈએ તો તે માનવસમાજ જેટલો જ જૂનો ખ્યાલ છે. કારણ કે સમાજની શરૂઆતથી જ લોકો સામુદાયિક જીવન સારી રીતે જીવવાના માર્ગો શોધવાના પ્રયત્નો કરી રહ્યાં છે.

સામાન્ય ભાષામાં સામુદાયિક સંગઠન પદ્ધતિનો અર્થ જોઈએ તો કોઈ ક્ષેત્રમાં તેની આવશ્યકતાઓ જરૂરિયાતો તથા ઉપલબ્ધ સાધનોની વચ્ચે યોગ્ય તથા પ્રભાવપૂર્ણ સંબંધ સ્થાપિત કરીને તેઓ વચ્ચે સામંજસ્ય સ્થાપિત કરવું અને તે પ્રક્રિયામાં જે કોઈ મુશ્કેલીઓ અને સમસ્યાઓ ઉત્પન્ન થાય તેનું સમાધાન કરવું તે છે.

આ ઉપરાંત સમુદાયની જરૂરિયાતોની પૂર્તિ માટેના ઉપાયો નક્કી કરવા તે માટેના જરૂરી સાધનો ભેગા કરવા તેમજ સેવાર્થી પોતે જ પોતાને મદદ કરે તેવાં પ્રયત્નો કરવા તેવો અર્થ પણ આ પદ્ધતિમાં સમાયેલો છે.

ટૂંકમાં, સામુદાયિક સંગઠન પોતે જ એક પદ્ધતિ અને પ્રક્રિયા છે. તેનો ઉદ્દેશ સમુદાયને એવી રીતે મદદ કરવાનો છે કે તેનાથી મળેલ શક્તિ અને બળની સહાય દ્વારા સમુદાય અને તેના સભ્યો પોતાની જાતે પોતાને સહાય કરી શકે. એ સંદર્ભમાં જુદાં જુદાં વિદ્વાનોએ સામુદાયિક સંગઠનથી વ્યાખ્યાઓ નીચે મુજબ દર્શાવી છે.

**(1) મેકનિલ**

મેકનિલના મતાનુસાર, "સામુદાયિક સંગઠન એક પ્રક્રિયા છે. તેના દ્વારા સમુદાયના સભ્યો વ્યક્તિગત નાગરિકો કે સમૂહોના પ્રતિનિધિઓના રૂપમાં એકબીજાને મળે છે અને આંતરક્રિયા કરે છે. આનાથી તે સમુદાયના કલ્યાણ-સંબંધિ આવશ્યકતાઓ નક્કી કરીને તે પૂરી કરવાની યોજના બનાવી શકાય અને આવશ્યક સાધનોને તે માટે ગતિશીલ કરી શકાય છે."

**(2) વોલ્ટર ફ્રિડલેન્ડર**

તેમના મતાનુસાર, "સમાજકલ્યાણના સંદર્ભમાં સામુદાયિક સંગઠનની વ્યાખ્યા એક ભૌગોલિક ક્ષેત્રમાં સમાજકલ્યાણની આવશ્યકતાઓ તથા સામુદાયિક કલ્યાણ સાધનો વચ્ચે ક્રમિક અને વધારે સાર્થક સમાયોજન ઉત્પન્ન કરતી સમાજકાર્યની એક પ્રક્રિયાના રૂપમાં કરી શકાય છે."

**(3) બેરી**

તેમના મતાનુસાર, "સમાજકાર્યમાં સામુદાયિક સંગઠન સમુદાયની કલ્યાણકારી

આવશ્યકતાઓ અને સામુદાયિક સાધનો વચ્ચે એક પ્રગતિશીલ અને વધારે પ્રભાવશાળી સમાયોજનની રચના કરવાની અને તેને જાળવી રાખવાની એક પ્રક્રિયા છે.''

**(4) વેન મેકમિલન**

વેન મેકમિલનના મતાનુસાર, ''સામાન્ય અર્થમાં સામુદાયિક સંગઠન, સમુદાય તેના હેતુ અને કાર્યમાં એકરૂપતા લાવી શકે તે માટે ઈરાદાપૂર્વક કરવામાં આવતો પ્રયાસ છે. તેનો પ્રયોગ લોકોને તેની લાક્ષણિકતા અંગેની સ્વીકૃતિ હોય કે ન હોય છતાં એવા પ્રકારે કરવામાં આવે છે જ્યાં તેનો ઉદ્દેશ સામાન્ય કે વિશિષ્ટ લક્ષ્યોની પ્રાપ્તિ માટે બે કે તેથી વધારે સમૂહની ક્ષમતાઓ અને સાધનો એકત્રિત કરવાનો છે.''

**(5) પિટિટ**

તેમના મત અનુસાર, ''સામુદાયિક સંગઠન એટલે લોકસમુદાયને તેની સામાન્ય જરૂરિયાતો ઓળખવામાં અને તે જરૂરિયાતો મેળવવામાં મદદ કરતી પ્રક્રિયા છે.''

આ રીતે વિવિધ લેખકો દ્વારા કરાયેલી વ્યાખ્યાઓ પરથી સ્પષ્ટ થાય છે કે સમુદાયને સેવાની આવશ્યકતા હોય છે. આ પદ્ધતિનો ઉદ્દેશ સમુદાયને એ રીતે સહાય કરવાનો છે કે જેથી લાંબા ગાળે તે સમુદાય પોતેપોતાને મદદ કરવા માટે સમર્થ બની શકે.

## 1.6 સામુદાયિક સંગઠનની પદ્ધતિની ધારણાઓ અને માન્યતાઓ

સામુદાયિક સંગઠન પદ્ધતિ કેટલીક પાયાની ધારણાઓ પર આધારિત છે. રોસ આ ધારણાઓને નીચે મુજબ દર્શાવે છે.

(1) સમુદાયોના લોકો તેમની સમસ્યાઓના હલ માટે પોતાની ક્ષમતાઓનો વિકાસ કરી શકે છે.

(2) લોકો પરિવર્તન ઈચ્છે છે અને તેઓ બદલાઈ પણ શકે છે.

(3) લોકોએ તેમના સમુદાયમાં સમાયોજન સાધવા માટે પરિવર્તનની પ્રક્રિયામાં ભાગીદારી લેવી જોઈએ.

(4) સમુદાયોમાં પરિવર્તન લોકોના પોતાના દ્વારા લાદેલા અને પોતે વિકસાવેલા હોય તો તેનો વધુ અર્થપૂર્ણ છે.

(5) આંશિક-ટુકડામાં વહેંચાયેલા અભિગમોની જગ્યાએ સર્વગ્રાહી અભિગમ દ્વારા વધુ સફળતાથી કાર્ય કરી શકાય છે.

(6) લોકશાહી પ્રક્રિયા માટે સમુદાયની બધી બાબતોમાં સહકાર ભાગીદારી અને ક્રિયાની જરૂર પડે છે. આ શક્ય બને તે માટેની કુશળતા લોકોએ શીખવી જ જોઈએ.

(7) જેમ વ્યક્તિને પોતાની સમસ્યાનો સામનો કરવા માટે અને જરૂરિયાતોની પૂર્તિ કરવા માટે અન્યની મદદની જરૂર પડે છે; તેમ સમુદાયોને તેમની જરૂરિયાતોની પૂર્તિ માટે અને સંગઠિત થવા માટે પણ અન્યની મદદની જરૂર પડે છે.

**માન્યતાઓ :**

સામુદાયિક સંગઠન પદ્ધતિની મૂળભૂત ત્રણ માન્યતાઓ નીચે મુજબ છે.

(1) મૂલ્ય સંબંધિત

(2) પદ્ધતિ સંબંધિત

(3) સામુદાયિક સમસ્યા સંબંધિત

**(1) મૂલ્ય સંબંધિત**

1 વ્યક્તિનું ગૌરવ, નૈતિક ગુણ અને વ્યક્તિત્વ વિકાસ માટે વ્યક્તિગત સ્વાતંત્ર્ય જરૂરી છે.

2 દરેક માનવીએ પોતાની જીવન વ્યવસ્થા માટે શક્તિઓ અને સાધનો પ્રાપ્ત કરવા જરૂરી છે.

3 માનવીએ પોતાના જીવન અને પર્યાવરણમાં સુધારો કરવા માટે સંઘર્ષ અને પ્રયત્નો કરવા જરૂરી છે.

4 દરેક માનવીએ પોતાના જીવન માટેની આવશ્યક જરૂરિયાતો (ખોરાક, રહેઠાણ, વસ્ત્ર) મેળવવાનો હક કે અધિકાર છે.

5 મુશ્કેલીના સમયમાં વ્યકિતને મદદ મેળવાવનો અધિકાર છે.

6 સામાજિક જીવન માટે વ્યક્તિ અને વ્યક્તિની ભાવનાઓ તરફ જવાબદાર હોય તેવા સામાજિક સંગઠનનું મહત્ત્વ છે.

7 વ્યક્તિગત વિકાસ અને પ્રગતિને સતત પ્રોત્સાહિત કરે તેવા પર્યાવરણની જરૂરિયાત.

8 વ્યક્તિને પોતાના સમુદાયના કાર્યોમાં ભાગ લેવાનો હક છે.

9 સ્વ સહાય એ સહાયનો શ્રેષ્ઠ વિકલ્પ છે.

**(2) પદ્ધતિ સંબંધિત માન્યતાઓ :**

૧ વ્યક્તિ પરિવર્તન ઈચ્છે છે અને તે કરી શકે છે.

૨ સમુદાય પોતે જ સમસ્યા સમાધાન માટેની ક્ષમતાનો વિકાસ કરી શકે છે.

૩ વ્યક્તિએ સમુદાયમાં પરિવર્તન લાવવાની પ્રક્રિયા તેમજ તેની સાથે અનુકૂલન સાધવામાં ભાગ લેવો જોઈએ.

૪ સમસ્યાના સમાધાન કે ઉકેલ માટે વાસ્તવિક અને સંપૂર્ણ અભિગમ જરૂરી છે.

૫ વ્યક્તિ પોતાની સમસ્યાને દૂર કરવામાં એકબીજાની મદદ મેળવે છે. તે જ રીતે વ્યક્તિ કે સમુદાય પોતાની જરૂરિયાતને સંતોષવા માટે સંગઠિત થવાની માન્યતા અનુભવે છે.

૬ સામુદાયિક જીવનમાં કુદરતી રીતે આવેલા કે સ્વંય વિકસિત પરિવર્તન વધુ અર્થપૂર્ણ અને સ્થાયી હોય છે.

**(3) સામુદાયિક સમસ્યા સંબંધિત માન્યતાઓ :**

1 સામાજિક પરિવર્તનમાં વ્યક્તિની સક્રિય ભાગીદારીને અવરોધરૂપ પરિસ્થિતિઓ વ્યક્તિગત વિકાસને રોકે છે.

2 શહેરીકરણ અને આધુનિકીકરણે વ્યક્તિની સમુદાય તરફની અમેપણાની ભાવનાને લગભગ નિર્મૂળ કરી નાખી છે.

3 વ્યક્તિ કે સમુદાયને મદદ કરતી સ્વૈચ્છિક સંસ્થાઓને મદદ કરવામાં ન આવે તેમજ નવી સ્વૈચ્છિક સંસ્થાનો વિકાસ કરવામાં ન આવે તો પ્રજાતંત્ર નબળુ પડે છે.

4 મોટા સમૂહોના જુદાં જુદાં ક્ષેત્રોમાં દઢતા વિકસાવવાની પ્રવૃત્તિ સામાજિક તણાવ ઉત્પન્ન કરે છે.

5 ઔદ્યોગિકીકરણની સામાજિક સંબંધો પર હકારાત્મક કે નકારાત્મક અસર પડે છે. તેને

ધ્યાનમાં લીધા વિના શહેરીકરણ અને ઔદ્યોગિકીકરણને મહત્ત્વ આપવાની સામાજિક ભાવનાને નકારાત્મક અસર કરે છે.

ઔદ્યોગિકી કરણ અને શહેરીકરણના દ્વારા સામાન્ય મૂલ્યોને વિકસાવવાથી સમસ્યા વધુ જટિલ બને છે

## 1.7 સમાજકાર્યની અન્ય પદ્ધતિઓ સાથેનો સંબંધ કે તફાવત :

વ્યવસાયિક સમાજકાર્યની ત્રણેય પદ્ધતિ લગભગ સમાન છે. સામાજિક વૈયક્તિક કાર્ય પદ્ધતિ તથા જૂથ કાર્ય પદ્ધતિનો ઉદ્દેશ વ્યક્તિ કે સમૂહને પોતાની જાતે મદદ કરવા માટેની ક્ષમતા કેળવવાનો છે. તેવી જ રીતે સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉદ્દેશ પણ સમુદાય પોતે લાંબાગાળે પોતાની સહાય કરવાનો છે.

કાર્ય-પ્રક્રિયાની દૃષ્ટિએ જોઈએ તો સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયામાં વૈયક્તિક તથા જૂથકાર્ય પદ્ધતિની પ્રક્રિયામાં કેટલાંક મૂળભૂત તફાવત છે. વૈયક્તિક કાર્ય પદ્ધતિમાં માત્ર એક વ્યક્તિ વિશેષથી; જ્યારે જૂથ કાર્યપદ્ધતિમાં વ્યક્તિઓના બનેલા એક જૂથ સાથે હોય છે. પરંતુ સામુદાયિક સંગઠન પદ્ધતિમાં કાર્યકર્તા સમગ્ર સમુદાય સાથે કાર્ય કરે છે. જેમાં સમુદાયની સંપૂર્ણ સામાજિક રચના જેવી કે સામાજિક સંસ્થાઓ, રીત-રિવાજો, સામાજિક માન્યતાઓ, સાંસ્કૃતિક સ્તર વગેરેનું મહત્ત્વ હોય છે. આ પદ્ધતિની કાર્ય પદ્ધતિ સમાજશાસ્ત્રીય સિદ્ધાંતો પર વધુ આધારિત છે. સામુદાયિક સંગઠનનો ઉદ્દેશ સમુદાયની જુદી જુદી સમસ્યાઓને હલ કરવા માટે લોકોને સામૂહિક રીતે જોડવાનો અને ગતિશીલ કરવાનો છે. સામાજિક વૈયક્તિક કાર્ય, જૂથ કાર્ય તથા સામુદાયિક સંગઠનની પ્રક્રિયામાં લગભગ સમાન સિદ્ધાંતો તથા પદ્ધતિ પ્રયોજવામાં આવે છે. જેમ કે સામાજિક વૈયક્તિક કાર્ય પદ્ધતિમાં વ્યક્તિગત સેવાર્થીનો સ્વીકાર કરવાનો સિદ્ધાંત મહત્ત્વનો છે. ઉપરાંત સેવાર્થી કાર્યકર્તા વચ્ચેનો સંબંધ જે સ્તરે સેવાર્થી હોય ત્યાંથી શરૂઆત કરીને સેવાર્થીને પોતાની સ્થિતિથી જાણકાર કરી સહાયતા આપવાની, નિર્ણય લેવાની પ્રક્રિયા, તેને આત્મનિર્ભર કરવો વગેરે સિદ્ધાંતો સામુદાયિક સંગઠન પદ્ધતિના સંદર્ભમાં પણ તેટલા જ મહત્ત્વના છે. અહીં વ્યક્તિને બદલે સમગ્ર સમુદાયને કેન્દ્રમાં રાખવાનો છે.

સમુદાયને તે જે સ્વરૂપે છે તે જ સ્વરૂપે સ્વીકારવામાં આવે છે. સમુદાયની સાથે તે જે ગતિથી કાર્ય માટે તૈયાર હોય તે જ ગતિથી કાર્ય કરાય છે. સમુદાયની સહાય એ રીતે કરવામાં આવે છે જેનાથી તે પોતાની સમસ્યાનું સમાધાન પોતે કરે. આમ, વૈયક્તિક કાર્યપદ્ધતિના અન્ય સિદ્ધાંત પણ સામુદાયિક સંગઠન પદ્ધતિમાં તેટલું જ મહત્ત્વ ધરાવે છે. સમાજકાર્યના મૂળભૂત માર્ગદર્શક સિદ્ધાંતો તેની ત્રણેય પદ્ધતિમાં સમાન છે.

આમ, સામુદાયિક સંગઠન પદ્ધતિ વ્યવસાયિક સમાજકાર્યની એક પદ્ધતિ છે; તેમાં આંતર જૂથ પ્રક્રિયા છે. સામુદાયિક સંગઠન પદ્ધતિ એ સમાજકાર્યની નૂતન અભિલાષા છે અને તેનામાં સામાજિક સમસ્યાને રોકવાની અને તેનું સમાધાન કરવાની ક્ષમતા છે. તે સમુદાયમાં સામાજિક સમસ્યાને ઉકેલવામાં મદદ કરે છે અને સમુદાયનાં શક્ય સાધનોને ભેગાં કરીને તેના નિવારણમાં ઉપયોગી બને છે. આ રીતે તે સંપૂર્ણ સમુદાયને મજબૂત કરે છે અને તેના સભ્યોના જીવનને સમૃદ્ધ બનાવે છે.

## 1.8 સામુદાયિક વિકાસ અને સામુદાયિક સંગઠન

સામુદાયિક વિકાસ એક પ્રક્રિયા છે. તેના દ્વારા સામાન્ય રીતે આર્થિક તથા સામાજિક ઉન્નતિ માટે પ્રયાસ કરવામાં આવે છે. સમુદાય જાતે જ આ ઉપાયો કરે છે. તેથી આર્થિક તથા

સામાજિક સ્થિતિમાં સુધારો થઈ શકે. સામુદાયિક વિકાસમાં માનવ કલ્યાણ માટે બે પ્રકારની શક્તિઓ એક થવી આવશ્યક છે. આ શક્તિઓ આ પ્રમાણે છે,

(1) સહયોગ, પોતે પોતાને મદદ કરવી, સમસ્યાઓ તથા તેના ઉપાયો આત્મસાત્ કરવાની યોગ્યતા.

(2) સામુદાયિક તથા આર્થિક ક્ષેત્ર સાથે સંબંધિત તકનિકી જ્ઞાનની ઉપલબ્ધતા.

સામુદાયિક વિકાસ અને સામુદાયિક સંગઠન વચ્ચે પાયાનો તફાવત છે. સામુદાયિક વિકાસ કાર્યક્રમ દ્વારા આર્થિક વિકાસ માટે લોકો વચ્ચે ચલાવવામાં આવે છે. તેમાં લોકોની ભૌતિક અને આર્થિક સ્થિતિ સુધારવા પર ભાર મૂકવામાં આવે છે. આ માટે સરકાર દ્વારા સેવાઓ પ્રદાન કરવામાં આવે છે.

સામુદાયિક સંગઠન પોતે કાર્યક્રમ નથી; પરંતુ કાર્ય પદ્ધતિ છે, પ્રક્રિયા છે તેના વડે સમુદાયને અનુભવાતી જરૂરિયાતો અને સમુદાયમાં પ્રાપ્ય સંસાધનો વચ્ચે સમયોજન સાધવાનો પ્રયાસ કરવામાં આવે છે. સમુદાયના એકીકરણ તેમજ પરસ્પર સહયોગ પર વધારે ભાર મૂકવામાં આવે છે. સામુદાયિક સંગઠનનો ઉપયોગ સરકારી અને સ્વૈચ્છિક એમ બંને પ્રકારે થતો હોય છે; જ્યારે સામુદાયિક વિકાસના કાર્યક્રમો મહ્દઅંશે સરકારી હોય છે. સામુદાયિક સંગઠનના કાર્યક્રમ લોકો વડે સામુદાયિક કાર્યકર્તાની મદદથી ચલાવવામાં આવે છે. સામુદાયિક વિકાસના કાર્યક્રમ વિકસતા દેશોમાં ભૌતિક અને આર્થિક વિકાસ માટે ચલાવવામાં આવે છે. સામુદાયિક સંગઠનના કાર્યક્રમ સહયોગપૂર્ણ મનોવૃત્તિ તેમજ વિકસિત કરવા તેમજ જીવનને સામાજિક રીતે સુખી વ્યવહારોને અને સ્વ આધારિત બનાવવા માટે ચલાવવામાં આવે છે.

## 1.9 ઉપસંહાર

આ એકમમાં આપણે સમાજકાર્યની જુદી જુદી પદ્ધતિઓમાં સામુદાયિક સંગઠન પદ્ધતિની વિભાવના, તેની માન્યતાઓ- ધારણાઓ તેમજ સમાજકાર્યની અન્ય પદ્ધતિઓ સાથેનો સંબંધ સમજવાનો પ્રયત્ન કર્યો.

સામુદાયિક પદ્ધતિના ઉપયોગ દ્વારા સામુદાયિક ક્ષેત્રના પ્રશ્નોના ઉકેલ લાવવામાં આ પદ્ધતિના સંશોધનનો ઉપયોગ કરી સમુદાયના કલ્યાણ અને સામાજિક સમાયોજન સાધવાની પદ્ધતિ છે. સામાજિક કાર્યકર, કાર્યકારી કે ભૌગોલિક સમુદાયની સમસ્યાઓના નિવારણ માટે સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરીને સમુદાયનું સંગઠન જાળવે છે.

ટૂંકમાં, આ એકમમાં સમુદાય અને સામુદાયિકતા સંગઠન પદ્ધતિની મૂળ વિભાવનાઓ અંગે મૂળભૂત (પાયાની) સમજ પૂરી પાડે છે.

## 1.10 આપની પ્રગતિ ચકાસો

(1) સમુદાયના કાર્યોમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) ઉત્પાદન (B) ભાગીદારી

(C) સામાજીકરણ (D) શ્રમવિભાજન

(2) સામુદાયિક સંગઠન એટલે લોકસમુદાયને તેની સામાન્ય જરૂરિયાતો ઓળખવામાં અને તે જરૂરિયાત મેળવવામાં મદદ કરતી પ્રક્રિયા છે - આ વ્યાખ્યા કોણે આપી.

(A) ગીબ્સ (B) બર્ગેન

(C) પીટીટ (D) મેકમિલન

(3) વ્યાવસાયિક સમાજકાર્યની મુખ્ય પદ્ધતિઓ કેટલી છે ?

(A) પાંચ (B) ત્રણ

(C) ચાર (D) છ

(4) વ્યક્તિ પરિવર્તન ઈચ્છે છે અને તે કરી શકે છે તેનો નીચેનામાંથી કઈ માન્યતામાં સમાવેશ થાય છે ?

(A) કાર્ય સંબંધી (B) પદ્ધતિ સંબંધી

(C) સિદ્ધાંત સંબંધી (D) મૂલ્ય સંબંધી

(5) સામિદાયિક ભાવ ઉભો થવા માટે કેટલી બાબતો જરૂરી છે ?

(A) પાંચ (B) સાત

(C) ત્રણ (D) ચાર

(6) સમુદાયના કુલ કાર્યો કેટલા છે ?

(A) બે (B) નવ

(C) સાત (D) પાંચ

(7) સ્વ-સહાય એ સહાયનો શ્રેષ્ઠ વિકલ્પ છે તેનો નીચેનામાંથી કઈ માન્યતામાં સમાવેશ થાય છે ?

(A) મૂલ્ય સંબંધિત (B) સિદ્ધાંત સંબંધિત

(C) પદ્ધતિ સંબંધિત (D) કાર્ય સંબંધિત

(8) સામુદાયિક સંગઠનની માન્યતાઓ કેટલી છે ?

(A) નવ (B) પાંચ

(C) આઠ (D) ત્રણ

## 1.11 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) શ્રમવિભાજન
2. (C) પીટીટ
3. (B) ત્રણ
4. (D) મૂલ્ય સંબંધી
5. (C) ત્રણ
6. (D) પાંચ
7. (A) મૂલ્ય સંબંધિત
8. (D) ત્રણ

## 1.12 ચાવીરૂપ શબ્દો (Key words)

• સમુદાય (Community) :- સમાજનો એક ભાગ.

• ધારણાઓ (Assumption) :- જે તે વિષયવસ્તુના સંદર્ભમાં રહેલી માનેલી કે સ્વીકારી લીધેલ વાત

- સામાજિક નિયંત્રણ (Social control):- જે તે સમાજના માળખા મુજબ તેના પોતાના વર્તનના ધોરણો કે નિયમો બનાવેલા હોય છે તે મુજબ વર્તવું. જેમાં વ્યક્તિએ પ્રસ્થાપિત ધોરણો કે નિયમોના નિયંત્રણમાં રહી તેનું પાલન કરવાનું હોય છે.
- ભાગીદારી (Participation) :- જોડાણ.
- સામાજિકરણ (Socialization) :- જૈવિક વૃત્તિઓ સાથે જન્મેલો બાળકનું સામાજિક વ્યક્તિ તરીકે ઘડતર કરવા સમાજના ધોરણો અને નિયમો મુજબનું વ્યક્તિમાં આંતરિકીકરણ કરતી પ્રક્રિયા.
- પાસા (Aspect) :- સમુદાયના જુદા જુદા પાસા અથવા ભાગ

## 1.13 સ્વાધ્યાય લેખન

1. સમુદાયનો અર્થ અને પ્રકારો વિશે વિસ્તૃતમાં સમજાવો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

2. સામુદાયિક સંગઠનની વિભાવના અને માન્યતાઓની વિગતે સમજૂતી આપો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

3. સામુદાયિક વિકાસ અને સામુદાયિક સંગઠન વિશે નોંધ લખો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

4. સમુદાયના કાર્યોની આલોચનાત્મક ચર્ચા કરો.

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

.......................................................................................................

## 1.14 પ્રવૃત્તિ

1. સમુદાય અંગે જણાવી તેના પ્રકારોને ચાર્ટ પેપરમાં દર્શાવી સમજાવો.
2. સમાજકાર્યની અન્ય પદ્ધતિઓ સાથેના સંબંધ તરીકે સમુદાયને તમારા મંતવ્યો મુજબ મૂલવો.
3. સામુદાયિક સંગઠનની માન્યતાઓ અને ધારણાઓને તમારા વિચારોના આધારે સમજાવો.

## 1.15 કેસસ્ટડી

1. કોઈપણ સમુદાયમાં સામુદાયિક ભાવના બની રહે તે માટે જરૂરી તત્ત્વોની નોંધ કરો.
2. સામુદાયિક સંગઠનના આધારે સમુદાયના પ્રકારોને ક્ષેત્રકાર્યના અર્થમાં સમજાવો.

## 1.16 સંદર્ભગ્રંથ


1. Friedlander, W.A., Introduction to Social Welfare, Prentice Hall, New York, 1955.
2. Lane Robert P.The Field of Community Organization, quoted in Harper and Dunham (ed) op.cit.
3. National Association of Social Workers (U.S.A.) Defining Community Organization Practice, 1962.
4. ડૉ. સુરેન્દ્રસિંહ અને ડૉ.પી.ડી.મિશ્રા, સમાજકાર્ય : ઈતિહાસ અને દર્શન એવં પ્રણાલિયાં, ન્યુ રોયલ બુક કંપની, લખનઉ 1998
5. ડૉ. ગીતા ચાવડા, સામુદાયિક સંગઠન (વ્યાવસાયિક સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિ) રન્નાદે પ્રકાશન , અમદાવાદ 2011

# એકમ-2 સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો અને કૌશલ્યો

## એકમનું માળખું

2.0 એકમના હેતુઓ
2.1 પ્રસ્તાવના
2.2 સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉદ્ભવ અને સ્વરૂપ
2.3 સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો
2.4 સામુદાયિક સંગઠન પદ્ધતિના કૌશલ્યો
2.5 સામુદાયિક સંગઠન પદ્ધતિનું મહત્ત્વ અને જરૂરીયાત
2.6 ઉપસંહાર
2.7 આપની પ્રગતિ ચકાસો
2.8 આપની પ્રગતિ ચકાસોના જવાબો
2.9 ચાવીરૂપ શબ્દો
2.10 સ્વાધ્યાય લેખન
2.11 પ્રવૃત્તિ
2.12 કેસસ્ટડી
2.13 સંદર્ભસૂચિ

## 2.0 એકમના હેતુઓ

આ એકમમાં સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉદ્ભવ અને તેનું સ્વરૂપ તેમજ આ પદ્ધતિના અસરકારક અમલ માટે તેના મહત્ત્વના સિદ્ધાંતો અને કૌશલ્યો તેમજ તેની સાથેનો સંબંધ સમજી શકાશે. આ એકમમાં નીચેની બાબતો અંગે સ્પષ્ટતા મળી શકશે.

- સામુદાયિક સંગઠન પદ્ધતિનું સ્વરૂપ
- સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો
- સામુદાયિક સંગઠન પદ્ધતિના કૌશલ્યો
- સામુદાયિક સંગઠન પદ્ધતિની જરૂરિયાત

## 2.1 પ્રસ્તાવના

સમાજકાર્યનો મુખ્ય ધ્યેય જરૂરિયાતમંદ કે સમસ્યાગ્રસ્ત લોકોની સમસ્યા અને તેમની સામાજિક વર્તણૂંકોને વધુ અસરકારક બનાવવાનો છે. આ ધ્યેય પ્રાપ્ત કરવા માટે સમાજકાર્યમાં જુદાં જુદાં પરિબળો અને સંસાધનોને વ્યક્તિ, જૂથ કે સમુદાયના સ્તરે પહોંચાડવાનો પ્રયત્ન કરે છે. સમાજના નબળા અને મુશ્કેલીમાં મૂકાયેલા જૂથો કે સમુદાયની કલ્યાણની જરૂરિયાતોને પહોંચી વળવા કોઈપણ ભૌગોલિક કે કાર્યકારી સમુદાયને તેના પોતાના સંસાધનો પ્રાપ્ય છે,

પરંતુ આ સંસાધનોનો વ્યવસાયિક અભિગમથી ઉપયોગ કરતી વખતે તેનું સ્વરૂપ તેમજ તેના સિદ્ધાંતોનો સારી રીતે ઉપયોગ કરવો જરૂરી બને છે.

પ્રસ્તુત એકમમાં સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉદ્ભવ,જરૂરિયાત, તેમજ સમુદાયના કલ્યાણ માટેની પ્રવૃત્તિઓ અને તે માટેના આયોજનની જુદી જુદી સેવાઓ પૂરી પાડવાની પદ્ધતિઓ અને તે માટેના કૌશલ્યો અંગેની સમજૂતી આપવામાં આવી છે.

## 2.2 સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉદ્ભવ અને સ્વરૂપ

'સામુદાયિક' શબ્દ માનવસમાજ જેટલો જ જૂનો છે. માનવજીવનની શરૂઆતથી માનવી સામુદાયિક જીવન જીવતો આવ્યો છે. કોઈપણ સ્થળે લોકો સમુદાયમાં વસે છે. ત્યાં સંગઠન અનિવાર્ય પણે ઉદ્ભવે છે; પરંતુ જ્યારે સમુદાયના સભ્યોમાં નવા નવા પરિબળોને કારણે પરિવર્તન શરૂ થાય છે ત્યારે સામુદાયિક જીવન મુશ્કેલીભર્યું કે જટિલ બની જાય; ત્યારે આવી પરિસ્થિતિમાં સમુદાયના કલ્યાણ માટે કેટલાક ઔપચારિક સંગઠનની જરૂરિયાત ઊભી થાય છે. ઈ.સ. 1880માં અમેરિકાના બફેલો શહેરમાં ચેરિટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી (દાન સંગઠન સમિતિ) ની સ્થાપના આધુનિક સામુદાયિક સંગઠનનો મુખ્ય પાયો છે. જેમાં દાન અથવા સહાય આપવાવાળી સંસ્થાઓ જાણી શકે કે કોને કેવા પ્રકારની મદદની જરૂરિયાત છે. ઈંગ્લેન્ડનો એલિઝાબેથના નિર્ધન કાયદો (Poverty law) સમાજકાર્યનાં ક્ષેત્રમાં મહત્ત્વનો પ્રયાસ છે. દાન સંગઠન સમિતિનો મુખ્ય ઉદ્દેશ એક ક્ષેત્રની દાન આપતી તમામ સંસ્થાઓ વચ્ચે સહયોગ સ્થાપવાનો તેમજ તેમના પ્રયત્નોમાં એકરૂપતા લાવવાનો હતો.

સેટલમેન્ટ હાઉસનું આંદોલન સામુદાયિક સંગઠનનું બીજું સોપાન હતું. જેમાં લોકોની જરૂરિયાતની પૂર્તિ વધુ સારી રીતે થઈ શકે તે માટે સામાજિક કાયદા અને રાજકીય ક્રિયાઓનો ઉપયોગ કરવાની ટેક્નિક વિકસાવી.

અમેરિકામાં 'રેડક્રોસ ગૃહસેવા' કાર્યક્રમ ચલાવવામાં આવ્યો. જેનું સ્વરૂપ વ્યવસાયિક સમાજકાર્ય જેવું જ હતું. આ દરમ્યાન અન્ય સંસ્થાઓ જેવી કે વોરચેસ્ટ, કોમ્યુનિટી કાઉન્સિલ, નેશનલ વેલફેર રાઈટ્સ ઓર્ગેનાઈઝેશન, યંગમેન્સ અને યંગ વિમેન્સ ક્રિશ્ચિયન એસોસિયેશન, ગર્લ ગાઈડ, બોયઝ સ્કાઉટ્સ વગેરે કાર્યક્રમો અને જુદાં જુદાં મજૂર સંગઠનો શરૂ થયા.

સમાજકાર્યના સમુદાય સંગઠન શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ વિશેષ ક્ષેત્ર તરીકે 1920માં થયેલો જોવા મળે છે. 1939માં ભરાયેલ નેશનલ કોન્ફરન્સ ઓન સોશિયલ વર્કમાં સામુદાયિક સંગઠન વિશે એક પ્રક્રિયા તરીકે ચર્ચા થઈ અને સેમિનાર પછી બહાર પડેલ લેન કમિટી(Lane Report) ના રિપોર્ટમાં સામુદાયિક સંગઠનને સમાજકાર્યના એક ક્ષેત્ર તરીકે ઓળખ મળી.

પશ્ચિમમાં સામુદાયિક સંગઠન પદ્ધતિના ઉદ્ભવ માટે ફંડ-ફાળા, દાન-સખાવત આધારિત સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ જવાબદાર હતી તે દૃષ્ટિએ ભારતમાં તો આ બધી પ્રવૃત્તિઓના મૂળ ઘણાં જૂના છે. નગર શેઠ, રાજા, જાગીરદાર જુદાં જુદાં ધાર્મિક મંડળો, જ્ઞાતિના મંડળો અને આર્થિક રીતે સંપન્ન અન્ય લોકો દ્વારા દાન-ફંડ કે સખાવતી કાર્યો ચાલતા આવ્યાં છે અને ચાલી પણ રહ્યાં છે. ભારતીય સમાજમાં ઔપચારિક સંગઠન અને અનૌપચારિક સંગઠનો સમાજમાં લોકોની જરૂરિયાતોની પૂર્તિ માટે વધુ કાર્યરત છે. સમાજસુધાર આંદોલનો, સ્વતંત્રતા આંદોલનો અનેક ડાબેરી ચળવળો વગેરે છે. આમ, સ્વૈચ્છિક સમાજકાર્યનો લાંબો ઈતિહાસ ભારતમાં છે.

**સામુદાયિક સંગઠન પદ્ધતિનું સ્વરૂપ-ક્ષેત્ર**

વ્યવસાયિક સમાજકાર્યની એક પદ્ધતિ તરીકે સામુદાયિક સંગઠન પદ્ધતિ ઘણી જ અગત્યની છે. સામુદાયિક સંગઠન પદ્ધતિનો વ્યાપ ઘણો વિશાળ છે. આ પદ્ધતિનો ઉપયોગ સભાન કે અસભાન રીતે જુદાં જુદાં ક્ષેત્રોમાં થઈ રહ્યો છે. જેમ કે રાજકારણ, કળા, શિક્ષણ, આર્થિક જીવન વગેરે. હાલના સમાજમાં વધી રહેલ ઔદ્યોગિકીકરણ અને શહેરીકરણના કારણે સામુદાયિક જીવન સામે જે ભયો ઊભા થયાં છે તેને કારણે સામુદાયિક સંગઠનનું મહત્ત્વ વધી ગયું છે, કારણ કે સામુદાયિક સંગઠન પદ્ધતિમાં સમુદાયની જરૂરિયાતો પૂરી કરવા તરફ અને સમુદાયમાં સંગઠન વિકસાવવા માટેના પ્રયત્નો થાય છે.

આમ છતાં સામુદાયિક સંગઠન પદ્ધતિ એ સમાજકાર્યની નવી અભિલાષા છે અને તેમાં સામાજિક સમસ્યાને રોકવાની અને તેનું સમાધાન કરવાની ઘણી મોટી ક્ષમતા છે. તે સામાજિક સમસ્યાને સમજવામાં મદદ કરે છે અને સમુદાયમાં ઉપલબ્ધ સંસાધનોને ગતિશીલ કરી સમસ્યા નિવારણની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. આ રીતે સંપૂર્ણ સમુદાયને મજબૂત કરે છે અને તેના સભ્યોના જીવનને સમુદ્ધ કરે છે. તે એક આંતરજૂથ પ્રક્રિયા છે.

સમુદાયમાં કલ્યાણ સંબંધિત અનેક પ્રકારની પ્રવૃત્તિઓ થતી હોય છે. જેમ કે આયોજનની જુદી જુદી સેવાઓ પૂરી પાડવી, નાણા એકત્રિત કરવા, જાગૃતિ ફેલાવવી, કોઈપણ ક્રિયાને વિકસાવવી, સામાજિક સંબંધો સુધારવા, સામાજિક સંઘર્ષો ઘટાડવા, અભાવગ્રસ્ત અને છેવાડે મૂકાયેલા લોકોની સ્થિતિ સુધારવી, સમાન પ્રશ્નો માટે કાર્ય કરવા લોકોની ભાગીદારી અને ક્ષમતા વધારવી વગેરે. એવી અનેક વિભાવનાઓ અને ક્રિયાઓ છે. જે સમુદાય સાથેના ઉપરોક્ત કાર્યો સાથે સંકળાયેલી છે.

## 2.3 સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો

કોઈપણ વ્યવસાયિક વિદ્યાશાખાનાં કેટલાંક માગદર્શક સિદ્ધાંતો હોય છે. સિદ્ધાંતો એ પ્રવૃત્તિને કોઈ ખાસ દિશામાં લઈ જવા માટેના માર્ગદર્શક નિયમો છે. સમાજ કાર્યકર સફળતાપૂર્વક વ્યવસાયના મૂળભૂત તત્ત્વદર્શનને આધારે વ્યવહાર કરી શકે તે માટે આ સિદ્ધાંત સંદર્ભ માટેની એક રૂપરેખા દોરે છે. આ સિદ્ધાંતો વિભન્ન પ્રકારના લોકોએ જુદાં જુદાં સમયાંતરે જુદાં જુદાં પ્રકારની પરિસ્થિતિઓમાં સામુદાયિક સંગઠનના અમલના સતત થતા અનુભવોમાંથી તારવ્યા છે. તે અનુભવ આધારિત હોવાથી તે સામુદાયિક સંગઠનના સફળ અમલ માટેનું વ્યવહારિક ઉદાહરણ રજૂ કરે છે. તેથી સિદ્ધાંતો જડ નથી. તેમાં સુધારા વધારા ઉમેરાને હંમેશા અવકાશ રહે છે. આ સિદ્ધાંતો સમાજ કાર્યકર માટે પણ માત્ર જાણ પૂરતા નથી; પરંતુ તેને આત્મસાત કરવા જરૂરી છે. આ માટે સૈદ્ધાંતિક જ્ઞાનને ક્ષેત્રમાં ચકાસવું પડે. અનુભવનું જ્ઞાન જ કાર્યકરના વર્તનમાં આ સિદ્ધાંતોને સહજ રીતે વિકસાવતું હોય છે. સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો નીચે મુજબ દર્શાવી શકાય.

### (1) સ્વીકૃતિનો સિદ્ધાંત

સમુદાયમાં કાર્ય કરતાં સામુદાયિક સંગઠકે સમુદાયને તે જે સ્થિતિમાં છે તે જ સ્થિતિમાં તેને સ્વીકારવો જોઈએ; તેમજ તે પોતે પણ સમુદાય દ્વારા સ્વીકૃતિ પામે તે જરૂરી છે. સમુદાયને તેણે કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ વિના અને શરત વિના સ્વીકારવો જોઈએ, સમુદાય દ્વારા પોતાનો સ્વીકાર થાય તે માટે તેણે વિભિન્ન સામાજિક-સાંસ્કૃતિક જૂથો અને ઉપજૂથોનો તેના નેતાઓ મારફતે સંપર્ક સાધવો જોઈએ, કાર્યકરે પોતાની ઓળખ સમુદાય સમક્ષ સરળ ભાષામાં રજૂ કરવી જોઈએ, તેને સમુદાયના લોકોના વિકાસ અને કલ્યાણમાં ખરેખર રસ છે તે માત્ર શબ્દો

દ્વારા જ નહીં; પરંતુ પોતાના વર્તન દ્વારા પણ સાબિત કરવું જોઈએ, તેને સમુદાય દ્વારા સામનો કરાતી સમસ્યાઓને ઉકેલવા માટે સમુદાયની ક્ષમતા ઉપર તેને પૂરેપૂરો વિશ્વાસ હોવો જોઈએ, તે બહારની વ્યક્તિ હોવા છતાં સમુદાય માટેની આત્મીયતા તેના વાણી-વર્તનમાં વ્યક્ત થવી જોઈએ અને સાથે સાથે તેણે સમુદાય સાથેની લાગણી વિષયક આત્મીયતાને સભાનપણે નિયંત્રણમાં રાખવી જોઈએ. દા.ત. શહેર સમુદાયમાં ગંદા વસવાટમાં રહેતાં લોકોના સમુદાયનું સંગઠન કરવાનું હોય ત્યારે આ પ્રકારના સમુદાયમાં જુદી જુદી જાતિ અને પ્રદેશના લોકો વસવાટ કરતા હોય છે. તેઓ જુદાં જુદાં વ્યવસાય પ્રાપ્તિ ક્ષેત્રોમાં મજૂરીકામ કરતા હોય છે. તેઓમાં સ્વચ્છતાનો અભાવ, આરોગ્ય પ્રત્યેની બેકાળજી, વ્યસન, અનિયમિત જીવન વગેરે હોય છે. સામાજિક સંગઠક જ્યારે આ સમુદાયમાં કામ કરે છે ત્યારે આ સમુદાયની જીવનશૈલી અને લોકો પ્રત્યે કોઈપણ પ્રકારનો પૂર્વગ્રહ રાખ્યા વિના સમુદાય અને લોકો જે સ્વરૂપે અને કક્ષાએ છે તે સ્વરૂપે સ્વીકારી સંગઠકે પોતાનું કાર્ય કરવાનું હોય છે.

**(2) મૂળભૂત જરૂરિયાતો અને ઉપલબ્ધ સાધનોની સમજ વિશેનો સિદ્ધાંત**

સામુદાયિક સંગઠને સમુદાયની જરૂરિયાતો અને સમસ્યાઓ વિશે તેના પોતાના અભિગમને ધ્યાનમાં રાખીને કામ શરૂ ન કરતાં વિવિધ સામાજિક સાંસ્કૃતિક જૂથો અને ઉપજૂથોનો સંપર્ક કરી લોકોની મૂળભૂત જરૂરિયાતો અને તેમની પ્રાથમિકતાઓને સર્વપ્રથમ જાણવી જોઈએ. વિભિન્ન પ્રકારના વિભાગોના તારણો અલગ તારવ્યા પછી તેણે એવી મૂળભૂત જરૂરિયાતોને પ્રાથમિકતા આપવી જોઈએ કે જેમાં બધાને સામાન્ય રસ હોય અને જેમાં સમાન હિત સંકળાયેલું હોય અથવા તો મોટાભાગના સમુદાયના ભાગો તેની સાથે સંકળાયેલા હોય. તેણે સમુદાયમાં અથવા સમુદાયની બહાર એવા ઉપલબ્ધ સ્રોતોની તપાસ કરવી જોઈએ કે જે તાત્કાલિક ઉપલબ્ધ હોય અથવા થોડાં સમય પછી પણ ઉપલબ્ધ થઈ શકે તેમ હોય. સામાન્ય રીતે જ્યાં સમસ્યાઓ હોય છે ત્યાં તેના ઉકેલ માટેના સંસાધન અને સ્રોત પણ ઉપસ્થિત હોય છે. પ્રશ્ન માત્ર તેને યોગ્ય પ્રકારે શોધી કાઢવાનો છે. દા.ત. આદિવાસી વિસ્તારમાં સ્ત્રીઓ માટેની શાળા શરૂ કરવી હોય ત્યારે તે સમુદાયના આગેવાન વ્યક્તિનો સંપર્ક કરી તેમને સમુદાયમાં સ્ત્રી શિક્ષણની જરૂરિયાત છે કે કેમ તે સમજવું જોઈએ. તેમજ આદિવાસી સમુદાયમાં શાળા શરૂ કરવા માટેના ઉપલબ્ધ સાધનો કે સ્રોતો છે કે કેમ તેમજ આ સાધનો લાંબા સમય સુધી જરૂરિયાત પૂરી કરી શકે છે કે કેમ? તેમજ ભવિષ્યમાં ક્યા સ્રોતો કે સાધનો ઉપલબ્ધ કરવા પડશે તેની માહિતી અને આયોજન કાર્યકરે કરવું અનિવાર્ય છે.

**(3) વૈયક્તિકરણનો સિદ્ધાંત**

સમુદાયની મૂળભૂત જરૂરિયાતોને તપાસ્યા બાદ સામુદાયિક સંગઠકે તેના પ્રયત્નો વિશેષ પ્રકારના સામાજિક સાંસ્કૃતિક જૂથો અને ઉપજૂથો તરફ પ્રેરવા જોઈએ. આવા જૂથોને તેમની નબળી અને નિઃસહાય પરિસ્થિતિને કારણે ખૂબ જ કાળજી અને વિશેષ ધ્યાનની જરૂર છે. તેણે અમુક ચોક્કસ પ્રકારનાં અવરોધો અને મુશ્કેલીઓનો સામનો કરતાં સમસ્યાગ્રસ્ત જૂથોને ઓળખવાનો પણ પ્રયત્ન કરવો જોઈએ. આ પ્રકારની ઓળખ બાદ સામુદાયિક સંગઠકે આવાં નબળાં નિઃસહાય તેમજ સમસ્યાગ્રસ્ત જૂથોને સમુદાયના બીજા ભાગ સાથે સાંકળવા અને તેમને મુખ્ય પ્રવાહમાં ભેળવવા માટે ખાસ આયોજન અને કાર્યક્રમ તૈયાર કરવા જોઈએ.

સામુદાયિક સંગઠનનું કાર્ય કરતી વખતે કાર્યકર્તાએ સમુદાય તરફ વિષયાત્મક કે વ્યક્તિલક્ષી દૃષ્ટિકોણ ન રાખતાં વસ્તુલક્ષી અભિગમ અપનાવીને સમુદાયને વિશેષ ઓળખ પૂરી પાડવાની છે. તેણે સમુદાયની વાસ્તવિક પરિસ્થિતિ તેમજ તેના સામાજિક વ્યવહારો અને

ધારાધોરણોને આધારે સમુદાયને અન્ય સમુદાય કરતાં તે કેવી રીતે જુદા પડે છે તેનાથી સભાન બનાવવાનો છે. આવી વિશિષ્ટ ઓળખને કારણે સમુદાય એક નવી દૃષ્ટિ પ્રાપ્ત કરે છે. દા.ત. એક જ પ્રદેશમાં વસતા બે સમુદાયોની જરૂરિયાત જુદી જુદી હોય છે. જેમ કે ઔદ્યોગિક ક્ષેત્રના કામદારો તેમજ છૂટક મજૂરી કરતા કામદારો બંને કામદારો હોવા છતાં તેમનાં સામાજિક અને આર્થિક જીવનધોરણ તેમજ તેમની જરૂરિયાત અને તેને પૂરી કરવાના માંગો જુદી હોવાથી તેમની વૈયક્તિક અલગ ઓળખને ધ્યાનમાં રાખીને ધ્યેય નિશ્ચિત કરવાના હોય છે.

**(4) સમુદાયનો સ્વનિર્ણયનો સિદ્ધાંત**

સામુદાયિક સંગઠકે તેના કામના દરેક તબક્કે પોતાના કાર્યભાર હેઠળના સમુદાયને તેની જરૂરિયાતો, સમસ્યાઓ, સ્રોત તેમજ આયોજન નક્કી કરવા માટે પૂર્ણ સ્વતંત્રતા પૂરી પાડવી જોઈએ. તેણે સમુદાયના લોકોમાં સામુદાયિક જીવનનાં વિવિધ પાસાં સંદર્ભે પોતાનો દૃષ્ટિકોણ ન લાદતાં તેમને પોતાના ભવિષ્યનો નિર્ણય કરવા માટે પ્રેરણા આપવી જોઈએ અને તેઓ જાતે જ પોતાના નિર્ણયો લેતાં થાય તેવું વાતાવરણ પૂરું પાડવું જોઈએ. આ એક ખૂબ જ કૌશલ માગી લેતું કાર્ય છે. દા.ત. કોઈ ગ્રામીણ ક્ષેત્રમાં સંગઠનનું કામ કરતી વખતે તે ગામના વિકાસની જરૂરિયાત શું છે તેની યાદી બનાવવી પડે છે તે મુજબ શાળા, આરોગ્ય કેન્દ્ર, પાણીની ટાંકી વગેરે જરૂરિયાત છે. સમુદાયના જૂથો ઉપજૂથોના પ્રતિનિધિ ભેગા થઈને પોતાના સમુદાયની જરૂરિયાતની પ્રાથમિકતા નક્કી કરી સ્વનિર્ણય ને જ પ્રાથમિકતા આપે છે.

**(5) મર્યાદામાં મુક્તિનો સિદ્ધાંત**

સામુદાયિક સંગઠને લોકોના સામાન્ય રસને ખાસ કાળજી અને વિશેષ ધ્યાનની જરૂરિયાત ધરાવતા સમુદાયના અમુક વિશિષ્ટ હિતને નુકસાનકારક નિર્ણય ન લેવાઈ જાય તે માટે નિર્ણય લેવાની પ્રક્રિયામાં માર્ગદર્શન આપવું જોઈએ. કાર્યકર્તાએ સમુદાયના નિર્ણયો લેવાની પ્રક્રિયા વખતે એ ધ્યાન રાખવું અત્યંત અનિવાર્ય બને છે કે સમુદાયનો કોઈપણ નિર્ણય સમગ્ર સમુદાયને કે સમુદાયના અન્ય લોકોને નુકસાનકારક ન હોવો જોઈએ. સમુદાય ક્યારેક વગર વિચાર્યે, ઝનૂન કે વધુ પડતા આત્મવિશ્વાસથી ભૂલભરેલો નિર્ણય લેવા ઈચ્છે ત્યારે ખૂબ કુનેહપૂર્વક આવી ઘડી ટાળવામાં સામુદાયિક કાર્યકરે મહત્વપૂર્ણ ભૂમિકા નિભાવવાની હોય છે. અહી તેણે પોતાના વ્યક્તિગત અભિપ્રાયને બાજુએ રાખી સમુદાયના હિતને ધ્યાનમાં લઈ મક્કમતાપૂર્વક નીડર દોરવણી પૂરી પાડવી જોઈએ.

સમુદાય નિર્ણય લે ત્યારે કાર્યકર્તાએ એ વાતનું ખાસ ધ્યાન રાખવું જોઈએ કે સમુદાય દ્વારા કોઈક જોખમી અથવા અવળો નિર્ણય ન લેવાઈ જાય અથવા સમુદાયમાંથી કોઈક નિહિત રસ ધરાવતી વ્યક્તિ એક જૂથ બનાવી પોતાનો ફાયદો હોય તેવો નિર્ણય ન કરાવી લે. જ્યારે આવું બને ત્યારે સમુદાયને પોતાનો સ્વ નિર્ણય કરવાનો અધિકાર હોવા છતાં કાર્યકર્તાએ પોતાની કુશળતાનો ઉપયોગ કરી સમુદાયના આગેવાન અને પ્રભાવશાળી વ્યક્તિને સમજાવી આવો નિર્ણય લેતાં અટકાવી મર્યાદામાં મુક્તિના સિદ્ધાંતનું પાલન કરાવવું અનિવાર્ય બને છે.

દા.ત. કોઈ સમુદાયમાં એક જૂથ કે કેટલાંક લોકો એવું નક્કી કરે કે અમારા ખેતરની એવી હોય કે ચેક ડેમ અન્ય કોઈ જગ્યાએ બનવાથી સમગ્ર સમુદાયને વધુ ફાયદો થાય તેમ હોય ત્યારે સંગઠકે સમુદાયની શક્તિશાળી અને પ્રભાવશાળી (dominant) વ્યક્તિને આ નિર્ણયમાં હસ્તક્ષેપ કરાવી સમુદાયના હિતમાં યોગ્ય નિર્ણય લઈ સમુદાયને આપેલી મુક્તિ કે સ્વતંત્રતા ઉપર મર્યાદા કે નિયંત્રણ મૂકવું પડે છે.

### (6) બાહ્ય સહાનુભૂતિ નહિ, આંતરિક તાદાત્મયનો સિદ્ધાંત

સામુદાયિક સંગઠકે સમુદાયની કેટલીક અણગમતી જરૂરિયાતો અને સમસ્યાઓની સાથે ભળી જઈને દયા અને કરુણા ન અનુભવવી જોઈએ. તેના કરતાં તેણે સમુદાયની નાડ પારખીને તેમાં સમુદાય જે પ્રકારે સુખ અને દુઃખ, પ્રશંસા કે નારાજી અનુભવે છે તે રીતે તેને અનુભવવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેમજ તેની જુદી જુદી પરિસ્થિતિઓનું હેતુલક્ષી પૃથક્કરણ કરવું જોઈએ અને પોતાની લાગણીઓને કોઈપણ સાથે સાંકળ્યા વગર જરૂરી તારણો કાઢવાં જોઈએ. કોઈપણ નિર્ણય લેવાનો હોય ત્યારે તે સામુદાયિક જીવનને લગતી હેતુલક્ષી હકિકતો અને રક્ષિત મૂલ્યોને ધ્યાનમાં રાખીને કાર્યકર દ્વારા નહીં; પરંતુ, સમુદાય દ્વારા લેવાવો જોઈએ.

### (7) સ્થિતિસ્થાપક કાર્યરત સંગઠનનો સિદ્ધાંત

સમુદાયની વિવિધ જરૂરિયાતો અને સમસ્યાઓ ઉકેલવા માટે વિવિધ સામાજિક-સાંસ્કૃતિક જૂથો અને ઉપજૂથોના ઔપચારિક અને અનૌપચારિક નેતાઓને સામુદાયિક સંગઠકે તેઓના મંડળ કે સંગઠનમાં સમાવવા જોઈએ. આવા નેતાઓ સમુદાયની અંદર રહીને કે બહારથી પણ સમસ્યાઓ કે જરૂરિયાતો હલ કરવા માટે માર્ગદર્શન પુરૂં પાડવા જરૂરિયાત પ્રમાણે કામચલાઉ કે કાયમી ધોરણે સમુદાયમાં દાખલ થઈ શકે; પરંતુ જે લોકો સમસ્યાોને ઉકેલવા માટે સક્ષમ ન હોય અથવા સમસ્યાઓ ઉકેલવામાં રસ ન દાખવતા હોય અને માત્ર નિષ્ક્રિય વ્યવહાર જ રાખતા હોય અથવા સમસ્યાઓનો ઉકેલ લાવવાને બદલે તેને વકરાવતા હોય તેઓ તો આવા નેતાઓ સંગઠનથી દૂર રહે તે જ સારું છે.

સમુદાયનું નેતૃત્વ એવા લોકોના હાથમાં આવવું જોઈએ કે જે લોકોનો સ્વીકાર સમુદાયના મોટાભાગના સભ્યો દ્વારા થતો હોય. વ્યક્તિગત સ્વાર્થને ન પોષતાં, પરિસ્થિતિની બદલાયેલી જરૂરિયાતો પ્રમાણે નવા નેતૃત્વને ઉદ્‌ભવવા માટે પણ પ્રેરણા આપવી જોઈએ. સંગઠનના નિયમોમાં એ સ્પષ્ટપણે દર્શાવવું જોઈએ કે નેતૃત્વ ધરાવતાં લોકોએ અમુક ચોક્કસ સમયગાળા પછી તેમનું નેતૃત્વ છોડી દેવું જોઈએ. સંગઠનનું નેતૃત્વ માત્ર શોભા કે દરજ્જો માટે નથી; પરંતુ નક્કર, વ્યવસ્થિત જવાબદારીપૂર્વકની કામગીરી માટે છે. એ સ્પષ્ટતા પહેલેથી દરેકના મનમાં થઈ જવી જોઈએ. જેથી સંગઠન ગતિશીલ અને કાર્યક્ષમ બની રહે. દા.ત. સેવાકાર્ય કરતી કોઈ એન.જી.ઓ.માં તેના નેતૃત્વના સંદર્ભમાં સમયાંતરે ફેરફાર થતા રહે તો તેને કારણે સંગઠનમાં સ્થિતિસ્થાપકતા જળવાઈ રહે છે અને સંગઠનમાં પ્રત્યેક સભ્યને યોગ્ય સમયે નેતૃત્વની તક મળતી રહે છે.

### (8) પ્રગતિકારક કાર્યક્રમનો સિદ્ધાંત

સંગઠકે સંગઠનની જરૂરિયાતો અને સમસ્યાઓને પહોંચી વળવા માટે આયોજિત કરેલો કાર્યક્રમ સમુદાયના લોકોની ક્ષમતાને ધ્યાનમાં રાખીને કરેલો હોવો જોઈએ. કાર્યક્રમ ક્રાંતિકારી કે પડકારજનક હોવાનું આવશ્યક નથી, પરંતુ નિશ્ચિતપણે તે વિકસાત્મક હોવો જોઈએ.

દા.ત. સરકારની જુદી જુદી યોજનાઓ અંતર્ગત ગ્રામીણ સ્ત્રીઓના સમુદાયને સંગઠિત કરવાના ધ્યેય સાથે લક્ષ્ય નક્કી કરવામાં આવે છે. જે માટે મુખ્ય બે બાબતો જરૂરી છે. (1)ગ્રામીણ સ્ત્રીઓના સ્વસહાય જૂથ (Self help group) બનાવી તેમને આર્થિક વ્યવહારો અને વહીવટની જાણકારી આપવી (2)નાણાંની બચત કરતા શીખવી લાંબા સમયે આર્થિક રીતે સ્વનિર્ભર બનાવવા.

ગામની સંસ્થાઓ જેવી કે પંચાયત, અન્ય સામાજિક સંસ્થાઓ, ડેરી વગેરેમાં મહિલાઓનું પ્રતિનિધિત્વ ઊભું કરી ગામનો સર્વાંગી વિકાસ કરવો જોઇએ.

### (9) લોકભાગીદારીનો સિદ્ધાંત

સામુદાયિક સંગઠનની જરૂરિયાતો, સમસ્યાઓ અને સ્તોત્રની ઓળખની બાબત હોય કે સમુદાયમાં સંગઠનની રચનાની બાબત હોય, પરંતુ દરેકમાં સમગ્રપણે સમુદાયના લોકો અને તેમના ઔપચારિક અને અનૌપચારિક નેતાઓના પ્રતિનિધિત્વ હેઠળ સમુદાયના કાર્યક્રમોનો સારો અમલ થવો જોઈએ. તેમજ તેમણે જ અગત્યનાં નિર્ણયો લેવા જોઈએ. લોકો પોતે જ નિર્ણય લેવાની પ્રક્રિયામાં ભાગીદાર હોય તો તેમને લાગુ પડતાં નિર્ણયો સાથે પોતાપણું અનુભવે છે અને તેના અસરકારક અમલ માટે શ્રેષ્ઠ પ્રયત્નો કરે છે. સમુદાયના નેતાઓએ પોતાના નિર્ણયો લોકો પર લાદવા ન જોઈએ; પછી ભલે તે નિર્ણયો તેમને અતિ ઉત્તમ કેમ ન લાગતા હોય. પોતાના નિર્ણયો લોકો પર લાદવાથી લોકો સમુદાય કાર્યકર તરફ બહારની વ્યક્તિ તરીકે ગણીને એનું ક્ષતિશોધક જેવું વર્તન કરશે. સમુદાયના લોકો એવું અનુભવવા જોઈએ કે જે કંઈ આયોજન કરવામાં આવે છે કે કાર્યક્રમો મૂકવામાં આવે છે તે તમામ તેમના પોતાના જ છે અને તે પોતાના કલ્યાણ માટે છે. તેથી તેને સફળ બનાવવા માટે પોતાનો સંપૂર્ણ સહકાર આપવો તે તેમની ફરજ છે. જો કાર્યક્રમો નિષ્ફળ જશે તો સમુદાયની પ્રતિષ્ઠાને હાનિ પહોંચશે તેવું લોકો અનુભવવા જોઈએ.આમ થાય તો જ સંગઠન સફળ થાય છે.

દા.ત. વર્તમાન સમયમાં સરકાર દ્વારા આપવામાં આવતી મોટાભાગની યોજનાઓમાં PPP(Private Public Partnesrship) મોડલ અપનાવવામાં આવે છે. એટલે કે સરકારના મોટાભાગના કાર્યક્રમોમાં લોકોને ભાગીદાર બનાવવામાં આવે છે. સામાજિક વનીકરણ, વોટર શેડ ડેવલપમેન્ટ કે રસ્તા, ચેકડેમ વગેરે લોકો તેમાં પોતાનો શ્રમ અને નાણા બંને રીતે આપીને ભાગીદાર બને છે. આ રીતે કાર્યક્રમોમાં સ્વપણું આવે છે અને કાર્યક્રમ વધુ સફળ બને છે.

### (10) અર્થપૂર્ણ સંબંધોનો સિદ્ધાંત

સામુદાયિક સંગઠક ખાસ હેતુઓ પૂર્ણ કરવાના ઉદ્દેશથી સમુદાયમાં આવ્યો છે, તેથી તે હેતુ પૂર્ણ થઈ શકે તે રીતે સમુદાયના લોકો સાથે સંબંધ સ્થાપવો જોઈએ. તેણે સમુદાયનાં બધાં જ જૂથો અને ઉપજૂથોને મળવું જોઈએ. છતાં પણ તેમાં અંગત રીતે ભળી ન જવું જોઈએ અને કોઈપણ પ્રત્યે ભેદભાવ ન રાખવો જોઈએ. સમુદાય પોતે પોતાની સમસ્યાઓ અને જરૂરિયાતો ઉકેલવાની ક્ષમતા પ્રાપ્ત ન કરે ત્યાં સુધી તેણે સમુદાયમાં કાર્યરત રહેવું જોઈએ અને આવી કાર્યક્ષમતા પ્રાપ્ત થતાં પોતાની જાતને સંકોરી લેવી જોઈએ. સફળ નેતૃત્વ માટે સમયસર તેમાં દાખલ થવા જેટલું જ તેમાંથી યોગ્ય સમયે સમુદાયથી અલગ થવાનું પણ મહત્વનું છે.

### (11) સંશોધન સ્ત્રોતની ગતિશીલતાનો સિદ્ધાંત

સામુદાયિક સંગઠકે સમુદાયનાં આંતિરક તેમજ બાહ્ય સ્ત્રોતોનો ગતિશીલ રાખવા જોઈએ. તેણે ક્યા પ્રકારના સ્ત્રોતોનો ગતિશીલ કરવા માટે શું કરવું જોઈએ તે જાણવાનો પ્રયત્ન કરવો જોઈએ. તેણે આવા પ્રયત્નોનું પુનરાવર્તન ટાળવું જોઈએ અને બધાં જ સ્ત્રોતનો શક્ય તેટલો સંપૂર્ણ ઉપયોગ કરવો જોઈએ. તેણે સમુદાયનાં વિવિધ જૂથો અને ઉપજૂથોની ક્ષમતાઓ અને કૌશલને વિસ્તારવાં જોઈએ અને તેમના પ્રયત્નોને યોગ્ય રીતે સંકલિત કરી સમુદાયના સ્ત્રોતનો બહોળા પાયા પર મૂકવા માટેનું સંકલિત આયોજન કરવું જોઈએ.

દા.ત. સમુદાયમાં જ્યારે મલ્ટિ સ્પેશ્યિાલિટી હોસ્પિટલ બનાવવાનું નક્કી કરવામાં આવે છે ત્યારે તેની જગ્યા કે સ્થળની શરૂ કરી તેના સાધનો, ડૉક્ટરો, ઈન્ફ્રાસ્ટ્રક્ચર વગેરે નક્કી કરવું પડે છે. હોસ્પિટલની દેખરેખ, સંચાલન કરી શકે તેવા સમુદાયના જ સભ્યો, ઉપરાંત હોસ્પિટલનો નિભાવ ખર્ચ તે માટે સમુદાયની બહારના સંસાધનોની અને હોસ્પિટલ માટે નાણાની સગવડ કરી આપે તેવાં સ્ત્રોતોની જાણકારી લઈ તેનો યોગ્ય પ્રકારે ઉપયોગ કરે છે.

**(12) મૂલ્યાંકનનો સિદ્ધાંત**

સામુદાયિક સંગઠકે સમુદાયનાં કરેલાં આયોજનો, સંગઠન કાર્યક્રમો અને તેમાં લોકોની ભાગીદારી તેમજ તેમની ઉણપો શોધીને અને તેમને સાંકળવા માટેનાં જરૂરી પગલાં લઈને તેનું સતત મૂલ્યાંકન કરવાના પ્રયત્નો કરવા જોઈએ. અસરકારક મૂલ્યાંકન ત્યારે જ શક્ય બને જ્યારે સામુદાયિક સંગઠન દ્વારા સંગઠનની અંદર જ સંદેશાવ્યવહારની વ્યવસ્થા જરૂરી પ્રતિભાવો પ્રાપ્ત કરીને તે વિકસાવવામાં આવી હોય. સામુદાયિક સંગઠકે મૂલ્યાંકન દ્વારા મેળવેલ અનુભવોના આધારે તેના ભવિષ્યના પ્રયત્નોમાં ઈચ્છિત ફેરફારો કરવા જોઈએ અને આ રીતે જરૂરી પ્રતિભાવો મેળવવાની પ્રક્રિયા, મૂલ્યાંકન અને સુધારાની પ્રક્રિયા ચાલુ રહેવી જોઈએ.

## 2.4 સામુદાયિક સંગઠન પદ્ધતિના કૌશલ્યો

સામુદાયિક સંગઠન સમાજકાર્યની એક એવી પદ્ધતિ છે કે જેમાં જ્ઞાન અને સિદ્ધાંતોના ઉપયોગથી સામુદાયિક જીવનમાં પરિવર્તન લાવવામાં આવે છે. જ્ઞાન અને પદ્ધતિઓના સમન્વયનું આ કાર્ય નિપૂણતાનું સૂચક છે. વર્જિનિયા રોબિન્સના મતાનુસાર યોગ્યતા અને ગુણવત્તાના પ્રયોગ દ્વારા પરિવર્તન અને નિયંત્રણની ક્ષમતા આવવી તે જ સાચી નિપુણતા છે.

જ્હોન્સના મતાનુસાર, ''પ્રત્યેક વ્યવસાય કોઈને કોઈ પ્રકારની નિપુણતા પર આધારિત છે.'' નિપુણતામાં કાર્યકરની ક્ષમતા અને વિષયના સ્વરૂપનો સમાવેશ થાય છે. નિપુણતાનો આધાર નીચેની બાબતો પર રહેલો છે.

(1) સંબંધોમાં જે પ્રકારે ઘનિષ્ટતાની સ્થાપના કરવામાં આવે છે.

(2) લોકોને તેમની ભાવનાઓ પ્રગટ કરવા અને અવરોધો પર નિયંત્રણ લાવવામાં સહાય આપવામાં આવે છે.

(3) લોકોને ઈચ્છિત સામાજિક ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે પ્રેરણા આપવામાં આવે છે.

(4) લોકોને પોતાના વિચારો પ્રગટ કરવા અને લક્ષ્ય નક્કી કરવા માટે સહાયતા આપવામાં આવે છે.

(5) લોકોને સમાજ કલ્યાણ વિષયક જરૂરિયાતો, સાધનો તથા કાર્યક્રમોની માહિતી આપવામાં આવે છે.

(6) જે રીતે વિચારોની એકતા અને સામાજિક એકતા માટે પ્રયાસ કરવામાં આવે છે અને તે રીતે લક્ષ તરફની ગતિને જાળવી રાખવામાં આવે છે.

પ્રો.રાવેના મતે ક્ષમતાઓને પણ નિપુણતામાં સમાવેશ કરેલ છે. જેવી કે મુલાકાત અને પરામર્શની નિપુણતા, સંશોધનની પદ્ધતિમાં નિપુણતા, આયોજન અને સાધનોનો યોગ્ય ઉપયોગની નિપુણતા, સંગઠન અને વહીવટી કાર્યોમાં નિપુણતા, સામાજિક નીતિ નિર્ધારણ માટે કાયદાઓની માહિતી અને જાણકારીમાં નિપુણતા.

કેટલાંક સમાજ કાર્યકરોએ સામુદાયિક સંગઠન પદ્ધતિના અમલમાં જુદી જુદી કુશળતાઓ દર્શાવી છે. આ બધી કુશળતાઓમાં નીચેની કુશળતાઓ સામુદાયિક સંગઠન પદ્ધતિના અમલ માટે મહત્ત્વની છે.

(1) સમુદાય સાથે ધનિષ્ઠ સંબંધો કેળવવાની કુશળતા

(2) સમસ્યાઓને સમજવા, તેનાં કારણોની શોધ કરવા મુશ્કેલીઓનો અંદાજ મેળવવા તેમજ સમસ્યાનું ઉંડાણ સમજવા માટેની કુશળતા.

(3) સમુદાયના લોકોની ભાવનાઓનું પ્રગટીકરણ અને તેમાં રહેલી નકારાત્મક ભાવનાઓ પર નિયંત્રણ કરવાની કુશળતા

(4) વ્યક્તિગત સમસ્યાઓ ઉકેલવાની કુશળતા

(5) સામુદાયિક સમસ્યાઓ અંગે જાગૃતિ ઉત્પન્ન કરવાની કુશળતા

(6) જનસમુદાયને સમસ્યા ઉકેલવા માટે પ્રેરણા આપવાની નિપુણતા

(7) સમુદાય માટે વિકાસ યોજના નક્કી કરવાની તેમજ તેને હાંસલ કરવાની કુશળતા

(8) સમુદાયમાં સરકારી તેમજ બિનસરકારી સંસાધનો, કાર્યક્રમો, સુવિધાઓનો અંદાજ મેળવવામાં તેમજ આ સાધનોને સમુદાયના ઉપયોગમાં લેવાની કુશળતા

(9) સમુદાયના વિચારોમાં એકરૂપતા તેમજ સંતુલન જાળવી રાખવાની નિપૂણતા અને પ્રયત્નોને લક્ષ તરફ વાળવાની કુશળતા

## 2.5 સામુદાયિક સંગઠન પદ્ધતિ મહત્ત્વ અને જરૂરીયાત

(1) **સમુદાયની જટલિતા**

આધુનિક પરિવર્તનો, શહેરીકરણ, ઔદ્યોગિકીકરણ વગેરે કારણે માનવસમુદાયનું માળખું દિન-પ્રતિદિન જટિલ થતું જાય છે. પહેલાં સમુદાય નાના નાના કબીલાઓના સ્વરૂપમાં હતો અને ઘણીવાર તો એક રક્ત સંબંધથી જોડાયેલા સભ્યોનો બનેલો હતો. સમય જતાં તેઓ અલગ અલગ જગ્યાએ રહેવા લાગ્યા અને ધીરે ધીરે તેઓ સ્થાયી થવા માંડયા.તેના કારણે સમુદાયનો ઉદય થયો. સ્થિતિ, પરિસ્થિતિ, વાતાવરણ અને આવશ્યકતાના આધારે સામાજિક નિયમો બનતા ગયા.તેને કારણે સમુદાય સંગઠિત બનતો ગયો. આજે માત્ર રકત સંબંધ ધરાવનારા કબીલાઓ રહ્યાં નથી. તેમાં અન્ય નવા સંબંધો જોડાતા ગયા અને તેથી તેની જટિલતા વધતી ગઈ.

**જટિલતાના કારણો :**

**સામાજિક માળખું**

માનવીની જીવન જીવવાની રીતમાં દિવસે દિવસે પરિવર્તન આવતું જાય છે. તેમનાં આંતરક્રિયા અને સામાજિક સંબંધ બદલાઈ રહ્યાં છે. ગામ, નગર,શહેરના સમાજના માળખામાં પરિવર્તનની સાથે સાથે ભિન્નતા અને જટિલતા વધતી રહી છે. સમાજ એક તાણાવાણાના ઘનિષ્ટ સંબંધોથી બનેલા કરોળિયાના જાળા જેવો જ જટિલ બની ગયો છે.

સામાજિક જાતિ, વર્ગ વગેરેના ઢાંચામાં જટિલતા અને ભિન્નતાના કારણે સ્થિતિ અને ભૂમિકામાં પણ પરિવર્તન આવી રહ્યું છે અને અનેક વિશિષ્ટ સમસ્યાો પેદા થઈ રહી છે. તેના નિરાકરણ અને ઉપચાર માટે સામુદાયિક સંગઠન જેવી સમાજકાર્યની વિશિષ્ટ પદ્ધતિની જરૂરિયાત જણાઈ રહી છે.

**ગતિશીલતા અને આંતરક્રિયા :**

સામાન્ય રીતે વર્તમાન સમાજ વ્યવસ્થામાં અને સમુદાયમાં બે પ્રકારની ગતિશીલતા જોવા મળે છે. (1) સમય અનુસાર (2) ભૌગોલિક સ્થિતિ અનુસાર.

**(1) સમય અનુસાર**

તેનો અર્થ એ છે કે એવા સમુદાયો જે નગરની નજીક હોય છે સામાન્ય રીતે તેનો સંબંધ નગર સાથે હોય છે.

### (2) ભૌગોલિક સ્થિતિ અનુસાર

એવા લોકો જે જુદાં જુદાં ક્ષેત્રોમાંથી આવીને શહેરમાં વસવા લાગ્યા છે. ત્યાં અંતરનું મહત્ત્વ વધુ છે. ગતિશીલતાની સાથે સાથે આંતરક્રિયા પણ થાય છે. સામાજિક માપદંડોના આધાર પર જ આંતરક્રિયાઓ થાય છે. જેમાં ગતિશીલતાની ભૂમિકા મહત્ત્વપૂર્ણ હોય છે. જેટલી વધારે ગતિશીલતા હોય છે. તેટલી વધારે આંતરક્રિયા થવાની સંભાવના વધે છે. તેના કારણે પરિવર્તન પણ આવે છે. તેના ફળ સ્વરૂપે મૂલ્યો વચ્ચે ટકરાવ અને જટિલતા પેદા થાય છે.

### ઉપસમૂહો વચ્ચેના સંબંધો તથા સામાજિક સાંસ્કૃતિક માપદંડો

કેટલીક સામાન્ય માન્યતાઓ સિવાય બીજી માન્યતાઓનું પાલન કોઈપણ સમુદાય સમાન રીતે કરતો નથી. વળી અનૌપચારિક પરિસ્થિતિમાં ઉપસમૂહો જન્મે છે.આ સ્વભાવિક ક્રિયા છે. દરેક સમુદાયની અલગ અલગ માન્યતાઓ અને વિચારો હોય છે. જ્યારે આ ઉપસમૂહો સમુદાયની માન્યતાઓનો અસ્વીકાર કરીને પોતાની માન્યતાઓના આધારે કાર્ય કરે છે ત્યારે સમુદાયનાં કાર્યોમાં અવરોધ પેદા થાય છે

### નેતૃત્ત્વના માપદંડો

જ્યારે સમુદાયના નેતૃત્વ માત્ર આત્મકેન્દ્રી બનીને આપખુદરૂપે પોતાનાં હિતોને ધ્યાનમાં રાખીને નેતૃત્ત્વ સંબંધી કાર્યો કે વ્યવહાર કરે છે ત્યારે તે સમાજના સંપૂર્ણ વિકાસની પ્રક્રિયામાં અવરોધ ઉત્પન્ન કરી શકે છે. કારણ કે આવા નેતૃત્ત્વમાં જૂથબંધી અનિવાર્યપણે હોય છે, અને તેના કારણે ઉપસમૂહોનું નિર્માણ થાય છે. તેનાથી જટિલતા પેદા થાય તે સ્વાભાવિક છે.

### ઉદાસીનતા અને પૂર્વગ્રહ

સમુદાયમાં ઉદાસીનતાનું કારણ સંપૂર્ણ સમુદાયનો તાણો-વાણો અને ઢાંચો હોય છે. ગરીબીને કારણે પણ વ્યક્તિ ભાગ્યવાદી અને ઉદાસીન બની જાય છે. ઉદાસીનતા સમગ્ર સમુદાય માટે ભયંકર શાપરૂપ બની જાય છે. તે અલગ પ્રકારની ભાવના અને વિચારને જન્મ આપે છે. તેથાની તેનાં કાર્યો, ક્રિયાઓ અને આંતરક્રિયાઓ ખૂબ જ ખરાબ રીતે પ્રભાવિત થાય છે. તેને કારણે વિવિધ સમસ્યાઓ પેદા થાય છે.

### આયોજિત પરિવર્તન

તેમાં અગાઉના આયોજન પ્રમાણે નિર્ધારિત દિશામાં પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. સામાજિક સાધનો, જરૂરિયાતો તથા પરિવર્તનની દિશા તથા સંભવિત પરિણામનો વિચાર કરીને સુયોજિત રીતે પરિવર્તન લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે.

### પ્રાકૃતિક પરિવર્તન

વાતચીત, સંબંધ, રહેણી-કરણી, વ્યવહાર વગેરેમાં સ્વાભાવિક રીતે જ પરિવર્તન થતું રહે છે. આ પરિવર્તન વ્યક્તિ, કુટુંબ અને સમગ્ર વાતાવરણમાં જડ કે ચેતન સ્વરૂપે થતું રહે છે. તેનો પ્રભાવ સમુદાયના સમગ્ર માળખા પર પડે છે.

પરિવર્તન આયોજિત હોય કે કુદરતી હોય; પરંતુ તે સમુદાયને અવશ્યપણે પ્રભાવિત કરે છે. પરિવર્તનની પ્રકૃતિ, સ્વરૂપ, પદ્ધતિ વગેરેની દિશા કઈ છે અને કેવી રીતે કેવા સ્વરૂપે સમુદાયને પ્રભાવિત કરે છે તે સામુદાયિક કાર્યકરે જાણવું ઘણું જરૂરી છે. સમૂદાયને સહાય કરવાના કાર્યમાં આ જ્ઞાન ખૂબ જ ઉપયોગી બની રહે છે.

**સમાજ કલ્યાણની સંસ્થાઓમાં વૃદ્ધિ થવાને કારણે સમન્વયની જરૂરિયાત**

સમાજ કલ્યાણની સંસ્થાઓમાં ધીરે ધીરે વધારો થઈ રહ્યો છે. આ પ્રસાર વહીવટી કારણોસર થયો હોય કે સ્વૈચ્છિક રીતે; પરંતુ સામુદાયિક સંગઠન પદ્ધતિમાં તેનો સમન્વય અનિવાર્ય રીતે કરવો પડશે તેવી સ્થિતિ ઊભી થઈ છે. સામાજિક પરિવર્તન અને અનેક પ્રાયોજનોના અમલને કારણે સંસ્થાઓની સંખ્યામાં વધારો થતાં આંતર-સંસ્થા સમન્વયની જરૂરિયાત અનિવાર્યપણે ઊભી થાય છે. આ પ્રકારના સમન્વયથી તમામ સંસ્થાઓ એકબીજાનાં સંસાધનોનો મહત્તમ અને ઉચિત ઉપયોગ કરીને સમુદાયને સહાય કરી શકે છે.

**વિશેષીકરણની સેવાઓની જરૂરિયાત**

પદ્ધતિઓની સંખ્યાની સાથે સાથે તેની જરૂરિયાતમાં પણ વૃદ્ધિ થઈ રહી છે. આ વિશિષ્ટ જરૂરિયાતોની વૃદ્ધિ ઘણીવાર વાસ્તવિકતાની સીમા કરતાં વધી જાય છે; ત્યારે જટિલતા ઉત્પન્ન થાય તે સ્વાભાવિક છે. પરંતુ તેમ છતાં વિશેષીકરણની આવશ્યકતાને ઓછી આંકી શકાય નહિ.

**એકતા અને સમન્વયનાં અવરોધક તત્ત્વોમાં વૃદ્ધિ**

સમુદાયનું સ્વરૂપ તેનું તે જ રહે છે; પરંતુ તેના અંતઃસ્વરૂપમાં પરિવર્તન આવવાને કારણે એકતા અને સમન્વયનાં અવરોધક તત્ત્વોમાં વધારો થાય છે. તેથી સમુદાયિક જટિલતા ઊભી થાય તે સ્વાભાવિક છે.

**કૌશલ અને સહકારી સંબંધોમાં વૃદ્ધિ**

દિનપ્રતિદિન સહકારી સંબંધોમાં વૃદ્ધિ તથા વિકસતા જતા કૌશલને કારણે સમસ્યાઓ, મુશ્કેલીઓનો ઉપાય શોધી શકાય છે; પરંતુ પ્રક્રિયાની જટિલતામાં વધારો થાય છે.

## 2.6 ઉપસંહાર

સામુદાયિક સંગઠન પદ્ધતિના અમલમાં તેના સિદ્ધાંતો ખૂબ મહત્વની ભૂમિકા ભજવે છે. સમાજ કાર્યકરમાં આ સિદ્ધાંતોની સમજ દ્વારા ક્ષેત્રકાર્યમાં જે તે પરિસ્થિતિ અનુસાર આ પદ્ધતિનો યોગ્ય ઉપયોગ કરવાથી સમસ્યા નિવારણમાં મદદરૂપ નીવડે છે. આ સિદ્ધાંતોનું જ્ઞાન સમસ્યાને સમજવામાં અને તેના નિરાકરણમાં ઉપયોગી બને છે.આ ઉપરાંત આ પદ્ધતિના કૌશલ્યો પણ સમસ્યા નિવારણમાં વિશિષ્ટ રીતે ઉપયોગી થાય છે. જુદી જુદી કુશળતા ધરાવતા સામાજિક કાર્યકર તેના કૌશલ્યોના ઉપયોગી સમાજકાર્યના ક્ષેત્રે વધુ સફળતા મેળવી શકે છે.

સામુદાયિક સંગઠન પદ્ધતિ માનવ સમાજના અસ્તિત્વ અને સાતત્ય માટેની આધુનિક સમાજની મહત્વની પદ્ધતિ છે.જે સમુદાયના સતત બદલાતા માળખામાં તેના સિદ્ધાંતો અને કૌશલ્યો ખૂબ જ ઉપયોગી બની રહે છે.

## 2.7 આપની પ્રગતિ ચકાસો

(1) ચેરીટી ઓર્ગેનાઈઝેશન સોસાયટીની સ્થાપના ક્યારે કરવામાં આવી.

(A) ઈ.સ. 1882 (B) ઈ.સ. 1885

(C) ઈ.સ. 1881 (D) ઈ.સ. 1880

(2) સમાજકાર્યમાં સામુદાયિક સંગઠન શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ ક્યારે થયો હતો.

(A) ઈ.સ. 1901 (B) ઈ.સ. 1920

(C) ઈ.સ. 1912 (D) ઈ.સ. 1915

(3) નેશનલ કોન્ફરન્સ ઓન સોશ્યલવર્ક ક્યારે આયોજીત થયું હતું.

(A) ઈ.સ. 1935 (B) ઈ.સ. 1940

(C) ઈ.સ. 1939 (D) ઈ.સ. 1938

(4) C.O.S. ની સ્થાપના કયા શહેરમાં થઈ હતી ?

(A) બફેલો (B) મોર્ગન

(C) પેરીસ (D) દિલ્હી

(5) સામુદાયિક સંગઠન પદ્ધતિના કુલ કેટલા સિદ્ધાંતો છે ?

(A) સોળ (B) બાર

(C) પંદર (D) દસ

(6) સમુદાયની જીવનશૈલી અને પૂર્વગ્રહ રાખ્યાવિના સમુદાયને સ્વીકારી સામુદાયિક સંગઠન કયા સિદ્ધાંત પ્રમાણે કાર્ય કરે છે.

(A) સ્વ-નિર્ણય (B) ગોપનીયતા

(C) વૈયક્તિકરણ (D) સ્વીકૃતિ

(7) સમુદાયની જટિલતા નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) સામાજિક માળખું (B) નેતૃત્વના માપદંડો

(C) પ્રાકૃતિક પરીવર્તન (D) સામાજિક નેતૃત્વ

## 2.8 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) ઈ.સ. 1880
2. (B) ઈ.સ. 1920
3. (C) ઈ.સ. 1939
4. (A) બફેલો
5. (B) બાર
6. (D) સ્વીકૃતિ
7. (D) સામાજિક નેતૃત્વ

## 2.9 ચાવીરૂપ શબ્દો

1. **સિદ્ધાંત :** પ્રવૃત્તિને કોઈ ખાસ દિશામાં લઈ જવા માટેના માર્ગદર્શક નિયમો.
2. **સ્વીકૃતિ :** સ્વીકાર કરવો તે.
3. **સ્વ-નિર્ણય :** પોતે-જાતે પોતાનો નિર્ણય કરવો અથવા લેવો તે.
4. **લોકભાગીદારી :** કોઈપણ કાર્યમાં સમુદાયના બધા જ લોકોનો સહયોગ કે મદદ મેળવવી તે.
5. **મૂલ્યાંકન :** મૂલવવું તે એટલે મૂલ્યાંકન.
6. **કૌશલ્યો :** વ્યક્તિમાં રહેલી કામ કરવાની કુશળતા.

## 2.10 સ્વાધ્યાય લેખન

1. સામુદાયિક સંગઠન પ્રવૃત્તિના ઉદ્‌ભવ અંગે સમજાવો.

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

2. સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતોની વિસ્તૃતમાં ચર્ચા કરો.

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

3. સામુદાયિક સંગઠન પદ્ધતિના કૌશલ્યોની વિગતે ચર્ચા કરો.

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

...........................................................................................................

## 2.11 પ્રવૃત્તિ

1. ભારતમાં થયેલ સામુદાયિક સંગઠન પ્રવૃત્તિની શરૂઆત અંગે તબક્કાવાર યાદી તૈયાર કરો.
2. સામુદાયિક સંગઠનના સિદ્ધાંતો અંગે ચાર્ટપેપરમાં આકૃતિ સહ સમજૂતી આપો.
3. સામુદાયિક સંગઠન પદ્ધતિના કૌશલ્યોની યાદી તૈયાર કરવી.

## 2.12 કેસસ્ટડી

1. ક્ષેત્રકાર્યના અનુભવના આધારે સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો ઉદાહરણ સાથે સમજાવો.
2. સામુદાયિક સંગઠન તરીકે ક્ષેત્રકાર્યમાં જરૂરી એવા કૌશલ્યો જણાવો.

## 2.13 સંદર્ભગ્રંથ


૧. Friedlander, W.A., Introduction to Social Welfare, Prentice Hall, New York, 1955.

૨. Ross, M.G. Community Organization : Theory and Principles, Harper and Brothers, New York, 1955

૩. Mc Millan, Wyne, Proceedings to National Conference of Community Organization, Chicago 1969

૪. Mc Millan Wyne, Community Organization in Social Work, Social Work Year Book AA SW, 1947

૫. Arthur, Dunham, Community Welfare Organization, 1958.

૬. Jones R and Demark, D.F., Community Organization and Agency Responsibility Association Press New York 1951

7. ડૉ. સુરેન્દ્રસિંહ અને ડૉ.પી.ડી.મિશ્રા, સમાજકાર્ય : ઈતિહાસ અને દર્શન એવં પ્રણાલિયાં, ન્યુ રોયલ બુક કંપની, લખનઉ 1998

8. પ્રો.આર.એન.સિન્હા અને ઈન્દુબાલા, વ્યસાયિક સમાજકાર્ય, ભારતી ભવન, ન્યુ દિલ્હી, 1995

9. ડૉ. ગીતા ચાવડા, સામુદાયિક સંગઠન (વ્યાવસાયિક સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિ) રન્નાદે પ્રકાશન, અમદાવાદ 2011

# એકમ-3 સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયા

## એકમનું માળખું


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયા

3.3 જુદાં જુદાં વિદ્વાનોના મતે સામુદાયિક સંગઠનની પ્રક્રિયા

3.4 ઉપસંહાર

3.5 આપની પ્રગતિ ચકાસો

3.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો

3.7 ચાવીરૂપ શબ્દો

3.8 સ્વાધ્યાય લેખન

3.9 પ્રવૃત્તિ

3.10 કેસસ્ટડી

3.11 સંદર્ભસૂચિ


## 3.0 એકમના હેતુઓ

આ એકમમાં સામુદાયિક પ્રક્રિયા વિશે સમજ આપવામાં આવી છે. વિદ્યાર્થી મિત્રો આ પ્રક્રિયાના અભ્યાસથી નીચેની બાબતો સમજી શકશે.

- સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરી સમાજકાર્ય કેવી રીતે કરવું.
- સામુદાયિક સંગઠન પદ્ધતિના તબક્કા સમજી શકાશે.
- આ પ્રક્રિયા દરમ્યાન કાર્યકરે કઈ બાબતોને ધ્યાનમાં લેવી જોઈએ તે બાબત સમજી શકાશે.

## 3.1 પ્રસ્તાવના

કોઈપણ કાર્ય સતત ચાલતુ હોય તેને પ્રક્રિયા કહેવાય છે. સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયામાં કેટલાંક નિશ્ચિત કાર્યો સતત ચાલતા રહે છે. આ પદ્ધતિ સમુદાયની જરૂરિયાતોને સંતોષવાની, સહાયતા માટેની તેમજ સમસ્યા ઉકેલની પ્રક્રિયા છે. સામુદાયિક સંગઠનની પ્રક્રિયામાં સમુદાયની ક્ષમતા વધે તેવો પ્રયત્ન કરીને તેમની સમસ્યા દૂર કરવામાં આવે છે. આ પ્રક્રિયા સમુદાયની સમસ્યાની ઓળખથી શરૂ કરી ઉદ્દેશો નક્કી કરી સમસ્યાના ઉકેલ સુધી સતત થતી રહેતી ક્રિયા છે. આ એકમમાં સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયા તેમજ આ પ્રક્રિયાના અમલ વખતે સામુદાયિક સંગઠકે કઈ બાબતોની જાણકારી મેળવવી પડે છે; તેમજ આ પ્રક્રિયા તબક્કાવાર કઈ રીતે આગળ ધપાવવી તે અંગે સમજીશું.

સામુદાયિક સંગઠન પદ્ધતિના સિદ્ધાંતો અને કૌશલ્યોની જેમ તેની પ્રક્રિયા પણ મહત્ત્વની છે.

સામુદાયિક સંગઠનનો ખ્યાલ પશ્ચિમના દેશોમાંથી ઉદ્‌ભવેલો છે. પ્રક્રિયા એટલે કે કોઈ પણ કાર્ય સતત કાર્યરત રહે તેને પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. સામુદાયિક સંગઠન પદ્ધતિમાં સમુદાયની જરૂરિયાતાને ઓળખી તેમેને અગ્રતા આપીને તેમના સહયોગ દ્વારા સમસ્યા નિવારણનું કાર્ય કરવામાં આવે છે. આ કાર્યમાં સમુદાયની સમસ્યાની ઓળખથી શરૂઆત કરીને તેના હેતુઓ નક્કી કરીને સમસ્યા નિવારણ સુધી સતત પ્રક્રિયા ચાલુ રહે છે. સમુદાયમાં આ પ્રક્રિયા થતી જ રહેતી હોય છે. પરંતુ આધુનિક સંગઠનમાં આ પ્રક્રિયા નિપુણ સામાજિક કાર્યકર દ્વારા શરૂ કરવામાં આવે છે અને તેને આગળ ધપાવવામાં આવે છે.

## 3.2 સામુદાયિક સંગઠન પદ્ધતિની પ્રક્રિયા :

સામુદાયિક સંગઠન પદ્ધતિમાં પ્રક્રિયા તરીકેના અર્થમાં સમસ્યાઓની ઓળખથી લઈને તેની સમસ્યા સમાધાન પૂર્ણ થાય ત્યાં સુધીના પગથિયાંઓનો સમાવેશ થાય છે. સામુદાયિક સંગઠન પદ્ધતિમાં પ્રક્રિયા એટલે સમુદાયને સમક્ષ બનાવવામાં આવે અને તેનો વિકાસ કરવામાં આવે તેને પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. આ પ્રક્રિયા માટે વ્યાવસાયિક સમાજકાર્યકર દ્વારા કાર્ય કરવામાં આવે છે.

સામુદાયિક સંગઠન પદ્ધતિની વ્યાખ્યાઓમાં પ્રક્રિયામાં અર્થમાં તેનો ઉલ્લેખ ઉકરવામાં આવેલ છે. મેરી. જી. રોસે તેમની વ્યાખ્યામાં જ પ્રક્રિયા તરીકે સામુદાયિક સંગઠનને વ્યાખ્યાયિત કરેલ છે. તેમણે તેમની વ્યાખ્યા નીચે મુજબ જણાવેલ છે.

''સામુદાયિક સંગઠન પદ્ધતિ એવી પ્રક્રિયા છે જેના દ્વારા સમુદાય પોતાની જરૂરિયાતો અને ઉદ્દેશ્યોને ઓળખે છે અને તેમાંથી અગ્રતાક્રમ આપે છે. સમુદાય પોતાની જરૂરિયાતો અને ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવા માટે પોતાનામાં વિશ્વાસ અને ઈચ્છા ઉત્પન્ન કરે છે. આ જરૂરિયાતો અને ઉદ્દેશો પ્રાપ્ત કરવા માટે (આંતરિક અને બાહ્ય) સંસાધનોની શોધ કરે છે અને તેને મેળવવા માટે કાર્ય કરે છે અને આવું કરવામાં સમુદાયમાં સહયોગ અને સહકારની ભાવના અને વ્યવહારોમાં વૃદ્ધિ અને વિકાસ કરે છે.''

આમ, ઉપરોક્ત વ્યાખ્યામાં નીચે મુજબના પ્રક્રિયાના તબક્કાઓનો સમાવેશ થાય છે.

**1. જરૂરિયાતો અને ઉદ્દેશ્યોને ઓળખવા :**

સમુદાય પોતાની જરૂરિયાતો અને ઉદ્દેશ્યોને ઓળખી શકે છે. તથા તેમાંથી કઈ જરૂરિયાત અગત્યની છે તેનો અગ્રતાક્રમ પણ આપે છે.

**2. કાર્ય કરવા માટે વિશ્વાસ કેળવવો :**

સમુદાય પોતાની જરૂરિયાતો ઓળખી તેને કાર્ય કરવા વિશ્વાસ તથા ઈચ્છા ઉત્પન્ન કરે છે.

**3. સમુદાયના આંતરિક સાધનોની શોધ કરવી :**

સમુદાય દ્વારા જ સમુદાયની અંદર રહેલા આંતરિક અને બાહ્ય સંસાધનોની શોધ કરે છે જેના દ્વારા તે પોતાની જરૂરિયાતોને પૂર્ણ કરે છે.

**4. સમુદાયમાં સહકારી, સહયોગી વલણો અને વ્યવહારોનો વિકાસ કરવો :**

સમુદાય પોતાના ઉદ્દેશ્યો અને જરૂરિયાતોને ઓળખી તેને પ્રાપ્ત કરવા માટે કાર્યકર છે. જેના દ્વારા સમુદાયમાં સહયોગી વલણનો તથા સહકારી વલણ અને વ્યવહારનો વિકાસ થાય છે.

સામુદાયિક સંગઠન પદ્ધતિમાં લેને એ નીચે મુજબની પદ્ધતિઓ અને પ્રક્રિયાનો ઉલ્લેખ કર્યો છે.

– સતત કેન્દ્રિય રેકોર્ડ : એક પધ્ધતિ છે જેનો ઉપયોગ સામુદાયિક સંગઠનમાં કરવામાં આવે છે.

– આયોજન : આયોજન પણ એક પદ્ધતિ વધુ સંસ્થાઓ માટે કરવામાં આવે છે.

– સંયુક્ત બજેટ બનાવવું તથા નાણાંકીય વ્યવસ્થા કરવી એ બીજી પદ્ધતિ છે.

– સામુદાયિક સંગઠન પદ્ધતિમાં વિશેષરૂપથી અધ્યયન કરવું તથા સર્વેક્ષણ એ ચોથી, પદ્ધતિ છે.

– સામુદાયિક સંગઠન પદ્ધતિમાં સમાચારપત્રો રેડિયો, ટેલિવિઝન, પુસ્તકો વગેરે દ્વારા પ્રચાર પસારનું કામ કરવામાં આવે છે. જેમાં શિક્ષણ, લોકસંપર્ક એમ પાંચમી પદ્ધતિનો ઉપયોગ કરવામાં આવે છે.

– સામુદાયિક સંગઠનની પદ્ધતિના રૂપમાં ભંડોળ એકત્ર કરવા માટે સંયુક્ત રૂપથી અભિયાનોનું આયોજન કરવામાં આવે છે અને આ પ્રકારના આયોજનો ચલાવવામાં આવે છે.

– ક્ષેત્રીય સેવા તથા અંતઃ અભિકરણ સલાહ પણ એક સામુદાયિક સંગઠનની પદ્ધતિ છે.

– જૂથચર્ચા તથા કોન્ફરન્સ પ્રક્રિયાનો વિકાસ તથા પ્રયોગ

– સામાજિક ક્રિયા પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવે છે.

જો પદ્ધતિને જ્ઞાન, સિદ્ધાંતો તથા કૌશલ્યોના આધારિત એક વિશેષ પ્રકારની પદ્ધતિ માનવામાં આવે તો સમાજકાર્યની બધી જ પદ્ધતિઓ એકસમાન આધારશિલા છે.

સમાજકાર્યમાં સામુદાયિક સંગઠન પદ્ધતિનો વિકાસ અભ્યાસકક્ષાના પ્રયત્નો દ્વારા થયેલો છે. સામુદાયિક સંગઠન પદ્ધતિની કાર્યપદ્ધતિઓ નીચે મુજબ છે.

1. વ્યવસ્થાકીય તથા પ્રક્રિયા અહેવાલલેખન
2. સંશોધન
3. સલાહ
4. જૂથ ચર્ચા
5. કમિટી કાર્ય
6. અર્થનિરૂપણ
7. વહીવટ
8. સંસાધનોનું સંગઠન
9. સમજૂતીકરાર તથા કરારની વાતચીત

ફ્રિડલેન્ડર સામુદાયિક સંગઠન પદ્ધતિની વ્યાખ્યામાં જણાવે છે કે, “ચોક્કસ ભૌગોલિક વિસ્તારમાં સમાજ કલ્યાણની જરૂરિયાતો તથા સમાજ કલ્યાણના સાધનો વચ્ચે અસરકારક સમાયોજન કરનાર પ્રક્રિયા” તરીકે ઓળખાવે છે. સમાજકાર્યની અન્ય પદ્ધતિઓની જેમ સામુદાયિક સંગઠનમાં પણ સમગ્ર પરિસ્થિતિ અને બાબતોને ધ્યાનમાં રાખીને આ પદ્ધતિઓનો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં નીચે મુજબની પ્રક્રિયાઓ અનિવાર્ય રીતે થતી હોય છે.

**• સામાન્ય પ્રક્રિયાઓ (સંશોધન)**

સામુદાયિક કાર્યકરે વિવિધ વ્યક્તિઓ અને સંગઠનોના સંપર્ક સાધી સમુદાયમાં કાર્યરત અનુભવી કાર્યકર કે લોકો પાસેથી સમુદાય અંગે વધુ જાણકારી મેળવવી જોઈએ. આ જાણકાર સમુદાયના સભ્યો સાથે સંબંધ વિકસાવવામાં ઉપયોગી બને છે. જો કે આ સમગ્ર પ્રક્રિયામાં કાર્યકરે સમુદાયના સભ્ય તરીકે સામેલ થવાનું નથી. પોતે સમુદાયમાં હોવા છતાં પોતાની જાતને અલગ રાખીને તટસ્થ રીતે સંબંધો વિકસાવવાના હોય છે.

**• સમુદાય અંગેની જાણકારી**

આ પ્રક્રિયામાં સમુદાયની સ્થિતિ, ભૌગોલિક પરિસ્થિતિ, સમુદાયના સભ્યોની સંખ્યા તેમજ સમુદાયની જરૂરી જાણકારી અને તથ્યોનો યોગ્ય રીતે અભ્યાસ કરવામાં આવે છે. આ પ્રક્રિયા નિયમ તરીકે હકારાત્મક રીતે શરૂ થવી જોઈએ. સમુદાયમાં સાધનો, ક્ષમતાઓ અને સંપર્કો વગેરેની પ્રાથમિકતા નક્કી કરી કાર્ય શરૂ કરવું જોઈએ. તેમજ કોઈ વ્યક્તિ વિશેષ સાથે વધારે તાદાત્મ્ય રાખ્યા વિના કાર્ય કરવું જોઈએ. આમ, સમુદાયની સંપૂર્ણ જાણકારી મેળવી તેના દ્વારા સમુદાયની સમસ્યાઓના ઉકેલના પ્રયત્નો કરવા જોઈએ.

**• જરૂરિયાતો અને સમસ્યાઓનું સ્પષ્ટીકરણ**

સામુદાયિક કાર્યકર જ્યારથી કાર્યની શરૂઆત કરે છે ત્યારથી જ તેના કાર્ય અંગેની તમામ બાબતો સામે આવવા લાગે છે. શરૂઆતમાં સમુદાયના સભ્યો પાસેથી સમસ્યાઓ અને જરૂરિયાતોની રજૂઆત સાથે જ કરે છે. જેમાં વ્યક્તિગત અને સામુદાયિક ઈચ્છાઓ અને અપેક્ષાઓ પણ વ્યક્ત થાય છે. જો કે તેમાં કેટલીકવાર ફરિયાદ કે કટુતા કે અવિશ્વાસ વ્યક્ત થાય છે જો કે કાર્યકરને સમુદાયની વાસ્તવિક સ્થિતિ અને વાસ્તવિક સમસ્યા શોધી કાઢવામાં થોડો સમય લાગે છે. તેમ છતાં કાર્યકર સાચી માહિતી એકઠી કરવાનો પ્રયત્ન કરી તે મુજબ જ કાર્ય કરે છે. પોતાના ધ્યેયથી ચલિત થતો નથી.

**• સમુદાયની સમસ્યાની પ્રાથમિકતા નક્કી કરે છે.**

સમસ્યાઓનું સ્વરૂપ કેવું છે ? તેમજ કઈ સમસ્યાનું સમાધાન કરવું જરૂરી છે તે ધ્યાનમાં રાખીને કાર્યકર કાર્ય શરૂ કરે છે. સમસ્યાની ગંભીરતા તેમજ સ્થાનિક સાધનો દ્વારા કઈ સમસ્યાનું સમાધાન શક્ય છે ? તેમજ સમસ્યાનું સમાધાન કરવાથી કેટલા લોકોને લાભ થશે કે કેટલા સભ્યો પર તેનો પ્રભાવ પડશે ? તે કાર્યકર ધ્યાનમાં રાખે છે. સમસ્યાના ઉકેલ માટે યોગ્ય સમયગાળાને પણ ધ્યાનમાં રાખવામાં આવે છે. લાંબા સમયની સમસ્યાના સમાધાન સાથે નાની નાની સમસ્યાઓનો ઉકેલ મેળવી શકાય છે.

**• ઉપલબ્ધ સાધનો**

કાર્યકરે સમસ્યાનો અભ્યાસ કરવાની સાથે સમસ્યા નિવારણનાં કેટલા સાધનો છે અને કેટલાં સાધનોની જરૂર પડશે તે ધ્યાનમાં રાખે છે. જે સમસ્યાના નિવારણ માટે સ્થાનિક કક્ષાએ સાધનો ઉપલબ્ધ હોય અને સરળતાથી મળે તેમ હોય તેવી સમસ્યા પસંદ કરે છે. મોટે ભાગે ભૌતિક અને વસ્તુગત સંસાધનો તેમજ માનવીય સંસાધનોને ધ્યાનમાં રાખીને સમસ્યાના નિરાકરણ માટેની ભાવિ યોજના ઘડવામાં આવે છે.

**• કાર્યક્રમનું આયોજન અને અમલ**

સમસ્યાઓ અને સાધનોની સંપૂર્ણ માહિતી મેળવ્યા પછી કાર્યક્રમનું આયોજન કેવી રીતે કરવાનું છે તે કાર્યકર નક્કી કરે છે. કાર્યક્રમનો અમલ કેવી રીતે કરવામાં આવશે તે કાર્યક્રમના આયોજન દરમ્યાન જ નક્કી કરવામાં આવે છે. કાર્યક્રમના આયોજન દરમ્યાન જવાબદારીઓની વહેંચણીનો નિર્ણય કરી દેવામાં આવે છે. તેથી કાર્યક્રમના અમલ દરમ્યાન કોઈ નવી જવાબદારી જે તે કાર્યકરને સોંપવામાં ન આવે. પ્રત્યકને માટે કાર્ય અને તેનો સમય ફાળવી આપવામાં આવે છે.

**• મૂલ્યાંકન**

કાર્યક્રમને અંતે અથવા કાર્યક્રમના અમલ દરમ્યાન મૂલ્યાંકનની પ્રક્રિયા મહત્ત્વની છે. જો કાર્યક્રમ લાંબા સમયગાળાનો હોય તો મૂલ્યાંકન માટેનો નિશ્ચિત સમય નક્કી કરવામાં આવે છે. તબક્કાવાર કાર્યક્રમનું મૂલ્યાંકન કરી કાર્યક્રમને કેટલી સફળતા મળી છે; તેમજ નક્કી કરેલ ઉદ્દેશ પૂરા થયા છે કે કેમ વગેરે બાબતો પર વિચારણા કરવામાં આવે છે.મૂલ્યાંકન બે રીતે થાય છે.

(1) નાના કે ટૂંકાગાળાના કાર્યક્રમોનું મૂલ્યાંકન મોટે ભાગે કાર્યક્રમના અંતમાં કરવામાં આવે છે.

(2) મોટા અને લાંબાગાળાના કાર્યક્રમોનું મૂલ્યાંકન નિશ્ચિત સમયાંતરે કરવામાં આવે છે તેમજ કાર્યક્રમને અંતે વિસ્તૃત રૂપે અંતિમ મૂલ્યાંકન કરવામાં આવે છે.

## 3.3 જુદાં જુદાં વિદ્વાનોએ દર્શાવેલ સામુદાયિક સંગઠનની પ્રક્રિયા

જુદાં જુદાં વિદ્વાનોએ સામુદાયિક સંગઠનની પ્રક્રિયા માટેના નીચે મુજબના તબક્કા કે સોપાનો દર્શાવ્યા છે.

**• રે જોન્સ અને ડિમાર્ક**

રે જોન્સ અને ડિમાર્ક ચાર મુખ્ય સોપાન બતાવ્યાં છે.

(1) તથ્યોની શોધ

(2) કાર્યક્રમનું આયોજન

(3) જરૂરિયાતો નક્કી કરવી

(4) શૈક્ષણિક અને આર્થિક કાર્યક્રર્મોનું આયોજન

**• રોસ અનુસાર**

(1) વિવિધ પરિબળલક્ષી સિદ્ધાંત - કોઈપણ કાર્ય કે વ્યવહારમાં વિભિન્ન કારણો હોઈ શકે છે; તેથી કાર્યકરે આ બાબતે સતત જાગૃત રહેવું જોઈએ.

(2) સામાજિક સંરચના - કોઈપણ સમુદાય સાથે કામ કરતાં પહેલાં તેની આંતરિક સંરચનાને સારી રીતે સમજી લેવી જોઈએ.

(3) સામાજિક અને સાંસ્કૃતિક શૈલી - સમુદાયમાં અલગ અલગ અને વિશેષ પ્રકારની સામાજિક અને સાંસ્કૃતિક માન્યતાઓ હોય છે. કાર્યકરે આ માન્યતાઓને સારી રીતે સમજવી જોઈએ. કારણ કે તેનાથી સમુદાયને યોગ્ય સ્વરૂપે સમજવાનું સરળ બને છે.

(4) ઉપસમૂહ સંબંધ - સમુદાયમાં કેટલા ઉપસમૂહ છે અને તેમનો આધાર શું છે અને તેમની વચ્ચે આંતરસંબંધો કેવા છે તે બાબત કાર્યકરે સારી રીતે સમજવી જોઈએ. આ આંતરસંબંધો અને

વિશ્લેષણ તેના મનમાં સુપેરે ગોઠવાઈ ગયેલું હોવું જોઈએ. જેથી કોઈ ગેરસમજને અવકાશ રહે નહિ.

(5) નેતૃત્ત્વ - સમુદાયમાં નેતા કોણ છે અને નેતૃત્ત્વ કેવું છે, સભ્યો કોને વધારે માન્યતા આપે છે વગેરે બાબતોને કાર્યકરે સારી રીતે સમજી લેવી જોઈએ. નેતાઓ રાજકીય આગેવાન જ હોય તે જરૂરી નથી. સમુદાયમાં સામાજિક, ધાર્મિક, આધ્યાત્મિક, શૈક્ષણિક કે પરંપરાગત નેતૃત્ત્વનું વધુ મહત્ત્વ છે; તેથી કાર્યકરે આ બધાં નેતૃત્ત્વો ચકાસી લેવાં જોઈએ.

આ ઉપરાંત રોસ ચાર પ્રક્રિયાનો ઉલ્લેખ પણ કરે છે, જેમ કે (1) પ્રશ્નની વ્યાખ્યા (2) સમસ્યામાં ગર્ભિત બાબતો (3) સમસ્યાનો ઉકેલ (4) ક્રિયા

• **આર્થર ડનહામેને મતે**

(1) તથ્યાત્મક આધારોને સુરક્ષિત રાખવા

(2) કાર્યક્રમનું નિર્માણ

(3) સમાજકલ્યાણ સ્તરમાં વૃદ્ધિ

(4) સમન્વય

(5) સાર્વજનિક બોધ

(6) સાર્વજનિક શક્તિ

(7) તથ્યોનો શોધ સંબંધી કાર્યક્રમ

(8) શિક્ષણ અને પ્રગતિ

• **મેકમિલનના મતાનુસાર**

(1)તથ્યોની નિરંતર રજૂઆત

(2) આયોજન

(3) વિશિષ્ટ અધ્યયન અને મોજણી

(4) સંયુક્ત અંદાજપત્ર

(5) શિક્ષણ, આર્થિક આયોજન અને સાર્વજનિક સંબંધોના સંદર્ભમાં પદ્ધતિઓ સુનિશ્ચિત કરવી.

(6) સંયુક્ત આયોજન અને અમલ

(7) સંપર્ક સ્થાપવા માટે વિકેન્દ્રિત અને સ્થાનિક કાર્યાલયો

(8) સામુહિક વિચારવિમર્શનો ઉપયોગ અને વિકાસ

(9) સંયુક્ત સેવાઓનો અમલ

(10) કાનૂની પ્રગતિ અને વિકાસ

• **લિપ્પિટ, વોટસન અને વેસલીના મતાનુસાર**

લિપ્પિટ, વોટસન અને વેસલીએ સામુદાયિક સંગઠનના ક્ષેત્રમાં આયોજિત પરિવર્તનના સંદર્ભમાં ઘણી યોજનાઓનું સંચાલન કરવાના કારણે મેળવેલ અનુભવોના આધારે સમુદાયને સેવાર્થી તંત્ર (Clinent system) તથા સામુદાયિક સંગઠન પદ્ધતિને પરિવર્તન એજન્ટ (Change Agent) ની સંજ્ઞા આપીને દિશા નિર્દેશ કર્યો છે. આ સંદર્ભમાં તેમણે સામુદાયિક સંગઠન કાર્યમાં નીચેની પદ્ધતિઓ દર્શાવી છે.

(1) પરિવર્તનના હેતુસર જરૂરિયાતનો વિકાસ

(2) પરિવર્તનીય સંબંધોની સ્થાપના

(3) પરિવર્તનની દિશામાં કામ કરવું

(4) સમસ્યાનું નિદાન કરવું

(5) વૈકલ્પિક સ્ત્રોત કે ધ્યેયનું પરીક્ષણ

(6) સઘન પ્રયત્નો

(7) પરિવર્તનનું સામાન્યીકરણ અને સ્થાયીકરણ

(8) ઉપયોગી સંબંધો ઊભા કરવા

સમુદાયને સમસ્યા પ્રત્યે જાગૃત કરવા માટે કાર્યકર વિશિષ્ટ વ્યવસાયિક સંબંધ સ્થાપિત કરે છે; તેમજ સમુદાયને સમસ્યા ઉકેલ માટેની પ્રેરણા આપે છે. તેથી સમુદાય પોતાની રીતે પ્રયત્નશીલ બની રહે છે. તે માટેની પ્રક્રિયાને નીચેની ત્રણ રીતે રજૂ કરવામાં આવી છે.

(1) વાસ્તવિક સામુદાયિક સ્થિતિ શું છે ? તે કેવી રીતે ઉદ્ભવી ? તે બાબતનું સમુદાય સમક્ષ સ્પષ્ટીકરણ જરૂરી છે.

(2) સામુદાયિક સ્થિતિ સ્પષ્ટ કર્યા બાદ સમસ્યાના ઉકેલ કે સમાધાન માટે ચિંતન કરવાન જરૂરી છે, તેથી સમાધાન માટે યોગ્ય પદ્ધતિ પસંદ કરી શકાય.

(3) ચિંતન અને સમાધાનની પદ્ધતિ પસંદગીની પ્રક્રિયા બાદ તેને કાર્યાન્વિત કરવાની જરૂર હોય છે.

## 3.4 ઉપસંહાર

પ્રક્રિયા એ કોઈપણ પદ્ધતિનું સૌથી અનિવાર્ય પાસું છે. જૂથની જેમ સમુદાય પણ સમાજનું એક જૈવિક અંગ છે. તેમાં અનેક વ્યક્તિઓ સભ્ય છે. સામુદાયિક સંગઠન કરતી વખતે સમુદાયની સમગ્ર પરિસ્થિતિ અને વિશિષ્ટ બાબતોને ધ્યાનમાં રાખવામાં આવે છે.

સંગઠનની પ્રક્રિયાને યોગ્ય રીતે ક્રમિક વિકાસ પામવા દેવા માટે કાર્યકરે તજજ્ઞોએ દર્શાવેલી વિગતોને ધ્યાનમાં રાખવી અનિવાર્ય છે. કાર્યકરે પદ્ધતિનો અમલ કરતી વખતે સમુદાયની જાણકારી મેળવી તેની આવશ્યકતાઓનો સમજવી અનિવાર્ય છે કારણ કે કાર્યકર્તા પ્રક્રિયામાં, સમસ્યાઓનો અભ્યાસ કરીને સમસ્યાની પ્રાથમિકતા નક્કી કરે છે. ત્યારબાદ તેના માટે સાધનો ઉપલબ્ધ બનાવી ઉદ્દેશોની પ્રાપ્ત કરતાં તેમાં પ્રાપ્ય સંસાધનોના ઉપયોગથી કાર્યક્રમનું આયોજન કરે છે.

પ્રક્રિયા સમગ્ર પદ્ધતિનું અનિવાર્ય અંગ છે અને તે યોગ્ય રીતે થાય તો નિર્ધારિત ઉદ્દેશો સિદ્ધ કરી શકાય છે.

## 3.5 આપની પ્રગતિ ચકાસો

(1) રે જોન્સ અને ડીમાર્કે સામુદાયિક સંગઠનની પ્રક્રિયામાં કેટલા તબક્કા જણાવ્યા છે.

(A) પાંચ (B) ચાર

(C) દસ (D) આઠ

(2) રોસે દર્શાવેલ સામુદાયિક સંગઠનની પ્રક્રિયામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) પ્રશ્નની વ્યાખ્યા (B) સમસ્યાનો ઉકેલ

(C) તથ્યોની શોધ (D) ક્રિયા

(3) સામુદાયુક સંગઠનની પ્રક્રિયામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી.

(A) નિરીક્ષણ (B) સમુદાય અંગેની જાણકારી

(C) ઉપલબ્ધ સાધનો (D) મૂલ્યાંકન

(4) રૌસે સામુદાયિક સંગઠનની કેટલી પ્રક્રિયાઓ જણાવી છે.

(A) ચાર (B) સાત

(C) આઠ (D) બે

(5) મેકમિલને સામુદાયિક સંગઠનની દર્શાવેલ પ્રક્રિયામાં કોનો સમાવેશ થતો નથી.

(A) સંયુક્ત અંદાજપત્ર (B) આયોજન

(C) કાનૂની પ્રગતિ અને વિકાસ (D) મૂલ્યાંકન

## 3.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (B) ચાર
2. (C) તથ્યોની શોધ
3. (A) નિરીક્ષણ
4. (A) ચાર
5. (D) મૂલ્યાંકન

## 3.7 ચાવીરૂપ શબ્દો

**પ્રક્રિયા (Process) :** સમુદાયિક સંગઠન કરતી વખતે પદ્ધતિસરના ક્રમિક તબક્કાવાર વિકાસને પ્રાપ્ત કરવા માટે હાથ ધરવામાં આવતા વ્યવસ્થિત કાર્યને પ્રક્રિયા કહેવાય

## 3.8 સ્વાધ્યાય

1. સામુદાયિક સંગઠનની પ્રક્રિયાની પદ્ધતિ જણાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

2. જુદાં જુદાં વિદ્વાનોએ દર્શાવેલ સામુદાયિક સંગઠનની પ્રક્રિયા વિશે વિસ્તૃત માહિતી આપો

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

## 3.9 પ્રવૃત્તિ

1. સામુદાયિક સંગઠનની પ્રક્રિયાની યાદી તૈયાર કરવી.

## 3.10 કેસસ્ટડી

1. સામુદાયિક સંગઠક તરીકે સલાહપ્રક્રિયાના અમલ માટેની બાબતોની ચાર્ટપેપરમાં યાદી તૈયાર કરવી.

## 3.11 સંદર્ભગ્રંથ


1. Jones R and Demark, D.F., Community Organization and Agency Responsibility Association Press New York 1951
2. Mc Millan Wyne, Community Organization in Social Work, Social Work Year Book AA SW, 1947
3. Ross, M.G. Community Organization : Theory and Principles, Harper and Brothers, New York, 1955
4. ડૉ. સુરેન્દ્રસિંહ અને ડૉ.પી.ડી.મિશ્રા, સમાજકાર્ય : ઈતિહાસ અને દર્શન એવં પ્રણાલિયાં, ન્યુ રોયલ બુક કંપની, લખનઉ 1998
5. Jitendra Kumar, Jha, Encylopeadia of Social work, Anomol Publication Pvt.Ltd. New Delhi -2001

# એકમ-4 સામુદાયિક સંગઠન પદ્ધતિમાં કાર્યકરની ભૂમિકા

## એકમનું માળખું


4.0 એકમના હેતુઓ

4.1 પ્રસ્તાવના

4.2 સામુદાયિક સંગઠનમાં કાર્યકરની ભૂમિકા

4.3 સામુદાયિક સંગઠનના કાર્યો

4.4 ઉપસંહાર

4.5 આપની પ્રગતિ ચકાસો

4.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો

4.7 ચાવીરૂપ શબ્દો

4.8 સ્વાધ્યાય લેખન

4.9 પ્રવૃત્તિ

4.10 કેસસ્ટડી

4.11 સંદર્ભસૂચિ


## 4.0 એકમના હેતુઓ

આ એકમનો ઉદ્દેશ સામુદાયિક સંગઠન પદ્ધતિમાં સમુદાયની જુદાં જુદાં પ્રકારની પ્રક્રિયાઓ દ્વારા કાર્યકર્તા કેવા પ્રકારની ભૂમિકા ભજવે છે તેમજ તેના કાર્યોને સમજવાનો છે. આ એકમના અભ્યાસ બાદ તમે,

- સંગઠક તરીકે કાર્ય કરતી વખતે કેવાં પ્રકારની ભૂમિકા કાર્યકરે ભજવવાની છે તે સમજી શકાશે.
- સંગઠનમાં કાર્યકર્તાના જુદાં જુદાં કાર્યોને જાણી શકાશે.

## 4.1 પ્રસ્તાવના

સમાજકાર્યની બધી જ પદ્ધતિઓનો ઉપયોગ અને વિનિયોગ સમાજકાર્યકર દ્વારા થાય છે. સામુદાયિક સંગઠન પદ્ધતિમાં જુદા જુદા પ્રકારની પ્રક્રિયાઓ દ્વારા અનેક પ્રકારના કાર્યો કરવામાં આવે છે. આથી સ્પષ્ટ રીતે જ કાર્યકરના કાર્યો અને તેની ભૂમિકા સમાજકાર્યની પદ્ધતિમાં પરિભાષિત કરવામાં આવી છે. સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે કાર્યકરે તેની ભૂમિકા સુયોગ્ય અને ચોક્સાઈપૂર્વક ભજવવાની હોય છે. આ કાર્યોને સુયોગ્ય રીતે કરવા કાર્યકર્તમાં જુદાં જુદાં પ્રકારના જ્ઞાન અને અનુભવની જરૂર પડે છે. ઉપરાંત કાર્યકર્તાના વ્યક્તિગત ગુણ, વિશેષતાઓ, સામાન્ય શિક્ષણ અને અનુભવ જ્ઞાન તેને સમુદાયમાં પોતાની ભૂમિકા ભજવવામાં મદદરૂપ બને છે. કાર્યકર પોતાની ભૂમિકા સફળતાપૂર્વક ભજવી શકે તે માટે નીચે મુજબની બાબતો અનિવાર્ય છે.

(1) સમુદાયની વ્યક્તિઓ સાથે વ્યવહાર કરવાનો અનુભવ

(2) સમાજ કલ્યાણના ક્ષેત્રે જરૂરી સ્થાનિક, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તરના સમાજકલ્યાણ સંસાધનોનું કાર્યાત્મક જ્ઞાન

(3) સામુદાયિક સંગઠન પદ્ધતિ વિશેની સમજ અને કાર્યાત્મક જ્ઞાન

(4) સામુદાયિક સંગઠન પદ્ધતિની વ્યવહારિક કુશળતા

(5) સામુદાયિક સંગઠન પદ્ધતિનું તાત્ત્વિક જ્ઞાન

(6) કાર્યકરમાં વ્યક્તિગત ગુણો જેવાં કે હિંમત, સાહસ, પ્રમાણિકતા, તટસ્થતા, અનુકૂલન ક્ષમતા, સંવેગાત્મક સંતુલન વગેરે

કાર્યકર્તાને પોતાની પ્રકૃતિના જ્ઞાન ઉપરાંત સમુદાયની પ્રકૃતિ અંગેનું પણ જ્ઞાન હોવું જોઈએ.

## 4.2 સામુદાયિક સંગઠનમાં કાર્યકરની ભૂમિકા

સામુદાયિક સંગઠનમાં કાર્યકરની ભૂમિકા સંદર્ભે રોસ-મૂરેએ સામુદાયિક સંગઠનમાં કાર્યકરની ભૂમિકા નીચે મુજબ દર્શાવી છે.

**પથદર્શક તરીકેની ભૂમિકા**

સામુદાયિક સંગઠનમાં કાર્યકર્તાની પથદર્શકના રૂપમાં પ્રાથમિક ભૂમિકા એ રહે છે કે તે સમુદાયને તેના ઉદ્દેશો નિશ્ચિત કરવામાં અને તેને પ્રાપ્ત કરવાના સાધનોની જાણકારી મેળવવામાં સહાયતા કરે છે. કાર્યકર્તા પોતાના વ્યવસાયિક જ્ઞાન અને અનુભવને આધારે સમુદાયને પોતાના વિકાસની દિશા નક્કી કરવામાં તથા તેમાં આગળ વધવામાં સહાય કરે છે. પથદર્શકના રૂપમાં કાર્યકરે નીચે મુજબની ભૂમિકા ભજવવી પડે છે.

**પહેલ કરવી**

રોસે કાર્યકરની પથદર્શક ભૂમિકાના પ્રથમ તબક્કે પહેલ કરવી તે દર્શાવ્યું છે. કાર્યકરમાં જાતે પહેલ કરવાની ક્ષમતા ઈચ્છા શક્તિ અને પોતાના કાર્ય પ્રત્યે વિશ્વાસ હોવો જોઈએ. કાર્યકર ઉત્સુકતાથી કાર્ય કરેશે તો તે મુજબ સમુદાય દ્વારા સહયોગ પ્રાપ્ત કરી શકશે આથી પથદર્શકમાં પહેલ કરવાની ઉત્કટ ઈચ્છા અને જિજ્ઞાસા હોવી જોઈએ. કેટલીકવાર તે સમુદાયમાં અસંતોષત ઉત્પન્ન કરવામાં પહેલ કરીને સમુદાયની અનિચ્છનીય સ્થિતિમાં સુધારો લાવી શકે છે.

**તટસ્થતા-વસ્તુલક્ષિતા**

સામુદાયિક સંગઠન કાર્યકર સમુદાયની સ્થિતિ પ્રત્યે તટસ્થ હોવો જોઈએ તેમજ તેની મનોવૃત્તિ નિરપેક્ષ હોવી જોઈએ. તે કોઈપણ પ્રકારના પૂર્વગ્રહ રહિત વસ્તુલક્ષી વિચારધારા વાળો હોવો જોઈએ.

**સમુદાય સાથે તાદાત્મ્ય**

કાર્યકરે સમુદાયના કોઈ એક ભાગ કે સમૂહ કે વર્ગ પૂરતો સીમિત ન રહેતા સમગ્ર સમુદાય સાથે તાદાત્મ્ય સાધવું જોઈએ. સમુદાયમાં આપણાપણાની ભાવના વિકસાવવાનો પ્રયાસ કરવો જોઈએ. સમુદાય સાથેની આત્મીયતા અને તાદાત્મ્યની ભાવનાની સમુદાયમાં સ્વીકૃત બની શકે છે.

**ભૂમિકા સ્વીકૃતિ**

સમુદાયમાં કાર્યકરે જે ભૂમિકાનો સ્વીકાર કર્યો છે તે કોઈ દબાણ કે દાબ નીચે નહિ;

પરંતુ સ્વેચ્છાએ ચોક્કસ ધ્યેય સમજીને ભૂમિકાનો સ્વીકાર કરેલ હોવો જોઈએ. આમ થાય તો જ કાર્યકર પોતાની ભૂમિકાને યોગ્ય ન્યાય આપી શકે છે.

**ભૂમિકાનું અર્થઘટન અને નિરૂપણ**

કાર્યકર્તા પોતાની ભૂમિકાનો અર્થ સમુદાય સમક્ષ સ્પષ્ટ કરે છે, જેથી સમુદાય તેને સમજી શકે અને તેમજ તેના અંગે કોઈ ગેરસમજ ન ઊભી કરે. કાર્યકરે પોતાની ભૂમિકાના અર્થઘટનમાં પોતે કરવાની તમામ પ્રવૃત્તિઓ માટે તે પોતાની શ્રેષ્ઠતમ ક્ષમતા મુજબ કાર્ય કરે છે. પોતાની ભૂમિકા નિભાવવામાં કાર્યકરે પોતાની દૂરદષ્ટિ તેમજ પોતાના સાધનો, સમસ્યાઓ, નિપુણતા વગેરે તમામ સુવિધાઓને ધ્યાનમાં રાખીને ભૂમિકાનું અર્થઘટન કરવું જોઈએ. તેણે સમુદાય માટે નક્કર કામગીરી કરીને સમુદાયને ઉપયોગી બનવાનું છે.

**સામર્થ્યદાતા કે ટેકો આપનાર તરીકેની ભૂમિકા**

સામર્થ્યદાતા કે ટેકો આપનારના રૂપમાં કાર્યકર્તાની ભૂમિકા સંગઠન પ્રક્રિયાને સરળ બનાવવાની તેમજ વ્યક્તિને સક્ષમ બનાવવાની ભૂમિકા ભજવે છે. આ ભૂમિકા સમુદાયની પરિસ્થિતિ પ્રમાણે જટિલ અને વિસ્તૃત હોય છે. જે નીચેની બાબતો પરથી સ્પષ્ટ થાય છે.

**અસંતોષને કેન્દ્રિત કરવો.**

કાર્યકર સમુદાયના લોકોને પોતાની સ્થિતિ અંગે જાગ્રત કરી અસંતોષ ઊભો કરવામાં અને તેને કેન્દ્રિત કરવામાં તેમની મદદ કરે છે. કાર્યકર સામુદાયિક મતભેદની સ્થિતિમાં સહાયની ભાવના વિકસાવીને મદદરૂપ બને છે. સમુદાયનો અસંતોષ એ ભાવિ કાર્યક્રમ માટે પ્રેરણાસ્રોત બની શકે છે.

**સંગઠનને પ્રોત્સાહિત કરવું.**

કેટલાક સમુદાયો એવા હોય છે તે સરળતાથી સંગઠિત થતાં નથી. જેમ કે શહેરી સમુદાયમાં શિથિલતા કે ઉદાસીનતા વધુ જોવા મળે છે. આવી પરિસ્થિતિમાં કાર્યકરે ધીરજપૂર્વક સંગઠન સ્થાપિત કરવામાં મદદ કરે છે. આ કાર્ય ખૂબ જહેમત માંગી લે છે. આમા ક્યારેક કાર્યકર્તાની કસોટી પણ થાય છે.

**સારા આંતરવૈયક્તિક સંબંધોને પ્રોત્સાહિત કરવા**

કાર્યકર્તા સમુદાયના સભ્યો વચ્ચે સારા આંતરવૈયક્તિક સંબંધો વધારવા અને તેઓમાં સહકારની ભાવનામાં વૃદ્ધિ કરવામાં સહાયતા કરે છે તેથી વ્યક્તિ વ્યક્તિ વચ્ચે વ્યક્તિ અને જૂથ સાથે વ્યક્તિ અને સમુદાય સાથે જૂથ અને સમુદાય વચ્ચે અને સમુદાયના અંદરોઅંદરના સંબંધોમાં સહકાર અને સહયોગ વધી શકે અને સંબંધો દઢ બની શકે.

**સામાન્ય ઉદ્દેશ પર ભાર મૂકવો**

સામુદાયિક સાધનો અને અસરકારક આયોજનના વિકાસ માટે સામાન્ય ઉદ્દેશો પર ભાર મૂકવો તેમજ તેનો સમુદાયમાં સ્વીકાર થાય તે પણ કાર્યકરની મહત્વની ભૂમિકા છે.

સામર્થ્યદાતાના રૂપમાં કાર્યકર સામુદાયિક પ્રક્રિયામાં વધારો કરે છે. કાર્યકર પોતે નેતૃત્વ નથી કરતો; પરંતુ સ્થાનિક પ્રયત્નોને પ્રોત્સાહન આપે છે.

**કાર્યકર્તા વિશેષજ્ઞ તરીકેની ભૂમિકામાં**

વિશેષજ્ઞના રૂપમાં કાર્યકર્તા પોતાના જ્ઞાન અને અનુભવને આધારે સમુદાય સાથે પરામર્શ આધારિત હોય છે. આ પરામર્શ સંશોધન સંબંધિત તથ્યો, પૂર્વાનુભવ, સાધન સામગ્રી વગેરે પર

આધારિત હોય છે. વિશેષજ્ઞના રૂપમાં કાર્યકર સામાજિક તથ્યોને સમુદાય સમક્ષ રજૂ કરે છે. સમુદાયને સ્વયં નિર્ણય લેવા માટે માર્ગદર્શન આપે છે; પરંતુ પોતે તેમાં સંકળાતો નથી, પણ સમુદાયને આ દિશા તરફ લઈ જાય છે. વિશેષજ્ઞ તરીકેની ભૂમિકામાં નીચેના દષ્ટિબિંદુનો સમાવેશ થાય છે.

**સંશોધનની કુશળતા**

કાર્યકર્તા સંશોધન પદ્ધતિઓનું પૂરતું જ્ઞાન ધરાવતો હોવો જરૂરી છે. તેથી તે સંશોધન પદ્ધતિઓનો નિપુણતાપૂર્વક ઉપયોગ કરી શકે.

**સામુદાયિક નિદાન**

કાર્યકર સમુદાયની વિશેષતા, રસ, અભિરૂચિ અને જરૂરિયાતોને જાણીને સમસ્યાનું નિદાન કરવાના હેતુ માટે સંબંધ સ્થાપે છે.

**અન્ય સમુદાયોના વિષયમાં જાણકારી**

કાર્યકર્તાને અન્ય સમુદાયો અંગે થયેલા અધ્યયનો, સંશોધનમાં અને પ્રયોગાત્મક કાર્યોનું પૂરું જ્ઞાન હોવું જોઈએ. સંશોધન પર આધારિત ઉપયોગી સિદ્ધાંતોના સંદર્ભમાં કાર્યકરે સમુદાયને જાણકારી આપવી જોઈએ. તેથી સમુદાય અન્ય સમુદાયના અનુભવોને જાણી શકે છે અને બીજા સમુદાયમાં થયેલી ભૂલો કે ખામીઓથી બચી શકે છે.

**પદ્ધતિ સંબંધિત પરામર્શ**

કાર્યકરને સંગઠન અને તેની કાર્ય પદ્ધતિ વિશે જાણકારી હોય છે. તેના આધારે કયા પ્રકારની પદ્ધતિ અપનાવવી તેમજ સભ્યો કઈ પદ્ધતિથી કામ કરશે તો તેનો નિષ્કર્ષ કેવો નીકળશે તે જણાવી શકે છે. જો કે બધા અનુમાન હંમેશા સાચા જ હોય તે જરૂરી છે.

**ટેકનિકલ માહિતી**

કાર્યકર્તાને પૂરેપૂરી ટેકનિકલ માહિતીની જાણકારી હોવી જોઈએ. તેથી વિવિધ યોજનાઓ માટે જરૂરી ટેકનિકલ સાધન-સામગ્રી અંગેની માહિતી સમુદાયને આપી શકે. કાર્યકરને સરકારી વિભાગો, સ્વૈચ્છિક સંસ્થાઓ, આંતરરાષ્ટ્રીય સંગઠનો અને નિષ્ણાંતોની સેવાઓ પ્રાપ્ત કરવાની રીતોનું પણ પૂરતું જ્ઞાન હોવું જોઈએ.

**મૂલ્યાંકન**

સમુદાયના આંતરિક કાર્યો, ક્રિયાઓ અને કાર્ય પદ્ધતિનું મૂલ્યાંકન કાર્યકરે સમયાંતરે કરવાનું હોય છે. કાર્યકરમાં મૂલ્યાંકન કરવાની ક્ષમતા હોવી જોઈએ. મૂલ્યાંકન તટસ્થ, વસ્તુલક્ષી અને હેતુલક્ષી બનવું જોઈએ. સમુદાયની શક્તિઓ અને મર્યાદાઓનું સાચુ ચિત્ર સમાજમાં આવવું જોઈએ. તેમજ કયાં કઈ ત્રુટિઓ રહી ગઈ છે તે સ્પષ્ટ થવું જોઈએ. તેનાથી ભવિષ્ય અંગે દિશા સૂચન મળે છે.

**કાર્યકર્તા એક સામાજિક ચિકિત્સકના રૂપમાં**

વ્યવસાયિક સામાજિક કાર્યકર સમુદાયમાં સામાજિક ચિકિત્સક તરીકે મહત્વની ભૂમિકા ભજવે છે. ઉપચારના અર્થમાં સામુદાયિક ઉપચાર છે. આ ઉપચારની જરૂરિયાત સમુદાયમાં કાર્યકર્તા કાર્યકર સભ્યોને વિશેષ રસ પડે છે. સમુદાયના સંઘર્ષને દૂર કરીને અનુકૂળતા ઊભી કરવી તે ચિકિત્સકના રૂપમાં કાર્યકર્તાની જવાબદારી બને છે. તે માટે તજજ્ઞોની કુશળતા અને વસ્તુલક્ષીતા હોવા જોઈએ.

1. **સંસૂકચ :** સામુદાયિક સંગઠન કાર્યકર સૂચના, વિચારો તથા જ્ઞાનને સમુદાયના સભ્યોમાં હસ્તાંતરણ કરવાનો પ્રયત્ન કરે છે. સભ્યોમાં સૂચનો આપવા તથા ગ્રહણ કરવાથી સમુદાય સારી રીતે પરિપક્વ તથા જાગૃત બને છે. કાર્યકર્તા તથા સમુદાયની વચ્ચે સૂચનોનું આદાન-પ્રદાન જરૂરી છે. સમુદાયના લોકોને સામુદાયિક સંગઠનની પ્રક્રિયાની અસરો તથા પરિણામો અંગે તૈયાર તથા જાગૃત હોવું જરૂરી છે. આ અંગેની જાણકારી લોકોને વ્યક્તિગત મુલાકાત, જૂથ-સંપર્ક, સામૂહિક ચર્ચા સાર્વજનિક બેઠકો દ્વારા પ્રાપ્ત થાય છે.

   કેટલીકવાર સામુદાયિક કાર્યકર સમુદાય વિશે એવું વિચારી લે કે સમુદાયના લોકો શિક્ષિત નથી. તથા ભોળા છે. જેનાથી લોકો સાથેનો સંપર્ક વ્યવસ્થિત રીતે જોઈએ તેવો થઈ શકતો નથી. આવા કોઈ અઇચ્છનીય સંબંધ ન બને તેનાથી બચવા માટે સામુદાયિક સંગઠકે લોકો સાથે પારદર્શિતા સંબંધ બનાવી રાખવો પડે. વ્યક્તિ સાથે કરવામાં આવતી આંતરક્રિયા એ સંદેશાવ્યવહાર કરતાં પણ વધુ સારી એ રીતે માનવામાં આવે છે કે આગળ જે કાર્ય કરવાનું હોય છે. તે માટેનો સારો સંબંધ અને સહયોગ પ્રાપ્ત કરી શકાય છે.

   સામુદાયિક કાર્યકર લોકો સુધી વાત પહોંચાડવા માટે જુદી-જુદી ટેકનિકનો ઉપયોગ કરે છે. જેમાં તે નાટક, શેરી નાટક, દશ્ય-શ્રાવ્ય સાધનો, પ્રદર્શન વગેરેનો ઉપયોગ કરી શકે છે. જેના ઉપયોગ દ્વારા લોકોને જાગૃત કરી શકાય છે.

   સ્થાનિક લેવલે પ્રાપ્ત સમૂહો જેવા કે યુવક મંડળ, યુવતીમંડળ, સ્વ-સહાય જૂથ, ભજનમંડળ વગેરેના ઉપયોગ દ્વારા તેમને જવાબદારી સોંપીને લોકો સુધી કોઈ સંદેશો પહોંચાડવો છે તો તે કાર્ય કરી શકાય છે.

2. **યોગ્ય બનાવવા સંબંધી ભૂમિકા :**

   સમુદાયમાં પરિવર્તનની પ્રક્રિયા સામુદાયિક સંગઠન દ્વારા આગળ વધાવવામાં આવે છે. સમુદાયને સમક્ષ બનાવવાનું કાર્ય કરે છે. ઉત્પાદનના સ્થાને પ્રક્રિયાને મહત્ત્વનું સ્થાન આપે છે.

   સમુદાયને સક્ષમ બનાવીને કાર્યકર તેનામાં આત્મવિશ્વાસનો વધારો કરે છે. તે સમુદાય અન્ય કોઈ પર આધારિત રહેતો નથી. સમુદાયની સાથે રહીને તે લોકોને જુદા-જુદા ઉપાયો સૂચવે છે જેનાથી તેમની નિર્ણય શક્તિમાં વધારો થાય છે કે તેમણે કર્યું કાર્ય કરવાનું છે અને કેમ કરવાનું છે. જ્યારે સમુદાયના લોકોને મુશ્કેલીના સમયમાં જરૂર પડે ત્યારે સામુદાયિક સંગઠકનો સંપર્ક કરે છે. કાર્યકરનું એ કાર્ય છે કે તે લોકોને પ્રક્રિયા અંગે સમજાવે તથા પૂર્ણ રીતે તેમનો સહયોગ પ્રાપ્ત કરે જેનાથી તેઓ પોતે પોતાના પગ પર ઊભા રહી શકે અને સક્ષમ બની શકે.

3. **જીવંત બનાવવા સંબંધી ભૂમિકા :**

   સામુદાયિક કાર્યકરણ સમુદાયની કોઈ કાર્યપ્રક્રિયામાં જુદી-જુદી પ્રવૃત્તિઓ શરૂ કરવા માટે પ્રોત્સાહન, દિશા-નિર્દેશન તથા પથદર્શન કરે છે. અમુક લોકો પોતાની સંસ્કૃતિને કારણે બીજા કોઈ પર આધાર રાખીને જીવે છે. આવા સમયે તે લોકોને જીવંત અને સક્ષમ બનાવવા માટે સક્રિય રીતે ભાગીદાર બને છે અને સમુદાયને મદદ કરે છે.

સામાન્ય રીતે લોકો કોઈ જોખમી કાર્ય કરવા માટે તૈયાર હોતા નથી તથા ક્યારેક સાર્વજનિક ભલાઈ માટે કંઈ કહેવા માગતા નથી. સામુદાયિક સંગઠન પ્રશ્નો પૂછીને તથા તેમની અંતરાત્માને જગાડીને આવી સ્થિતિમાં પરિવર્તન લાવે છે. જેના દ્વારા સમુદાયના મૌન અને ગરીબીની સંસ્કૃતિ અપનાવવાળા લોકો તેમની ચેતનાને જાગૃત કરીને આગળ વધી શકે છે.

**4. માર્ગદર્શક તરીકેની ભૂમિકા :**

સામુદાયિક સંગઠનની પ્રક્રિયામાં સમુદાયના સભ્યોને માર્ગદર્શન આપવાનું કાર્ય સામુદાયિક સંગઠન દ્વારા કરવામાં આવે છે. માર્ગદર્શકના રૂપમાં કાર્યકર્તા જરૂરી માહિતી ઉપલબ્ધ કરાવે છે. તેને એક એવો વ્યક્તિ બનવું પડે છે કે જેની પાસે સૌથી વધુ વિચાર અને સમાચાર હોય છે. માર્ગદર્શન તરીકે યુવા બેરોજગારોને અલગ-અલગ નોકરીની તકો, સ્વ-રોજગારી કરવાના વિભિન્ન ઉપાયો તથા કાર્ય માટે નાણાંકીય મદદ મળી શકે તેવી સંસ્થાઓ અંગે જાણકારી આપવા માટે કાર્યકર પોતે સક્ષમ હોવો જોઈએ. એકવાર જો કાર્યકર સક્ષમ બનશે તો અન્ય લોકો પણ તેની પાસે મદદ મેળવવા આવે છે જેનાથી સમાજમાં તેનું માન વધે છે.

**5. પરામર્શક તરીકે :**

સામુદાયિક સંગઠક સમુદાયને સમજે છે અને સમુદાયને પણ એ યોગ્ય બનાવે છે કે તે પોતે પોતાને સમજી શકે મુશ્કેલીના સમયે વ્યક્તિ અથવા તો સમુદાયના સભ્યને યોગ્ય માર્ગદર્શન આપવામાં આવે છે. જેના કારણે તે યોગ્ય દિશામાં આગળ વધી શકે. પરામર્શક તરીકેની ભૂમિકામાં કાર્યકર દ્વારા બીજાઓની સ્થિતિને સાંભળવી પડે છે, સમજવી પડે છે તથા જવાબ આપવો પડે છે. સામાન્ય રીતે કોઈપણ વ્યક્તિ જ્યારે કોઈ મુશ્કેલીમાં મૂકાય છે. ત્યારે તેને તે મુશ્કેલીમાંથી કેવી રીતે બહાર નીકળવું તેની કંઈ સમજ પડતી નથી તેને એવું લાગે છે કે કોઈ તેની વાતને સાંભળે. ઘણી વાર કોઈ વ્યક્તિની વાતને જો ધ્યાનથી સાંભળવામાં આવે છે ત્યારે તે વ્યક્તિને તે સમયે એવું આવે છે કે તેની સમસ્યા ચોક્કસ હલ થશે.

**6. સહકર્મીના રૂપમાં :**

સામુદાયિક કાર્યકર પોતાનું કાર્ય કરવા માટે પોતાના સાથી કાર્યકરો તથા સરખી વિચારસરણી ધરાવનારા લોકો તથા સંગઠનો પાસેથી મદદ મેળવે છે. કાર્યકર્તા આંતરવૈયક્તિક સંબંધો તથા લોક-સંપર્ક કરવામાં કુશળ હોવો જરૂરી છે. સાથી કાર્યકરની ભૂમિકામાં સંગઠન એક જ જેવી સમસ્યા માટે કાર્ય કરતાં સંગઠનોને મજબૂત બનાવે છે અને તેમને જોડવાનું કાર્ય કરે છે.

**7. સલાહકાર :**

સલાહકારની ભૂમિકામાં સંગઠકને લોકો ઉપર વિશ્વાસ હોય છે. તથા વ્યાપક હિતોમાં તેમને સલાહ આપે છે. તેની પાસે એવું જ્ઞાન અને જાણકારી હોય છે તે બીજાઓને મદદ કરવા માટે તેનો ઉપયોગ કરે છે. સમુદાયને મૂંઝવતા કોઈ પ્રશ્નનો કે સમસ્યાનો ઉકેલ ન આવે ત્યારે તે કાર્યકરનો સંપર્ક કરે છે અને કાર્યકર્તા દ્વારા સલાહ-સૂચન દ્વારા સમસ્યા ઉકેલનો પ્રયત્ન કરવામાં આવે છે.

**8. પ્રમોટર તરીકે (શરૂ કરનાર) :**

સામુદાયિક કાર્યકર સામુદાયિક સંગઠનની પ્રક્રિયાના માધ્યમ દ્વારા ટેકનોલોજીમાં નવીનતા તથા સુધારો અને તેનો અમલ કરાવે છે. જેના દ્વારા લોકોને માર્ગદર્શન મળે છે અને તેઓ પોતાની સમસ્યાઓ અને પ્રશ્નોના ઉકેલ માટે નવા ઉપાયો અજમાવી શકે છે. તેનું કાર્ય માત્ર સમસ્યા નિવારણ ન રહેતા તેણે વ્યક્તિઓ તથા સમુદાયની ક્ષમતા વધારવાના ક્ષેત્રમાં કામ કરવું જોઈએ. જેના દ્વારા લોકોની ક્ષમતા સુધારવા માટે નવા ઉપાયો સૂચવીને પ્રમોટર બની શકે છે.

**9. આદર્શ તરીકે :**

સામુદાયિક સંગઠકના રૂપમાં તે પોતાના કાર્યને યોગ્ય રીતે કરે છે તથા પ્રેરણાદાયીના રૂપમાં કામ કરે છે. સંગઠકનું કાર્ય લોકો સાથે કામ કરતી સમયે ઉદાહરણ બને છે. આગળ જઈને તેણે એક આદર્શ વ્યક્તિ બનાવે છે. જેના દ્વારા તેને આવા અન્ય ક્ષેત્રોમાં પણ જોડી શકાય છે.

**10. પ્રેરકના રૂપમાં :**

કાર્યકર દ્વારા લોકોની જરૂરિયાતો પૂર્ણ કરવા તથા સમસ્યાઓનું સમાધાન કરવા માટે લોકોમાં સક્રિય રુચી પેદા કરે છે. તથા તેને જાળવી રાખે છે. સમુદાયને સતત પ્રેરણા આપે છે. જેના દ્વારા સમુદાયના નાના-મોટા કાર્યો સફળતાપૂર્વક પૂર્ણ થઈ શકે. ઘણીવાર સમુદાયના કાર્યમાં કોઈ આગળ આવીને કાર્ય કરવા માટે તૈયાર થતું નથી. ત્યારે તે પરિસ્થિતિનું અવલોકન, વિશ્લેષણ, સમજણ તથા યોગ્ય પ્રતિક્રિયાઓ દ્વારા લોકોને પ્રેરણા આપે છે.

**11. વિશ્લેષણના રૂપમાં :**

સામુદાયિક સંગઠક સમાજકાર્ય અને પ્રતિક્રિયાઓને ગતિ આપે છે. જેનાથી લોકો ઈચ્છિત ધ્યેય પ્રાપ્ત કરી શકે એક વિશ્લેષકના રૂપમાં લોકોની જવાબદારીનું સ્થાન વધારે છે. તથા લોકોને આત્મનિર્ભર બનાવવા તથા પોતાની જરૂરીયાતો પ્રત્યે જવાબદાર બનાવવામાં નિષ્ણાત બને છે.

**12. વકીલાત તરીકેની ભૂમિકા :**

વકીલ તરીકેની ભૂમિકામાં તેનું કાર્ય લોકોને વિશ્વાસમાં લેવાના તથા તેમનું પ્રતિનિધિત્વ કરવાનું હોય છે. સમુદાયના લોકોને પ્રતિનિધિ બનવા માટે તૈયાર કરવામાં આવે છે. જેનાથી તેઓ પોતાના વિષયો સંબંધી અધિકારીઓ સામે રાખી શકે. વર્તમાન સમયમાં આ ભૂમિકા એક મહત્ત્વની ભૂમિકા છે. લોકોની સમસ્યાઓ તથા જરૂરીયાતો માટે પ્રતિનિધિત્વ પુરું પાડવાનું હોય છે. તથા દમનકારી શક્તિઓ પર દબાણ વધારવાનું હોય છે. સમુદાય વતી સમુદાયના પક્ષમાં વાત કરે છે અને આવી સ્થિતિ જ્યારે સમુદાય કાર્ય નથી કરી શકતું ત્યારે ઉત્પન્ન થાય છે.

**13. સુવિધા કરી આપનારની ભૂમિકા :**

સામુદાયિક કાર્યકર સમુદાયને પોતાની જરૂરીયાતોને બતાવવા, સ્પષ્ટ કરવા તથા ઓળખવા, ઉપયોગી રણનીતિઓને શોધવા તેમને પસંદ કરવા તથા તેમને લાગુ કરવા તથા લોકોને પોતાની સમસ્યાઓ વધારે સારી રીતે હલ કરવાની ક્ષમતાઓ વિકસાવવામાં મદદ કરે છે. લોકોને સમર્થન, પ્રોત્સાહન ઉપાય સૂચવે છે. જેનાથી તેઓ પોતાની સમસ્યાઓને સરળ રીતે અને નિપુણતાથી હલ કરવામાં અગ્રેસર બને.

**14. મધ્યસ્થી તરીકેની ભૂમિકા :**

બે સમુદાયની વચ્ચે થયેલાં વિવાદોમાં સમદાવવા, મતભેદોને ઉકેલવા અને એકબીજા સાથે સંતોષજનક સહમતી બનાવવામાં હસ્તક્ષેપ કરે છે. તે પોતાને તટસ્થ રાખે છે. મધ્યસ્થી તરીકે સમુદાયના સભ્યો વચ્ચેના વિવાદો દૂર કરવામાં સાથે રહે છે.

**15. શિક્ષક તરીકેની ભૂમિકા :**

શિક્ષક તરીકેની ભૂમિકામાં લોકોને શિક્ષિત કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. લોકોને સૂચનો કરે છે. નવા વ્યવહારો, દાખલાઓ તથા કોશલ્યોને અપનાવી શકે તે રીતે સમુદાયને મદદ કરે છે. કાર્યકર યોગ્ય નિર્ણય લેવા માટે જરૂરી સૂચનો આપે છે.

## 4.3 સામુદાયિક સંગઠનના કાર્યો :

સામુદાયિક સંગઠનના સામાજિક કાર્યકર્તાના કાર્યો નીચે મુજબ છે.

**(1) શિક્ષણાત્મક કાર્ય**

સામુદાયિક સંગઠકની માનવીય ક્ષમતાઓ વધતી રહે છે. તે હકિકતમાં વિશ્વાસ કરવાનો હોય છે. શિક્ષણાત્મક કાર્યો દ્વારા સભ્યોની જરૂરિયાત મુજબ તેમના વ્યવહાર બદલવાની કોશીશ કરે છે. લોકોમાં નેતૃત્ત્વની ક્ષમતા ઊભી કરવી એ લોકોને શિક્ષિત કરવા જેવું છે. પ્રચલિત માન્યતાઓ વૈજ્ઞાનિક રીતે સમજવા માટેનું પ્રોત્સાહન આપે છે.

**(2) સંગઠનાત્મક કાર્ય**

આ કાર્ય અંતર્ગત સામાજિક કાર્યકર સમુદાયની જરૂરિયાતો પૂરી કરવા માટે કાર્યક્રમો કરી સમુદાયના સભ્યો તથા તેમનાં સાધનો વચ્ચે સમન્વય સ્થાપે છે.

**(3) સમન્વયાત્મક કાર્યો**

તેની અંતર્ગત સામાજિક કાર્યકર સામુદાયિક ઉન્નતિ માટે કરવામાં આવતાં કાર્યો વચ્ચે સમન્વય સ્થાપે છે. આ સમન્વયના કારણે સમુદાયની શક્તિ સંગઠિત બને છે.

**(4) નેતૃત્ત્વનો વિકાસ અને ઉન્નતિ સંબંધિત કાર્યો**

સામાજિક કાર્યકર સમુદાયના નેતૃત્વનો વિકાસ કરે છે. સમુદાયની જરૂરિયાતો પૂરી કરવા માટે લોકો રસ-રુચિ ઉત્પન્ન કરે છે.

**(5) સાર્વજનિક સંબંધોના કાર્યો**

આ ક્રિયાઓ દ્વારા સમુદાયનાં લોકો પર અસર થાય છે. જે સામુદાયિક કાર્યકર સમુદાયની ઉન્નતિ માટે કાર્યકર્મો કરે છે.

**(6) સામુદાયિક ચેતનાનો વિકાસ**

સમાજકલ્યાણ કાર્યો માટે શિક્ષણ, માહિતી તથા લોકોના સક્રિય સહયોગ દ્વારા સામુદાયિક ચેતનાનો વિકાસ પણ કાર્યકર માટે આવશ્યક છે.

**(7) અંદાજપત્ર કાર્ય**

સમુદાયની પ્રગતિ માટે કોઈ કાર્યક્રમ નિશ્ચિત કરવામાં આવે તો તેના માટે નાણાંકીય વ્યવસ્થા પણ હોવી આવશ્યક છે. આવી આવશ્યક નાણાંકીય વ્યવસ્થા માટે સાધનો અને સ્રોતને ઊભા કરવાનું પણ સામાજિક કાર્યકર માટે જરૂરી બને છે.

**(8) વહીવટી કાર્ય**

કોઈપણ કાર્યક્રમને શરૂ કર્યા બાદ તેના માટે ઊચિત વહીવટી વ્યવસ્થા ઊભી કરવી જરૂરી છે. આમ, સામાજિક કાર્યકર વહીવટી કાર્યની વ્યવસ્થા કરે એ પણ જરૂરી છે.

**(9) સંશોધન કાર્ય**

આ અંતર્ગત સામાજિક કાર્યકર સમીક્ષા હાથ ધરીને પોતાના કાર્યક્રમનાં પરિણામોનું સમાયંતરે મૂલ્યાંકન કરે છે.

## 4.4 ઉપસંહાર

સામુદાયિક સંગઠન જટિલ પ્રક્રિયા છે. તેનો યોગ્ય અમલ થાય તે માટે સંગઠક તેની ભૂમિકા અને તેનાં કાર્યોને યોગ્ય રીતે નિભાવે છે. કોઈપણ સમુદાયમાં કાર્ય કરતી વખતે હકારાત્મક કાર્યો માટે પહેલ કરવાની બાબત સંગઠનના કાર્યને તેના ઉદ્દેશ મુજબ આગળ ધપાવવા માટે સમગ્ર પ્રક્રિયાના હાર્દ સમાન છે.

## 4.5 આપની પ્રગતિ ચકાસો

(1) સુદાયને તેના ઉદ્દેશ્યો નિશ્ચિત કરવામાં અને તેને પ્રાપ્ત કરવામાં સાધનોની જાળવણી કરવામાં નીચેનામાંથી કઈ ભૂમિકા મદદરૂપ થાય છે.

(A) ભૂમિકા સ્વીકૃતિ (B) પહેલ કરવી

(C) સંશોધનની કુશળતા (D) પથદર્શક

(2) સામુદાયિક સંગઠનના કુલ કેટલા કાર્યો છે ?

(A) બાર (B) નવ

(C) પંદર (D) દસ

(3) નીચેનામાંથી કોનો સામુદાયિક સંગઠનના કાર્યમાં સમાવેશ થતો નથી ?

(A) શિક્ષણાત્મક કાર્ય (B) સંગઠનાત્મક કાર્ય

(C) મૂલ્યાંકન કાર્ય (D) સમન્વયાત્મક કાર્ય

(4) નીચેનામાંથી કોનો સામુદાયિક સંગઠનની ભૂમિકામાં સમાવેશ થતો નથી.

(A) પથદર્શકની ભૂમિકા (B) ભૂમિકા સ્વીકૃતિ

(C) પહેલ કરવી (D) શિક્ષણાત્મક

(5) નીચેનામાંથી કોનો સામુદાયિક સંગઠનના કાર્યમાં સમાવેશ થતો નથી.

(A) વહીવટ (B) મૂલ્યાંકન

(C) અસંતોષ કેન્દ્રિત (D) સંગઠનને પ્રોત્સાહન

## 4.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) પથદર્શક
2. (B) નવ
3. (C) મૂલ્યાંકન કાર્ય

4. (D) શિક્ષણાત્મક

5. (A) વહીવટ

## 4.7 ચાવીરૂપ શબ્દો

• વસ્તુનિષ્ઠા (Objectivity) :- કાર્યકર્તાનો વસ્તુલક્ષી અભિગમ

• સામાજિક ચિકિત્સક (Social Therapist) :- સમાજની સમસ્યાનો ઉપચાર કરનાર

• વિશેષજ્ઞ (Expert) :- કુશળતા અને જ્ઞાનવાળો તજજ્ઞ

• સામર્થ્યદાતા (Empowerer) :- સમર્થતા પ્રદાન કરનાર

• નેતૃત્ત્વ (Leadership) :- જૂથ, વર્ગ કે સમુદાયની આગેવાની

• સંકલન (Co-ordination) :- સમાજમાં જુદાં જુદાં ભાગોને અનુકૂળ કરી સંકલન કરવું

• અંદાજપત્ર (Budget) :- સમુદાયના કાર્યક્રમ માટે રજૂ કરેલું આવક અને ખર્ચનું અંદાજપત્ર

• પહેલ કરવી (Initiate) :- સમુદાયમાં અગ્રેસર બનવું.

## 4.8 સ્વાધ્યાયલેખન

1. સામુદાયિક સંગઠનમાં કાર્યકર્તાની ભૂમિકા જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

2. વિશેષજ્ઞની ભૂમિકા ભજવતી વખતે કાર્યકર્તાએ કેવી બાબતો ધ્યાનમાં રાખવી પડે છે તે વિસ્તૃતમાં સમજાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

3. સામુદાયિક સંગઠકના કાર્યો જણાવો.

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

..................................................................................

## 4.9 પ્રવૃત્તિ

1. ભૂમિકા અંગે જણાવી ક્ષેત્રકાર્યના અનુભવોના આધારે સામુદાયિક સંગઠકની ભૂમિકાઓની યાદી બનાવો.

## 4.10 કેસસ્ટડી

1. કોઈ પણ સમુદાયમાં કાર્ય કરવા માટે ભજવવાની સામુદાયિક સંગઠકની ભૂમિકા અંગે તમારા વિચારોની નોંધ તૈયાર કરો.
2. સામુદાયિક સંગઠનમાં સામુદાયિક સંગઠક દ્વારા કરવામાં આવતા કાર્યોની નોંધ તૈયાર કરવી.

## 4.11 સંદર્ભ ગ્રંથ


1. Ross, M.G. Community Organization : Theory and Principles, Harper and Brothers, New York, 1955
2. Mc Millan, Wyne, Proceedings to National Conference of Community Organization, Chicago 1969
3. Arthur, Dunham, Community Welfare Organization, 1958.
4. Jones R and Demark, D.F., Community Organization and Agency Responsibility Association Press New York 1951
5. ડૉ. સુરેન્દ્રસિંહ અને ડૉ.પી.ડી.મિશ્રા, સમાજકાર્ય : ઈતિહાસ અને દર્શન એવં પ્રણાલિયાં, ન્યુ રોયલ બુક કંપની, લખનઉ 1998
6. પ્રો.આર.એન.સિન્હા અને ઈન્દુબાલા, વ્યસાયિક સમાજકાર્ય, ભારતી ભવન, ન્યુ દિલ્હી, 1995
7. Jitendra Kumar, Jha, Encylopeadia of Social work, Anomol Publication Pvt.Ltd. New Delhi -2001

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

**MSW-203**

# સામુદાયિક સંગઠન કાર્ય

વિભાગ

# 3

## સામુદાયિક સંગઠનની વ્યુહરચનાઓ અને સામુદાયિક સંગઠકની ભૂમિકા


એકમ-1 **સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડેલ્સ**

એકમ-2 **સહભાગી સૂક્ષ્મ મૂલ્યાંકન, ક્ષમતાવર્ધન અને નેતૃત્વવિકાસ**

એકમ-3 **સામુદાયિક સંગઠનની વિભાવના**

એકમ-4 **સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ, નિયંત્રણ અને દસ્તાવેજીકરણ**

**ISBN : 978-81-937666-5-1**


## લેખક

| | |
|---|---|
| **ડૉ. હેમુભાઈ જાંબુકિયા** | મદદનીશ કુલસચિવ,<br>ગૂજરાત વિદ્યાપીઠ |
| **શૈલેષ બ્રહ્મભટ્ટ** | મુલાકાતી અધ્યાપક, એચ. કે. આર્ટ્સ કૉલેજ, અમદાવાદ. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **મોનિકા પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |

## પરામર્શક (વિષય)

| | |
|---|---|
| **અશોક પટેલ** | એસોસિએટ પ્રોગ્રામ કોર્ડિનેટર<br>રાજ્ય સંસાધન એકમ, ગૂજરાતી વિદ્યાપીઠ |

## પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**
All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**
Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચયઃ

પ્રથમ સેમેસ્ટરના અભ્યાસમાં વિદ્યાર્થીઓ સમાજકાર્ય અંગેનો પરિચય મેળવ્યો જેમાં તેનો અર્થ, વ્યાખ્યા, ઐતિહાસિક વિકાસ, તેની પદ્ધતિઓ અંગેનો પરિચય મેળવ્યો. જેમાં સમાજકાર્યની મુખ્ય ત્રણ પદ્ધતિઓ અને ગૌણ ચાર પદ્ધતિઓ અંગે ખ્યાલ મેળવ્યો. મુખ્ય ત્રણ પદ્ધતિઓમાં વૈયક્તિક સેવા કાર્ય, જૂથકાર્ય અને સામુદાયિક સંગઠન પદ્ધતિ છે.

પ્રસ્તુત એકમમાં આપણે સામુદાયિક સંગઠનના મોડેલ્સ, (પી.આર.એ.) સહભાગી સૂક્ષ્મ મૂલ્યાંકન ક્ષમતાવર્ધન અને નેતૃત્વ વિકાસ, સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ, નિયંત્રણ અને દસ્તાવેજીકરણ, સામુદાયિક સંગઠનની વિભાવનાનો ઊંડાણપૂર્વક અભ્યાસ દ્વારા તેની વિગતવાર માહિતી મેળવીશું.

પ્રસ્તુત એકમના પ્રથમ એકમમાં સામુદાયિક સંગઠનના મોડેલ્સ તથા 'રોથમેનના મોડેલ્સ'ને જોઇશું. બીજા એકમમાં સહભાગી સૂક્ષ્મ મૂલ્યાંકન પદ્ધતિનો અર્થ, વ્યાખ્યા, સિદ્ધાંતો તેની અગત્યતા, લોકસંપર્ક, ઉપયોગી શબ્દો, પી.આર.એ. દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો, તેની પદ્ધતિઓ અને ફાયદા, વર્તન અને વલણ તથા ક્ષમતાવર્ધન અને નેતૃત્વ વિશે માહિતી મેળવીશું. ત્રીજા એકમમાં સામુદાયિક સંગઠનનો પરિચય, ભારતમાં સામુદાયિક સંગઠનનો ઉદ્ભવ, સામુદાયિક સંગઠનની કુશળતાઓની માહિતી મેળવીશું. ચોથા એકમમાં સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ નિયંત્રણ, સામુદાયિક સંગઠનમાં રેકોર્ડિંગ, તેના હેતુઓ, મહત્ત્વ, તત્ત્વો તથા સિદ્ધાંતોનો અભ્યાસ કરીશું.

આમ, આ ઘટકમાં સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડેલ્સ, પી.આર.એ. પદ્ધતિ, સામુદાયિક સંગઠન પદ્ધતિઓ વિકાસ અને તેની કુશળતાઓ સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન તથા રેકોર્ડિંગ વિશે સંપૂર્ણ માહિતી આપવાનો પ્રયત્ન કર્યો છે.

**ઘટકના હેતુઓઃ**

(1) સામુદાયિક સંગઠનના મોડેલ્સ, રોથમેનના મોડેલ્સ અંગે ઊંડી સમજ મેળવી શકાશે.

(2) સામુદાયિક સંગઠનમાં પી.આર.એ. પદ્ધતિ, ક્ષમતાવર્ધન અને નેતૃત્વ વિશેની માહિતી મેળવવી.

(3) સામુદાયિક સંગઠનનો વિકાસ તથા સામુદાયિક સંગઠનની કુશળતાઓ અંગે ઊંડાણપૂર્વક સમજ કેળવવી.

(4) સામુદાયિક સંગઠન પદ્ધતિમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ, નિયંત્રણ તથા રેકોર્ડિંગ અંગે સમજ મેળવવી.

# એકમ-1 સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડેલ્સ

## એકમનું માળખું


**1.0 એકમના હેતુઓ**

**1.1 પ્રસ્તાવના**

**1.2 સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડલ-નમૂના- વ્યૂહરચના**

**1.3 સામુદાયિક સંગઠન માટે 'રોથમેન'ના મોડેલના અભિગમો**

**1.4 ઉપસંહાર**

**1.5 આપની પ્રગતિ ચકાસો**

**1.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો**

**1.7 ચાવીરૂપ શબ્દો**

**1.8 સ્વાધ્યાય લેખન**

**1.9 પ્રવૃત્તિ**

**1.10 કેસસ્ટડી**

**1.11 સંદર્ભસૂચિ**


## 1.0 એકમના હેતુઓ

પ્રસ્તુત એકમના અભ્યાસના હેતુઓ નીચે મુજબ છે.

- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થી સામુદાયિક સંગઠન પદ્ધતિના અમલ માટે જરૂરી વ્યૂહરચના કે મોડેલ્સને સમજી શકશે.
- આ એકમના અભ્યાસ દ્વારા મોડેલનો અમલ કેવી રીતે કરવો તે વિદ્યાર્થીને જાણવા મળશે.
- રોથમેનના મોડેલ અંગે વિદ્યાર્થી માહિતગાર થશે.

## 1.1 પ્રસ્તાવના

સમુદાયના કલ્યાણ અને વિકાસ સંબંધી જરૂરિયાતોને શોધવા તથા તેને પુરા કરવા માટે યોજના બનાવવા તેને મદદ કરવા માટે સમાજકાર્યકરની ભૂમિકા ખબ જ અગત્યની છે. કોઈ પણ સમુદાયના વિકાસ માટે એ ખુબ જ અગત્યનું છે કે સ્થાનિક લોકોની તે યોજના કે વિકાસની કામગીરીમાં સહભાગિતા હોય છે. લોકોની સહભાગિતા મેળવવા માટે ની બાબતની કાર્યક્ષમતા અને કુશળતાઓ સામુદાયિક સંગઠકમાં હોય તે આવશ્યક છે. સમાજકાર્યની અન્ય પદ્ધતિઓની જેમ સામુયાયિક સંગઠનમાં પણ સંબંધોનો કુશળતાપૂર્વક ઉપયોગ એ એક સાધનના રૂપમાં કરવામાં આવે છે જેમાં કાર્યકર્તા સમુદાયના સંગઠનનું નિર્માણ કરે છે અને તેને યોગ્ય દિશા આપે છે. સામુદાયિક સંગઠનમાં જુદા જુદા કાર્યો સંગઠકે કરવાના હોય છે. તેના માટે કાર્યકર્તામાં વિશેષ જ્ઞાન અને અનુભવ હોવો જોઈએ, જેથી તે યોગ્ય પરિણામ મેળવી શકે.

## 1.2 સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડલ-નમૂના- વ્યૂહરચના

સામુદાયિક સંગઠન પદ્ધતિના અમલમાં પરિસ્થિતિ મુજબ ઉદ્દેશોને સિદ્ધ કરવા માટે કે સમસ્યાના ઉકેલ માટેની વ્યૂહરચનાના નમૂના વિકસાવવામાં આવ્યા છે; તે સામુદાયિક સંગઠનના નમૂના કે મોડલ તરીકે ઓળખવામાં આવે છે. મેરીવીલ અને રૂથહામે આ નમૂના નીચે મુજબ દર્શાવ્યા છે. મેરીવીલે પોતાના પુસ્તકમાં હેતુ અને નિર્ણય લેવાની પ્રક્રિયાને આધારે તેમજ નિર્ણય કોના આધારે લેવાય છે ? તેના આધારે મોડલ દર્શાવ્યા છે.

**સામુદાયિક સંગઠનના પદ્ધતિના નમૂના- મોડલ**

સામાજિક આયોજન | સ્થાનિક વિકાસ | સામાજિક ક્રિયા

આ બધાં મોડલ્સ નમૂના વિશે વિગતે ચર્ચા કરતા પહેલા એ સ્પષ્ટતા જરૂરી છે કે આ બધાં મોડલ્સ તેના શુદ્ધ સ્વરૂપમાં દેખાતા નથી. બધાં એકબીજા સાથે મિશ્રિત હોય છે; તેમજ આ મોડલ નિશ્ચિત ફ્રેમવર્ક આપતા હોવાથી તેની બહાર જઈ વિચારવાની મર્યાદા ઊભી કરે છે.

**(અ) સામાજિક આયોજન**

સામુદાયિક સંગઠનનું પહેલું મોડલ સામાજિક આયોજનને ગણી શકાય. આ મોડલમાં માનનારા પ્રમાણે સામાજિક વ્યવસ્થા જ છે તે સારી છે. તેના વિરુદ્ધ જેઓ જાય તે વિચલિત કે સમસ્યાજનક છે. આ સંગઠનો સખાવતી કાર્યો પર વધુ ભાર મૂકે છે. તેની વિચારસરણી સેટલમેન્ટ હાઉસની વિચારસરણી સાથે વધુ સુસંગત છે. આ મોડલની શરૂઆત અમેરિકામાં 20મી સદીમાં જ્યારે ગરીબોને મદદ કરવા ખાનગી રીતે રૂપિયાનું દાન થવા લાગ્યું ત્યારે થઈ. 1900 થી 1935ના સમયગાળામાં ગરીબોની સ્થિતિમાં પરિવર્તન લાવવાની વચનબદ્ધતા સાથે સ્વૈચ્છિક સમાજકાર્યકરો, પગારદાર કાર્યકરો, આગેવાનો, સુધારકો, મજૂર સંગઠનો દ્વારા થયેલું કાર્યોનું પ્રભુત્વ હતું. 1935 પછી સામાજિક સુરક્ષાના કાયદાને કારણે સામાજિક સેવાઓના વહીવટ માટે તાલીમબદ્ધ કાર્યકરોની માંગ ઊભી થઈ. 1960 પછી અમેરિકામાં સામાજિક આયોજનને બૌદ્ધિક સમસ્યા સમાધાનની પદ્ધતિ તરીકે વિકસાવવામાં આવ્યું. જેમાં તજજ્ઞ વ્યાવસાયિકો, અમલદારો અને સમાજના સમૃદ્ધ અને બૌદ્ધિક વર્ગ દ્વારા અપાયેલ નાણામાંથી સામાજિક આયોજન માટે કાર્ય થતું.

આ મોડલની પ્રક્રિયામાં સેવાર્થી માત્ર નિષ્ક્રિય રહેતો. બૌદ્ધિક સામાજિક આયોજકો ભેગા થઈ માહિતીનું વિશ્લેષણ-અર્થઘટન કરી કાર્યક્રમના આયોજક મૂલ્યાંકન કર્તા તરીકે કાર્ય કરતા.

એ સંદર્ભમાં મોડલની ટીકા થઈ હશે કે આયોજકોમાં આંતરક્રિયા માટેની કુશળતાનો અભાવ હતો. તેઓ પ્રાદેશિક નેતૃત્ત્વ વિકસાવી શક્યા ન હતાં; તેમજ સ્થાનિક સ્તરે સત્તાના માળખાની અંદર સત્તા અને સંઘર્ષના પરિબળોને અવગણ્યા હતાં. તેમજ તેઓ પોતાના મૂલ્યો લક્ષિત જૂથો પર ઠોકી બેસાડતા હતા.

**(બ) સ્થાનિક વિકાસ**

1950 પછી આ મોડલ સમાજકાર્યમાં શીખવવાનું શરૂ કર્યું. જે સામાજિક વ્યવસ્થાને સારી ગણે છે. પરંતુ નિર્ણયની પ્રક્રિયા લોકોના હાથમાં છે. આ રીતે તેઓ નાગરિકોની ભાગીદારી પર ભાર મૂકી સ્થાનિક અથવા નીચેના સ્તરની આગેવાની વિકસાવવા પર ભાર મૂકે છે. તેમનું ધ્યાન મુખ્યત્વે લોકો અને અને તેમની જરૂરિયાતો પર છે. તેનો હેતુ લોકોને સક્ષમ કરવાનો અને

તેઓની સમસ્યાઓ માટે ટકાઉ સમાધાન શોધવાનો છે. સમાજ સુધારનું આ મોડલ વિકસિત દેશો અને અમેરિકાના ગરીબ લોકો માટે બનાવવામાં આવ્યું હતું. તેઓની માન્યતા એ છે કે સમુદાયમાં પરિવર્તન ત્યારે જ આવે જ્યારે પ્રક્રિયામાં સ્થાનિક લોકો સામેલ હોય. સેટલમેન્ટ હાઉસની પદ્ધતિને લોકાલીટી ડેવલપમેન્ટ અનુસરે છે. લોકાલીટી ડેવલપમેન્ટનો હેતુ સામાજિક આર્થિક સ્થિતિ સુધારવાનો છે. આ મોડલ એ માન્યતામાં માને છે કે અસંતોષ પરિવર્તનને પ્રેરણા આપે છે અને લાદેલા પરિવર્તન કરતા તે વધુ કાયમી છે. તેઓ એવું પણ માને છે કે લોકો પરિવર્તન ઈચ્છે છે અને તે માટે કાર્ય પણ કરશે. આવું પરિવર્તન સામાજિક એકતા લાવશે. આવા કાર્યમાં પણ લોકોને એક સરળતા કરી આપનાર અને પ્રોત્સાહન આપનારની જરૂર છે; જે આત્મવિશ્વાસ આપે, સમસ્યા સમાધાનની ક્ષમતા વધારે અને તેમની જરૂરિયાતો પૂરી કરવામાં મદદ કરે. આ માટે વિકાસ કાર્યકર લોકો વચ્ચે સામાન્ય મૂલ્યો અને સંમતિ વધારે છે અને વિભાજનાત્મક પરિબળોને દૂર કરે છે.તેઓ સત્તાની ભૂલભરેલી વહેંચણી દૂર કરવાની અને તેના ઉપયોગમાં લેવાયેલી ભૂલભરેલી પદ્ધતિમાં સુધાર લાવે છે. આદાન-પ્રદાનની સુવિધામાં પણ સુધાર લાવે છે.

આ પ્રક્રિયામાં મુખ્ય અવરોધ હોય તો તે લોકોનો પરિવર્તન માટેનો ડર છે. લોકોમાં સામાન્ય રીતે પોતાની જૂની સ્થિતિને વળગી રહેવાનું વલણ હોય છે. ઉપરાંત પરિવર્તન માટે મદદ ક્યાંથી મળી શકશે તે ડર પણ હોય છે. તેઓની પાયાની ધારણા એ છે કે સામુદાયિક પરિવર્તન ત્યારે જ અસરકારક થાય જ્યારે લોકભાગીદારી વધુ હોય આયોજન સમુદાયના સ્તરે થાય અને તેનો ધ્યેય પણ સમુદાય નક્કી કરે. આ મોડલમાં પરિણામની જગ્યાએ પ્રક્રિયા પર વધુ ભાર મૂકવામાં આવે છે.

**(ક) સામાજિક ક્રિયા**

ઉપરના બંને અભિગમોથી આ મોડલની ધારણા અને ટેકનિક્સ જુદાં પડે છે. બંને મોડલની કેટલીક મર્યાદામાંથી આ ત્રીજું મોડલ ઉદ્‌ભવ્યું હતું. એલેન્સ્કી, ફ્રાન્સીસ ફોક્સ પીવન, રીચર્ડ કલાવર્ડ અને જ્યોર્જ વાયલી આ મોડલના સૌથી સારા થીયોરીસ્ટ છે. આ મોડલ ઉદામવાદી સિદ્ધાંતો ધરાવે છે. તે સંઘર્ષની થીયરી પર આધારિત છે.

પરંપરાવાદી સંગઠકનો હેતુ સુધારાનો છે; જ્યારે ઉદામવાદી સામુદાયિક સંગઠકનો હેતુ નીચેના વર્ગ માટે લાભનો મોટો ભાગ અપાવવાનો છે અને તેઓની અન્યને પ્રભાવિત કરવાની ક્ષમતાને વિકસાવવાનો છે. એલન્સ્કીના મતે સત્તા અને આવકની પુનઃવહેંચણી સમૂહના સ્તરે સામાજિક ક્રિયા દ્વારા શક્ય છે. તેઓના મતે વંચિત જૂથોને સંગઠિત કરવામાં આવે તો જ તેઓ તેમનો ફાળો મેળવી શકે. આ મોડલમાં માનનારા માને છે કે સમાજની તકલીફો સત્તાના અસંતુલનને કારણે છે. જેના કારણે સત્તાધીશ અને સત્તા વિહોણા વચ્ચે સંઘર્ષ થાય છે, દુનિયામાં થયેલ અનેક નાગરિક અસહકારની ચળવળો સામાજિક ક્રિયા મોડલથી થઈ; જ્યારે સહકાર અને વાતાધાટો સાધન તરીકે નિષ્ફળ જાય ત્યાં સાધન તરીકે સામાજિક ક્રિયાનો ઉપયોગ થાય છે.

સામુદાયિક સ્તરની સમસ્યા હોય ત્યારે સામાજિક ક્રિયા મોડલનું મહત્ત્વ ઘણું વધી જાય છે.શોષણ અને અત્યાચાર દૂર કરવા, વ્યક્તિનું ગૌરવ, સન્માન જળવાય તેમજ તેને વિકાસની સમાન તકો મળે તેવી સ્થિતિનું સર્જન કરવા અને સામાજિક દૂષણો દૂર કરવા આ મોડલનું મહત્ત્વ ઘણું છે.

માળખામાં પરિર્વતન લાવી સમસ્યાને નિર્મૂળ કરવાનો પ્રયત્ન અને સામાજિક બુરાઈઓને નાશ કરવાનો પ્રયત્ન અહીં થાય છે. તેથી વ્યક્તિ, જૂથ અને સમુદાયને પોતાના

વિકાસ માટે યોગ્ય તકો મળે. 1928માં મેરી રીચડ્ઝ 'What is Social work' નામના પુસ્તકમાં સામાજિક ક્રિયાનો પદ્ધતિ તરીકે ઉલ્લેખ કર્યો હતો.

## 1.3 સામુદાયિક સંગઠન માટે 'રોથમેન'ના મોડેલના અભિગમો

સામુદાયિક સંગઠનમાં 1950નો દસકો 'સ્થાનિક વિકાસ' અને 1960નો દસકો 'સામાજિક ક્રિયા'ના દસકા તરીકે ઓળખવામાં આવતો. 1970નો દસકો 'સામાજિક આયોજન' તરીકે ઓળખવામાં આવતો હતો ત્યારબાદ સામાજિક પરિવર્તન માટે વકીલાત પેરવી કરવા ઉપર ભાર મૂકવામાં આવ્યો. તેના માટે વ્યૂહરચના તૈયાર કરવામાં આવી. રોથમેન દ્વારા સામુદાયિક સ્તરે સામાજિક પરિવર્તન લાવવા માટે ચાર અભિગમો આપ્યા છે જે આ મુજબ છે.

| | | સ્થાનિક વિકાસ (Locality Development) | પરંપરાગત આયોજન (Traditional Planning) | વકીલાતનું આયોજન (Advocacy Planning) | સામાજિક ક્રિયા (Social Action) |
|---|---|---|---|---|---|
| ૧ | સામુદાયિક ક્રિયા માટે ધ્યેયોની કક્ષા | સ્વ-સહાય; સમુદાયની ક્ષમતા અને સંકલન | સમુદાયની મૂળભૂત સમસ્યાના નિરાકરણ માટે | સમુદાયની મૂળભૂત સમસ્યાના નિરાકરણ માટે સંસાધનો તરફ પ્રયાણ | મૂળભૂત સંસ્થાકીય પરિવર્તન માટે આધિકારિક સંબંધો અને સંસાધનો તરફ પ્રયાણ |
| ૨ | સંબંધિત સમુદાયના માળખાની ધારણા અને સમસ્યાની સ્થિતિ | સંબંધો અને લોકશાહી ઢબે સમસ્યા ઉકેલવાની ક્ષમતાની ઊણપ, સ્થિર પરંપરાગત સમુદાય | માનસિક અને શારીરિક આરોગ્ય, રહેઠાણ અને મનોરંજન ની મૂળભૂત સામાજિક સમસ્યાઓ | વંચિત લોકો, સામાજિક અન્યાય અને અસમાનતા | વંચિત લોકો, સામાજિક અન્યાય, પછાતપણુ અને અસમાનતા |
| 3 | મૂળભૂત પરિવર્તન માટેની વ્યૂહરચના | સમુદાયની સમસ્યા ઓળખી તેને ઉકેલવા વિશાળ પાયા પર લોકોની સહભાગીતા | સમસ્યા નાં સંદર્ભમાં હકીકત-એકત્રીકરણ અને સૌથી બુદ્ધિગમ્ય ક્રિયા માટે નિર્ણય કરવો | સમસ્યા નાં સંદર્ભમાં હકીકત-એકત્રીકરણ અને રસ દાખવતાં સેવાર્થી લોકોનું પ્રતિનિધિત્વ નક્કી કરવું | મુદ્દાઓને આકાર આપવો અને લોકોના સંગઠન દ્વારા વિરોધી લક્ષ્યાંક સામે ક્રિયા કરવી |
| ૪ | લાક્ષણિકતા ફેરફાર યુક્તિઓ અને તકનીકો | સામુદાયિક જૂથોમાં પ્રત્યાયન દ્વારા જૂથ-ચર્ચા માટે રસ દખવવો અને તેના માટે સર્વસંમતિ મેળવવી | સર્વસંમતિ | અભિયાન અથવા સ્પર્ધા | સંઘર્ષ અથવા સ્પર્ધાત્મક સામનો, સીધી ક્રિયા અને વાટાઘાટ |
| ૫ | મુખ્ય કાર્યકર ની ભૂમિકા | સમર્થકર્તા-ઉત્પ્રેરક, સંયોજક, સમસ્યા નિરાકરણ માટેની કુશળતાઓ અને નૈતિક મૂલ્ય ધરાવનાર શિક્ષક તરીકેની ભૂમિકા | હકીકતો નું એકત્રીકરણ અને વિશ્લેષણ, કાર્યક્રમ અમલ કર્તા, સુવિધા કરી આપનાર | હકીકતો નું એકત્રીકરણ અને વિશ્લેષણ ની સાથે-સાથે કર્મશીલ-વકીલાત કરનાર હિમાયતી | કર્મશીલ-વકીલાત કરનાર; આંદોલનકાર, દલાલ, વાટાઘાટ માટે હિમાયતી |

| | | | | | |
|---|---|---|---|---|---|
| ૬ | પરિવર્તન માટેનું માધ્યમ | લક્ષ્યાંક-આધારિત નાના જૂથમાં ફેરફાર | વૈધિક સંસ્થાઓ અને માહિતીમાં ફેરફાર | સેવાર્થી જૂથને મદદ કરતી માહિતી અને કાર્યક્રમમાં ફેરફાર | વિશાળ સંસ્થાઓ અને રાજકીય પ્રક્રિયામાં ફેરફાર |
| ૭ | સત્તાકીય માળખા સંદર્ભે અભિમુખ | જોખમી સ્થિતિમાં સત્તાકીય માળખાના સભ્યો સાથે જોડાણ કરવું | સત્તાકીય માળખામાં માલિકો અને પ્રયોજકો | લક્ષ્યાંકિત ક્રિયા માટે સત્તાકીય માળખું | બાહ્ય લક્ષ્યાંકિત ક્રિયા માટે સત્તાકીય માળખું |
| ૮ | સમુદાય સેવાર્થી વ્યવસ્થા અથવા વિસ્તારની સીમાને વ્યાખ્યાયિત કરવી | કુલ ભૌગોલિક સમુદાય | કુલ સમુદાય અથવા સમુદાયનો ખંડ | સમુદાયનો ખંડ | સમુદાયનો ખંડ |
| ૯ | સમુદાયના પેટા ભાગના રસ બાબતે ધારણા | સાર્વજનિક હિત અથવા સમજૂતી ના ભેદભાવ | સાર્વજનિક હિત અથવા સમજૂતી ના ભેદભાવ | સંઘર્ષ પૂર્ણ સ્થિતિમાં છૂટા-છવાયા સંસાધનની સમજૂતીના ભેદભાવ દૂર થઈ શકતા નથી | સંઘર્ષ પૂર્ણ સ્થિતિમાં છૂટા-છવાયા સંસાધનની સમજૂતીના ભેદભાવ દૂર થઈ શકતા નથી |
| ૧૦ | લોકહિત ની વિભાવના | બુદ્ધિગમ્ય-એકમ | આદર્શવાદી એકમ | વાસ્તવિક-વ્યક્તિવાદી | વાસ્તવિક-વ્યક્તિવાદી |
| ૧૧ | સેવાર્થી જૂથનો ખ્યાલ અથવા વિસ્તાર | નાગરિકો | ગ્રાહકો | પીડિત | પીડિત |
| ૧૨ | સેવાર્થીની ભૂમિકાનો ખ્યાલ | સમસ્યા ઉકેલ માટે સહભાગીઓની પરસ્પર ક્રિયા | ગ્રાહકો અથવા પ્રાપ્તકર્તાઓ | ઘટકો અને ગ્રાહકો અથવા પ્રાપ્તકર્તાઓ | માલિકો, ઘટકો અને સભ્યો |

## 1.4 ઉપસંહાર

સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કરતી વખતે સમાજ કાર્યકરે સમુદાયની પરિસ્થિતિ પ્રમાણે સમુદાયમાં પરિવર્તન લાવવાના ઉદ્દેશમાં તફાવત હોય છે. સમુદાયના ઉદ્દેશોને પ્રાપ્ત કરવા માટે કાર્યકરે આ પદ્ધતિનો અમલ કરતી વખતે આ નમૂના કે મોડલ ઉપયોગી બને છે.

આ મોડલના ઉપયોગથી સમુદાયની સ્થિતિ અંગેની ધારણાથી તેમાં કેવા પ્રકારની પ્રયુક્તિઓ પરિવર્તન લાવી શકશે અને તેમાં કાર્યકર્તા કેવી ભૂમિકા ભજવશે ત્યાંથી શરૂ કરી તેના જુદાં જુદાં પાસાંને આવરી લેવામાં આવ્યાં છે. જેથી આ પદ્ધતિનો અમલ કરવાનું વધુ સ્પષ્ટ અને સરળ બને છે.

આ મોડલના ઉપયોગથી સમસ્યાના ઉકેલ અને સમુદાયના ઉદ્દેશ પ્રાપ્ત કરવા માટે વ્યવસ્થિત અને આયોજનબદ્ધ રીતે આગળ વધી શકાય છે. કાર્યકર વધુ આત્મવિશ્વાસ સાથે કાર્ય કરી શકે છે.

## 1.5 આપની પ્રગતિ ચકાસો

(1) સમસ્યાઓનો સામનો કરવાની પદ્ધતિ કે વ્યૂહરચનાને શું કહેવામાં આવે છે ?

(A) કાર્યો (B) મોડેલ્સ

(C) સિદ્ધાંત (D) ભૂમિકા

(2) સામુદાયિક સંગઠન પદ્ધતિના નમુના કુલ કેટલા છે ?

(A) સાત (B) પાંચ

(C) દસ (D) ત્રણ

(3) સામાજિક આયોજન મોડેલની શરૂઆત અમેરિકામાં ક્યારે થઈ ?

(A) 20 મી સદીમાં (B) 21 મી સદીમાં

(C) 18 મી સદીમાં (D) 11 મી સદીમાં

(4) સામાજિક ક્રિયા પદ્ધતિનો ઉલ્લેખ સૌ પ્રથમ ક્યારે થયો ?

(A) ઈ.સ. 1935 (B) ઈ.સ. 1928

(C) ઈ.સ. 1947 (D) ઈ.સ. 1952

(5) સ્થાનિક વિકાસ મોડેલ સમાજકાર્યમાં ક્યારે અમલમાં આવ્યું ?

(A) ઈ.સ. 1947 પછી (B) ઈ.સ. 1943 પછી

(C) ઈ.સ. 1950 પછી (D) ઈ.સ. 1948 પછી

## 1.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (B) મોડેલ્સ
2. (D) ત્રણ
3. (A) 20 મી સદીમાં
4. (B) ઈ.સ. 1928
5. (C) ઈ.સ. 1950 પછી

## 1.7 ચાવીરૂપ શબ્દો

- મોડલ (Model) :- નમૂના કે નમૂના રૂપ વ્યૂહાત્મકરણની રીતિ
- વ્યૂહરચના (Strategy) :- ચોક્કસ રણનીતિ
- સામાજિક આયોજન(Social Planning) :- સામાજિક આયોજન
- સ્થાનિક વિકાસ (Locality Development) :- લક્ષિત વિસ્તારનો વિકાસ
- સામાજિક ક્રિયા (Social Action) :- સમાજની સમસ્યાના નિરાકરણ માટે ક્રિયાના રૂપમાં થતી ચળવળને સામાજિક ક્રિયા કહે છે.

## 1.8 સ્વાધ્યાય લેખન

1. સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડેલ તરીકે સામાજિક આયોજન મોડેલ સમજાવો.

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

.......................................................................

2. સ્થાનિક વિકાસ મોડેલ એટલે શું ? વિગતે સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

3. સામાજિક ક્રિયા મોડેલનો ઉદ્ભવ અને તેની પ્રક્રિયા સમજાવો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

4. રોથમેનના મોડેલની વિસ્તૃતમાં છણાવટ કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 1.9 પ્રવૃત્તિ

1. સામુદાયિક સંગઠન પદ્ધતિના અમલ માટેના મોડેલ્સની યાદી તૈયાર કરો.
2. રોથમેને જણાવેલ સામુદાયિક સંગઠન પદ્ધતિના મોડેલ્સ વિશે નોંધ લખો.

## 1.10 કેસસ્ટડી

1. સામુદાયિક સંગઠનમાં મોડેલ્સની યાદી તૈયાર કરી તેનો ચાર્ટ બનાવવો.

## 1.11 સંદર્ભસૂચિ


1. Ross, M.G. Community Organization : Theory and Principles, Harper and Brothers, New York, 1955
2. Friedlander, W.A., Introduction to Social Welfare, Prentice Hall, New York, 1955.
3. Lane Robert P.The Field of Community Organization, quoted in Harper and Dunham (ed) op.cit.
4. Mc Millan, Wyne, Proceedings to National Conference of Community Organization, Chicago 1969
5. Mc Millan Wyne, Community Organization in Social Work, Social Work Year Book AA SW, 1947
6. Arthur, Dunham, Community Welfare Organization, 1958.
7. National Association of Social Workers (U.S.A.) Defining Community Organization Practice, 1962.
8. Jones R and Demark, D.F., Community Organization and Agency Responsibility Association Press New York 1951
9. ડૉ. સુરેન્દ્રસિંહ અને ડૉ.પી.ડી.મિશ્રા, સમાજકાર્ય : ઈતિહાસ અને દર્શન એવં પ્રણાલિયાં, ન્યુ રોયલ બુક કંપની, લખનઉ 1998
10. પ્રો.આર.એન.સિન્હા અને ઈન્દુબાલા, વ્યસાયિક સમાજકાર્ય, ભારતી ભવન, ન્યુ દિલ્હી, 1995
11. ડૉ.ગીતા ચાવડા, સામુદાયિક સંગઠન (વ્યાવસાયિક સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિ), રન્નાદે પ્રકાશન, અમદાવાદ 2011
12. Jitendra Kumar, Jha, Encylopeadia of Social work, Anomol Publication Pvt.Ltd. New Delhi -2001

# એકમ-2 સહભાગી સૂક્ષ્મ મૂલ્યાંકન, ક્ષમતાવર્ધન અને નેતૃત્વવિકાસ

એકમનું માળખું


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 સહભાગી સ્થાનિક સમજ (PRA)

2.3 PRA નો અર્થ

2.4 PRA ની વ્યાખ્યા

2.5 ચાવીરૂપ સિદ્ધાંતો

2.6 શા માટે PRA

2.7 PRA દરમ્યાન લોકસંપર્ક તથા આચરણ

2.8 PRA દરમ્યાન ઉપયોગી શબ્દો

2.9 PRA દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો

2.10 PRA દરમ્યાન કયા પ્રકારની માહિતી લેવી

2.11 PRA ની પદ્ધતિઓ

2.12 PRA ના ફાયદા

2.13 PRA દરમ્યાન જરૂરી વર્તન અને વલણ

2.14 ક્ષમતાવર્ધન

2.15 નેતૃત્વ

2.16 ઉપસંહાર

2.17 આપની પ્રગતિ ચકાસો

2.18 આપની પ્રગતિ ચકાસોના જવાબો

2.19 ચાવીરૂપ શબ્દો

2.20 સ્વાધ્યાય લેખન

2.21 પ્રવૃત્તિ

2.22 કેસસ્ટડી

2.23 સંદર્ભસૂચિ


## 2.0 એકમના હેતુઓ

આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને નીચે મુજબની બાબતો શીખવા મળશે.

- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સહભાગી ગ્રામીણ ચકાસણી અંગે માહિતી મળશે.

- સહભાગી ગ્રામીણ ચકાસણી પદ્ધતિના સિદ્ધાંતો ધ્યાનમાં રાખવાની બાબતો તથા તેના ફાયદા અંગે વિદ્યાર્થીઓ માહિતગાર થશે.
- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને ક્ષમતાવર્ધન અંગે માહિતી પ્રાપ્ત થશે.
- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને નેતૃત્વ અને નેતૃત્વ વિકાસ શા માટે જરૂરી છે તે અંગે જાણકારી પ્રાપ્ત થશે.

## 2.1 પ્રસ્તાવના

કોઈપણ વિકાસના કાર્યમાં વ્યક્તિ કેન્દ્રમાં હોય છે. વર્ષોથી આપણા સમાજમાં માનવસમુદાયને વિશેષ મહત્ત્વ આપવામાં આવ્યું છે. આ રીતે સમુદાય અને લોકભાગીદારી દ્વારા કરવામાં આવતું કાર્ય સારી રીતે પૂર્ણ થાય છે. સમાજકાર્યની અલગ-અલગ પદ્ધતિઓ વિશેષ મહત્ત્વ ધરાવે છે. PRA (સહભાગી ગ્રામીણ ચકાસણી તેમાંની એક પદ્ધતિ જ છે જેના દ્વારા સમગ્ર ગ્રામ્ય સમુદાયની માહિતી મેળવવામાં આવે છે.

સહભાગી ગ્રામીણ ચકાસણી એ ત્રણ શબ્દોનો સમૂહ છે. સહભાગી, ગ્રામીણ અને ચકાસણી સહભાગીતા એટલે શું ? ચકાસણી એટલું શું ? અને તે કોઈ પણ ગ્રામીણ વિસ્તારને જ કેમ લાગુ પડે છે ? તેવા પ્રશ્નો મનમાં ઉપસ્થિત થાય છે. તો પ્રસ્તુત એકમમાં ઉપરોક્ત તમામ પ્રશ્નોનું સોલ્યુશન મળે છે.

કોઈ કામ સમૂહમાં સાથે મળીને કરીએ તો તે સહભાગી થતું નથી. સહભાગીતાના ચાર તત્ત્વો છે જ્યારે સમૂહો વચ્ચે કામ કરવા માટે જવાબદારીની વહેંચણી, લાભની વહેંચણી નિર્ણય લેવામાં નિયંત્રણ મુકવાની પ્રક્રિયામાં સૌને સમાન રીતે સામેલ કરવામાં આવ્યા હોય ત્યાર પછી તેનો યોગ્ય અમલ કરવામાં આવતો હોય ત્યારે તે સાચા અર્થમાં સહભાગી પ્રક્રિયા બને છે.

ચકાસણી શબ્દ કોઈ મિલકત કે વસ્તની કિંમતનો અંદાજ આવે એ પ્રકારે છે જેથી ગ્રામવિકાસમાં નવી દિશા નક્કી કરી શકાય.

ગ્રામીણ એટલે ગામડાને લાગું પડતું હોય તેવું ગામને લગતું. સહભાગી ગ્રામીણ ચકાસણીનો ઉદ્ભવ ગ્રામવિકાસ અને તેમાં પણ ખેતી વિકાસના કાર્યક્રમોની પ્રક્રિયા દરમ્યાન થયો છે. આથી ગ્રામીણ શબ્દનું પ્રભુત્વ અને સામેલગીરી દર્શાવે છે.

## 2.2 સહભાગી સ્થાનિક સમજ (PRA)

PRA એક એવી પદ્ધતિ છે જેનો ઉપયોગ ગ્રામીણ લોકો પાસેથી ગ્રામીણ જીવન અને તેમનું પર્યાવરણ શીખવા માટે થાય છે. તેમાં એક એવા સંશોધનકર્તા / કાર્યકર્તાની જરૂર પડે છે. જે લોકોને તેમના પોતાના વિશ્લેષણ, યોજના અને ક્રિયા મુજબ કાર્ય કરવા માટે સગવડ કરી આપનાર તરીકે કાર્ય કરે છે. તે એક એવા સિદ્ધાંત પર આધારિત છે કે સ્થાનિક લોકો સર્જનશીલ છે અને સક્ષમ છે તેઓ પોતાના વિશ્લેષણ, સંશોધન અને તપાસ મુજબ કામ કરી શકે છે. PRA નો પાયાનો ખ્યાલ એ છે કે ગ્રામીણ લોકો પાસેથી શીખવું.

## 2.3 PRA નો અર્થ

PRA નો અર્થ નીચે મુજબ છે.

P = Participatory = સહભાગી

P for participatory એટલે કે સહભાગીતા. જેનો અર્થ છે પ્રક્રિયામાં લોકોની ભાગીદારી. એક એવો અભિગમ છે જેમાં એક સારા પ્રોજેક્ટના માટે સારું સંદેશાવહન કુશળતા અને વલણની જરૂર છે.

R = Rural = ગ્રામીણ

R for Rural એટલે કે ગ્રામીણ. ગામડાના લોકોનો તેમાં સમાવેશ કરવામાં આવે છે. આ એક એવી તકનીક છે જે ગ્રામીણ અને શહેરી વિસ્તારમાં કોઈ પણ પરિસ્થિતિમાં તેનો ઉપયોગ થઈ શકે છે.

A = Apprisal = મૂલ્યાંકન

A for Apprisal એટલે કે મૂલ્યાંકન જેમાં ગામમાં રહેલી સમસ્યાઓ, ગામના લોકોની જરૂરિયાતો વગેરે અંગેની સંભવિત માહિતી મેળવવામાં આવે છે. કોઈપણ પ્રોજેક્ટ માટેનું આ પ્રથમ પગથીયું ગણવામાં આવે છે.

## 2.4 PRA ની વ્યાખ્યા

ચેમ્બર્સે - 1992

PRA એક એવો અભિગમ અને પદ્ધતિ છે જેમાં લોકો પાસેથી અને લોકો સાથે રહીને ગ્રામીણ જીવન અંગેની માહિતી પ્રાપ્ત કરવામાં આવે છે તેમણે એ પણ ઉમેર્યું છે કે PRA એ તપાસ, આયોજન અને ક્રિયા છે. PRA એ ગ્રામીણ લોકોને અને સ્થાનિક અધિકારીઓને ક્રિયામાં નજીકથી સામેલ કરે છે.

## 2.5 ચાવીરૂપ સિદ્ધાંતો

**સહભાગી :** સમુદાયો દ્વારા સહભાગીતા

**સુગમતા :** સમય અને સંસાધનો મળી રહે છે.

**ટીમવર્ક :** લોકલ ટીમ દ્વારા લોકલ ભાષા સાથે આચરણ

**શ્રેષ્ઠ બચાવ :** સમય અને નાણાનો અને શક્તિનો બચાવ

## 2.6 શા માટે PRA

**ગામને સમજવા**

- ગામ પ્રત્યેના પૂર્વગ્રહો દૂર કરવા.
- ગામનો નકશો, ગામના કુદરતી સંસાધનો, ગામના પ્રશ્નો, સુવિધાઓ, સવલતો અને લોકો શું કરી શકે ?
- ગામના લોકોનો વિશ્વાસ સંપાદન કરવા ગામમાં થયેલા, બદલાવની માહિતી મેળવવા.
- ગામનું આયોજન તૈયાર કરવા.
- પ્રોજેક્ટ પ્રપોજલની દરખાસ્ત તૈયાર કરવા અને તેની અસરો જાણવા માટે
- લોકો સાથે વિશ્વાસ સંપાદન કરવા જેમાં લોકોનો વ્યક્તિગત સંપર્ક કરવામાં આવે છે. ગામના આગેવાલો, ફળિયા, પ્રમાણે નાના-નાના જુથમાં, વાડી કે ખેતર અથવા અન્ય જગ્યાએ જઈને મુલાકાત કરવામાં આવે છે.

## 2.7 PRA દરમ્યાન લોકસંપર્ક તથા આચરણ

PRA દરમ્યાન જ્યારે લોકોને પ્રત્યક્ષ મળીને લોકસંપર્ક કરવામાં આવે છે ત્યારે નીચે મુજબની બાબતો ધ્યાનમાં રાખવામાં આવે છે.

- ગ્રામની રીત-રસમ પ્રમાણે વર્તન દાખવવું.

- લોકોની વાતને ધ્યાન દઈને સાંભળવી.
- મહેમાન જેવું વર્તન કરવું.
- વાત કરવા માટેનું સ્થાન અથવા બેઠક વ્યવસ્થા
- કાર્ય દરમ્યાન સ્વ-શિસ્ત અને સ્વ-જાગૃતિ દાખવવી.
- કાર્ય દરમ્યાન કોઈ પણ નાની ભૂલ થાય તો તેનો સ્વીકાર કરવો.
- લોકોને વાતચીત દરમ્યાન ભાષણ આપવાના બદલે લોકોને સમજવા.

## 2.8 PRA દરમ્યાન ઉપયોગી શબ્દો

1. What - શું
2. Where - ક્યાં - સ્થાન નિર્દેશ કરે છે.
3. When - ક્યારે - સમય નિર્દેશ કરે છે.
4. Who - કોણ - પ્રક્રિયા કોના માટે કરવામાં આવે છે.
5. Why - શા માટે ? - પ્રક્રિયા કેમ કરવામાં આવે છે.
6. How - કેવી રીતે ? - પ્રક્રિયા કેવી રીતે કરવામાં આવશે.

## 2.9 PRA દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો

- ગામમાં જઈને સૌ પ્રથમ પોતાની ઓળખ આપવી.
- ગામના લોકોને સંસ્થાની ઓળખ, સંસ્થા પરિચય, સંસ્થાના કાર્યો, સંસ્થાના હેતુઓ, સંસ્થાની કાર્ય પદ્ધતિ અંગે લોકોને માહિતી આપવી.
- ગામમાં કયા કારણોથી જવાનું થયું છે તેની માહિતી આપવી.
- માનવાચક શબ્દો જેવાં કે તમે, આપ, તેઓ વગેરે જેવા શબ્દોનો વાચતીચ દરમ્યાન ઉપયોગ કરવો.
- વાતચીત દરમ્યાન જે વાત કરવામાં આવે છે તે વાતને પૂર્ણ કરવી. લોકોને સમજાય તેવી રીતે વાતચીત કરવી.
- PRA ની ક્રિયાની શરૂઆતમાં કાર્યકર્તાએ ગામના લોકોને શાંતિથી સાંભળવા જોઈએ. શરૂઆતમાં ઓછું બોલવું.
- કાર્યપ્રક્રિયા દરમ્યાન વધારે પ્રશ્નો ન પુછવા.
- કાર્યપ્રક્રિયા દરમ્યાન ગામલોકો સાથે વાતચીત થતી હોય તે સમયે તેમની સાથે લખાણ લખવું નહિં.

## 2.10 PRA દરમ્યાન કયા પ્રકારની માહિતી લેવી

- ગામની વસ્તી-વિષયક માહિતી
- ગામની સામાજીક, આર્થિક, ભૌગોલિક પરિસ્થિતિની માહિતી મેળવવી.
- ગામની સીમા વિષયક તથા ગામની આજુબાજુના કયા ગામો છે તેની માહિતી મેળવવી.
- ગામના આગેવાનો
- ગામની જ્ઞાતિ અને ગામના લોકોનો વ્યવસાય
- ગામની સ્થાનિક સંસ્થાઓ

– ગામની સુવિધાઓ તથા પ્રશ્નો

– ગામમાં કેવા-કેવા પ્રકારની જમીન છે તે અંગે માહિતી

## 2.11 PRA ની પદ્ધતિઓ

**1. ગામનો નકશો :**

સંપૂર્ણ ગામની માહિતી મળી રહે તે માટે ગામનો નકશો બનાવશો જેમાં ગામમાં કેટલા ફળિયા, ગામમાં મંદિરો, ગામની સ્થાનિક સંસ્થાઓ કઈ-કઈ જગ્યાએ છે તેનો સમાવેશ કરવામાં આવે છે.

**2. કુદરતી સંશાધનોનો નકશો :**

ગામમાં કુદરતી સંશાધનો કયા સ્થાને છે તેના પ્રશ્નો અને પરિસ્થિતિ કેવી છે અને તેના ઉકેલ માટેનું આયોજન કરવું.

**3. ઋતુ ડાયાગ્રામ :**

ગામમાં ઋતુ પ્રમાણે ખેતી, આવક ખર્ચ, બચત, ઉત્પાદન, મજૂરીના દિવસો, વરસાદ, ઠંડી, ગરમી વગેરે સમય મુજબ જાણવી.

**4. ઐતિહાસિક ઘટનાક્રમ :**

ઐતિહાસિક ઘટનાક્રમમાં સમય મુજબ ગામની વસ્તી, ગામની સુવિધાઓ, જમીનો, જંગલો, પશુ-પક્ષીઓ, જમીન, પાણીસ્ત્રોત વેગેરમાં કેટલો બદલાવ આવ્યો છે તે જાણવું.

**5. દિનચર્યા :**

ગામના લોકો પાસેથી જ ભાઈઓ અને બહેનો સવારથી માંડીને રાત્રીના સમય દરમ્યાન કયા પ્રકારની કામગીરી કરે છે તે અંગે માહિતી મેળવવી.

**6. પદચલન :**

પદચલન દ્વારા જે-તે સ્થળનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને જાણકારી મેળવવામાં આવે છે.

**7. સંપત્તિની આકારણી :**

ગામમાં ગરીબ, મધ્યમ અને સુખી એમ ત્રણ પ્રકારના વર્ગના લોકોની માહિતી મેળવવી.

## 2.12 PRA ના ફાયદા

1. ટાર્ગેટ ગ્રુપ માટેની મુખ્ય જરૂરિયાતો ઓળખી શકાય છે.
2. ગરીબ અને નબળા વર્ગને સમર્થ બનાવે છે.
3. જવાબદારીઓનું મેનેજમેન્ટ કરવામાં આવે છે.
4. સ્થાનિક કામદારોને વિકાસ માટે પ્રેરણા અને ગતિશીલતા
5. સામુદાયિક પ્રક્રિયા થાય છે.
6. સ્થાનિક સંશાધનોનો ઉપયોગ
7. વધુ ટકાઉ વિકાસાત્મક પ્રવૃત્તિઓ

## 2.13 PRA દરમ્યાન જરૂરી વર્તન અને વલણ

**(A) PRA દરમ્યાન શું કરવું**

– ગામના લોકોને રસ પડે તેવી વાતો કરવી તથા તેમને શાંતિથી સાંભળવા.

- લોકો સાથે વધુ ગાઢ સંબંધ સ્થપાય તે માટે સરળ ભાષામાં વાત કરવી.
- સમુહના દરેક સભ્યોને બોલવાની તક મળવી જોઇએ.
- ગામના લોકોને અનુકૂળ સમય અને સ્થળે કામગીરી કરવી.
- ગામના લોકો સાથે નીચે બેસીને કામગીરી કરવી.
- ગામના લાકોને PRA ની બધી જ પદ્ધતિઓમાં ભાગ લેવા માટે પ્રેરિત કરવા.
- લોકોને તેમની કામગીરી અનુભવ અને જાણકારી ખૂબ જ મહત્ત્વની છે તેવો અહેસાસ કરવો.
- લોકોને પ્રોત્સાહિત કરવા.
- લોકો સાથે મૈત્રીભર્યું સરળ વર્તન કરવું તથા તેમને માન આપવું.

**(B) PRA દરમ્યાન શું ન કરવું**

- સમૂહ અથવા સંસ્થાને જ મહત્ત્વ આપતી વાતો ન કરવી.
- લોકો સાથે કાર્ય કરતી સમયે અઘરા શબ્દો બને ત્યાં સુધી અંગ્રેજી શબ્દોનો ઉપયોગ ન કરવો.
- સમૂહના સભ્યોને માત્ર સૂચનો ન આપવા.
- પ્રશ્નોમાં જ તેમના જવાબો છુપાયેલા હોય તેવા પ્રશ્નો પૂછવાનું ટાળવું.
- કાર્યપ્રક્રિયા દરમ્યાન સમૂહના સભ્યો એકબીજાં સાથે અંદરો-અંદર ચર્ચા ન કરે તે ધ્યાન રાખવું.
- ગામલોકો બોલતા હોય ત્યારે વચ્ચે-વચ્ચે ન બોલવું કે તેમને ટોકવા નહીં.
- PRA દરમ્યાન ખોટા વાયદા ન કરવા.

## 2.14 ક્ષમતાવર્ધન

લોકો પોતાના પ્રશ્નો પોતાની જાતે સમજે, પોતાના જ્ઞાન અને સમજણ અનુસાર શક્ય ઉપાયો વિશે વિચાર કરે, બીજા સંસાધનો દ્વારા સૂચવેલા ઉપાયોને પોતાની રીતે વિશ્લેષણ કરી શકે અને ત્યારબાદ યોગ્ય વિકલ્પની પસંદગી કરીને પોતાને અનુરૂપ એવી વિકાસની પ્રક્રિયા અનુસરે તે રીતે ગ્રામજનોને તૈયાર કરવા એટલે ક્ષમતાવર્ધન કહી શકાય.

સમાજકાર્યમાં સેવાર્થી પોતાની સમસ્યા જાતે હલ કરતો થાય તે રીતે તેને તૈયાર કરવામાં આવે છે. તેનાં માટે કાર્યકર સેવાર્થીની સમસ્યાની ઓળખ મેળવે છે. તે ઊભી થવા પાછળનાં કારણો શોધે છે તેને ઉકેલવા માટે આંતરિક અને બાહ્ય સંસાધનો શોધ છે, સમસ્યા ઉકેલની વ્યૂહરચના તૈયાર કરે છે. સમસ્યાના ઉકેલ અને પરિણામની સમજ આપવામાં આવે છે અને સેવાર્થીને તેની સમસ્યામાંથી બહાર લાવવાનો પ્રયાસ કરવામાં આવે છે. ભવિષ્યમાં સેવાર્થી ફરી વખત આ સમસ્યાનો ભોગ ન બને તે માટે તકેદારી રાખવામાં આવે છે. તેમ છતાં સેવાર્થીએ સમસ્યાનો ભોગ બને તો તે સમસ્યાનો સેવાર્થી હિંમતભેર સામનો કરી શકે તે માટે તૈયાર કરવામાં આવે છે. ટૂંકમાં સેવાર્થીની ક્ષમતા અને સાધનો શોધવા, તેની સુષુપ્ત શક્તિઓને બહાર લાવવામાં, તેની યોગ્યતાઓને વિકસાવવામાં પુરો ટેકો આપી તૈયાર કરવાની પ્રક્રિયાને ક્ષમતાવર્ધન તરીકે ઓળખી શકાય. ગામનાં લોકોને સક્ષમ કરવા નીચે મુજબની વ્યૂહરચના અપવાની શકાય.

- ગામના લોકોને સહજ રીતે મળવું.

- કાર્યકર તરીકે ઓળખ ગામ લોકોને આપવી.
- ગામ વિશેની માહિતી એકત્રિત કરવી, તેમાં ખાસ કરીને સ્થળની મુલાકાત લેવી અને સ્પષ્ટ પ્રશ્નો ધીમે ધીમે પૂછવા.
- ગામની જાહેર જગ્યા કે મોટા ફળિયામાં લોકો સાથે ફળિયા બેઠક કરવી.
- તમે જે સંસ્થામાંથી ગયા છો તે સંસ્થા ગામનાં વિકાસમાં શું યોગદાન આપી શકે તેમ છે ? તેની ચર્ચા કરો. તમારી સમક્ષ જે જે મુદ્દાઓ આવ્યા છે તે બાબતે લોકોનું ધ્યાન ખેંચવા માટે દૃશ્ય-શ્રાવ્ય સાધનોનો ઉપયોગ કરી લોકોને જાગૃત કરવાનો પ્રયાસ કરો.
- નિદર્શન/પ્રદર્શન ગોઠવોસ, રસ ધરાવતા લોકોને પ્રેરણા અને પ્રોત્સાહન મળી રહે તે માટે પ્રેરણા પ્રવાસનું આયોજન કરો અને પ્રત્યક્ષ કામગીરી બતાવો અને તેને પોતાના ગામની કામગીરી સાથે જોડાણ કરો અને લોકોનું તેના તરફ ધ્યાન દોરો.
- પ્રેરણા પ્રવાસમાંથી પાછા ફર્યા બાદ જે લોકો પ્રેરણા પ્રવાસમાં જોડાયા હતા તે અને ન જોડાઈ શક્યા હોય તેવા ગ્રામજનો સાથે પ્રેરણા પ્રવાસમાં જે કંઈ શીખવા, સમજવા મળ્યું તેની ખુલ્લી રીતે ચર્ચા કરો. તેને પોતાના ગામ સાથે જોડાણ કરવાનો પ્રયાસ કરો, જેમાં ખાસ કરીને નાણાંકીય કામગીરી, ગુણવત્તા જાળવણી વગેરે જેવી બાબતોને પ્રાધાન્ય આપો અને ગામનાં વિકાસની કામગીરી માટે સ્થાનિક લોકોને નિર્ણય લેવા માટે પ્રોત્સાહિત કરો અને જાતે નિર્ણય લેતા થાય તેવા પ્રયાસો કરો.
- ગામ લોકોમાં હકારાત્મક પ્રતિભાવ જોવા મળે તો ગામનાં લોકોની જવાબદારી વહન કરવા માટે તૈયાર કરો જેમાં ખાસ કરીને તાલીમ કાર્યક્રમોમાં હાજરી, અંદાજો તૈયાર કરવા અને મંજૂર કરાવવા, હિસાબો અને દફતરની જાળવણી કરવી વગેરે કામગીરી લોકો સ્વૈચ્છાએ કરવા તૈયાર થવા દેવા અને તેનાં માટે જુદી જુદી સમિતિઓની રચના લોકો જાતે બનાવે તેનાં માટે દિશા આપવી.
- ગામલોકો જુદી જુદી સમિતિઓની રચના કરશે એટલે જુદી જુદી સમિતિઓમાંથી સ્થાનિક નેતૃત્વ આપોઆપ ઊભરી આવશે અને તેમનામાં ઉત્સાહનો સંચાર થશે. ગામનાં વિકાસ માટે કંઈક કરવાની તમન્ના થશે તેમનામાં ઊભી થશે.
- ગામમાં જે યોજના અમલમાં મૂકવાની હોય તે યોજના ગામલોકો પાસે સહભાગીતાથી તૈયાર કરાવો જેથી લોકોને તે યોજના પોતાની લાગશે અને પોતાનાપણાંની ભાવના ઊભી થશે.
- ગામલોકો/સમિતિનાં સભ્યોને જાહેર સભા, સંમેલનો, કાર્યશાળાઓ અને પરિસંવાદોમાં સહભાગી કરો અને તેમનું આદાન-પ્રદાન લોકો સાથે કરાવો. તેમને જાહેર સભા કે સંમેલનોમાં બોલવાની તક પુરી પાડો જેથી તેમનો આત્મવિશ્વાસ વધશે.
- ધીમે ધીમે લોકોનું જોડાણ યોજનાઓ સાથે સીધું કરાવો જેથી તેઓ સીધી રીતે કોઈપણ યોજનાનું અમલીકરણ કરી ગામનો વિકાસ કરી શકે, આ પ્રવાસમાં જો કાર્યકરને સફળતા મળશે તો પછીનાં બીજા પ્રયાસોમાં સંસ્થા કે કાર્યકરની જરૂરીયાત રહેશે નહીં. ગોમલોકો/ગામની સમિતિ પગભર થઈ શકે છે અને પૂરતા સક્ષમ થયા છે તેનું મૂલ્યાંકન કરો.

ઉપરોક્ત મુજબ એક સ્તરથી બીજા સ્તર એમ આગળ વધવાની સામુદાયિક સંસ્થામાં, સમુદાય આધારિત સંસ્થાઓ અને વંચિત સમિતિઓને સક્ષમ કરી શકશે અને તેની અસરકારકતા લાંબા સમય સુધી રહેશે તથા એક નવી નેતૃત્વશક્તિ ઉભરી આવશે.

ગુજરાત પીવાના પાણી અને સ્વચ્છતા યોજનામાં જે-તે ગામની સ્વચ્છતા યોજના ઉપરોક્ત પગથીયા મુજબ સ્થાનિક સમુદાય/ગામ લોકોની સહભાગીતાથી તૈયાર કરી અમલીકરણ કરવામાં આવે છે. જેનાથી સ્થાનિક સમિતિઓનું ક્ષમતાવર્ધન થયેલું હોય તેવું જોવા મળે છે. જેના કારણે ગુજરાત સરકારની કામગીરીને વૈશ્વિક સ્તરે બિરદાવવામાં આવે છે.

## 2.15 નેતૃત્વ

કોઈપણ સંસ્થાના સફળ સંચાલન માટે વ્યક્તિમાં સંચાલન વિજ્ઞાનના સિદ્ધાંતોનું જ્ઞાન હોવું જોઈએ. વ્યાવહારિક ભૂમિકા પર બુદ્ધિપૂર્વક તેમનો ઉપયોગ કરવાની શક્તિ તથા નેતૃત્વશક્તિ હોવી જોઈએ. સંચાલનનાં કાર્યો માટે સંચાલનનાં સિદ્ધાંતોનું જ્ઞાન અને તે જ્ઞાનનો કુશળતાપૂર્વક ઉપયોગ કરવાની શક્તિ એ સફળ સંચાલક બનવા માટે આવશ્યક છે. આયોજન સારી રીતે કરવામાં આવ્યું હોય, નિર્ણયો પણ બુદ્ધિપૂર્વક લેવામાં આવ્યા હોય તો પણ સંચાલનની કાર્યક્ષમતાનો આધાર આયોજન અને નિર્ણયોનો અમલ કરનાર કર્મચારીઓ પર રહેલો છે. આથી સંચાલકે નેતા પણ બનવું પડે છે. સંચાલકમાં નેતૃત્વશક્તિ હશે તો તે તેમનાં વાણી, વર્તન અને વ્યવહાર દ્વારા કર્મચારીઓમાં જૂથભાવના કેળવી શકશે. સારા સંબંધો અને નૈતિક મૂલ્યો સ્થાપી શકશે તથા પરસ્પર વિશ્વાસનું વાતાવરણ ઊભું કરી શકશે. જૂથભાવના કેળવવા, મૈત્રીભર્યા સંબંધોની સ્થાપના કરવા પરસ્પર વિશ્વાસનું વાતાવરણ ઊભું કરવું અને જૂથને સંસ્થાના ધ્યેયો અને લક્ષ્યો તરફ દોરી જવા એ નેતાગીરીનું કાર્ય છે. ઈ.સ. 1940 પછી વર્તનવાદીઓએ કરેલા સંશોધનો પહેલાં નેતૃત્વનાં ખ્યાલને વ્યક્તિને કુદરત તરફથી બક્ષિસમાં મળેલ કુદરતી ગુણો જેવા કે પ્રભાવશાળી વ્યક્તિત્વ, નિર્ણયશક્તિ, સામાન્ય બુદ્ધિ વગેરે સાથે જોડવામાં આવતો.

1. "નેતૃત્વ એટલે અમુક ચોક્કસ પરિસ્થિતિને આધીન રહીને કર્મચારીનાં આંતરિક સંબંધો પર નીપજાવવામાં આવતી અસરો જેમને માહિતી સંચારની પ્રક્રિયા દ્વારા વિશિષ્ટ હેતુ અથવા હેતુઓની સિદ્ધિની દિશામાં વાળવામાં આવે છે." - ***ટેનન બોમ***
2. "નેતૃત્વ એ એવી શક્તિ છે, જેના દ્વારા કોઈપણ પ્રકારના દબાણનો ઉપયોગ કર્યા વિના તાબેદારોના જૂથ પાસેથી સ્વેચ્છાએ ઈચ્છિત કામ લેવામાં આવે છે."

   - ***આર્જાઈ અને બેટી***
3. "નેતૃત્વ એ જૂથનાં ઉદ્દેશોની સિદ્ધિ માટે જૂથ સ્વેચ્છાએ પ્રયત્નો કરે એ રીતે કર્મચારીઓ પર પોતાનો પ્રભાવ પાડવાની એક પ્રવૃત્તિ છે." - ***જી. આર. ટેરી***

ઉપરોક્ત વ્યાખ્યાઓ પરથી ટૂંકમાં સ્પષ્ટ થાય છે કે નેતૃત્વ એ સહકાર્યકર્તાઓના સંબંધો પર અસરો અથવા પ્રભાવ પાડવા સાથે સંબંધ ધરાવે છે. સહકાર્યકરોનાં આંતરિક સંબંધો સુમેળભર્યા, સહકાર અને મૈત્રીભર્યા તેમજ ઉષ્માભર્યા બતાવીને સામુહિક પ્રયત્નોને ધ્યેયલક્ષી બનાવવા સાથે તે સંબંધ ધરાવે છે.

### નેતૃત્વ વિકાસ શા માટે ?

વ્યવસ્થાતંત્રમાં સંચાલક અને નિરીક્ષક સંચાલનનાં કાર્યો તો કરતા જ હોય છે, પરંતુ સાથે સાથે તેમણે પોતાના હાથ નીચેના જૂથને નેતૃત્વ પુરુપાડનાર જૂથનો નેતા પણ છે. અસરકારક નેતૃત્વ પુરું પાડવા માટે નીચેની બાબતો મહત્ત્વની છે જે નીચે મુજબ છે.

1. કાર્ય કરતાં જૂથને સંસ્થાનાં હેતુઓથી સતત જાગૃત રાખવું એ નેતૃત્વનો મહત્ત્વનો ઉદ્દેશ છે, તેમાં પણ અગ્રિમ ક્રમવાળા અને ઓછી અગ્રિમતાવાળા હેતુઓ કયા છે, તેને પુરા કરવા માટે સાધનોનો ઉપયોગ કરવાની સ્પષ્ટતા તથા તેના માટે દોરવણી આપવી એ પણ એટલું જ મહત્ત્વનું કાર્ય છે જે જૂથનાં નેતાએ કરવાનું હોય છે.

2. સંસ્થાનાં હેતુઓને પુરા કરવાની સફળતા વ્યક્તિગત કરતાં જૂથની શક્તિ પર વધારે આધાર રાખે છે. તેથી જૂથનાં નેતા એ હકીકતની જૂથનાં સભ્યોને પ્રતીતિ કરાવવી જોઈએ કે જૂથની શક્તિ દ્વારા સંસ્થાનાં હેતુઓને ઝડપથી પુરા કરી શકાય છે. જૂથ ભાવનાનો વિકાસ થાય તે નેતૃત્વનાં વિકાસ માટે મહત્ત્વની બાબત છે.

3. વ્યવસ્થાતંત્રમાં દરેક વ્યક્તિના મહત્ત્વનો સ્વીકાર, તેની માનવીય જરૂરિયાતોનો સ્વીકાર, નિર્ણય ઘડતરની પ્રક્રિયામાં તેમની સહભાગીતા, તેમનાં કાર્ય સંતોષમાં વધારો કરે છે. કર્મચારીઓમાં શિસ્ત, પ્રેરણા, જુસ્સો, અને ઉત્પાદકતા ટકાવી રાખવા માટે નેતૃત્વ જરૂરી છે.

4. કર્મચારી-કર્મચારી વચ્ચે તેમજ કર્મચારી-જૂથ વચ્ચે અને જૂથ-જૂથ વચ્ચે થતી આંતરક્રિયા-પ્રતિક્રિયાઓની યોગ્ય અસરો ઉપજાવીને ઉત્સાહપ્રેરક અને પ્રગતિશીલ વાતાવરણના સર્જન માટે નેતૃત્વ ખૂબ જ અગત્યનું છે.

   સમાજકાર્યકર પણ વ્યક્તિ, જૂથ કે સમુદાયનું ક્ષમતાવર્ધન કરવાનું હોય છે. આથી નેતૃત્વ વિશેની સમજ કાર્યકરમાં હોવી આવશ્યક છે, જેથી તે કોઈપણ સંસ્થાના હેતુઓની પૂર્તિ માટે સફળતાપૂર્વક કાર્ય કરી શકે.

## 2.16 ઉપસંહાર

સહભાગી ગ્રામીણ ચકાસણી એક એવી પદ્ધતિ છે જેના દ્વારા ગ્રામીણ વિસ્તારની ટૂંકમાં, ઝડપથી અને સમય બચાવની સાથે માહિતી પ્રાપ્ત કરી શકાય છે. પ્રસ્તુત પ્રકરણમાં PRA ની વ્યાખ્યા, તેના સિદ્ધાંતો તથા PRA માટે જરૂરી બાબત લોકસંપર્કની પણ માહિતી રજૂ કરવામાં આવી છે. સહભાગી ગ્રામીણ ચકાસણી દરમ્યાન ધ્યાનમાં રાખવાની બાબતો પણ છે, જેના દ્વારા કાર્યપ્રક્રિયા ખૂબ જ સાવચેતીપૂર્વક કરી શકાય છે. PRA ની પોતાની પદ્ધતિઓ છે. જેના દ્વારા ગ્રામીણ વિસ્તારની સંપૂર્ણ માહિતી મેળવવામાં આવે છે. લોકોને સક્ષમ બનાવવા તથા તેમને તૈયાર કરવા માટેની વ્યૂહરચનાનો પણ ઉલ્લેખ કરવામાં આવેલ છે. સફળ કાર્યકર તરીકે જરૂરી એવું નેતૃત્વ અંગેની જાણકારી પણ આ એકમમાં દર્શાવવામાં આવી છે. જેના ઉપયોગ દ્વારા સફળતાપૂર્વક કાર્ય કરી શકાય છે.

## 2.17 આપની પ્રગતિ ચકાસો

(1) PRA શબ્દનો સૌ પ્રથમ ઉપયોગ ક્યાં થયો હતો ?

(A) કેનેડા (B) જાપાન

(C) ઓસ્ટ્રેલિયા (D) કેન્યા

(2) ભારતમાં PRA નો ઉપયોગ ક્યારે થયો ?

(A) ઈ.સ. 1984 (B) ઈ.સ. 1982

(C) ઈ.સ. 1980 (D) ઈ.સ. 1972

(3) ગામલોકોને સક્ષમ કરવાની વ્યૂહરચનામાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) નિદર્શન ગોઠવવું (B) ગામની માહિતી એકત્ર કરવી

(C) ફળિયા બેઠક (D) બજેટીંગ

(4) નેતૃત્વ એ જૂથના ઉદ્દેશ્યોની સિદ્ધિ માટે સ્વેચ્છાએ પ્રયત્ન કરે એ રીતે કર્મચારીઓ પર પોતાનો પ્રભાવ પાડવાની એક પ્રવૃત્તિ છે આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) ટેનન (B) જી. આર. ટેરી

(C) ડન્હામ (D) રોસ

(5) અસરકારક નેતૃત્વ પુરું પાડવા માટે કેટલી બાબતો મહત્ત્વની છે ?

(A) ત્રણ (B) ચાર

(C) પાંચ (D) સાત

## 2.18 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) કેન્યા
2. (C) ઈ.સ. 1980
3. (D) બજેટીંગ
4. (B) જી. આર. ટેરી
5. (B) ચાર

## 2.19 ચાવીરૂપ શબ્દો

**PRA :** Participatory Rural Apprisal (સહભાગી ગ્રામીણ ચકાસણી)

**સહભાગી :** સમુદાયો દ્વારા સહભાગી

**ચકાસણી :** તપાસવું, મૂલ્યાંકન કરવું

**લોકસંપર્ક :** લોકો સાથે સીધો સંબંધ સંપર્ક બનાવી રાખવો.

**દિનચર્યા :** સવારથી માંડીને રાત્રી સમય દરમ્યાન કરવામાં આવતી કામગીરી

**પદચલન :** જે-તે સ્થળનું પ્રત્યક્ષ નિરીક્ષણ કરીને માહિતી મેળવવાનો પ્રયત્ન

## 2.20 સ્વાધ્યાય લેખન

1. PRA નો અર્થ અને વ્યાખ્યા આપી PRA ની જરૂરિયાત તેની પદ્ધતિઓ અંગે વિસ્તૃતમાં માહિતી આપો.

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

.....................................................................................

2. નેતૃત્વ એટલે શું તે જણાવી નેતૃત્વ વિકાસ શા માટે જરૂરી છે તે અંગે વિસ્તૃતમાં ચર્ચા કરો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

3. સમુદાય આધારિત સંસ્થાઓની રચના અને ક્ષમતાવર્ધન અંગે નોંધ લખો.

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

.................................................................................

## 2.21 પ્રવૃત્તિ

1. ક્ષેત્રકાર્યના અનુભવોના આધારે સફળ નેતૃત્વ માટે જરૂરી ગુણ-લક્ષણો વિસ્તૃતમાં જણાવો.

## 2.22 કેસસ્ટડી

1. તમારા ક્ષેત્રકાર્યના ગામની PRA ની પદ્ધિતના ઉપયોગ દ્વારા રિપોર્ટ બનાવવો.

## 2.23 સંદર્ભસૂચિ


1. સહભાગી ગ્રામીણ ચકાસણી અને સૂક્ષ્મ આયોજન લેખન - નીલેશ બગડા
2. સંચાલન, એન. ડી. ગામા, પોપ્યુલર પ્રકાશન, સુરત
3. લોક આધારિત વિકાસ - અનિલ શાહ, ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય.
4. કુદરતી સંપત્તિ, વિકાસ અને વ્યવસ્થાપન, બાબુભાઈ અવરાતી, યુનિવર્સિટી ગ્રંથનિર્માણ બોર્ડ.

# એકમ-3 સામુદાયિક સંગઠનની વિભાવના

## એકમનું માળખું


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સામુદાયિક સંગઠનનો પરિચય

3.3 ભારતમાં સામુદાયિક સંગઠનનો ઉદ્ભવ

3.4 સામુદાયિક સંગઠનની કુશળતાઓ

3.5 ઉપસંહાર

3.6 આપની પ્રગતિ ચકાસો

3.7 આપની પ્રગતિ ચકાસોના જવાબો

3.8 ચાવીરૂપ શબ્દો

3.9 સ્વાધ્યાય લેખન

3.10 પ્રવૃત્તિ

3.11 કેસસ્ટડી

3.12 સંદર્ભસૂચિ


## 3.0 એકમના હેતુઓ

(1) આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સમુદાયમાં કાર્ય અંગેના સમુદાયનો પરિચય થશે.

(2) આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સામુદાયિક સંગઠનની ચાર વિભાવના શીખવા મળશે.

(3) સામુદાયિક સંગઠન પદ્ધતિનો વિકાસ કેવી રીતે થયો છે તે અંગેની જાણકારી વિદ્યાર્થીઓને પ્રાપ્ત થશે.

(4) સમુદાયમાં કાર્ય કરવા માટે જરૂરી સામુદાયિક સંગઠકની કુશળતાઓ અંગેનું જ્ઞાન પ્રાપ્ત થશે.

## 3.1 પ્રસ્તાવના :

વ્યક્તિગત સમસ્યાઓના સમાધાન સાથે સંકળાયેલું સમાજકાર્ય માત્ર વ્યક્તિગત સમસ્યા પુરતું જ સિમિત નથી; પરંતુ, સામાજિક સમસ્યાઓ સાથે પણ સંકળાયેલું છે. સમાજકાર્યનો વ્યવહાર જે તે સમયની સામાજિક આર્થિક સાંસ્કૃતિક અને રાજકીય પૂર્વભિમુખતાને આધારે આકારિત થયો છે. સમાજમાં વ્યક્તિ જૂથ સમાજ, સમુદાયના વિકાસ માટે સંગઠનની આવશ્યકતા રહેલી છે. સામુદાયિક સંગઠનમાં સમાજકાર્યકરને સમાજલક્ષી સેવાનું કામ કરવાનું હોવાથી

તેને અનેક પ્રકારના પડકારોનો સામનો કરવો પડતો હોય છે. સમુદાયના હેતુ અને ઉદ્દેશ્યને સિદ્ધ કરવા માટે સમાજકાર્યકરમાં આવડત, જ્ઞાન, શક્તિ, કૌશલ્યો, આયોજન, બુદ્ધિ, નિરીક્ષણ જેવી કુશળતાઓ જરૂરી હોય છે. સમુદાય એ લોકોથી બનેલું જૂથ છે અને આવા જૂથમાં કામ કરવા માટે કૌશલ્યોની આવશ્યકતા રહેલી છે. સામુદાયિક સંગઠનમાં રહેલા લોકોની જરૂરિયાતો, ક્ષમતા અને ઉપલબ્ધ સંસાધનોમાં બદલાવ આવે તે પ્રમાણે તેણે પોતાની કુશળતાઓ અને પદ્ધતિમાં બદલાવ લાવવો પડે છે. વ્યક્તિની જરૂરિયાતો થતી તેની વૃત્તિ અને વલણ પર રહેલો છે અને આ પરિવર્તનને કોઈ જડ નિયમોમાં બાંધી શકાય તેમ નથી.

વ્યવસાયિક સમાજકાર્યની એક પદ્ધતિ તરીકે સામુદાયિક સંગઠનની પદ્ધતિ ઘણી જ અગત્યની છે. સામુદાયિક સંગઠનનો ઉપયોગ કળા, શિક્ષણ, આર્થિક જીવન, ઔદ્યોગિકરણ, શહેરીકરણ વગેરેમાં જોવા મળે છે. સમાજના વિકાસ માટે અનેક પ્રકારની પ્રવૃત્તિઓ કરવામાં આવે છે જેવી કે જનજાગૃતિ, એચ.આઈ.વી જાગૃતિ, સામાજિક સંબંધો સુધારવા, જરૂરિયાતમંદ લોકોની સ્થિતિ સુધારવી, લોકભાગીદારીની ક્ષમતામાં વધારો કરવો વગેરે અનેક વિભાવનાઓ સમુદાય સાથે સંકળાયેલી હોય છે. સામુદાયિક સંગઠન દ્વારા સમાજ અને રાજ્યનો વિકાસ કરવામાં કુશળતાઓની આવશ્યકતાઓ રહેલી છે. સમાજના અલગ અલગ જુથો, સમુદાય, લોકો દ્વારા સમુદાયની રચના થતી હોય છે. આવા સામુદાયિક સંગઠનની મદદ દ્વારા સામાજિક સેવા થતી હોય છે. સામાજિક વાસ્તવિકતાના ત્રણ અંગો જોવા મળે છે. વ્યક્તિ જૂથ અને સમુદાય આ ત્રણે સ્તરે રહેલા લોકો સાથે અસરકારક રીતે કાર્ય કરવા માટે સમાજકાર્યકરે આ ત્રણ પદ્ધતિનો ઉપયોગ કરવો જરૂરી હોય છે. સામુદાયિક સંગઠન વ્યક્તિઓ કુટુંબો, જૂથો અને સમુદાયનો તેમનું વ્યક્તિગત અને સામુદાયિક કલ્યાણ વધારવા માટે મદદ કરતો વ્યવસાય છે. સામુદાયિક સંગઠનમાં સમાજકાર્ય, સમાજકલ્યાણ, સામાજિક સેવા, સામાજિક નીતિ, સામાજિક સુરક્ષા જેવી અનેક પ્રકારની સેવાઓ પૂરી પાડવામાં આવે છે. સામુદાયિક સંગઠનમાં જે સેવા પૂરી પાડવામાં આવે છે તેના માટે સમાજસેવકમાં માહિતી એકત્રીકરણ, આયોજન, નિરીક્ષણ, જ્ઞાન, શક્તિ અને બુદ્ધિ જેવા કૌશલ્યો હોવા જરૂરી છે.

## 3.2 સામુદાયિક સંગઠનનો પરિચય :

આપણે સમાજ આજે અનેક સમસ્યાઓનો સામનો કરી રહ્યો છે. સમસ્યાઓ શોધીને સાચા અર્થમાં કલ્યાણ રાજ્યની સ્થાપના કરવી હોય તો વ્યવસાયિક સમાજકાર્યની વિદ્યાશાખાનું મહત્ત્વ ઘણું વધી જાય છે. ભારતમાં વ્યવસાયિક સમાજકાર્ય વિદ્યાશાખા તરીકે 20મી સદીમાં ઉદ્ભવતુ હતું, પરંતુ સ્વૈચ્છિક સમાજકાર્યની ઘણી લાંબી અને સમૃદ્ધ પરંપરા આપણે ત્યાં છે. આવી પરંપરાની સમૃદ્ધિનો ઉપયોગ જો સામુદાયિક સંગઠનમાં કરવામાં આવે તો તે વધુ સમૃદ્ધ થાય. સામાન્ય રીતે કહેવું હોય તો સમાજના જરૂરીયાત અને દુઃખી લોકોની મદદ કરવી એટલે સમાજકાર્ય માનવ પ્રકૃતિની લાક્ષણિકતા એ છે કે તેનામાં પ્રેમ, કરૂણા, લાગણી, દયા, ભાઈચારા જેવી સારી ભાવનાઓના કારણે તે દુઃખી લોકોને મદદ કરવા હંમેશા તૈયાર જ હોય છે. સમાજકાર્યકર તરીકે અન્યને મદદ કરવી હોય તો તેના માટે શિક્ષણ અને તાલીમની પણ જરૂરિયાત હોય છે.

સમાજના સમાજકાર્ય સામે નબળા અને મુશ્કેલીમાં મુકાયેલી જૂથોની અનુભવાયેલી અને પૂરી ન થયેલી જરૂરિયાતોને પૂરી પાડવાનો પડકાર છે. જેના માટે સમાજકાર્યકરે યોગ્ય કુશળતાઓ વિકસાવવી જરૂરી છે. સામુદાયિક સંગઠન પદ્ધતિનું ક્ષેત્ર ખૂબ જ વિશાળ છે અને આ પધ્ધતિનો અલગ અલગ ક્ષેત્રમાં ઉપયોગ થતો જોવા મળે છે. શિક્ષણ, આર્થિક, શહેરીકરણ,

કળા, રાશિકરણ વગેરેમાં સામુદાયિક સંગઠનનો ભરપુર ઉપયોગ થતો જોવા મળે છે. સામુદાયિક સંગઠન પધ્ધતિમાં સમુદાયની જરૂરીયાતો પુરી કરવા તરફ અને સમુદાયમાં સંગઠન વિકસાવવા માટેના પુરેપુરા પ્રયત્નો થતા હોય છે. સમાજમાં ઉદ્ભવતી કોઈપણ પ્રકારની સામાજિક સમસ્યાને અટકાવવા માટે સામુદાયિક સંગઠન જેવી પધ્ધતિ ખૂબ જ ઉપયોગી પુરવાર થાય છે. સમાજમાં રહેલા સંસાધનોને ગતિશીલ કરી સમસ્યા નિવારણની પ્રક્રિયામાં મદદરૂપ થાય છે. સમુદાયમાં સામાજિક સેવા એ થતી હોય છે જેવી કે જાગૃતિ લાવવી, ઝઘડાઓ ઘટાડવા જરૂરીયાતમંદ લોકોને મદદ કરવી, સામાજિક વર્તન સુધારવા જેવી અનેક ક્રિયાઓ છે જે સમુદાય સાથે જોડાયેલી હોય છે. સમુદાયિક સંગઠનમાં મુખ્યત્વે ચાર પ્રકારની વિભાવના જોવા મળે છે.

(1) સામુદાયિક કાર્ય (Community Work)

(2) સામુદાયિક વિકાસ (Community Development)

(3) સામુદાયિક ક્રિયા (Community Action)

(4) સામુદાયિક આયોજન (Community Plannings)

**(1) સામુદાયિક કાર્ય(Community Work) :**

સામાન્ય અર્થમાં કહેવું હોય તો કહી શકાય કે, સમુદાયના વિકાસ માટે સામુહિક કાર્ય દ્વારા માર્ગદર્શન આપવામાં આવે તેને સામુદાયિક કાર્ય દ્વારા માર્ગદર્શન આપવામાં આવે તેને સામુદાયિક કાર્ય કરી શકાય છે. સમુદાયમાં અનેક પ્રકારની ક્રિયાઓ થતી જોવા મળે છે. જેવી કે સામુદાયિક વિકાસ, સામાજિક આયોજન સામુદાયિક સમસ્યાનું નિરાકરણ વગેરે સામુદાયિક કાર્ય એ સમાજના વિકાસ માટે કરવામાં આવતું કાર્ય છે. સમુદાયમાં રહેતા લોકોને પોતાની જરૂરિયાત અને સમસ્યાનું નિરાકરણ લાવવા માટે સામુદાયિક કાર્ય કરવું પડે છે. સમુદાયમાં કોઈપણ જરૂરિયાત ઊભી થાય ત્યારે સમાજના લોકો કે સમાજકાર્યકર દ્વારા સામુદાયિક કાર્યથી આ જરૂરિયાત ને સંતોષવામાં આવે છે. ક્યારેક સમુદાયના પ્રશ્નોને હલ કરવા નુકશાન ન થાય તે પણ જોવું આવશ્યક હોય છે. સમૂહમાં કરવામાં આવતા કાર્યને સામુદાયિક કાર્ય ગણવું જરૂરી બને છે. સમુદાયમાં ઘણા બધા એવા કામ હોય છે કે જે સમાજના લોકોને સાથે મળીને કામ કરવું પડતું હોય છે. દા.ત. ગ્રામીણ વિસ્તારમાં કોઈ એક સમાજમાં આવી પડેલી આફતને દૂર કરવા માટે ગ્રામના બધા જ સમાજના લોકો મળીને સામુહિક રીતે જરૂારીયાત મંદ સમુદાયને મદદરૂપ થતા હોય છે. સમાજકાર્યની વિવિધ શાખાઓમાં વિદ્વાનો કામ કરે છે. જેમાં સમાજકાર્યકરનો પણ સમાવેશ થાય છે પરંતુ સામુદાયિક સંગઠનમાં તાલીમ લીધેલ કાર્યકરોની જરૂરીયાત વધુ હોય છે.

**(2) સામુદાયિક વિકાસ (Community Development) :**

કે.ડી. ગંગરોડી જણાવે છે કે, ‘‘સમુદાયની આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ સુધારવા, સમુદાયોને રાષ્ટ્રના જીવન સાથે એક કરવા અને રાષ્ટ્રના વિકાસમાં સમુદાયો પોતાનો ફાળો આપે તે માટે શક્તિમાન કરવા.’’

UNના મત મુજબ, ‘‘સામુદાયિક વિકાસ એક એવી પ્રક્રિયા જેના દ્વારા લોકોના પોતાના પ્રયત્નો સરકારની સત્તા સાથે જોડાય.’’

સામુદાયિક વિકાસ મુખ્યત્વે જરૂરિયાત લોકોની સેવા પૂરી પાડે છે. સરકાર તરફથી મળતી ગ્રામીણ વિકાસ માટેની યોજના અને સહાયને છેવાડાના ગામ સુધી મળી રહે તે જરૂરી હોય છે. સામાજિક વિકાસ એ સમાજના લોકોના આર્થિક વિકાસ પર આધારિત હોય છે. અને આવા વિકાસ કાર્યથી સામાજિક વિકાસ થઈ શકે છે. સમુદાયમાં રહેલા લોકોની એકતા અને

સહકારથી વિકાસ કરવામાં આવે છે. જેનાથી લોકોમાં એકબીજા સહકાર વધારે છે. લોકોના સહકાર કે સંમતિ વિના સામુદાયિક વિકાસ થઈ શકતો નથી. સામુદાયિક વિકાસ માટે સમાજના દરેક વ્યક્તિને સાથે રાખીને કાર્ય કરવામાં આવે તો જ સામુદાયિક વિકાસ શકય બને છે. સામુદાયિક વિકાસ દ્વારા લોકો સુખી અને વિકસિત જીવન જીવી શકે તેવો ઉદ્દેશ્ય રહેલો હોય છે.

સામુદાયિક વિકાસ દ્વારા સમુદાયની આર્થિક સ્થિતિ સુધારી શકાય છે. સામુદાયિક વિકાસ એ કોઈ સમાજના વ્યક્તિ વિકાસની વાત કરવામાં આવતી નથી; પરંતુ, સમાજમાં રહેલા સમુદાયનો વિકાસ કરવામાં આવે છે. આ વિકાસમાં સરકાર તરફથી ચલાવવામા આવે છે. સામુદાયિક વિકાસ એ અલ્પવિકસિત સમુદાયના વિકાસમાં મહત્ત્વનો ફાળો આપે છે. સામુદાયિક વિકાસ અમેરિકા, આફ્રિકા, સાઉથ અમેરિકા અને સાઉથ અને વેસ્ટ એશિયાના દેશોમાં ઉદ્ભવ્યો હતો અને ત્યારબાદ સમગ્ર વિશ્વમાં આ વિભાવનાનો વિકાસ જોવા મળે છે. સામુદાયિક વિકાસ એ ધ્યેય છે, જ્યારે સામુદાયિક સંગઠન એ પદ્ધતિ છે.

**(3) સામુદાયિક ક્રિયા (Community Action) :**

સામુદાયિક સંગઠનમાં સામુદાયિક ક્રિયા જરૂરી હોય છે. કોઈપણ ક્રિયા કરવા માટે સમુદાયના લોકો એકબીજા સાથે આત્મીયતાના સંબંધ સ્થાપિત કરીને પોતાની સ્થિતિને સામાન્ય બનાવી શકે છે. સામુદાયિક ક્રિયા સંઘર્ષમય કે સહકારની પ્રવૃત્તિમાં કાર્ય કરે છે.

**(4) સામુદાયિક આયોજન (Community Plannings) :**

સામુદાયિક આયોજન લોકોના સહકારથી થાય છે. સામુદાયિક સંગઠનમાં સામુદાયિક આયોજન કરવા માટે ભાગીદારી પણ જરૂરી હોય છે. સમાજકલ્યાણ કે સમાજ વિકાસના કાર્યક્રમમાં આયોજન કરવું જરૂરી બની રહે છે; પરંતુ, આવા આયોજનમાં સામાન્ય લોકોની ભાગીદારી હોવી જરૂરી નથી. સમુદાયના લોકોકાર્યમાં આયોજન જરૂરી હોય છે. આયોજન વિના કોઈ કાર્ય સફળ બની શકે નહીં.

1939માં નેશનલ કોન્ફરન્સ ઓફ સોશિયલ વર્કમાં પહેલીવાર સામુદાયિક સંગઠનના સેમિનારમાં આ વિષય પર ચર્ચા થઈ હતી. ત્યારબાદ(Lane) લેનના રિપોર્ટમાં સામુદાયિક સંગઠનને સમાજકાર્યમાં એક ક્ષેત્ર તરીકે ઓળખવામાં આવે છે. 1940થી પ્રોફેશનલ પ્રેકટિસ તરીકે સમાજકાર્યના અભ્યાસની શરૂઆત થયેલી જોવા મળે છે; પરંતુ, 1962માં સમાજકાર્યમાં આવરી લેવામાં આવ્યો અને કાઉન્સિલ ઓફ સોશિયલ વર્ક એજ્યુકેશન દ્વારા તેની રચના થઈ હતી. સામુદાયિક સંગઠન ને વ્યવસાયિક પદ્ધતિ તરીકે ઉદ્ભવ ખૂબ પાછળથી થયેલો જોવા મળે છે. સામુદાયિક સંગઠન પદ્ધતિના વિકાસમાં અનેક વિદ્વાનોનો ફાળો રહેલો છે. કોઈપણ પદ્ધતિ કે અભ્યાસના ઉદ્ભવ માટે કોઈ ચોક્કસ વિદ્વાન કે શિક્ષણવિદ્‌ના વિચારો સિવાય શકય નથી. તેવી રીતે સામુદાયિક સંગઠનમાં પણ ચેરીટી ઓર્ગનાઈઝેશન, સેટલમેન્ટ હાઉસ, વોર ચેસ્ટ, કોમ્યુનીટી કાઉન્સીલ નેશનલ વેલ્ફેર જેવા સંગઠનોના સહયોગથી સામુદાયિક સંગઠનનો વિકાસ જોવા મળે છે.

સોલ એલેન્સ્કી (Saul Alinsky) ,જેન એડમ્સ (Jane Aaddams), માઇલ્સ હોર્ટન (Myles Horton), જેકબ રીટસ, ફલોરેન્સ કેલી (Jacob Rits), ફલોરેન્સ કેલી (Florance Kelly), મરફી (Murphy), ફ્રિડલેન્ડ (friedland) જેવા તજજ્ઞોએ સામુદાયિક સંગઠન પદ્ધતિની થિયરી આપવામાં મહત્ત્વનો ફાળો રહ્યો છે. અનેક સમયનો અને આંદોલનને કાચો સામુદાયિક વિકાસમાં ફાળો રહેલો છે. ચેરીટી ઓર્ગેનાઈઝેશન મુવમન્ટ, સિવિલ રાઈટસ મુવમેન્ટ, લેબર

મુવમેન્ટ અને એડલ્ટ એજ્યુકેશન જેવી પશ્ચિમના સંદર્ભમાં ચળવળ થયેલી જોવા મળી હતી અને આવી ચળવળના કારણે સામુદાયિક સંગઠનનો ઉદ્ભવ થયો છે. સામુદાયિક સંગઠનનો મુખ્ય ઉદેશ્ય સમાજકલ્યાણ માટે કાર્યો, કાયદા અને લોકહિત માટે ફંડ ઉઘરાવવા અને સમાજનો વિકાસ કરવાનો છે; પરંતુ, 1883માં યુરોપ અને અમેરીકામાં મંદીની અસર જોવા મળી હતી અને લોકો શહેરીકરણ તરફ સ્થળાંતરીત થતા અનેક સમસ્યાઓ ઉદ્ભવી હતી તે સમયે ચેરીટી ઓર્ગેનાઈઝેશન સોસાયટી દ્વારા નિરાકરણ લાવવામાં આવ્યું હતું. ચેરીટી ઓર્ગેનાઈઝેશન મુવમેન્ટથી શરૂ થયેલા પ્રયત્નને 1908 પછી કોમ્યુનીટી વેલફેર કાઉન્સીલ અને કાઉન્સીલ ઓફ સ્પેશયલ એજન્સીએ ચાલુ રાખ્યા છે.

સામુદાયિક સંગઠનનો વિકાસ અમેરિકન સમાજના મૂલ્યો પર પ્રતિબિંબિત છે. સમુદાયમાં દાન આપવાની અને સામાજિક પરિવર્તન લાવવાના પ્રયત્નો થતા રહે છે. સેટલમેન્ટ હાઉસ દ્વારા અનેક સેવાઓ પૂરી પાડવામાં આવતી હતી. દા.ત. શિક્ષણ, સીવણ, સામાજિક સેવા, બાળકોને મદદ, વૃદ્ધોને સહાય, બાથરૂમ, મનોરંજન, કાર્યક્રમો જેવા કાર્યો દ્વારા સામુદાયિક કાર્ય થયેલું જોવા મળે છે. સેટલમેન્ટ હાઉસમાં સામાજિક કાયદાઓને પ્રોત્સાહન આપવાની ક્રિયાઓ પર ભાર મુકવામાં આવ્યો આદમ, જેકોબ, રીટસ, લિકફિલયન, ફલોરેન્સ જેવા સુધારકો એ સેટલમેન્ટ હાઉસ ચળવળમાં જોવા મળ્યાં છે. મેકસીલન અને મરફીના જણાવ્યા મુજબ સામુદાયિક કાર્યનું કેન્દ્ર સ્થાનિક સમુદાયની સમસ્યા સમાધાન માટે હોવું જોઈએ. મરફી સેસ પહેલા થિયોરીસ્ટ હતા. જેમણે સામાજિક નિયંત્રણ સામુદાયિક એકતા સ્થિરતા અને સંતુલન માટેની વાત કરી છે; પરંતુ, રાજકારણની તેમને કયારેય વાત કરી નથી.

જહૉન એડમ્સ એ સામુદાયિક બાબતોમાં નાગરિકોની ભાગીદારીની જરૂર છે, તેવી વાત કરી છે. હિંસાને પરિવર્તન ન ગણી શકાય તેવું તેઓ માને છે.

સામુદાયિક સંગઠન અત્યાર સુધી સાથ-સહકાર, સમાયોજન, સંકલનની વાત કરતું હતું તે સંઘર્ષની વાત કરતું થઈ ગયું છે. એલન્સ્કીના જણાવ્યા મુજબ, જીત માટે સંઘર્ષ કરવો કેમકે તેનાથી જ સંગઠનો બને છે. 40 અને 50 ના દાયકામાં સામુદાયિક કાર્ય એક પદ્ધતિ તરીકે ઓળખાતી હતી; પરંતુ, સમય જતા સામુદાયિક સંગઠન પદ્ધતિ એ યુનિવર્સિટી શિક્ષણનો એક ભાગ બની ગયું છે. અલગ અલગ યુનિવર્સિટીમાં સામુદાયિક સંગઠનના અભ્યાસક્રમો ચાલી રહ્યાં છે.

## 3.3 ભારતમાં સામુદાયિક સંગઠનનો ઉદ્ભવ :

ભારતમાં સમાજકાર્યનું શિક્ષણ 1937થી શરૂ થયેલું જોવા મળે છે.ભારતમાં 1952માં સામુદાયિક વિકાસ પદ્ધતિની શરૂઆત પછી જ સમાજકાર્યકરો માટે નોકરીની તકો ઊભી થઈ હતી. સામુદાયિક સંગઠનના કાર્યક્રમ માટે સરકારે અનેક કાર્યો કર્યા છે. ગ્રામીણ વિસ્તારમાં વિજ્ઞાન અને ટેકનોલોજીની મદદથી ખેતી અને પાણીના વિકાસના લીધે લોકો આર્થિક રીતે સમૃદ્ધ થવા લાગ્યાં. સંસાધનોની મદદથી ગ્રામીણ વિસ્તારમાં આર્થિક સ્તરે સુધરે તેવા પ્રયત્નો થવા લાગ્યાં છે. ભારત ખેતી પ્રધાન દેશ હોવાથી 80 % લોકો ખેતી પર પોતાનું ગુજરાન ચલાવે છે અને સામુદાયિક સંગઠનની મદદથી સહકારના કાર્યક્રમો અંતરિયાળ વિસ્તાર સુધી પહોંચી શકે તેવા કાર્યો થઈ રહ્યાં છે. 1952 પહેલા સામુદાયિક સંગઠનના વિકાસમાં મુખ્યત્વે ગ્રામપંચાયત, સહકારી મંડળો અને શાળા પુરતો સિમિત હતો; પરંતુ, ધીરે ધીરે આ કાર્યક્રમ માત્ર સરકારી અને ગ્રામીણક્ષેત્ર પુરતો સિમિત ન રહેતા શહેરી ક્ષેત્રમાં ફેલાયેલો જોઈ શકાય છે. સામુદાયિક સંગઠનનો હેતુ માત્ર આર્થિક વિકાસનો નથી; પરંતુ, લોકોના સંગઠન દ્વારા વિકાસની દિશાને

વેગ આપવાનો છે. સમગ્ર સમુદાયના કલ્યાણ, આયોજન માટે સામુદાયિક સંગઠન ઉપયોગી છે.

પશ્ચિમના દેશોમાં સામુદાયિક સંગઠનના ઉદ્ભવ પાછળ ફંડ-નાણા, દાન, આધારિત સમાજકલ્યાણની પ્રવૃત્તિઓ થતી હતી. ભારતમાં સુધાર આંદોલનો સ્વતંત્રતા આંદોલન, ડાબોરી ચળવળ દ્વારા સામુદાયિક સંગઠનને વેગ મળ્યો છે. ભારતમાં સ્વૈચ્છિક કાર્યનો ઈતિહાસ ખૂબ જ ભવ્ય છે. દેશમાં ધાર્મિક મંડળો, જ્ઞાતિના મંડળો, નગરશેઠ, જાગીરદાર, પૈસાદાર લોકો દ્વારા સમાજકાર્યના કાર્યક્રમો થતા આવ્યા છે. રાજકીય, ધાર્મિક, સામાજિક આગેવાનનું વર્ચસ્વ પણ સામુદાયિક જીવન પર જોવા મળી રહ્યું છે. ભારતીય સમજવૃત્તિના લીધે લોકો કલ્યાણના કાર્યો માટે હંમેશા હકારાત્મક વલણ ધરાવે છે ઘણા બધા પ્રશ્નોના નિરાકરણ માટે લોકો એકત્રિત થઈને સામુહિક ચળવળોને આંદોલનો દ્વારા સામુદાયિક સંગઠનના કાર્યો કર્યા છે. જેમ કે દલીત ચળવળ, મહુરતા આંદોલન, ચિપકો આંદોલન, બારડોલી સત્યાગ્રહ, આઝાદી માટેની ચળવળ જેવા કાર્યક્રમો દ્વારા લોકોએ પોતાની સમસ્યાનું સમાધાન કર્યું છે.

ભારતમાં સામુદાયિક સંગઠનના અનેક કાર્યક્રમો થતા હોય છે. તેમાં સહકારની ભૂમિકા જોવા મળે છે. પરંતુ લોકો પોતાની જાતે સમસ્યાના સમાધાન માટે પ્રયત્ન કરે તે હેતુથી સામાજિક કાર્યકર તરીકેની ભૂમિકા ભજવી જરૂરી રહી છે. લોકોનું આર્થિક જીવન, રહેણીકરણી અને વિકાસમાં વધારો થાય તે હેતુથી આ પદ્ધતિનો ઉપયોગ જરૂરી બની રહ્યો છે. ગ્રામીણ વિસ્તારમાં લોકો પોતાની જીવન શૈલી સ્વતંત્ર રીતે જીવી શરે અને આયોજન બધ્ધ વિકાસ કર્યો થઈ રહે તે માટે સમાજના લોક ભાગીદારી થી કાર્યક્રમનો અમલી કરી શકાય. સામુદાયિક સંગઠનના વિકાસ તરીકે ભારતમાં ગાંધીજીનું મોડવ રજૂ કરી શકાય છે.

## 3.4 સામુદાયિક સંગઠનની કુશળતાઓ :

સામુદાયિક સંગઠન દ્વારા સમાજના વિકાસ અને કલ્યાણ અર્થે અનેક કાર્યો થતા રહે છે. કોઈપણ કાર્ય કે સેવાને સફળ બનાવવા માટે અમુક કુશળતા હોવી જરૂરી છે. દા.ત. આયોજન, તાલીમ, માહિતી, જ્ઞાન, બુદ્ધિ, સહનશક્તિ, આવડત, સમજદારી, અહેવાલલેખન જેવા કૌશલ્યો હોય તો જ આવા કાર્યો કરવામાં સફળતા રહેલી છે. સરકારી કાર્યક્રમો દ્વારા છેવાડાના ગ્રામીણ કાર્યક્રમો દ્વારા છેવાડાના ગ્રામીણ લોકોની સેવા કરવાની હોવાથી અમુક પ્રકારના ચોક્કસ કૌશલ્યો વિકસાવવા જરૂરી બની રહે છે. સમાજના નીચલા વર્ગના લોકોને સમજણ પડે અને તેની જરૂરિયાત સંતોષાઈ જાય તે હેતુથી સામુદાયિક સંગઠનમાં કુશળતાઓ જરૂરી છે.

કોઈપણ કાર્ય સારી રીતે અને અસરકારક રીતે કરવાથી ક્ષમતા એટલે કુશળતા એ બુદ્ધિ અનુભવ એ કામ કરવાની આવડત હોવાથી તેને જોઈ શકાતી નથી.

### (1) કાર્યક્રમનું આયોજન :

આયોજન વિના કોઈપણ કાર્ય સફળ બનતું નથી. તે હેતુ સર કાર્યક્રમ કરવાનો હોય તે હેતુને સિદ્ધ કરવા આયોજન જરૂરી છે. કાર્યકર દ્વારા કરવામાં આવેલા કાર્યક્રમોના સંચાલન દ્વારા સમુદાયને ઉપયોગી બની શકે છે.

રોસ નામના વિદ્વાન જણાવે છે કે, વિકાસની પ્રક્રિયા માટે સંગઠન ઉપચારાત્મક પ્રવૃત્તિ તરીકે કાર્યક્રમનો ઉપયોગ કરે છે. સમુદાયના ઉદ્દેશ્યો માટે કાર્યક્રમ એક માધ્યમ ગણી શકાય છે. જે વિસ્તાર કે સમુદાય માટે કાર્યક્રમ કરવાનો હોય તે ક્ષેત્ર વિશેની સમજ હોવી જરૂરી છે. કાર્યક્રમના ઉદ્દેશ્યો, પદ્ધતિ, સ્થળ, સમસ્યા અને વિષયવસ્તુને ધ્યાનમાં રાખીને કાર્યક્રમ કરવો

પડે છે. કાર્યક્રમના આયોજનમાં ચોક્કસ નિયમોને પણ મહત્ત્વ આપવું જરૂરી રહે છે. લોકોને કાર્યક્રમમાં સમાવેશ કરવા માટે કાર્યકરે પૂરતી શક્તિ, આવડત, તાલીમનો ભરપૂર ઉપયોગ કરવો જરૂરી બની રહે છે.

**(2) નેતૃત્વ :**

નેતૃત્વ દ્વારા કાર્યક્રમને સફળ બનાવી શકાય છે. લોકોને પ્રભાવિત કરવા અને તેઓને દિશા આપવાનું કામ નેતૃત્વ દ્વારા શકય બને છે. નેતૃત્વ કરનાર વ્યક્તિ આયોજન કરે છે. કાર્યક્રમ કરે છે અને નીતિ નિર્ધારીત પ્રમાણેની કામગીરી કરે છે. કાર્ય કે કાર્યક્રમના પ્રતિનિધિ તરીકે અન્ય વ્યક્તિઓ સાથે ચર્ચા કરવામાં આવે છે. સમુદાયમાં કયારેક સંઘર્ષની સ્થિતિ પેદા થાય તે સમયે મધ્યસ્થી થવાની કુશળતા નેતા પાસે હોવી જોઈએ.

નેતાગીરી દ્વારા લોકો કે સમુદાયને કાબુમાં રાખી શકાય છે. નેતાગીરી કરનાર વ્યક્તિમાં શાંત સ્વભાવ, વિનમ્ર, જ્ઞાન, આવડત, બુદ્ધિ અને પરિસ્થિતિને પહોંચી વળવાના ગુણો હોવા જરૂરી છે. નેતામાં સતાવાહી નેતૃત્વ દ્વારા થતા કાર્યોની ગુણવતા અને અસરકારકતા સૂચવે છે. નેતામાં રહીસ કૌશલ્યોનો ઉપયોગ કાર્યક્રમને સરળ બનાવવામાં થતો હોય છે. નેતાગીરીના ગુણો લગભગ જન્મથી જ આવેલા હોય છે અને મૃત્યુ સુધી જળવાઈ રહેતા હોય છે.

**(3) માહિતી એકત્રીકરણ :**

સમુદાયમાં કાર્યક્રમ કે કાર્ય ને સફળ બનાવવા માટે જરૂરી માહિતી એકત્રીત કરવી પડે છે. એક ક્ષેત્રમાં કામ કરવાનું હોય તે ક્ષેત્રની ભૌગોલિક વિસ્તાર પરિસ્થિતિ આર્થિક, સામાજિક અને શૈક્ષણિક સ્થિતિ, સાધન-સંપન્ન તેમજ વસાવટ, જગ્યા, સમય, ફંડ આ બધા જ પ્રકારની માહિતી એકત્રીત કરીને કાર્યક્રમને સફળ બનાવી શકાય છે. કાર્યક્રમને અનુરૂપ કરીને પણ જરૂરિયાત મુજબ વિકસાવવામાં આવે છે. અંતે કયા કયા ક્ષેત્રમાં અને કેવા કેવા પ્રકારનું માર્ગદર્શન સમુદાયમાં આપવાનું છે. તે તમામ પ્રકારની માહિતી એકત્રિત કરવાની છે.

અલગ અલગ જગ્યાએથી એકત્રિત થયેલી માહિતીથી સમુદાયના જરૂરિયાતમંદ લોકો સુધી સાચી માહિતી પહોંચાડી શકાય છે. છેવાડા ગ્રામીણ વિસ્તાર સુધી સરકારી યોજનાઓ વિશે માહિતી પહોંચાડવી હોય તો ટ્રેનર અને આયોજિત વ્યક્તિઓ દ્વારા આવશ્યક હોય છે.

**(4) ક્રિયા-પ્રતિક્રિયા :**

સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમને સફળ બનાવવા માટે ક્રિયા-પ્રતિક્રિયાની કુશળતા જરૂરી છે. આયોજકો દ્વારા આયોજન કરેલા કાર્ય કે કાર્યક્રમની ક્રિયા પછી સમુદાયના લોકો તરફથી પ્રતિભાવ મળવો જરૂરી છે. કયારેક હકારાત્મક કે નકારાત્મક બંન્ને પ્રકારની પ્રતિક્રિયા આવતી હોય છે. ક્રિયા દ્વારા આપવામાં આવેલું જ્ઞાન કે માહિતી લોકો સમજે અને તેમના સમુદાયનો વિકાસ થાય તે જરૂરી છે; પરંતુ, ક્યારેક નકારાત્મક અસર પણ જોવા મળતી હોય છે.

કાર્યક્રમમાં કરેલી ક્રિયાની પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે પ્રતિક્રિયા થવી જરૂરી છે; કારણ કે, કાર્યક્રમમાં થયેલા કાર્યથી સમાજના લોકોમાં કેવા પ્રકારના ફાયદાઓ થશે તે જોવું અત્યંત જરૂરી હોય છે. પ્રતિક્રિયાના માધ્યમથી આયોજન કરનાર વ્યક્તિઓમાં રહેલી ત્રુટિને પણ સુધારી શકાય છે.

**(5) વિશ્લેષણાત્મક :**

સામુદાયિક સંગઠન પદ્ધતિમાં કરવામાં આવતા કાર્યક્રમનું વિશ્લેષણ કરવું અગત્યનું છે. સમગ્ર કાર્યક્રમને ધ્યાનમાં રાખીને વિશ્લેષણ કરવાથી કામગીરીની સમજ આવે છે. મેકનીલના જણાવ્યા મુજબ સામુદાયિક સંગઠનએ ક્રિયાત્મક કે ભૌગોલિક ક્ષેત્રોમાં સમાજકલ્યાણની જરૂરિયાતો અને સમાજકલ્યાણના સંસાધનોની વચ્ચે પ્રગતીશીલ અને વધુ અસરકારક સમાયોજને લાવવાની અને ચાલુ રાખવાની પ્રક્રિયા છે. ભૌગોલિક ચીજવસ્તુઓ નાણાં, કાયદો, નેતૃત્વ, લોકોમાં સમજણ, શુભેચ્છાઓ અને ભાગીદારી પણ સામેલ હોય છે અને તેનું વિશ્લેષણ કરવું અત્યંત જરૂરી છે.

**(6) નિરીક્ષણ :**

સમાજકાર્યના નિરીક્ષણની કુશળતા ખૂબ જ અગત્યની માનવામાં આવે છે. કોઈપણ બાબતનો અભ્યાસ કરવા માટે નિરીક્ષણ કરવું ખૂબ જ જરૂરી હોય છે. પરોક્ષ માહિતી કરતા પ્રત્યક્ષ નિરીક્ષણ દ્વારા મેળવેલી માહિતી સચોટ અને સંપૂર્ણ હોય છે. સમુદાયમાં આયોજનને લગતા, સંગઠનને લગતા કાર્યક્રમને લગતા, લોકભાગીદારીને લગતા કાર્યોને સામુદાયિક સંગઠન કે સતત નિરીક્ષણ દ્વારા મુલવણી કરતા રહેવું જોઈએ, જેથી કરીને તેમાં રહેલી ખામી ને દૂર કરી શકાય. લોકો દ્વારા મળતા પ્રતિભાવોને આધારે ભવિષ્યમાં કાર્યક્રમમાં જરૂરી ફેરફારો કરી શકાય છે. ફિડબેક, મૂલ્યાંકન, નિરીક્ષણ અને સુધારણાની પ્રક્રિયા સતત ચાલુ રહેતી હોવી જોઈએ.

**(7) અહેવાલલેખન :**

સમગ્ર કાર્યક્રમના અંતે અહેવાલ તૈયાર કરવો જરૂરી હોય છે. અહેવાલ દ્વારા તમામ પ્રકારની બાબતોને જાણી શકાય છે. કાર્યક્રમમાં સુધારા-વધારા જાણી શકાય છે. કાર્યક્રમનું આયોજનથી શરૂ કરીને પૂર્ણાહુતિ સુધીનો અહેવાલ તૈયાર કરવાનો હોય છે. અહેવાલમાં સારા-નરસા પાસાંઓને પણ આવરી લેવામાં આવતા હોય છે. અહેવાલલેખનથી સમગ્ર કાર્યક્રમની રૂપરેખા સમજી શકાય છે. અહેવાલલેખન એ દસ્તાવેજના પુરાવા તરીકે ઉપયોગી છે.

**સામુદાયિક સંગઠનની વ્યાખ્યાઓ :**

(1) 'ડનહામ'ના મંતવ્ય મુજબ સામુદાયિક સંગઠન એ સામાજિક આંતરક્રિયા ની સભાન પ્રક્રિયા છે. અને સમાજકાર્ય ની એક પધ્ધતિ છે.

(2) 'મેકનીલ'ના મત મુજબ સામુદાયિક સંગઠન એ ક્રિયાત્મક કે ભૌગોલિક ક્ષેત્રોમાં સમાજ કલ્યાણની જરૂરિયાતો અને સમાજકલ્યાણના સંસાધનોની સમાયોજન લાવવાની અને ચાલ રાખવાની પ્રક્રિયા છે.

(3) 'બારી' (1950) માં જણાવે છે કે સામાજિક સંગઠન ને એક પ્રક્રિયા તથા પ્રણાલીના રૂપમાં વ્યાખ્યાયિત કર્યુ છે.

(4) 'લીંડમેન' (1921) પ્રમાણે સામુદાયિક સંગઠનમાં સમુદાય દ્વારા લોકશાહી પધ્ધતિથી પોતાના મામલા અથવા કાર્યોને નિયોજીત કરવાનું અને પોતાના વિશેષજ્ઞો, સંસ્થાઓ, સંગઠનોને માન્ય પરસ્પર સંબધો દ્વારા ઉચ્ચતમ સેવા પ્રાપ્ત કરવાના સચેત પ્રયત્નો સામેલ છે.

## 3.5 ઉપસંહાર

પ્રસ્તુત એકમમાં સામુદાયિક સંગઠનના પરિચય અંગે સમજૂતી આપવામાં આવેલ છે. ઉપરાંત સામુદાયિક સંગઠનમાં જરૂરી એવી ચાર પ્રકારની વિભાવનાઓ (1) સામુદાયિક કાર્ય (2) સામુદાયિક વિકાસ (3) સામુદાયિક ક્રિયા તથા સામુદાયિક આયોજનનો ઉલ્લેખ પણ કરવામાં આવ્યો છે જેના ઉપયોગ પણ કરવામાં આવ્યો છે જેના ઉપયોગ દ્વારા સમસ્યા નિવારણની પ્રક્રિયા થઈ શકે. ઉપરાંત સામુદાયિક સંગઠન પદ્ધતિનો ઉપયોગ કેવી રીતે થયો તે અંગે પણ જાણકારી રજૂ કરવામાં આવેલ છે. તથા સામુદાયિક સંગઠનમાં જરૂરી એવી કુશળતાઓ પણ વર્ણવવામાં આવી છે જેના ઉપયોગથી સામુદાયિક સંગઠક ખૂબ જ કુનેહપૂર્વક કાર્ય કરી શકે.

## 3.6 તમારી પ્રગતિ ચકાસો :

(1) સામુદાયિક સંગઠનના મુખ્યત્વે કેટલી વિભાવના છે ?

(A) ત્રણ (B) પાંચ

(C) ચાર (D) આઠ

(2) સામુદાયિક વિકાસ એક એવી પ્રક્રિયા છે જેના દ્વારા લોકોનો પોતાના પ્રયત્નો સરકારની સત્તા સાથે જોડાય છે આ વ્યાખ્યા કોણે આપી છે ?

(A) U.N. (B) ફ્રિડલેન્ડર

(C) કે.ડી.ગંગરેડી (D) ડન્હામ

(3) નેશનલ કોન્ફરન્સ ઓફ સોશ્યલ વર્ડ સેમીનાર સૌ પ્રથમ ક્યારે યોજાયો ?

(A) ઈ.સ. 1942 (B) ઈ.સ. 1945

(C) ઈ.સ. 1935 (D) ઈ.સ. 1939

(4) ભારતમાં સામુદાયિક વિકાસ પદ્ધતિની શરૂઆત ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1950 (B) ઈ.સ. 1952

(C) ઈ.સ. 1948 (D) ઈ.સ. 1962

(5) સામુદાયિક સંગઠનની કુશળતાઓ કેટલી છે ?

(A) બાર (B) દસ

(C) સાત (D) પંદર

## 3.7 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) ચાર
2. (A) U.N.
3. (D) ઈ.સ. 1939
4. (B) ઈ.સ. 1952
5. (C) સાત

## 3.8 ચાવીરૂપ શબ્દો

**સામુદાયિક કાર્ય :** સમુદાયના વિકાસ માટે સામુદાયિક કાર્ય દ્વારા આપવામાં આવતું માર્ગદર્શન

**સામુદાયિક વિકાસ :** એક એવી પ્રક્રિયા જેના દ્વારા લોકો સ્ત્રોતોના પ્રયત્નો સરકારની સત્તા સાથે જોડે

**કુશળતા :** કોઈ પણ કાર્યમાં હોંશિયાર હોવાની અવસ્થા ગુણ તથા ભાવ.

**અહેવાલ લેખન :** કાર્યક્રમ આયોજનથી માંડીને પૂર્ણાહુતિ સુધીની કામગીરીનો સંપૂર્ણ કાર્ય અહેવાલ (નોંધ)

## 3.9 સ્વાધ્યાય લેખન

(1) સામુદાયિક સંગઠન અંગે જણાવી તેની વિભાવનાઓ અંગે વિસ્તૃતમાં સમજાવો ?

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(2) ભારતમાં થયેલ સામુદાયિક સંગઠન પદ્ધતિના વિકાસની આલોચનાત્મક નોંધ લખો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

(3) કુશળતાનો અર્થ સમજાવી સામુદાયિક સંગઠક તરીકે જરૂરી કુશળતાઓ અંગે વિસ્તૃતમાં સમજૂતી આપો.

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

..............................................................................

.......................................................................................

.......................................................................................

.......................................................................................

## 3.10 પ્રવૃત્તિ

1. ભારતમાં થયેલ સામુદાયિક સંગઠનના ઈતિહાસની સૂચિ બનાવો.

## 3.11 કેસસ્ટડી

1. સામુદાયિક સંગઠનમાં કાર્ય અંગે જરૂરી સામુદાયિક સંગઠકની કુશળતાઓની યાદી ક્ષેત્રકાર્યના અનુભવના આધારે તૈયાર કરો.

## 3.12 સંદર્ભસૂચિ


(1) જાનકી અંધેરીયા, 2000, સામુદાયિક સંગઠન એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય, ટાટા ઈન્સ્ટીટ્યુટ, મુંબઈ

(2) કે.ડી.ગંગાર્ડે, 1971, ભારતમાં સામુદાયિક સંગઠન, પોપ્યુલર પ્રકાશન, મુંબઈ

(3) એસ.જી. મુદગલ, 1997, સમાજકાર્યનો પરિચય

(4) ગીતા ચાવડા, 2004, હન્નાદે પ્રકાશન, અમદાવાદ, સામુદાયિક સંગઠન

(5) મિશ્રા મંજુ, 2012, સમાજકાર્ય, કે.એસ. પબ્લીકેશન, દિલ્હી

(6) તેજસ્કર પાન્ડે, સમાજકાર્ય, ભારત પ્રકાશન, લખનૌ

# એકમ-4 સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ, નિયંત્રણ અને દસ્તાવેજીકરણ

## એકમનું માળખું


**4.0** એકમના હેતુઓ

**4.1** પ્રસ્તાવના

**4.2** સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ અને નિયંત્રણ

**4.3** સામુદાયિક સંગઠનમાં નિર્માણ અને નિયંત્રણ અહેવાલ

**4.4** સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગ

**4.5** રેકોર્ડીંગના હેતુઓ

**4.6** રેકોર્ડીંગનું મહત્ત્વ

**4.7** રેકોર્ડીંગના તત્ત્વો

**4.8** રેકોર્ડીંગના સિદ્ધાંતો

**4.9** ઉપસંહાર

**4.10** આપની પ્રગતિ ચકાસો

**4.11** આપની પ્રગતિ ચકાસોના જવાબો

**4.12** ચાવીરૂપ શબ્દો

**4.13** સ્વાધ્યાય લેખન

**4.14** પ્રવૃત્તિ

**4.15** કેસસ્ટડી

**4.16** સંદર્ભસૂચિ


## 4.0 એકમના હેતુઓ :

(1) આ એકમના અભ્યાસ દ્વારા સામુદાયિક સંગઠનમાં આયોજન ક્રિયા અંગેથી માહિતગાર થવાશે.

(2) આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન દરમ્યાન કેવી-કેવી બાબતો ધ્યાનમાં રાખવી તેનો અભ્યાસ થશે.

(3) આ એકમનાં અભ્યાસથી વિદ્યાર્થીઓને અહેવાલલેખન અંગે જાણકારી પ્રાપ્ત થશે.

(4) આ એકમ દ્વારા વિદ્યાર્થીઓને સામુદાયિક સંગઠનમાં નિર્માણ અને નિયંત્રણ અંગે માહિતી પ્રાપ્ત થશે.

(5) આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને ક્ષેત્રકાર્યમાં કાર્યક્રમનું મહત્ત્વ સમજાશે.

## 4.1 પ્રસ્તાવના

સામુદાયિક સંગઠનનો ખ્યાલ એ પશ્ચિમના દેશોમાં ઉદ્‌ભવેલો છે. પશ્ચિમના સમાજમાં

લાક્ષણિકતાઓ અને જરૂરિયાતો અલગ છે. સંસાધનોની ઉપલબ્ધતાનું પ્રમાણ અલગ છે. જ્યાં સુધી ગ્રામીણ સમુદાયનો આર્થિક વિકાસ નહિ થાય ત્યાં સુધી સમુદાયની જરૂરિયાતો પુરી થઈ શકશે નહીં. સામુદાયિક કલ્યાણ માટે ભારતમાં સામુદાયિક વિકાસના મોડેલ્સની ઘણી જરૂરિયાત છે.

સામુદાયિક કલ્યાણ માટે લોકોની જરૂરીયાતો પૂર્ણ કરવા માટે એ જરૂરી છે કે સમુદાય સુધી સરકારી યોજનાઓ, કાર્યક્રમો અને વિકાસની તકો પહોંચાડવામાં આવે અને તે કાર્ય કરવા માટે સામુદાયિક સંગઠક દ્વારા આયોજન, નિર્માણ, નિયંત્રણ, અહેવાલ, નેતૃત્વ જેવી કુશળતાઓનો તેનામાં વિકાસ કરવો જરૂરી છે. સામુદાયિક સંગઠનની શરૂઆત દાનસમિતિય સ્વરૂપે સમાજકલ્યાણ સેવાઓના સંકલન સમયમાં હવે ઘણું બધુ પરિવર્તન તેમાં થયેલું જોવા મળે છે.

## 4.2 સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ અને નિયંત્રણ

**આયોજન :**

આયોજન એ આર્થિક વિષયનો શબ્દ છે જેનો ઉપયોગ લગભગ દરેક તબક્કામાં થાય છે. આયોજન એટલે કોઈ કાર્ય કે પ્રવૃત્તિ અંગે અગાઉથી લેવામાં આવેલા પગલાં કોઈપણ કાર્યક્રમને સફળ બનાવવો હોય તો તેના માટે અગાઉથી આયોજન કરવામાં આવે છે.

પંડિત જવાહરલાલ નહેરુના મત મુજબ, આયોજન એટલે જુદા-જુદા વિષય નિષ્ણાંતો સાથે સંકલન કરીને રાષ્ટ્રના પ્રતિનિધિઓ દ્વારા નિર્ધારિત ધ્યેય મુજબ ઉત્પાદન, વપરાશ, રોકાણ, વેપાર અને આવકની વહેંચણીના તંત્રની રચના.

**યોજના પંચ :**

નિર્ધારિત સામાજિક લક્ષ્યોની પ્રાપ્તી માટે સંશાધનોના શ્રેષ્ઠત્તમ ઉપયોગ અને સંગઠન માટે વિકલ્પો વિકસીત કરવી.

સામુદાયિક સંગઠનમાં આયોજન એક એવી પ્રક્રિયા છે. જેના દ્વારા વ્યક્તિ, જૂથ, સમુદાય એ કોઈપણ પરિસ્થિતિ, કાર્યક્રમ કરવા માટે તેને ચલાવી રાખવા, જાળવવા તથા વિકાસ કરવા માટે જાગૃતપણે પ્રયત્ન કરે છે. જેમાં આરોગ્ય કલ્યાણ અને વિકાસને આવરી લેવામાં આવે છે.

સમુદાયની સમસ્યાઓ જાણ્યા બાદ સમસ્યાઓનો ઉકેલ કેવી પ્રકારે કરવો, તેમાં સમાધાન, સંસાધનો કયા વાપરવા, સમુદાયના સંસાધનો કયા વાપરવા, સમુદાયના સંસાધનો ક્યાંથી પ્રાપ્ત થશે, સમુદાયના સભ્યોમાંથી કોણ કયા પ્રકારની ભૂમિકા ભજવશે વગેરે બાબતોને ધ્યાનમાં રાખીને ગોઠવણી કરવાની હોય છે. આયોજનને સામાન્ય રીતે કહેવામાં આવે તો નક્કી કરવામાં આવેલા ઉદ્દેશ્યોને પ્રાપ્ત કરવાની હેતુપૂર્વકની ગોઠવણી કહેવામાં આવે છે. ભવિષ્યમાં જે કાર્યો કરવાના છે તેને સફળતાપૂર્વક પૂર્ણ કરવા માટેની પણ પ્રક્રિયા તરીકે ઓળખવામાં આવે છે. સમુદાયમાં જ સમુદાયના પ્રતિનિધિઓની બેઠકમાં જ આયોજનકાર્ય થતું હોય છે. તથા તેના સંબંધિત નિર્ણયો પણ તેમના જ દ્વારા લેવામાં આવે છે.

ઈ.સ. 1900 થી 1935 ના સમયગાળામાં ગરીબો, જરૂરિયાતમંદ લોકો, સમસ્યાગ્રસ્ત લોકોની સ્થિતિમાં પરિવર્તન લાવવા માટેની કાર્યનિષ્ઠા સાથે સ્વૈચ્છિક કાર્યકર્તાઓ આગેવાનો, સમાજસુધારકો, મજૂર સંગઠનો દ્વારા થયેલા કાર્યોનું પ્રભુત્વ હતું. ઈ.સ. 1935 બાદ સામાજિક સુરક્ષાના કારણે સામાજિક સેવાઓના વહીવટ માટે તાલીમબદ્ધ કાર્યકરોની, વ્યાવસાયિક

સમાજકાર્યકરોની માંગ વધી. આયોજન દ્વારા સમસ્યાને દૂર કરી શકાય છે. નાણાંકીય ભંડોળ એકત્ર કરીને સમુદાયના લોકોની જરૂરિયાતો પૂર્ણ કરવા માટે આયોજન કરી શકાય છે.

**નિર્માણ :**

નિર્માણ એટલે કે રચના, નિર્માણ વિના પ્રવૃત્તિ લાંબા સમય સુધી ચાલુ રહી શકતી નથી. સામુદાયિક સંગઠનમાં સંઘબળ જરૂરી છે જેના વિના સમુદાયમાં ચલાવવામાં આવતી લડતને વેગ મળતો નથી. સંગઠન દ્વારા સમસ્યા સમાધાનમાં ખૂબ જ સહયોગ પ્રાપ્ત થાય છે. સમુદાયમાં ખૂબ જ સહયોગ પ્રાપ્ત થાય છે. સમુદાયમાં સંગઠન બની રહે તે માટે સમુદાયના સભ્યો વચ્ચે પરસ્પર એકતા બની રહે તે જરૂરી છે. તે એક મધ્યવર્તી વિચાર છે. કેટલાક ખાસ ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટેના માળખાની પ્રક્રિયાના રૂપમાં પણ સંગઠનને માનવામાં આવે છે. સમુદાયના સ્તરે જુદા-જુદા માળખાની સ્થાપના સમસ્યાને સમજવા માટે અને સમસ્યાના સમાધન માટેના સામુહિક પ્રયત્નોને ગતિશીલ કરવા માટે થાય છે.

નિર્માણ પ્રક્રિયામાં નાણાંની વ્યવસ્થા કરવી, સમિતીની રચના, વહીવટ, સંકલન જેવી પ્રક્રિયાઓનું નિર્માણ ખૂબ જ જરૂરી હોય છે. કોઈપણ કાર્ય કે કાર્યક્રમના નિર્માણ કરવા સંગઠન દ્વારા કાર્યક્રમ નિર્માણ શક્ય બને છે તેથી નિર્માણ ક્રિયા ખૂબ જ અગત્યની છે.

**નિયંત્રણ :**

પ્રો. શાસ્ત્રીના મત મુજબ,

સમુદાયના લોકોમાં કાર્યો પ્રત્યે નિરાશા વ્યાપેલી જોવા મળે અથવા તો તેમનામાં સામુદાયિક કાર્ય કરવા માટે રસ ન હોય, અરૂચિ જોવા મળે ત્યારે સમુદાયના લોકોને તે કાર્ય કરવા માટે પ્રેરિત કરવું એ ખૂબ જ કઠિન કાર્ય બની રહે છે. જે સમયે લોકોમાં નિરાશા વ્યક્ત થયેલ હોય તે સમયે લોકોની નિરાશાને કે કાર્ય પ્રત્યેના અસંતોષને નિયંત્રણ કરવાનું કાર્ય સામાજિક કાર્યકર માટે જરૂરી બની રહે છે. જ્યારે પણ લોકોમાં અસંતોષની લાગણી પ્રગટ થયેલી કાર્યકરના ધ્યાને આવે તો સૌ પ્રથમ કાર્યકરે એ દિશામાં કાર્ય કરવું અગત્યનું બની રહે છે. કાર્યકર દ્વારા સમુદાયમાં વ્યાપ્ત નિરાશા કે અસંતોષના કારણોની શોધ કરવામાં આવે અને ત્યારબાદ લોકોમાં વ્યાપેલા આવા કારણોને દૂર કરવા માટેની સાચી અને સંપૂર્ણ માહિતી દ્વારા લોકોને વાકેફ કરવામાં આવે છે. લોકોમાં અસંતોષ કોઈ નિશ્ચિત સ્થિતિ પ્રત્યે હોય તો તે દૂર કરવા માટે લોકોને પ્રેરણા આપીને લોકોને કાર્ય કરવા માટે સંમત કરી શકાય છે પરંતુ જો સંપૂર્ણ પરિસ્થિતિ અંગે જો લોકોને અસંતોષ હોય તો તેમને કાર્ય કરવાની પ્રેરણા આપવાની જગ્યાએ નિરાશા ઊભી કરે છે તેને નિયંત્રિત કરવી ખૂબ જ જરૂરી બને છે. એ સમયે નિરાધાને દૂર કરવા માટે સંપૂર્ણ સ્થિતિને જો નિયંત્રિત કરવામાં આવે તો જ કાર્યમાં કે કાર્ય કરવા માટેના આયોજનમાં સફળ થવાની શક્યતા મળે છે નહીંતર તો પરિસ્થિતિ પર નિયંત્રણ કે કાબુ ન રહે તો તે કાર્ય કે કાર્યના આયોજનમાં નિષ્ફળતા મળી રહેવાની સંભાવના પૂર્ણપણે રહેલી જોવા મળે છે.

## 4.3 સામુદાયિક સંગઠનમાં નિર્માણ અને નિયંત્રણ અહેવાલ

સમુદાયનું આ ત્રીજું કાર્ય જેમાં સમુદાયમાં નિર્માણની જે રચના કરવામાં આવે તે અને નિયંત્રણ અંગેના અહેવાલ અંગેની બાબત જોવા મળે છે. સમુદાયને તેમના નિરાકરણમાં જે મદદ કરવામાં આવે છે તે મદદની પ્રક્રિયાના સંદર્ભમાં જુદા-જુદા વિભાગોથી પ્રક્રિયાને ચાલુ રાખવી તથા આંતર સંબંધોને જાળવી રાખવાની સામુદાયિક સંગઠકમાં રહેલી કુશળતાના કાર્યને નિર્માણકાર્ય કહેવામાં આવે છે. આ નિર્માણકાર્યમાં સમુદાયની સમસ્યાને કેવી રીતે હલ કરવી તથા નાણાની વ્યયવસ્થા કરવા ઉપરાંત સમુદાયની સમસ્યાનો અભ્યાસ આયોજન,

નિતિનિર્ધારણ, નાણાકીય વ્યવસ્થા વગેરે. સમુદાયોને એકબીજા સાથે એવી રીતે સાંકળવામાં આવે જેના દ્વારા તેનું નિર્માણ કરી શકાય અને તે નિર્માણ અહેવાલની રચનામાં મદદરૂપ બની રહે છે. આ ઉપરાંત સમુદાયમાં સામાજિક નિયંત્રણનું કાર્ય પણ જોવા મળે છે. જેમાં સમાજમાં સ્થાપિત નિયમો કે ધોરણો વર્તણૂંકને નિયંત્રિત કરે છે. જેનાથી સમુદાયમાં રહેલી સામાજિક નિયંત્રણની સંપૂર્ણ વ્યવસ્થાની જાણકારી મેળવવી ઘણી અગત્યની છે અને આ જાણકારી મેળવ્યા બાદ તેનો અહેવાલ તૈયાર કરવામાં આવે છે. સમુદાયિક સંગઠનમાં નિર્માણ અને નિયંત્રણ અહેવાલ દ્વારા સમગ્ર ઘટના, પરિસ્થિતિ કે કોઈપણ બાબત અંગે, કાર્યક્રમ રૂપરેખાની જાણકારી પ્રાપ્ત થી શકે છે. જેના દ્વારા અહેવાલ પરથી સમગ્ર કાર્યક્રમના કાર્યનું તારણ કાઢી શકાય છે.

## 4.4 સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગ

કોઈપણ વ્યવસાય હોય તેમાં તેની માહિતીનો સંગ્રહ એ અગત્યની બાબત છે જે માહિતીનો સંગ્રહ કરવામાં આવે તે માહિતી વર્તમાન પ્રવૃત્તિ અને જે પ્રવૃત્તિ કરવાની હોય તેના પૂર્વ આયોજનમાં જરૂર પડે ત્યારે એક આધારરૂપ દસ્તાવેજ તરીકે ઉપયોગી નીવડે છે. કોઈપણ વ્યવસાયમાં ગમે તે કાર્ય કે અન્ય કોઈપણ બાબતને ફાઈલ, કોમ્પ્યુટરમાં માહિતી સંગ્રહ તરીકે તેનો સંગ્રહ કરવામાં આવે છે તેને રેકોર્ડીંગ તરીકે ઓળખવામાં આવે છે. રેકોર્ડીંગમાં પણ વ્યવસાય કે કાર્યની સંપૂર્ણ માહિતીનો સારી રીતે સંગ્રહ કરવામાં આવે છે. સામુદાયિક સંગઠનની પ્રક્રિયા કે ચળવળ અથવા તો સમુદાયના સંબંધો-વ્યવહારોલક્ષી બાબતોનું રેકોર્ડીંગ કરવું ખૂબ જ જરૂરી બની રહે છે.

સામુદાયિક સંગઠનમાં તેના કાર્યમાં જોડાયેલા કર્મચારીઓ, સંગઠન કાર્યમાં મદદરૂપ થઈ શકે તેવા અગત્યના માણસો કોઈપણ બાબત અંગે થયેલો પત્રવ્યવહાર, કોઈપણ સભા કરવામાં આવેલ હોય તો તે સભાના એજન્ડા, મિનિટ્સ, સભાનું મેમોરેન્ડમ, કોઈપણ બાબત અંગેનું નિતિનિર્ધારણ જેવા મહત્ત્વનાં કાર્યોનું ટૂંકમાં વર્ણન, સંબંધિત એજન્સીઓ અંગેની વિગતો, સામુદાયિક સંગઠનો વ્યાપ-વિસ્તાર, જે કાર્યની વહેંચણી કરવામાં આવી હોય તો તે કાર્ય વહેચણી કોઈપણ બાબત અંગેના હિસાબો અને કાર્યમાં પ્રગતિ વગેરે બાબતો અંગેની વિગતમાં રેકોર્ડ જાળવણી એ જરૂરી બની રહે છે. રેકોર્ડીંગ કરવામાં આવેલ બાબતનો ઉપયોગ એ ભવિષ્યમાં જયારે કોઇ કાર્ય કરવામાં આવે તો તેને સારી રીતે સફળ બનાવવા માટે ઉપયોગ થઈ શકે છે. રેકોર્ડીંગના ઉપયોગ દ્વારા સમય અને શક્તિનો બચાવ દ્વારા, ટૂંક સમયમાં અને ઝડપથી, ઓછાં ખર્ચાળમાં કાર્ય સારી રીતે પૂર્ણ કરી શકાય છે.

## 4.5 રેકોર્ડીંગના હેતુઓ

સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગ બે હેતુથી કરવામાં આવે છે.

(1) બાહ્ય હેતુ (2) આંતરિક હેતુ

**(1)** **બાહ્ય હેતુ :** રેકોર્ડીંગના બાહ્ય હેતુમાં સામુદાયિક સંગઠન કાર્ય સાથે જોડાયેલી જે એજન્સીઓ છે તેને કાર્યક્રમ સંબંધિત માહિતી પૂરી કરવી જરૂરી બને છે. જેમાં સરકાર, જેના દ્વારા નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવનાર છે તે એજન્સી, પ્રોગ્રામનો જેને લાભ મળનાર છે તેવા લાભાર્થીઓ, પ્રોગ્રામમાં કોમ્યુનિકેશનની પ્રક્રિયામાં ઉપયોગી સમૂહ માધ્યમો વગેરેનો સમાવેશ થાય છે. સભાની મિનિટ્સ, સભાના એજન્ડા, કાર્યની પ્રગતિ, કાર્ય દરમ્યાન થનાર ખર્ચ, ભાવિ આયોજન, સરકાર તથા અન્ય મદદરૂપ સંસ્થાઓ સાથેના વ્યાવસાયિક વ્યવહાર પૂરા કરવા તથા જાહેર સંબંધોની જાળવણીમાં રેકોર્ડીંગ અગત્ય બની રહે છે.

**(2) આંતરિક હેતુ :**

સામુદાયિક સંગઠનમાં જે કાર્ય કરવામાં આવે તેને દિશાસૂચન કરવા, કાર્યનું વ્યવસ્થાપન જાળવવા તથા નિરીક્ષણ કરવા સંબંધિત, વહીવટ માટે આંતરિક રેકોર્ડીંગ કરવામાં આવે છે.

સામુદાયિક સંગઠનના રેકોર્ડીંગના ઉપરોક્ત બન્ને હેતુઓને અલગ કરી શકાય નહી. આ બન્ને હેતુઓ એકબીજા સાથે પારસ્પરિક રીતે જોડાયેલા છે.

## 4.6 રેકોર્ડીંગનું મહત્ત્વ

સામુદાયિક સંગઠનમાં દરેક કાર્યમાં તમામ મુદ્દે રેકોર્ડીંગ એ અગત્યનો ભાગ ભજવે છે. સંસ્થા માટે રેકોર્ડીંગ એ મજ્જાતંતુ સમાન છે. સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગનું મહત્ત્વ કે તેના ઉપયોગો નીચે મુજબ છે.

1. સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગ એ સમુદાય સંબંધિ એક રેકોર્ડ તરીકે ઉપયોગી છે.
2. સામુદાયિક સંગઠનમાં કાર્ય સાથે જે સંસ્થાઓ જોડાયેલ છે તેમના કર્મચારીઓ તથા જુદી-જુદી સમિતિઓને કાર્ય કરવા માટે જરૂરી માહિતી પૂરી પાડવા માટે ઉપયોગી બની રહે છે.
3. સમુદાયના જુથો, સંસ્થાઓ તથા સમુદાયના સભ્યોને શંકાસ્પદ બાબતો અંગે માહિતગાર કરવા, તાલીમ પૂરી પાડવા તથા દિશા નિર્દેશ માટેનો નિર્ણય લેવા માટે માહિતી મળે રહે છે.
4. રેકોર્ડીંગ દ્વારા સંસ્થાના સભ્યોને નિતિનિયમો, કાર્યપ્રણાલી વિષયક નિતિ-નિયમો બનાવવા, નિર્ણયો લેવામાં તથા ઠરાવો કરવા માટે માહિતી મળી રહે છે.
5. જે કાર્ય કરવાનું હોય તો તે કાર્ય કેવી પ્રગતિમાં છે. તેની પ્રગતિ કેવી રીતે થઈ રહી છે. તેની જાણકારી મળે છે.
6. જે કાર્ય કરવામાં આવે છે તેના અમલીકરણ તથા પ્રગતિવિષયક કાર્યની માહિતી જેનાા દ્વારા નાણાંકીય સહાય પૂરી પાડવામાં આવી રહી છે તેવી એજન્સી તથા સરકારી વિભાગોને માહિતી આપવી જરૂરી બને છે. જો આવી માહિતી રેકોર્ડમાં ઉપલબ્ધ હોય તો તે તેમને આપી શકાય છે.
7. કાર્યનું મૂલ્યાંકન જેના દ્વારા કરવામાં આવે છે તેને તથા કાર્યના વહીવટી સ્ટાફને કાર્ય નિર્ધારિત કરવામાં આવેલ ધ્યેય, મુજબ થઈ રહ્યું છે કે નહીં, કાર્યની તબક્કાવાર પ્રગતિ થઈ રહી છે કે નહીં, જે લોકોને કાર્યની જવાબદારી સોંપવામાં આવી છે. તે જવાબદારી મુજબ કાર્ય કરે છે કે નહીં, સમય તથા જે સંસાધનોનો કાર્યમાં ઉપયોગ કરવામાં આવે છે તેનો વ્યવસ્થિત ઉપયોગ થાય છે કે નહીં, કાર્યમાં નાણાંકીય સંચાલન યોગ્ય રીતે થાય છે કે નહીં તે અંગેની માહિતી મેળવવા માટે ઉપયોગી પુરવાર થાય છે.
8. કાર્યમાં જોડાયેલા સમુદાયના સંબંધિત જૂથો તથા એજન્સીના કર્મચારીઓને જરૂરી તાલીમ અંગેની માહિતી મેળવવા રેકોર્ડીંગ ઉપયોગી છે.
9. રેકોર્ડીંગની ઉપયોગિતા સામુદાયિક સંગઠક માટે પણ છે જેના દ્વારા સંગઠક એ જાણી શકે છે તે પોતાની ભૂમિકા અને જવાબદારી યોગ્ય રીતે નિભાવે છે કે નહિં, કાર્ય સંબંધિત પ્રગતિ તથા તેની ક્ષમતા વિષયક જાણકારી જાણે છે. જેનાથી તે પોતાનું કાર્ય

સારી રીતે નિભાવી શકે અને કાર્ય કરવામાં કોઈ ખામી કે ઊણપ હોય તો તેને દૂર કરી શકે છે.

10. સામુદાયિક સંગઠન પ્રવૃત્તિની કાર્ય સંબંધિત પ્રગતિશીલ માહિતી સંબંધિત સ્ટાફને પૂરી પાડવાની સભ્યો કાર્ય સંબંધિત પોતાની ભૂમિકાને અસરકારક રીતે નિભાવી શકે.

11. રેકોર્ડીંગમાં રહેલી ભૂતકાળના રેકોર્ડ વિષયક માહિતીના આધારે ભૂલો સુધારવા પણ ઉપયોગી પૂરવાર થાય છે.

12. વહીવટી કાર્યો, સભ્યોની જવાબદારીની વહેંચણી, ઠરાવોની નોંધ, મિટીંગની મિનિટ્સ, નાણાંકીય ખર્ચ તથા હિસાબો વગેરે સંબંધિત માહિતી સંસ્થાની કાયદાકીય જવાબદારી નિભાવવા માટે હોવી જરૂરી છે.

## 4.7 રેકોર્ડીંગના તત્ત્વો

સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગના મુખ્ય તત્ત્વો નીચે મુજબ છે.

1. જ્યારે કોઈપણ પ્રક્રિયાનું રેકોર્ડીંગ કરવામાં આવે છે ત્યારે તે ક્રિયા સંબંધિત વ્યક્તિઓ, પરિસ્થિતિઓ તેમની પ્રતિક્રિયા વિષયક બાબતોની નોંધ કરવામાં આવે છે.

   ઉદા. ગામમાં સ્વચ્છતાના સંદર્ભમાં કોઈ મિટીંગનું આયોજન કરવામાં આવ્યું હોય તો તે મિટીંગમાં સમુદાયના આગેવાનો તથા સમુદાયના સભ્યો દ્વારા કરવામાં આવેલા પ્રશ્નો તથા રજૂઆતો, સમસ્યા સંબંધી સૂચનો અને સમસ્યા નિવારવાના ઉપાયોની નોંધ કરવામાં આવે.

2. સમસ્યાના નિવારણ માટે એકઠાં થયેલા સમૂહને સમૂહ પરિસ્થિતિમાં તથા સમૂહની ભાગીદારીને પરસ્પર જોડી દેવામાં આવે.

   ઉદા. સ્વચ્છતાની મીટીંગમાં કોના-કોના દ્વારા સમસ્યા સંદર્ભમાં પ્રશ્નોની રજૂઆત કરી શકાય. કોના દ્વારા દ્વારા તેનો ઉકેલ સૂચવવામાં આવે તથા નિર્ણય પ્રક્રિયા કોના દ્વારા લેવામાં આવે તે સંબંધિત નોંધ.

3. સમસ્યા સંબંધિત ઉકેલ તથા વિચારનો ઉદ્‌ભવ અને તેનો વિકાસ જેમાં પ્રક્રિયામાં સામેલ લોકો દ્વારા જે ઉકેલ કે વિચાર રજૂ કરવામાં આવે તેના સ્વીકારની કે અસ્વીકારની નોંધ કરવી.

   ઉદા. સ્વચ્છતા સંદર્ભમાં લોકો દ્વારા ગંદકી ફેલાવવામાં ન આવે તથા ગંદકી ન થાય તે જોવાની જવાબદારી કોને સોંપવી વગેરે તથા સભ્યોના ઉકેલો તથા સૂચનોની નોંધ કરવી.

4. રેકોર્ડમાં લોકોને તેમના દ્વારા કરવામાં આવેલાં પ્રયત્નો, તે પ્રયત્નો પ્રત્યેના હકારાત્મક તથા નકારાત્મક અભિગમ અને આશાઓ તેમજ સિદ્ધિઓ, સંવેદનાઓ અને ચિંતાઓ સ્પષ્ટપણે રજૂ થવી.

5. રેકોર્ડમાં વ્યક્તિ તથા સમુદાયમાં જે પરિવર્તન આવ્યું હોય તે, વિકાસ તથા ચળવળની મહત્ત્વની બાબતો દર્શાવેલી હોવી જોઈએ.

   ઉદા. સ્વચ્છતા અંગે શરૂ કરેલાં કાર્ય બાદ સ્વચ્છતા અંગેના લોકોના બદલાયેલાં ખ્યાલ તેમનામાં આવેલ પરિવર્તન

6. રેકોર્ડીંગમાં જૂથો વચ્ચે થતું ઔપચારિક તથા અનૌપચારિક સંદેશાવ્યવહાર તથા સામુદાયિક સંગઠકની ભૂમિકા દર્શાવેલી હોવી જોઈએ.

## 4.8 રેકોર્ડીંગના સિદ્ધાંતો

1. રેકોર્ડ સરળ અને સ્પષ્ટ હોવા જોઈએ.
2. જે પણ રેકોર્ડનો સંગ્રહ કરવામાં આવ્યો હોય તે વિગતસભર હોવો જોઇએ.
3. રેકોર્ડની વિગતો વર્ણનાત્મક અને હેતુમુજબની હોવી જોઇએ.
4. જ્યારે જરૂરી હોય ત્યારે માહિતી ત્વરીત મળી રહે તેવી અને સુગમ હોવો જોઇએ.
5. આધાર-પુરાવા સાથેના રેકર્ડ હોવા જોઈએ.
6. રેકર્ડમાં માહિતી જરૂર પ્રમાણે અપડેટ થતી રહેવી જોઈએ.

## 4.9 ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં સામુદાયિક સંગઠનમાં કાર્યક્રમ આયોજન, નિર્માણ અને નિયંત્રણનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. ઉપરાંત સામુદાયિક સંગઠનમાં જરૂરી અને મહત્ત્વપૂર્ણ માહિતી અંગેના રેકોર્ડીંગનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેમાં રેકોર્ડીંગનું મહત્ત્વ, તેનાં તત્ત્વો તથા સિદ્ધાંતોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે. જેના દ્વારા સામુદાયિક સંગઠન કાર્ય દરમ્યાન જરૂરી એવી અગત્યની માહિતી તથા અગત્યની ફાઈલો અંગે સહેલાઈથી પ્રાપ્ત થઈ શકે છે.

## 4.10 આપની પ્રગતિ ચકાસો

(1) ભવિષ્યના કાર્યોની હેતુપૂર્વકની ગોઠવણીને શું કહે છે ?

(A) વહીવટ (B) નિયંત્રણ

(C) સંકલન (D) આયોજન

(2) રેકોર્ડીંગના કેટલા હેતુઓ છે ?

(A) પાંચ (B) બે

(C) ત્રણ (D) સાત

(3) રેકોર્ડીંગના સિદ્ધાંતમાં નીચેનામાંથી કઈ બાબતનો સમાવેશ થતો નથી ?

(A) સરળ સ્પષ્ટ માહિતી (B) આધાર-પુરવા રેકર્ડ

(C) વર્ણનાત્મક વિગત (D) સંકલન

(4) રેકોર્ડીંગના મુખ્ય તત્ત્વો કેટલા છે ?

(A) સાત (B) પાંચ

(C) છ (D) દસ

(5) રેકોર્ડીંગના મહત્ત્વને સ્પષ્ટ કરતાં કેટલી બાબતો છે ?

(A) દસ (B) બાર

(C) નવ (D) પાંચ

## 4.11 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (D) આયોજન
2. (B) બે

3.	(D) સંકલન

4.	(C) છ

5.	(C) નવ

## 4.12 ચાવીરૂપ શબ્દો

**આયોજન :** ભવિષ્યના કાર્યની હેતુપૂર્વની ગોઠવણી

**રેકોર્ડિંગ :** કોઈપણ વ્યવવસાય કે કાર્યને લગતી માહિતીનો કોમ્પ્યુટર કે ફાઈલમાં સંગ્રહ કરવામાં આવે તે રેકોર્ડિંગ કહેવાય છે.

## 4.13 સ્વાધ્યાય લેખન

1. સામુદાયિક સંગઠનમાં આયોજન શા માટે જરૂરી છે.
2. સામુદાયિક સંગઠનમાં નિર્માણ અને નિયંત્રણ અંગે નોંધ લખો.
3. સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગ એટલે શું ? તે જણાવી તેના તત્ત્વો જણાવો.
4. રેકોર્ડીંગનું મહત્ત્વ સમજાવો.
5. રેકોર્ડીંગના સિદ્ધાંતો જણાવો.

## 4.14 પ્રવૃત્તિ

1. સામુદાયિક સંગઠનમાં રેકોર્ડીંગ અંગેના સિદ્ધાંતોને ચાર્ટમાં સુંદર રીતે આલેખન કરવું.

## 4.15 કેસસ્ટડી

1. રેકોર્ડીંગના મુદ્દાને ધ્યાનમાં રાખીને ક્ષેત્રકાર્ય આધારિત બાબતોને આધારિ રેકોર્ડીંગને તમારા મંતવ્યો મુજબ વર્ણવો.

## 4.16 સંદર્ભસૂચિ


(1) જાનકી અંધેરીયા, 2000, સામુદાયિક સંગઠન એક ઐતિહાસિક પરિપ્રેક્ષ્ય, ટાટા ઈન્સ્ટીટ્યુટ, મુંબઈ

(2) કે.ડી.ગંગાર્ડે, 1971, ભારતમાં સામુદાયિક સંગઠન, પોપ્યુલર પ્રકાશન, મુંબઈ

(3) એસ.જી. મુદગલ, 1997, સમાજકાર્યનો પરિચય

(4) ગીતા ચાવડા, 2004, હન્નાદે પ્રકાશન, અમદાવાદ, સામુદાયિક સંગઠન

(5) મિશ્રા મંજુ, 2012, સમાજકાર્ય, કે.એસ. પબ્લીકેશન, દિલ્હી

(6) તેજસ્કર પાન્ડે, સમાજકાર્ય, ભારત પ્રકાશન, લખનૌ

ડૉ. બાબાસાહેબ આંબેડકર
ઓપન યુનિવર્સિટી

# MSW-203
## સામુદાયિક સંગઠન કાર્ય

વિભાગ

# 4
## સામાજિક ક્રિયાઓ અને સમુદાય વિકાસ


| | |
|---|---|
| **એકમ-1** | **સમાજકાર્ય અને સામાજિક ક્રિયા, ભારતમાં સામાજિક ક્રિયાનો ઈતિહાસ, સામાજિક ક્રિયાના મૌલિક તથ્યો, હક આધારિત અભિગમ.** |
| **એકમ-2** | **પ્રતિકારના વિવિધ રૂપો, સામાજિક ક્રિયાઓની વિવિધ થીયરીઓઃ મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયર** |
| **એકમ-3** | **સામાજિક આંદોલનો માટે સામાજિક ક્રિયાની રણનીતિઓ** |
| **એકમ-4** | **સામુદાયિક વિકાસ અર્થ, સિદ્ધાંતો અને રણનીતિઓ** |
| **એકમ-5** | **સમુદાય વિકાસ કાર્યક્રમો અને સમુદાય વિકાસ કાર્યક્રમોમાં સંકળાયેલી સંસ્થાઓ** |

**ISBN : 978-81-937666-5-1**


લેખક

| | |
|---|---|
| **નીલાબેન એન. પટેલ** | અધ્યાપક(ફેકલ્ટી), સામાજિક વિજ્ઞાન<br>રાજ્યગ્રામ વિકાસ સંસ્થા, સ્પીપા,<br>અમદાવાદ. |
| **ડૉ. નીતુ સૈની** | મહેસાણા |
| **મોનિકા પટેલ** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>સાર્વજનિક બી.એસ.ડબલ્યુ / એમ.એસ.ડબલ્યુ<br>કૉલેજ, મહેસાણા |

પરામર્શક (વિષય)

| | |
|---|---|
| **ડૉ. રવીન્દ્રભાઈ આર. પંચોલી** | આસિસ્ટન્ટ પ્રોફેસર,<br>મ.દે. ગ્રામ સેવા મહાવિદ્યાલય, રાંધેજા, ગાંધીનગર. |

પરામર્શક (ભાષા)

| | |
|---|---|
| **ડૉ. ઘનશ્યામભાઈ ગઢવી** | રિટાયર્ડ પ્રિન્સિપાલ<br>શ્રીમતી એ. એસ. ચૌધરી મહિલા આર્ટ્સ<br>કૉલેજ, મહેસાણા |


**Edition : 2020**

**Copyright©2020 Knowledge Management & Research Organization.**
All rights reserved. No part of this book should be reproduced, transmitted or utilized in any form or by any means, electronic or mechanical, including photocopying, recording or by any information storage or retrieval system without written permission from us.

**Acknowledgement**
Every attempt has been made to trace the copyright holders of material reproduced. It may be possible that few words are missing or correction required, we will be pleased to make necessary correction/amendment in future edition of this book.

## ઘટક પરિચય :

વિદ્યાર્થી મિત્રો, આપણે અગાઉ સમાજકાર્યની મુખ્ય ત્રણ પદ્ધતિઓ વૈયક્તિક સેવા કાર્ય, જૂથ કાર્ય, સામુદાયિક સંગઠન કાર્ય વિશે વિસ્તૃતમાં ભણ્યા. પ્રસ્તુત ઘટકમાં આપણે સમાજકાર્યની વધુ એક પદ્ધતિથી વાકેફ થઈશું. 'સામાજિક ક્રિયા' વિશે વિસ્તૃત જાણકારી મેળવીશું. સમાજકાર્યની ઉપરોક્ત ત્રણેય પદ્ધતિમાં કોઈ નિશ્ચિત વ્યક્તિ, જૂથ કે સમૂહ સાથે કાર્ય કરવાનું હોઈ તેનું ક્ષેત્ર મર્યાદિત છે, જયારે સામાજિક ક્રિયામાં બહોળા જનસમુદાય સાથે કાર્ય કરવાનું હોય છે. કોઈ સમસ્યા એવી છે કે જે કોઈ વ્યક્તિ કે જૂથ ને નહિ, પરંતુ બહોળા પ્રમાણમાં સમાજના લોકોને અસર કરે છે, ત્યારે તેના નિરાકરણ માટે સમુદાયના લોકો સંગઠિત થઈને પોતાના અધિકારો માટે તથા સામાજિક પરિવર્તન લાવવા માટે અવાજ ઉઠાવે છે ત્યારે સામાજિક ક્રિયા અસ્તિત્વમાં આવે છે. સામાજિક ક્રિયા એ સમાજકાર્યની ખૂબ મહત્ત્વની અને અસરકારક પદ્ધતિ છે. તેના દ્વારા સમાજમાં પ્રવર્તતા કુરિવાજો અને કુનીતિઓ દૂર થાય છે. સામાજિક ક્રિયાના પરિણામરૂપે સમુદાયના હિતમાં હોય તેવા સામાજિક વિધાન અસ્તિત્વમાં આવે છે, જે સમાજના દરેક સભ્યોએ માન્ય રાખવાના હોય છે.

પ્રસ્તુત ઘટકમાં આપણે સામાજિક ક્રિયાનો વિસ્તૃત અર્થ સમજીશું. વિશ્વમાં અને ખાસ કરીને ભારતમાં સામાજિક ક્રિયાનો વિકાસ કેવા સ્વરૂપે થયો છે તે સમજીશું. ભારતમાં મહાત્મા ગાંધીએ સામાજિક ક્રિયા દ્વારા દેશના લોકોને સંગઠિત કરીને આઝાદીની અહિંસક લડત ચલાવી અને લોકશાહીની રચના થઇ. આ સામાજિક ક્રિયાને સમજવા માટેનું ખૂબ મહત્ત્વનું ઉદાહરણ છે. આ સિવાય, બ્રાઝિલ દેશના તત્ત્વચિંતક પાઉલો ફ્રેયરએ સામાજિક ક્રિયાઓ માટે પ્રખ્યાત સંચેતનાકરણનો સિદ્ધાંત આપ્યો છે તે આપણે અહી સમજીશું.

આ સિવાય, સામાજિક ક્રિયાઓ શરૂ કરવા, ચલાવવા તથા તેને સફળ બનાવવા માટે કાર્યકરો દ્વારા કેવી રીતની રણનીતિ અપનાવવામાં આવે છે તેના વિવિધ પ્રકાર જોઇશું. રણનીતિનું આયોજન કેવી રીતે કરવામાં આવે છે. સમસ્યાગ્રસ્ત લોકોને ક્રિયાન્વિત કઇ રીતે કરવા અને આંદોલનને આગળ ધપાવવા તથા સફળ બનાવવા માટે ઘડવામાં આવતી રણનીતિઓ જોઇશું. સમસ્યાનો પ્રતિકાર કરવાની વિવિધ રીતો જોઇશું. સામાજિક ક્રિયા દ્વારા સામાજિક પરિવર્તન કેવી રીતે આવે છે તે સમજીશું. સામુદાયિક વિકાસ શું છે ? તે વિસ્તારમાં સમજીશું. સામુદાયિક વિકાસ કાર્યક્રમોનો ઈતિહાસ અને ક્રાયક્રમોમાં સંકળાયેલી સંસ્થાઓ વિશે જાણીશું.

## ઘટકના હેતુઓ :

(૧) પ્રસ્તુત ઘટકમાં આપને સામાજિક ક્રિયાનો અર્થ, વિભાવના અને તેના પ્રકાર જાણીશું.

(૨) સામાજિક ક્રિયાની પદ્ધતિઓ અને તેની રણનીતિઓની સાથે સાથે સમાજ જીવનમાં તેની પ્રસ્તુતતા સમજી શકીશું.

(૩) અગ્રણી સમાજ કાર્યકરોએ આપેલી સામાજિક ક્રિયાની કેટલીક થીયરીઓ સમજીશું.

(૪) સમાજકાર્યની અન્ય પદ્ધતિઓની માફક સામાજિક ક્રિયાની રીત અને તેનું મહત્ત્વ સમજીશું.

(૫) સામાજિક ક્રિયાનો ભારતમાં ઉદ્ભવ અને તેનો ઇતિહાસ જાણીશું.

(૬) સમાજ સુધારણા અને સામાજિક પરિવર્તનમાં સામાજિક ક્રિયાનો ફાળો સમજીશું.

(૭) સામાજિક ક્રિયા એ સમાજકાર્યની દરેક પદ્ધતિની સાથે સંકળાયેલી છે અને તેને અસર કરે છે તે સમજીશું.

(૮) સામુદાયિક વિકાસનો અર્થ અને સિદ્ધાંતો સમજીશું.

(૯) સામુદાયિક વિકાસની રણનીતિઓ સમજીશું.

(૧૦) સામુદાયિક વિકાસ કાર્યક્રમો વિશે જાણીશું.

# એકમ-1 સમાજકાર્ય અને સામાજિક ક્રિયા, ભારતમાં સામાજિક ક્રિયાનો ઈતિહાસ, સામાજિક ક્રિયાના મૌલિક તથ્યો, હક આધારિત અભિગમ.

## એકમનું માળખું


1.0 એકમના હેતુઓ

1.1 પ્રસ્તાવના

1.2 સમાજકાર્ય અને સામાજિક ક્રિયા

1.3 ભારતમાં સામાજિક ક્રિયાનો ઈતિહાસ

1.4 સામાજિક ક્રિયાના મૌલિક તથ્યો

1.5 ઉપસંહાર

1.6 આપની પ્રગતિ ચકાસો

1.7 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1.8 ચાવીરૂપ શબ્દો

1.9 સ્વાધ્યાય લેખન

1.10 પ્રવૃત્તિ

1.11 કેસસ્ટડી

1.12 સંદર્ભસૂચિ


## 1.0 એકમના હેતુઓ

- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સમાજકાર્યની પદ્ધતિ, સામાજિક ક્રિયા અંગે જ્ઞાન પ્રાપ્ત થશે.
- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સામાજિક ક્રિયાના ઈતિહાસ અંગે જાણકારી પ્રાપ્ત થશે.
- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સામાજિક ક્રિયાના મૌલિક તથ્યો અંગે જાણકારી પ્રાપ્ત થશે.

## 1.1 પ્રસ્તાવના :

સામાજિક ક્રિયા એ સમાજકાર્યની સહાયક પદ્ધતિઓમાંની એક છે. કેટલાક વિચારકોએ સમાજકાર્યની ત્રણ મુખ્ય પદ્ધતિઓ વૈયક્તિક સેવા કાર્ય, જૂથ કાર્ય અને સામુદાયિક સંગઠન કાર્યની સાથે ચોથી પદ્ધતિ તરીકે સામજિક ક્રિયાને ઓળખાવી છે. સમાજકાર્યમાં કોઈ એક વ્યક્તિની સમસ્યાને લઈને કરવામાં આવતું વૈયક્તિક કાર્ય, જૂથની સમસ્યા માટે કરવામાં આવતું જૂથ કાર્ય, સમુદાયની સમસ્યા માટે કરવામાં આવતું સામુદાયિક સંગઠન કાર્ય તરીકે ઓળખાય છે. કોઈ એવી સમસ્યા જે વ્યક્તિ, જૂથ કે સમુદાય પુરતી મર્યાદિત નથી અને સમાજના બહોળા જનસમુદાયને અસર કરે છે, ત્યારે તે સમસ્યાનું નિરાકરણ સામાજિક ક્રિયા દ્વારા કરવામાં આવે છે. સામાજિક ક્રિયા એટલે સામાન્ય રીતે સમાજની રૂઢિગત વ્યવસ્થાઓ, પ્રક્રિયાઓ કે

સંરચનામાં પરિવર્તન લાવવા માટે જનસમુદાય દ્વારા સંગઠિત થઇ કરવામાં આવતી સ્વૈચ્છિક પહેલ. સામાજિક ક્રિયા એ અંદોલનના રૂપમાં, ચળવળના રૂપમાં, સત્યાગ્રહના રૂપમાં હોઈ શકે કે તેના અન્ય રૂપે પણ અસ્તિત્વ ધરાવે છે. સામાજિક ક્રિયાનો ઉપયોગ સ્વયંસેવી ક્રિયાની વ્યાખ્યા કરવા માટે વાપરવામાં આવે છે. સમુદાયની સામાજિક, આર્થિક કે રાજકીય સંસ્થાઓમાં પરિવર્તન અથવા સુધાર લાવવા માટે સમુદાયના લોકો દ્વારા કરવામાં આવતા સંગઠિત પ્રયાસના રૂપે સામાજિક ક્રિયા હોય છે. બૃહદ્ જૂથ કે સમુદાયના લોકોને અસર કરતી નીતિઓ કે રિવાજો જેવા કે, વિસ્થાપન, દહેજપ્રથા, બાળલગ્નો, વ્યસન, પૂર, દુકાળ જેવી કુદરતી આપત્તિઓ વગેરે જેવી સમસ્યાઓના ઉકેલ માટે સામાજિક ક્રિયા એ સમાજકાર્યની ખૂબ અસરકારક અને મહત્ત્વની પદ્ધતિ છે.

## 1.2 સમાજકાર્ય અને સામાજિક ક્રિયાઃ

વ્યવસાયિક સમાજકાર્યમાં જે-તે સમસ્યા પ્રમાણે તેના નિરાકરણ માટેની પદ્ધતિઓ અપનાવવામાં આવે છે. જેમાં સહેલાઈથી સમજી શકાય તેવી અવસ્થાઓથી માંડીને એક સ્થાપિત સમાજકાર્ય સંસ્થાઓમાં અનિવાર્ય પરિવર્તનને મહત્ત્વ આપવામાં આવે છે. આ પરિવર્તનો લાંબાગાળાના હોય છે. વિસ્તૃત રૂપે જોઈએ તો સામાજિક ક્રિયાના કાર્યક્ષેત્રમાં સામાજિક, ધાર્મિક, રાજકીય, માનવ અધિકારો તથા સ્વતંત્રતા અને સમાન ન્યાયને આવરી શકાય છે. લોક પેરવી, લોકનીતિ સંબંધિત પહેલ, સામાજિક આંદોલનો, રાજનૈતિક સુધાર, વગેરે જેવી ગતિવિધિઓ માટે કરવામાં આવતા નેટવર્કિંગને એક શબ્દસમૂહ 'સામાજિક ક્રિયા'ના માળખામાં મુકવામાં આવે છે. સમાજકાર્યના શરૂઆતના ઈતિહાસમાં સામાજિક ક્રિયાનો ઉલ્લેખ સમાજ સુધારણા તરીકે કરવામાં આવતો હતો. સમય જતા તેની અવધારણા અને સ્વરૂપમાં પણ પરિવર્તન આવતા ગયા. ઈ.સ.1922માં મેરી રિચમંડએ સામાજિક ક્રિયાનો ઉલ્લેખ સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિ તરીકે કર્યો. ત્યાર બાદ ઈ.સ.1945માં કેનીથ એલીયમ પ્રે એ Social work and Social action નામના તેમના એક લેખમાં ઉલ્લેખ કર્યો કે, "સામાજિક ક્રિયા એ સામુદાયિક સંગઠનનું એક અંગ નથી પણ એક અલગ પદ્ધતિના સ્વરૂપે અસ્તિત્વ ધરાવે છે." આમ, સમય જતા સ્પષ્ટ થયું કે સામાજિક ક્રિયા એ સામુદાયિક સંગઠન કરતા જુદી એવી સમાજકાર્યની એક પદ્ધતિ છે. સામુદાયિક સંગઠનમાં કાર્ય એક નિશ્ચિત, મર્યાદિત ક્ષેત્રમાં કરવામાં આવે છે, જયારે સામાજિક ક્રિયામાં કરવામાં આવતું સમાજકાર્ય તેનાથી વિસ્તૃત અને મોટા પાયે અસર ધરાવતું હોય છે. તેના પરિણામ રૂપે આવતા સામાજિક પરિવર્તનો પણ મોટેભાગે લાંબા ગાળાના હોય છે.

આપણે અગાઉ જોયું કે વ્યવસાયિક સમાજકાર્યમાં કામ કરવાની મુખ્ય છ પદ્ધતિઓ છે. તેમાંથી વૈયક્તિક સેવાકાર્ય, જૂથ કાર્ય અને સામુદાયિક સંગઠન કાર્ય મુખ્ય પદ્ધતિઓ છે, જયારે સંશોધન, સમાજ કલ્યાણ વહીવટી પદ્ધતિ, અને સામાજિક ક્રિયા દ્વિતીય પદ્ધતિ અથવા સહાયક પદ્ધતિ તરીકે અસ્તિત્વ ધરાવે છે. કેનિથ વિલિયમએ સામાજિક ક્રિયાને સામુદાયિક સંગઠનના એક ભાગ રૂપે આલેખી. પરંતુ ત્યારબાદ સમાજ ચિંતકોએ નોંધ્યું કે, સામુદાયિક સંગઠનના કાર્યમાં કાર્યક્ષેત્ર એક હદ સુધી મર્યાદિત હોય છે અને તે સમુદાયના અમુક મર્યાદિત જનસમૂહો પર જ પ્રભાવિત હોય છે, જયારે સામાજિક ક્રિયાનું કાર્યક્ષેત્ર ઘણું જ વિશાળ છે. તેથી સમય જતા તેને સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિના સ્વરૂપે સ્વીકારવામાં આવી. વિશ્વના પ્રખર વિચારકો એલેન્સ્કી, રિચાર્ડ ક્લાવર્ડ, જયોર્જ વાયલી, ફોકસ પિવાન અને પાઉલો ફ્રેઈરી વગેરેએ તેના માટેની કેટલીક થીયરી અને સિદ્ધાંતો આપ્યા. આ રીતે આ પદ્ધતિનો વ્યવસાયિક

સમાજકાર્યમાં વિકાસ થતો ગયો. વિભિન્ન સામાજિક પરિસ્થિતિઓને કારણે પશ્ચિમી દેશોમાં વૈયક્તિક સેવાકાર્ય અને જૂથ કાર્યનો ઉદય થયો, જયારે ભારત જેવા પૂર્વના દેશોમાં સામાજિક ક્રિયાની પદ્ધતિ વધુ પ્રચલિત બની.જે હાલમાં પણ એટલી જ પ્રચલિત છે.

સમાન ન્યાય અને માનવાધિકારના સંદર્ભે જોઈએ તો લોકોના એક બહોળા વર્ગને લાભ અપાવવા માટે સામાજિક ક્રિયા એ ખૂબ અસરકારક અને મહત્ત્વની પદ્ધતિ નીવડી છે. તેના કારણે સમાજમાં લાંબાગાળાના પરિવર્તનો, નિષ્કર્ષ, સામાન્ય નાગરિકની પ્રભાવિતતા, સમસ્યાનું કાયમી સમાધાન વગેરે શક્ય બને છે. સામાજિક ક્રિયાનો ઉદ્દેશ સામાજિક-સંસ્કૃતિક વાતાવરણને એક ચોક્કસ માળખું આકાર આપીને તેનો વિકાસ કરવાનો છે, જેમાં બધા જ નાગરિકો માટે સમાનતાનું જીવન ધોરણ નિશ્ચિત કરી શકાય. સમાજકાર્ય એક વિકાસ પામતું સામાજિક વિજ્ઞાન છે, જેના દ્વારા વ્યક્તિગત, જૂથ કે સમુદાયના રૂપમાં સામાજિક કાર્ય પદ્ધતિ દ્વારા તેમની સમસ્યા નિવારણમાં સહાયતા મળે છે. સમયની સાથે જેમ જેમ મનુષ્યની જીવન શૈલી અને આર્થિક-સામાજિક બાબતો બદલાઈ છે, તેની સમસ્યાઓનું સ્વરૂપ પણ બદલાયું છે, તેમ તેમ સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓ પણ બદલાઈ છે અને વિકાસ પામી છે.સામાજિક ક્રિયા પણ તેમની એક પદ્ધતિ છે જે સમય, સ્થિતિ અને સમસ્યાની સાથે વિકાસ પામી છે.

સમાજકાર્યની વિવિધ પદ્ધતિઓની જેમ સામાજિક ક્રિયામાં તાર્કિક અવસ્થાઓની પ્રક્રિયાનું અનુસરણ કરવામાં આવે છે. શરૂઆતના તબક્કે પૂર્વધારણા બાંધીને, આકસ્મિક અને અવક્ષેપી કારકોને ધ્યાનમાં રાખીને સમસ્યાના મૂળ કારણો શોધવામાં આવે છે. તેના માટે વૈજ્ઞાનિક સંશોધનની રીતે તેનું વિવેચન અને વિશ્લેષણ કરવામાં આવે છે. સમસ્યા અસમે પ્રતિકાર કરવાની વૈજ્ઞાનિક રણનીતિ ઘડવામાં આવે છે. ત્યારબાદ તેને સમસ્યાના અસરગ્રસ્ત જનસમુદાય સુધી પહોંચાડી લોકોનો સહકાર ઉભો કરવામાં આવે છે. આ લોકમત ઉભો કરતી વખતે જે તે સમાજની સંસ્કૃતિને ધ્યાનમાં લઇ, તેમાં ઉપલબ્ધ સાધનો અને માધ્યમનો ઉપયોગ કરવામાં આવે છે.

**• સામાજિક ક્રિયાનો અર્થઃ**

સામાજિક ક્રિયાને વિસ્તૃત રૂપે જોઈએ તો એ સમસ્યા નિરાકરણ માટેની સમુદાયની સીધી દરમિયાનગીરી છે. આ પદ્ધતિનાં માધ્યમથી સમુદાયનાં લોકો પોતાના અધિકારો પ્રત્યે જાગૃત થઇ તેમને થનારા શોષણ અને અન્યાય સામે લડે છે. સામાજિક ક્રિયાની વિભાવના સમજવા માટે કેટલાક પ્રમુખ વિચારકોએ તેને વ્યાખ્યાયિત કરી છે. તે આ પ્રમાણે છે.

**મેરી રિચમંડ(1922)**

''પ્રચાર તથા સામાજિક વિધાનના માધ્યમથી જનસમુદાયના કલ્યાણને સામાજિક ક્રિયા કહેવાય.'' તેમની આ વ્યાખ્યા પરથી ફલિત થાય છે કે એક ચોક્કસ લક્ષ્ય દ્વારા જનસમુદાયનું કલ્યાણ અને તેને માટે પ્રચાર અને સામાજિક વિધાનના નિર્માણને માધ્યમ તરીકે ઉપયોગમાં લેવામાં આવે છે.

**ગ્રેસ ક્વાયલ(1937)**

''સમાજ કલ્યાણના એક ભાગ રૂપે, સામાજિક ક્રિયા એ પર્યાવરણને એવી રીતે બદલવાનો પ્રયાસ છે કે જેનાથી આપણું જીવન વધુ સંતોષકારક બને છે. તેનો ઉદ્દેશ કોઈ વ્યક્તિને પ્રભાવિત કરવાનો નહિ, પરંતુ સામાજિક સંસ્થાઓ, કાયદાઓ, પ્રથાઓ અને સમુદાયને પ્રભાવિત કરવાનો છે.''

**કેનેથ પ્રે(1945)**

"સામાજિક ક્રિયા એ સમાજની મૂળભૂત સ્થિતિ અને રાજકારણને પ્રભાવિત કરવાનો પદ્ધતિસરનો અને સભાન પ્રયત્ન છે. તે સમાજની એવી સ્થિતિઓ અને રાજકારણને બદલવાનો પ્રયત્ન કરે છે જેના લીધે સામાજિક સંયોજન અને કુસમયોજનના પ્રશ્નો ઉભા થાય છે અને જેને વ્યવસાયિક સમાજકાર્યકર તરીકે આપણે પડકારીએ છીએ."

**ફ્રિડલેન્ડર(1963)**

"સામાજિક ક્રિયા એ વ્યવસાયિક સમાજકાર્ય દર્શન તથા અભ્યાસની સંરચના અંતર્ગત એક વૈયક્તિક, સામુહિક અથવા સામુદાયિક પ્રયત્ન કરે છે. તેનો ઉદ્દેશ સામાજિક પ્રગતિ કરવા અને સામાજિક વિધાન રચીને સ્વાસ્થ્ય અને કલ્યાણની સેવાઓમાં સુધારો કરવાનું છે."

આપણે કેટલાક ભારતીય સમાજ વિચારકો દ્વારા અપાયેલી વ્યાખ્યાઓ જોઈએ:

**નાણાવટી(1965)**

"સામાજિક ક્રિયા એ આયોજિત સામૂહિક તથા સામુદાયિક પ્રયત્નો દ્વારા ઇચ્છિત પરિવર્તન લાવવાની પ્રક્રિયા છે. સામાજિક વિધાનના નિયમો બનાવથી કે તેના પર હસ્તાક્ષર થવા પુરતી માર્યાદિત નથી પરંતુ તેથી આગળ વધીને નીતિઓની વાસ્તવિક ગતિશીલતા એ જ સામાજિક ક્રિયાની સફળતા કે નિષ્ફળતાના માપદંડ છે."

**મૂર્થી(1966)**

"સામાજિક ક્રિયાના કાર્યક્ષેત્રમાં સામાજિક વિધાન બનાવવાથી આગળ વધીને, આગ, પૂર, મહામારી, દુકાળ, વગેરે જેવી આપત્તિઓ દરમિયાન કરવામાં આવેલા કાર્યનો પણ સમાવેશ થાય છે."

**એમ વાસુદેવમૂર્તિ**

"સામાજિક ક્રિયા એ એવા શ્રેણીબદ્ધ સાહસો છે જે લોકો પોતાની સમસ્યાઓ પ્રત્યે જાગૃત કરે છે, તે માટે શક્તિ આપે છે અને તેને દૂર કરવા કાનૂની દરમિયાનગીરી દ્વારા પ્રતિકાર કરે છે." ગાંધી અધ્યયન સંસ્થાએ સામાજિક ક્રિયાને વ્યાખ્યાયિત કરતા નોંધ્યું છે કે, "સામાજિક ક્રિયા સામાન્ય રીતે સમાજકલ્યાણની એવી ગતિવિધિઓ પર લાગુ પડે છે, જે સામાજિક સંસ્થાઓ અથવા નીતિઓને આકાર આપવા અથવા તેના પર સંશોધન કરવા કે નિર્દેશ કરવા માટે હોય છે. તેના લીધે એક પ્રકારનું સામાજિક વાતાવરણ બને છે, જેમાં આપણે સૌ રહીએ છીએ."

આમ, સામાજિક ક્રિયાને વ્યવસાયિક સમાજકાર્યની એક સહાયક પદ્ધતિના રૂપમાં સ્વીકારવામાં આવી છે. તેને સામાજિક, આર્થિક, રાજકીય કે અન્ય કોઈ પણ ક્ષેત્રમાં પરિવર્તન અથવા સુધારણા કરવા માટેના સંગઠિત પ્રયાસ તરીકે જોવામાં આવે છે. દહેજપ્રથા, સ્ત્રી-હિંસા, બાળમજૂરી, વ્યસન, કુદરતી સંસાધનોનો બગાડ, વગેરે જેવી સામાજિક સમસ્યાઓનો ઉકેલ સામાજિક ક્રિયાના માધ્યમથી અસરકારક રીતે અને કાયમી રૂપે થઇ શકે છે.

સામાજિક ક્રિયાને માટે કેટલીક જગ્યાએ 'સામાજિક આંદોલન' શબ્દ પણ વપરાય છે. સામાજિક અને આર્થિક સંસ્થાઓમાં સુધારણા અને પરિવર્તન માટે સંગઠિત પ્રયાસોને સામાજિક આંદોલનો તરીકે ઓળખાવ્યા હતા. તેમાં રાજનૈતિક સુધારણા, ઔદ્યોગિક લોકતંત્ર, પ્રજાકીય અને સામાજિક ન્યાય, ધાર્મિક અને નાગરિક સ્વતંત્રતા સંબંધી આંદોલનો વગેરેનો સમાવેશ થાય છે. જેમ કે, 'ચિપકો' આંદોલન, ખેડૂતોનું આંદોલન, વિદ્યાર્થીઓનું આંદોલન, ભ્રષ્ટાચાર વિરોધી આંદોલન, અનામત આંદોલન, વગેરે. આપણા દેશમાં મોટેભાગે દલિત,

આદિવાસી, લઘુમતી અને કચડાયેલા વર્ગો તેમના અધિકારોના રક્ષણ કરવા માટે સરકાર નિષ્ફળ નીવડે છે ત્યારે આંદોલનના રૂપે અન્યાય સામે અવાજ ઉઠાવે છે. જયારે સહકાર અને વાટાઘાટો સમાધાન કરવામાં નિષ્ફળ નીવડે છે ત્યારે એક સાધન તરીકે સામાજિક ક્રિયાનો ઉપયોગ થાય છે.

ટૂંકમાં કહી શકાય કે વર્તમાન સામાજિક તથા આર્થિક સંસ્થાઓમાં પરિવર્તન અથવા સુધારણા કરવા માટે સામાજિક આંદોલન એક સામૂહિક અને શાંતિપૂર્ણ ઉપાય છે. જેની આવશ્યકતા ત્યારે ઉભી થાય છે જયારે સામાજિક, આર્થિક અને રાજકીય સંસ્થાઓ પોતાની ભૂમિકા યોગ્ય રીતે પૂર્ણ કરી શકતી નથી અને પરિણામ સ્વરૂપ સામાજિક ક્રિયાને પ્રભાવી બનાવામાં અવરોધરૂપ બને છે. જેમ કે, દહેજપ્રથા, બાળલગ્નો, ધાર્મિક અંધશ્રદ્ધા, ધાર્મિક કટ્ટરતા, જન લોકપાલ બીલ, ભ્રષ્ટાચાર, જમીન સંપાદન વિરોધી આંદોલન, નર્મદા બચાવો આંદોલન, વગેરે સામાજિક ક્રિયા અથવા સામાજિક મુદ્દાઓ છેલ્લા કેટલાક વર્ષોમાં રહ્યા છે.

સામાજિક ક્રિયાની થીયરી એ પ્રમાણમાં ઉદ્ધતવાદી છે. કારણ કે, તેમાં પોતાના અધિકારો માટે લડવાની વાત છે. તેથી તેમાં સંઘર્ષ રહેલો છે. કેટલીક સામાજિક ક્રિયામાં આ ઉદ્ધતાઈનું પ્રમાણ વધી જતા તે હિંસક પણ બની જતી જોવા મળે છે. ઉદાહરણ તરીકે હાલમાં પંજાબમાં જાટ સમુદાય દ્વારા કરવામાં આવેલું અનામત અંદોલન. આ પ્રકારની સામાજિક ક્રિયાની સફળતામાં નકારાત્મક પરિણામો પણ આવી શકે છે. એલન્સ્કીના માટે સત્તા અને આવકની પુનઃવહેંચણી સમૂહના સ્તરે સામાજિક ક્રિયા દ્વારા શક્ય બને છે. વંચિત જૂથોને સંગઠિત કરવામાં આવે તો જ તેઓ તેમના અધિકારો પ્રાપ્ત કરી શકે છે. સામાજિક ક્રિયાની વિવિધ વ્યવસ્થાઓઃ

સમાજકાર્યના અભ્યાસમાં જે તે સામાજિક વાતાવરણમાં રહેતા લોકો અને તેમને અસર કરતી વ્યવસ્થાઓ વચ્ચે સહ-સબંધ હોય છે. મનુષ્ય તેની વૃદ્ધિ અને વિકાસ કરવા માટે ભૌતિક કે સામાજિક સંસાધનો, સેવાઓ અને વિકાસની તક પ્રાપ્ત કરવા વિવિધ વ્યવસ્થાઓ પર આધાર રાખે છે. જેમ કે, જાતિ વ્યવસ્થા, આર્થિક વ્યવસ્થા, સ્વાસ્થ્ય સંબંધી વ્યવસ્થા, કાર્યસ્થળની વ્યવસ્થા વગેરે. આ સંબંધમાં સામાજિક ક્રિયા માટેના મુખ્ય ત્રણ સંસાધનો ગણવામાં આવ્યા છે :

(1) કુદરતી અને અનૌપચારિક વ્યવસ્થા- કુટુંબ, મિત્રો, પડોશીઓ, સગાઓ.

(2) ઔપચારિક વ્યવસ્થા- કોઈ સમૂહનું સભ્ય પદ, શ્રમ સંગઠન, સમર્થ સમૂહ વગેરે.

(3) સંસ્થાગત સંસાધન વ્યવસ્થાઓ- કામ કરવાનું સ્થળ, દવાખાનું, શાળા, ન્યાયતંત્ર, વગેરે.

**સામાજિક ક્રિયાના ઉદ્દેશોઃ**

સામાજિક ક્રિયાના કેટલાક ઉદ્દેશો આ મુજબ છેઃ

1. સ્વાસ્થ્ય તેમજ કલ્યાણ ક્ષેત્રમાં સ્થાનિક, પ્રાદેશિક, રાજ્ય અને રાષ્ટ્રીય સ્તર ઉપર પરિવર્તન માટેના કાર્યો કરવા.
2. સામાજિક નીતિઓના નિર્માણ માટે અને તેને ક્રિયાન્વિત કરવા માટે સામાજિક પૃષ્ઠભૂમિ તૈયાર કરવી.
3. સામાજિક આંકડાઓને એકત્ર કરવા તથા માહિતીનું વિશ્લેષણ કરવું.
4. અવિકસિત સમૂહો માટે તેમના વિકાસ અંગેની આવશ્યક સેવાની માંગણી કરવી.
5. સામાજિક સમસ્યાના નિરાકરણ માટે નક્કર સૂચનો અને ભલામણો રજૂ કરવી.

6. નવા સામાજિક સંસાધનોની શોધ કરવી.

7. સામાજિક સમસ્યાઓ સંદર્ભે લોકોમાં જાગૃતિ લાવવી.

8. લોકોની સહભાગીદારી ઉભી કરવી.

9. સરકારી તંત્રને સમુદાયના ઉદ્દેશોની પ્રાપ્તિમાં સહયોગ આપવા માટે તૈયાર કરવા.

10. નીતિ ઘડનારી સત્તા પાસે ભલામણ અને માંગણીઓનો સ્વીકાર કરાવવો.

**સામાજિક ક્રિયાની મુખ્ય વિશેષતાઓ આ પ્રમાણે છેઃ**

1. સામાજિક ક્રિયાનો મુખ્ય ઉદ્દેશ સાચા અર્થમાં સામાજિક ન્યાય, સમાનતા અને સામાજિક કલ્યાણનો છે.
2. સામાજિક ક્રિયાની સફળતા માટે સમસ્યાગ્રસ્ત જનસમુદાયનો સહયોગ ખૂબ મહત્ત્વનો હોય છે.
3. સામાજિક ક્રિયા દ્વારા સમાજ વ્યવસ્થામાં જરૂરી પરિવર્તનો લાવવા તથા બિનજરૂરી કે અનિચ્છનીય, નુકસાનકારક પરિવર્તન રોકવા માટેના પ્રયત્નો કરવામાં આવે છે.
4. સામાજિક ક્રિયામાં થતા આંદોલનો લોકશાહીના મૂલ્યો અને સંવિધાનિક અધિકારો પર આધારિત હોય છે અને તે સમુદાયના લોકોની સહમતીથી થાય છે.
5. સામાજિક ક્રિયા એક બહોળા સમુદાયના સમસ્યાગ્રસ્ત, અસંતુષ્ઠ લોકો દ્વારા સંગઠિત થઈને કરવામાં આવતી ક્રિયા છે.

આમ, સામાજિક ક્રિયા દ્વારા આપણે સમાજકાર્યકર્તા તરીકે સામાજિક વ્યવસ્થામાં રહેલી અસમાનતા અને અન્યાય ઉત્પન્ન કરતા મૂળભૂત મુદ્દાઓ તથા વિકાસની પ્રક્રિયામાં હાંસિયામાં ધકેલાઈ ગયેલા સમુદાયો પોતાના અધિકારો માટે જાગૃત તથા સંગઠિત થઈને પ્રતિકાર કરે છે. તેથી એવું કહી શકાય કે સમાજકાર્યમાં ઉપયોગમાં લેવામાં આવતી પદ્ધતિઓમથિ સામાજિક ક્રિયા એ સૌથી વિવાદાસ્પદ પદ્ધતિ છે. તેના દ્વારા સમાજમાં લોકતાંત્રિક, ન્યાયી, પારદર્શી અને હિતકારી સામાજિક સંરચનાનું નિર્માણ કરવાના પ્રયત્નો કરવામાં આવે છે. સામાજિક ક્રિયામાં સમાજકાર્યકર છેવાડે રહી ગયેલા સમુદાયની વકાલત કરે છે, તેમને જાગૃત કરી સંગઠિત કરે છે. સમુદાયના પ્રશ્નોના નિરાકરણ માટે વિવિધ રણનીતિઓ અપનાવે છે અને ન્યાયી સામાજિક વાતાવરણ અને સ્વસ્થ સમાજના નિર્માણ માટેના પ્રયત્નો કરે છે.

## 1.3 ભારતમાં સામાજિક ક્રિયાનો ઈતિહાસઃ

ઐતિહાસિક વિકાસની દ્દષ્ટીએ જોઈએ તો સમાજકાર્યનું વર્તમાન વૈજ્ઞાનિક સ્વરૂપનું અવલોકન કરવાથી એ ખ્યાલ આવે છે કે, ઈ.સ.1922માં મેરી રિચમંડએ તેના પુસ્તક 'What Is Social Work?'માં સૌપ્રથમ સામાજિક ક્રિયાનો ઉલ્લેખ સમાજકાર્યની મુખ્ય ચાર પદ્ધતિઓમાંની એક પદ્ધતિ તરીકે કર્યો. ત્યારે તેનો ખાસ સ્વીકાર નહોતો થયો. ત્યાર બાદ ઈ.સ.1940માં જહોન ફીંચએ એક પરિષદમાં સામાજિક ક્રિયાની પ્રકૃતિ(સ્વરૂપ) ઉપર એક મહત્ત્વપૂર્ણ નિબંધ રજૂ કર્યો.એક વર્ષ પછી સોશ્યલ વર્ક ઈયરબુકમાં સામાજિક અંદોલન પર એક નિબંધ લખ્યો, તેના કેટલાક દિવસો પછી સમાજકાર્યના ક્ષેત્રમાં સામાજિક ક્રિયાની વ્યાપક ચર્ચા શરુ થઇ. ઈ.સ.1945માં કેનીથ એલીયમ પ્રે એ 'સોશ્યલ વર્ક એન્ડ સોશ્યલ એક્શન' વિષય સંદર્ભે એક લેખ લખ્યો. જેના આધારે એવું મનાયું કે સામાજિક ક્રિયા એ સામુદાયિક સંગઠનનો એક ભાગ નથી. તે વ્યવસાયિક સમાજકાર્યની એક અલગ પદ્ધતિ છે. ત્યારબાદ એ

સ્પષ્ટપણે સ્વીકારવામાં આવ્યું કે સામુદાયિક સંગઠન હેઠળનું કાર્ય એક સીમિત ક્ષેત્રમાં કરવામાં આવે છે, જયારે સામાજિક ક્રિયાનું કાર્ય વિશાળ કાર્યક્ષેત્ર જેમાં અસ્પૃશ્યતા નિવારણ, દહેજ પ્રતિબંધ, બાલવિવાહ પ્રતિબંધ, પર્યાવરણ પ્રદૂષણ વગેરે બાબતોનો સમાવેશ થાય છે. આમ, સમાજકાર્યમાં સામાજિક ક્રિયા એ નવી નથી. પરંતુ સમાજકાર્યની મુખ્ય પદ્ધતિ તરીકે તેનો સ્વીકાર બહુ પાછળથી થયો. આપણે અગાઉ જોયું તેમ ભારતના ઇતિહાસમાં સમાજ સુધારણા માટેના અનેક આંદોલનો થયેલા નોંધાયા છે. જેમ કે સતી પ્રથા, બાળ લગ્નો, જ્ઞાતિ પ્રથા, અસ્પૃશ્યતા, ગરીબી, બેકારી, મહિલા શિક્ષણ, વગેરે અને સામાજિક બદીઓ દૂર કરવા માટે જનઆંદોલન થયેલા અને તેના પરથી સામાજિક વિધાન બનેલા જોવા મળે છે. તેમાં પણ ગાંધીજી દ્વારા શરુ કરવામાં આવેલું સ્વતંત્રતા માટેનું અહિંસક આંદોલન તો વિશ્વમાં એક ઉદાહરણ રૂપ સામાજિક ક્રિયા કહી શકાય. ત્યારથી માંડીને હાલમાં મેધા પાટકર દ્વારા ચલાવવામાં આવતું નર્મદા બચાવો આંદોલન, જમીન સંપાદનના વિરોધમાં આંદોલન પણ મહત્ત્વની સામાજિક ક્રિયાઓ નોંધાઈ છે. ભારતમાં ગાંધીના આગમન બાદ સામાજિક ક્રિયા વધુ પ્રબળ અને પ્રખર બની. કારણ કે, ગાંધીજીએ માત્ર સ્વતંત્રતાના એક જ મુદ્દાને લઇ ને નહિ પરંતુ તેની સાથે સાથે તે સમયમાં પ્રવર્તતા સામાજિક દુષણો જેવા કે, અસ્પૃશ્યતા, આર્થિક સમાનતા, વગેરે દૂર કરવા માટે ચળવળ શરુ કરી. તેમને તે માટે સૌ પ્રથમ ભારતભરમાં ભ્રમણ કરીને દેશની સમસ્યાઓ વિશે પૂરી સમજ મેળવી. ત્યારબાદ તેમને લોકોને જાગૃત કર્યા. તેમને તેના માટે રચનાત્મક કાર્યો આપ્યા. તેઓએ પહેલા પોતે તેનું પાલન કર્યું ને પછી લોકોને તેમ કરવા માટે આહવાન કર્યું. તેઓ માત્ર આઝાદ હિન્દ જ નહિ પણ સાથે સાથે એક સ્વસ્થ સમાજના નિર્માણ માટે હિમાયત કરી. તેમના આ મૂલ્યોને તેમના અનુયાયીઓએ અપનાવીને તેનો દેશભરમાં પ્રચાર કર્યો. વિનોબા ભાવે દ્વારા કરાયેલી 'ભૂદાન ચળવળ' એ શ્રેષ્ઠ ઉદાહરણ ગણાવી શકાય.

આમ, સમયની સાથે સામાજિક ક્રિયા સમાજકાર્યની એક પદ્ધતિ તરીકે વિકાસ પામી છે અને સમસ્યાના જડ-મૂળ નિરાકરણ માટે ખૂબ જ અસરકારક નીવડી છે. એક પદ્ધતિ તરીકે તેના સિદ્ધાંતો, તેની પ્રક્રિયા અને તેની ટેક્નિક વિકાસ પામી છે. એલેન્સ્કી, રિચાર્ડ ક્લાવર્ડ, જયોર્જ વાયલી, ફોકસ પિવાન અને પાઉલો ફ્રેઈરી જેવા વિચારકોએ તેના મોડેલ પણ રજૂ કર્યા. આ રીતે તેનો ક્રમિક વિકાસ જોવા મળ્યો છે.

## 1.4 સમાજકાર્યના મૌલિક તથ્યોઃ

આગળ આપણે સામાજિક ક્રિયાનો અર્થ અને તેની વિશેષતાઓ જોઈ. હવે આપણે તેના મૌલિક તથ્યો જોઈએઃ

1. સામાજિક ક્રિયા માટે સ્વસ્થ અને સ્પષ્ટ લોકમત આવશ્યક છે.
2. સામાજિક ક્રિયામાં સમુદાયની સક્રિયતા આયોજનબદ્ધ અને સંગઠિત હોવી જોઈએ. સામાજિક ક્રિયા ત્યારે જ સફળ થાય જયારે સમૂહ કે સમુદાય સક્રિય હોય.
3. સામાજિક ક્રિયાના નેતૃત્વના વિકાસમાં ધ્યાનમાં રાખવું જોઈએ કે નેતાનો સ્વીકાર જે તે સમૂહ કે સમુદાયના લોકોની પૂર્ણ સહમતીથી થયેલ હોય .
4. સંબંધિત સમુદાયમાં સામાજિક ક્રિયા માટે પ્રાપ્ત થતા કુદરતી કે ભૌતિક સાધનો ખરેખર તે ક્રિયાના લાભ માટે છે કે નહિ તેનો પૂરો વિચાર કરીને જ ઉપયોગમાં લેવા જોઈએ.
5. સમુદાયમાંથી કયા કયા સાધનો પ્રાપ્ત થશે અને લોકોનો સહયોગ કેવો રહેશે તેનું સાચું અનુમાન લગાવીને જ જે-તે સમસ્યા નિવારણના પગલાં લેવા જોઈએ.

6. સામાજિક ક્રિયાના કાર્યક્રમો લોકતાંત્રિક અને લોકશાહીના મૂલ્યોને પોષક હોવા જોઈએ.
7. સામાજિક ક્રિયા માટે સમુદાયના બધા સભ્યોની જાગૃતિ અને સહયોગ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

સામાજિક ક્રિયાને અસરકારક કરતા કેટલાક સોપાનો આ મુજબ છેઃ

1. લોકો દ્વારા સમસ્યાની અનુભૂતિ થાય. લોકોને લાગવું જોઈએ કે આ સમસ્યા તેઓની છે.
2. સમસ્યાના કારણો અને તે અંગેના બધા જ વૈજ્ઞાનિક તથ્યો વિશેની સાચી માહિતી જરૂરી છે.
3. સમસ્યા, તેના કારણો અને તેના નુકસાનથી સમાજને વાકેફ કરવામાં આવે છે. જેથી સમુદાયના બધા સભ્યોને સમસ્યાની અનુભૂતિ થાય અને તેના ઉકેલ માટેની ઈચ્છા ઉત્પન્ન થાય.
4. જુદા જુદા શૈક્ષણિક કાર્યક્રમો દ્વારા આ ઈચ્છા વિકસાવવામાં આવે છે જેથી યોજનાપૂર્વક સંગઠિત પ્રયત્નો દ્વારા સામાજિક પુનઃનિર્માણ થઇ શકે.
5. આ કાર્ય-પ્રક્રિયાનો તાત્કાલિક પ્રભાવ પડતો હોય છે. તેથી જે સમસ્યાઓ લોકોને વધુ પ્રભાવિત કરતી હોય તેવી સમસ્યાઓને અગ્રતાક્રમ આપવો જોઈએ.
6. આંદોલન પહેલા તેનાથી પ્રભાવિત થતા હોય તેવા બધા વ્યક્તિઓનો અભિપ્રાય લેવો જોઈએ. સરકાર અને સ્થાનિક અધિકારીઓને પણ તેનાથી વાકેફ કરવા જેથી આંદોલનને ઉત્તેજન મળે.
7. સામાજિક ક્રિયાની યોજના કરી આગેવાનની ચૂંટણી કરી કામને જુદા જુદા ભાગોમાં વહેંચવું. પ્રત્યેકને જવાબદારી મળવી જોઈએ જેથી તેમને તે કામ પોતાનું લાગે.
8. સામાજિક ક્રિયામાં લોકોની ભાવના અને ભાગીદારી અત્યંત જરૂરી છે. લોકોને ખાતરી થવી જોઈએ કે આ કાર્યક્રમ તેઓના ભલા માટે છે તો જ તેમનો સહકાર મળે.
9. સમુદાય સક્રિય હોવો જોઈએ. પૂર્વ નિયોજિત અને સંગઠિત હોવો જોઈએ.
10. ભાગ લેનારા બધા સામાજિક પ્રગતિ અને પરિવર્તનની ઈચ્છા રાખનારા હોવા જોઈએ તથા તેઓનો તેમાં દઢ વિશ્વાસ હોવો જોઈએ.
11. સામાજિક ક્રિયાના કાર્યક્રમો લોકશાહી મૂલ્યોને પોષક હોવા જોઈએ.
12. નેતૃત્વ લોકોમાંથી જ અને તેમની સંમતિથી નક્કી થવું જોઈએ.
13. નેતા સમજદાર, તટસ્થ, ધૈર્યવાન, વિચારશીલ, શ્રદ્ધાવાન, વિવેકી અને લોકહિતમાં વિચારનાર હોવા જોઈએ, સ્વાર્થી ના હોવા જોઈએ. કારણ કે, આંદોલનની ગતિ અને સફળતા તેના પર જ આધારિત છે.
14. સામાજિક ક્રિયા કરતા પહેલા સમાજની સામાજિક, આર્થિક, સંસ્કૃતિક, રાજકીય પરિસ્થિતિઓ અને તેમાં રહેલ પરિવર્તનની, અવરોધ ઉભા કરવાની સંભાવના સમજી લેવી તથા તેની તાત્કાલિક અને દુરગામી અસરો પણ સમજી લેવી.
15. સામાજિક ક્રિયામાં ભાગ લેનારા બધા જ સભ્યો સમસ્યા સમાધાનની પ્રક્રિયા સાથે તાદાત્મ્ય અનુભવે છે જેના કારણે બધા વચ્ચે એકભાવ ઉભો થાય છે.
16. ક્રિયામાં જોડાનાર પ્રત્યેક વ્યક્તિ જુદી જુદી શારીરિક, માનસિક, બૌદ્ધિક સ્થિતિ અને

ક્ષમતા ધરાવતી હોય છે.જુદી જુદી ભાવના અને કાર્યક્ષમતા ધરાવતી હોય છે. આ બધી વિભિન્નતાઓની વચ્ચે એકતા પેદા કરી તેઓની શક્તિઓ આંદોલનમાં લગાડવાની છે.

17. કામનું વિભાગીકરણ કરવું, સ્થાનિક કાર્યાલયો, સમિતિઓની રચના કરવી.

18. નિશ્ચિત લક્ષ્ય પ્રાપ્ત કાર્ય પછી, કેટલાક રાજકીય કાનૂનો પસાર કરાવ્યા પછી પૂર્ણાહુતિ કરી દેવામાં આવતી નથી. પરંતુ નવી સમસ્યા હાથ પર લેવામાં આવે છે જેથી સામાજિક પુનઃનિર્માણનું કાર્ય આગળ વધે અને વ્યક્તિની આત્મોન્નતિ માટે વધુને વધુ તકો ઉભી થતી રહે.

**(ડૉ. ગીતા ચાવડા, સામુદાયિક સંગઠન (વ્યવસાયિક સમાજકાર્યની એક મુખ્ય પદ્ધતિ),પ્રકરણ-4, પાનાં નં-68)**

**સામાજિક ક્રિયાનો અધિકાર આધારિત અભિગમઃ**

સામાજિક ક્રિયા એ સામાજિક સમસ્યાઓનું સમાધાન કરવા, સામાજિક ન્યાય અને લોકોના જીવનની ગુણવત્તા સુધારવા તેમને માટેના અધિકારોની પ્રાપ્તિ માટે કરવામાં આવતો એક સંકલિત પ્રયાસ છે. તે સમાજકાર્યની બધી પદ્ધતિઓમાંથી સૌથી વધારે ઉત્તેજક પદ્ધતિ હોવાને લીધે હંમેશા વિવાદાસ્પદ રહી છે. તેનો મુખ્ય ખ્યાલ વિરોધનો રહ્યો છે. આ અભિગમ એવું ફલિત કરે છે કે હાલની જે સામાજિક, આર્થિક કે રાજકીય વ્યવસ્થા છે તે સામાન્ય વ્યક્તિના હિતમાં કાર્ય કરતી નથી. તે શાસક વર્ગ, રાજ્ય કે અમુક નિશ્ચિત વર્ગને જ ફાયદાકારક છે. તેને કારણે સામાન્ય જનતાના હિતોને નુકસાન થાય છે.

સામાજિક ક્રિયાનું ધ્યેય સામાજિક સુધારણાનું છે. સામાજિક સુધારણા એટલે સમાજમાં રહેલા સામાજિક, આર્થિક અને રાજકીય રીતે અયોગ્ય હોય તેવા કાયદાઓ, નીતિઓ, નિયમો વગેરેમાં પરિવર્તન લાવવા માટે લોકો વતી પ્રતિકાર કરવો. હિમાયતનો ધ્યેય લોકોને પોતાના હકો મેળવવામાં અથવા તેઓને જેની જરૂર છે તેવા સંશોધનોનો ઉપયોગ કરવામાં અને તેનો લાભ મેળવવામાં અવરાધક પરિબળોને દૂર કરવાનો છે. ફંડની પુનઃવહેંચણી માટે તે કાર્ય કરે છે અને સામાજિક સુધારને અગ્રતા આપવા યોગ્ય ભંડોળ ઉભું કરે છે. સામાજિક નીતિ ઘડવા માટેના કાયદા લાવવા માટે હસ્તક્ષેપ કરે છે. ગ્રીલબર્ટએ સમાજકાર્યના ઉત્તેજક વ્યવહારમાટે કહે છે કે, દમન વગરના વ્યવહાર માટે પોતાની જાત માટેનું જ્ઞાન હોવું બહુ જરૂરી છે. મૂલ્યોની સ્પષ્ટતા અને ખાસ કરીએ કઈ રીતે પોતાની વર્તણૂક દમન કે મુક્તિમાં ફાળો આપે છે તે વિશેનું જ્ઞાન હોવું જોઈએ. આ અભિગમ આલોચનાત્મક ચેતના(Critical Consciousness)ના વિકાસની હિમાયત કરે છે. પાઉલો ફ્રેરે કહે છે કે, અન્યાય સહન કરનાર વ્યક્તિએ તેના પર અન્યાય કરનારની કાલ્પનિક આવૃત્તિ પોતાના મનમાં બેસાડી દીધી છે અને તેમના નીતિનિયમો અપનાવી લીધા છે. આવી બીકભરી સ્વતંત્રતાને કારણે તે અન્યાયની સ્થિતિને દૂર કરવાનો પ્રયત્ન નથી કરતો પણ અન્યાય સહન કરે છે.આમાંથી બહાર આવવા વ્યક્તિએ સૌ પ્રથમ તેના મૂળભૂત કારણો ઓળખવા જોઈએ, જેથી પરિવર્તનની પ્રક્રિયા દ્વારા તેઓ નવી પરિસ્થિતિનું નિર્માણ કરી શકે.

સામાજિક ક્રિયાના સંદર્ભે જોઈએ તો વિકાસની દોડમાં સમાજના કેટલાય એવા સમુદાય છે જે પાછળ રહી જાય છે કે અન્યાયનો ભોગ બને છે. આવા સમુદાયો અન્યાય સામે લડત આપવા તૈયાર થાય છે ત્યારે સામાજિક ક્રિયા જન્મે છે. અહી એ વાત ખૂબ મહત્ત્વની છે કે લોકો પોતાના અધિકારો પ્રત્યે જાગૃત હોય છે અને તે પ્રાપ્ત કરવા માટે લડી લેવાની ઇચ્છાશક્તિ ધરાવે

છે અને પુરતો સહયોગ આપે છે. સામાજિક ક્રિયામાં સમુદાયનું નેતૃત્વ સંભાળનાર સમાજકાર્યકર કર્મશીલ સેવાર્થીના સમાયોજનને બદલે સામાજિક સંસ્થાઓમાં સુધાર લાવવા પર વધુ ભાર મૂકે છે. વધુમાં તે મને છે કે સમુદાયના અસરગ્રસ્ત લોકો તેમની સમસ્યાઓ પ્રત્યે સજાગ બને અને યોગ્ય લડત આપે. આમ, કહી શકાય કે સામાજિક ક્રિયા સંપૂર્ણ રીતે અધિકાર આધારિત અભિગમ પર જ રચાય છે.

## 1.5 ઉપસંહારઃ

વિદ્યાર્થીમિત્રો, આપને આ એકમમાં જોયું કે, સામાજિક ક્રિયા એ સમાજકાર્યમાં કોઈ નવી પદ્ધતિ નથી પરંતુ આ એકમમાં આપણે તેનું સમાજકાર્યની દષ્ટીએ પદ્ધતિસરનું જ્ઞાન મેળવ્યુ. આપણે જોયું કે સમાજકાર્યમાં વૈયક્તિક સમસ્યાનો ઉકેલ વૈયક્તિક કાર્યથી; જૂથની સમસ્યાનો ઉકેલ જૂથ કાર્યથી અને સમુદાયની સમસ્યાનો ઉકેલ સામુદાયિક કાર્યથી લાવી શકાય છે. પરંતુ સમાજમાં કોઈ સમસ્યાનો વ્યાપ- વિસ્તાર ખૂબ મોટો હોય અને તે બહોળા પ્રમાણમાં લોકોને અસર કરતી હોય ત્યારે તેઓ ઉકેલ સામાજિક ક્રિયા દ્વારા આવી શકે છે. આ એકમમાં આપણે સામાજિક ક્રિયાનો ઉદ્ભવ સમાજકાર્યની એક મુખ્ય પ્રણાલીના રૂપમાં કેવી રીતે થયો અને જુદા જુદા સમાજકાર્યકરો અને ચિંતકોએ તેને કઈ રીતે વ્યાખ્યાયિત કરી તે વિશે સમજ મેળવી. ભારતમાં સામાજિક ક્રિયાનો ઈતિહાસ અને તેના મૌલિક તથ્યો વિશે માહિતી મેળવી. હવે આગળના એકમમાં આપણે સામાજિક ક્રિયાની વિવિધ સમાજ ચિંતકોએ આપેલી થીયરી અને તેની રણનીતિઓ જોઈશું.

## 1.6 આપની પ્રગતિ ચકાસો

(1) કેનીથ એલીયમે પોતાના Social work and Social Action લેખમાં ક્યારે સામાજિક ક્રિયાનો ઉલ્લેખ કર્યો ?

(A) ઈ.સ. 1940 (B) ઈ.સ. 1942

(C) ઈ.સ. 1945 (D) ઈ.સ. 1948

(3) પ્રચાર તથા સામાજિક વિધાનના માધ્યમથી જનસમુદાયનું કલ્યાણ એ સામાજિક ક્રિયા વ્યાખ્યા કોણે આપી ?

(A) કેનીથ એલીયમ (B) ફ્રોઈડ

(C) મેરી રીચમંડ (D) વિલિયમ

(3) સામાજિક ક્રિયાના ઉદ્દેશ્યો કેટલા છે ?

(A) બાર (B) દસ

(C) સત્તર (D) આઠ

(4) સામાજિક ક્રિયાની મુખ્ય વિશેષતાઓ કેટલી છે ?

(A) પાંચ (B) સાત

(C) દસ (D) નવ

(5) મેરી રિચમન્ડે પોતાના પુસ્તક What is Social work માં ક્યારે સામાજિક ક્રિયાનો ઉલ્લેખ કર્યો ?

(A) ઈ.સ. 1920 (B) ઈ.સ. 1925

(C) ઈ.સ. 1922 (D) ઈ.સ. 1930

## 1.7 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (A) ઈ.સ. 1940
2. (C) મેરી રીચમંડ
3. (B) દસ
4. (A) પાંચ
5. (C) ઈ.સ. 1922

## 1.8 ચાવીરૂપ શબ્દો

**સામાજિક ક્રિયા :** પ્રચાર તથા સામાજિક વિધાનના માધ્યમ દ્વારા જનસમુદાયનું કલ્યાણ

## 1.9 સ્વાધ્યાય લેખન

(1) સામાજિક ક્રિયા અને સમાજકાર્ય વચ્ચેનો સંબંધ સમજાવો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(2) સામાજિક ક્રિયાનો અર્થ અને સમાજકાર્યતા પરિપ્રેક્ષ્યમાં તેની સમજૂતી આપો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(3) ભારતમાં થયેલ સામાજિક ક્રિયાનો ઈતિહાસ જણાવો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.........................................................................................

(4) સામાજિક ક્રિયાના મૌલિક તથ્યો જણાવો.

.........................................................................................

.........................................................................................

.........................................................................................

.....................................................................................................

.....................................................................................................

## 1.10 પ્રવૃત્તિ

1. ભારતમાં થયેલ સામાજિક ક્રિયાના ઈતિહાસની સૂચી બનાવો.
2. સામાજિક ક્રિયાના સોપાનોની સૂચી બનાવો.

## 1.11 કેસસ્ટડી

1. ભારતમાં થયેલ કોઈપણ બે ચળવળોની વિસ્તૃતમાં યાદી તૈયાર કરવી.

## 1.12 સંદર્ભ ગ્રંથોઃ


(1) Miller Seumas (2001), Social Action, Cambridge University Press.

(2) Dr. R. Parthasarathy(2012), Community Organisation and Social Action.

(3) Siddiqui H.Y.((1984), Social Work And Social Ac

(4) ડૉ.ચાવડા ગીતા(2008),વ્યવસાયિક સમાજકાર્ય, લોક પ્રકાશન, લોકનિકેતન, બનાસકાંઠા.

(5) ડૉ.ચાવડા ગીતા,સામુદાયિક સંગઠન, લોક પ્રકાશન, લોકનિકેતન, રતનપુર, બનાસકાંઠા.

(6) ડૉ. પટેલ આનંદી, (2010), વ્યવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, વ્યવસાયિક અભિવૃત્તી પ્રકાશન, અમદાવાદ.

# એકમ-2 પ્રતિકારના વિવિધ રૂપો, સામાજિક ક્રિયાઓની વિવિધ થીયરીઓ : મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયર

એકમનું માળખું:


2.0 એકમના હેતુઓ

2.1 પ્રસ્તાવના

2.2 સામાજિક ક્રિયામાં પ્રતિકાર કરવાના વિવિધ રૂપો

2.3 સામાજિક ક્રિયાની વિવિધ થીયરીઃ મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયર

2.4 ઉપસંહાર

2.5 આપની પ્રગતિ ચકાસો

2.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો

2.7 ચાવીરૂપ શબ્દો

2.8 સ્વાધ્યાય લેખન

2.9 પ્રવૃત્તિ

2.10 કેસસ્ટડી

2.11 સંદર્ભસૂચિ


## 2.0 એકમના હેતુઓ

- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સામાજિક ક્રિયાના વિવિધ રૂપો વિશે જાણવા મળશે.
- આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સામાજિક ક્રિયાની પદ્ધતિઓ વિશે જાણવા મળશે.
- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓ સામાજિક ક્રિયાની મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયરની થીયરી વિશે જાણકાર થશે.

## 2.1 પ્રસ્તાવના :-

વ્યક્તિ અને સમાજ એકબીજાના પુરક છે.વ્યક્તિની જરૂરિયાતોની પૂર્તિ સમાજમાં રહીને, સમાજના સંસાધનો દ્વારા જ થાય છે. સમાજમાં વ્યક્તિના મૂળભૂત અધિકારો અને માનવહિતોનું રક્ષણ થાય તે માટે કેટલાક નીતિ-નિયમો બનાવવામાં આવ્યા છે. સમય જતા તેમાં વિકાર ઉત્પન્ન થતા કેટલાક સમુદાયો સબળ અને કેટલાક સમુદાયો નિર્બળ બનતા ગયા. સબળ સમુદાયો નિર્બળ સમુદાયોનું શોષણ કરવા લાગ્યા. તેથી નિર્બળ લોકોના શોષણ સામે રક્ષણ માટે સત્તાધીશવર્ગ દ્વારા સંરક્ષણ અને સહાય રૂપે કેટલાક પ્રયત્નો કરવામાં આવ્યા, જે હુકમ કે કાયદા તરીકે ઓળખાયા. આવા પ્રયાસો સદૈવ રીતે થતા હતા. પરંતુ સ્વતંત્રતા બાદ બંધારણના સ્વરૂપમાં તેને વ્યવસ્થિત અને યોજનાબદ્ધ કરવામાં આવ્યા. આ પ્રયાસો દ્વારા નિર્બળ અને શોષિત સમુદાયના લોકોના હિતોના રક્ષણ અને સંવર્ધનના હેતુથી ‘સામાજિક વિધાન’ના સ્વરૂપમાં અસ્તિત્વમાં આવ્યા.

આમ, સમાજમાં થયેલા અને થઇ રહેલા પરિવર્તનો દ્વારા ઉત્પન્ન થતી સમસ્યાઓના નિયંત્રણ અને નિરાકરણ માટે સામાજિક વિધાન બનાવવામાં આવે છે. જયારે કોઈ સમસ્યા વ્યાપક બને અને મોટા પાયે લોકોને અસર કરે ત્યારે તેના સમાધાન કે નિરાકરણ માટે સરકાર કે સત્તા તંત્ર સામાજિક વિધાન બનાવે છે. સામાજિક વિધાન બનાવતી વખતે ક્યારેક એવા મુદ્દાઓ પણ ઉઠી શકે જેના લીધે સમાજમાં અસંતોષ ઉદ્ભવે છે. આ અસંતોષ સામાજિક ક્રિયાના રૂપમાં બહાર આવે છે. ઉદાહરણ તરીકે દહેજપ્રથા. પહેલાના સમયમાં લગ્ન વખતે દીકરીને તેનાં માતા-પિતા પ્રેમથી ભેટ સોગાદો આપતા. પરંતુ સમય જતા દરેક પરિવાર વહુ લાવતી વખતે એવો આગ્રહ રાખવા લાગ્યા કે તે પોતાની સાથે કિંમતી વસ્તુઓ લાવે. અને તેમ ના થાય તો વહુ પર અત્યાચાર કરવાના કિસ્સાઓ પણ બહાર આવવા લાગ્યા. તેથી આ સામાજિક દુષણ બની ગયું અને તેને અટકાવવા માટે ઈ.સ.1960માં દહેજ પ્રતિબંધક કાયદો અસ્તિત્વમાં આવ્યો.

સામાજિક ક્રિયા આદર્શ રીતે લોકશાહીના મૂલ્યો આધારિત હોય છે. તેથી કોઈ પણ સામાજિક વિધાન સમાજમાં લાગુ પાડવા માટે સમાજમાં સમસ્યા વ્યાપક રૂપે પ્રવર્તતી હોવી જોઈએ તથા તે કોઈ મુદ્દાના રૂપે હોવી જોઈએ. સામાજિક ક્રિયા સમસ્યા નિરાકરણ અને નિયંત્રણ માટે સમુદાયના લોકો દ્વારા થતા સામૂહિક પ્રયાસો છે. તેમાં ઘણી પદ્ધતિ, રણનીતિ અને ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે છે. અહી સામાજિક ક્રિયા માટે વપરાતી કેટલીક પદ્ધતિઓ અને પ્રકાર જોઈએ.

## 2.2 સામાજિક ક્રિયામાં પ્રતિકાર કરવાના વિવિધ રૂપો :

### 2.2.1 સામાજિક ક્રિયાનું સ્વરૂપ :

સામાજિક ક્રિયા કરવા માટે સમાજકાર્યકરો અને સામુદાયિક સંગઠનો દ્વારા અનેક રસ્તાઓ અપનાવવામાં આવે છે. તેનો મુખ્ય ઉદ્દેશ પોતાની રજૂઆત માન્ય કરાવવાનો છે. ભારત અને વિશ્વના ઈતિહાસમાં રાજા-મહારાજાઓ સામે પણ અન્યાયના વિરોધમાં પ્રજાએ આંદોલનો કરેલા છે. ભારતમાં થયેલી આઝાદીની ચળવળ પણ વિશ્વમાં ઉદાહરણરૂપ છે. અને હાલના સમયમાં પણ નાગરિકો પોતાના હકોના રક્ષણ માટે સામાજિક ક્રિયાનો સહારો લે છે.અહી આપણે સામાજિક ક્રિયાના કેટલાક મોડલ અને સ્વરૂપો જોઈએ.

બ્રીટ્ટો નામના અભ્યાસશાસ્ત્રીએ સામાજિક ક્રિયાના મુખ્ય બે સ્વરૂપ દર્શાવ્યા છેઃ વર્ચસ્વવાદી સામાજિક ક્રિયા અને લોકપ્રચલિત સામાજિક ક્રિયા.

**વર્ચસ્વવાદી સામાજિક ક્રિયાઃ-**

સમાજના ઉચ્ચ કે કુલીન વર્ગ દ્વારા શરુ કરવામાં અને આગળ ધપાવવામાં આવે છે. તેના ત્રણ પ્રકારના પેટા-મોડલ દર્શાવ્યા છેઃ

**(1) કાયદાકીય મોડલઃ-**

ઉચ્ચવર્ગ દ્વારા સમસ્યાની ગંભીરતા, વ્યાપ અને ત્વરિતતાના હિસાબે લોકમત ઊભો કરી, તેનો પ્રચાર કરી સામાજિક વિધાનમાં જરૂર મુજબના પરિવર્તન લાવવામાં આવે છે. જેમ કે, બાળમજૂરી નાબૂદી અને પ્રતિબંધ માટે કાયદો બન્યો. તે માટેના પ્રયાસોમાં બાળમજૂરો નહોતા જોડાયા. પરંતુ આ સમસ્યાને એક સામાજિક દુષણ સમજીને ઉચ્ચવર્ગના લોકો દ્વારા બાળમજૂરી અટકાવવા માટે કાયદો બનાવવાના પ્રયત્નો કરાયા.

**(2) સ્વીકૃત મોડલઃ-**

ઉચ્ચવર્ગ દ્વારા આર્થિક, સામાજિક, રાજકીય કે ધાર્મિક સંસાધનોના ઉપયોગથી સમાજના લાભ માટેના કાર્યક્રમો કરવામાં આવે છે. આ મોડલ પ્રમાણે ઉચ્ચવર્ગના લોકો વંચિતો માટે જે કાર્ય કરે છે તેનાથી વંચિત જૂથ માહિતગાર હોય છે અને પોતાનું અનુમોદન આપે છે. તથા તેમના માટે ચાલતી ચળવળ તેમના હિત માટે જ છે તેમ સમજીને સ્વીકારે છે. જેમ કે, મેધા પાટકર દ્વારા ચલાવવામાં આવેલું 'નર્મદા બચાવો'નું આંદોલન. અહી આંદોલન ચલાવનાર પોતે વંચિત જૂથમાં નથી પરંતુ વંચિત જૂથ માટે કાર્ય કરે છે.

**(3) ભૌતિક મોડલઃ-**

અન્યાય આચરનાર કે શોષણ કરનાર પ્રત્યે આક્રોશમૂલક અભિગમથી સક્રિય થતાં જૂથો આ મોડલમા આવે છે. સમસ્યાનું નિવારણ કરવા માટેની પ્રસ્થાપિત વ્યવસ્થામાં તેમને રસ નથી હોતો.

હિંસાનો આશરો લઇને પણ અન્યાય કે શોષણ આચરનારને સજા કરવાનું મનોવલણ પ્રબળ માત્રામાં જોવા મળે છે. જેમ કે નક્સલવાદી પ્રવૃત્તિ તેમની આ પ્રકારની પ્રવૃત્તિઓથી તેઓ સરકાર કે જનસામાન્ય સુધી પોતાની સમસ્યા અસરકારક રીતે રજૂ કરી શકે છે.

**2.2.2 લોકપ્રચલિત સામાજિક ક્રિયા :-**

લોકપ્રચલિત સામાજિક ક્રિયા લોકો દ્વારા શરુ કરવામાં આવે છે. તેમાં લોકો પોતે પોતાની સમસ્યાઓ વિશે જાગૃત થઈને સમસ્યા નિવારણ માટેના પ્રયત્નો હાથ ધરે છે. તેના ત્રણ પેટા-મોડલ દર્શાવ્યા છેઃ

**(1) સંચેતાનાકરણનું મોડલઃ-**

તેમાં પાઉલો ફ્રેયરએ આપેલી થીયરી પ્રમાણે સમુદાયમાં શિક્ષણ દ્વારા જાગૃતિ ફેલાવીને સામાજિક ક્રિયા કરવામાં આવે છે, જેમ કે સ્ત્રી ભ્રૂણહત્યા રોકવા માટે સમાજકાર્યકરો સમાજમાં પોસ્ટર પ્રદર્શન અને વકતૃત્વ યોજીને જાગૃતિ ફેલાવે છે. જેમ કે પોલિયો નાબૂદી માટેનું અભિયાન. તેમાં પોલિયોની રસી પીવડાવવાથી બાળકને પોલિયો થતો અટકે છે. આ અભિયાન ઘણા વર્ષો સુધી ચાલ્યું. જેમાં સમાજકાર્યકરો દ્વારા રેલી, પોસ્ટર પ્રદર્શન, શેરી નાટકો, જાહેરાતો, અમિતાભ બચ્ચન જેવા કલાકાર દ્વારા પ્રચાર વગરે પ્રયત્નો ને પરિણામે પોલિયો થતો અટકાવવા માટે લોકોમાં જાગૃતિ ઉભી થઇ અને WHOના તાજેતરના અભ્યાસ પ્રમાણે ભારત પોલિયો મુક્ત રાષ્ટ્ર જાહેર થયું.

**(2) વિવાદશાસ્ત્રનું મોડલઃ-**

તે પ્રમાણે, તંત્રને વધુ સારું બનાવવાના હેતુથી વર્તમાન તંત્રમાં વિવાદાસ્પદ ફેરફાર કે વિરોધ કરવામાં આવે છે. જેમ કે, અમદાવાદમાં સાબરમતી રીવરફ્રન્ટ બનાવવા માટે ત્યાં રહેતા લોકોના ઝૂંપડાઓ તોડી પડાયા. લોકોએ અને સ્વૈચ્છિક સંસ્થાઓએ તેનો વિરોધ કરતા ત્યાના લોકોને અન્ય સ્થળોએ મકાન આપવામાં આવ્યા.

**(3) સીધી ગતિશીલતાઃ-**

તેમાં કાર્યકરો દ્વારા કોઈ ચોક્કસ મુદ્દાને લઈને સમુદાયને ક્રિયાન્વિત કરવામાં આવે છે અને તે સમસ્યાના તાત્કાલિક નિવારણ માટે પ્રતિકાર કરવામાં આવે છે. તેમાં લોકોને લાગે છે કે જે તે સમસ્યાનું પ્રમાણ ખૂબ જ વધી રહ્યું છે તો તેને ડામવા માટે તાત્કાલિક ધોરણે પ્રયત્નો હાથ

ધરવામાં જેમ કે, તાજેતરમાં ઠાકોર સમાજ દ્વારા કરાયેલું વ્યસન મુક્તિનું અભિયાન. તેમાં લોકો દ્વારા તેમના વિસ્તારોમાં ચાલતા દારૂના પીઠા જાતે જ બંધ કરાવવાના પ્રયત્નો કરવામાં આવ્યા.

આ બંને પ્રકારમાં મુખ્ય તફાવત એ છે કે ઉચ્ચવર્ગ દ્વારા કરવામાં આવતી સામાજિક ક્રિયાની સમગ્ર પ્રક્રિયામાં સમુદાયની ભાગીદારી નહીવત્ હોય છે કે હોતી જ નથી. જયારે લોકો દ્વારા કરવામાં આવતી સામાજિક ક્રિયામાં તેને વધુ અસરકારક બનાવવા માટે સમુદાયના લોકોની શક્ય એટલી વધુ ભાગીદારી હોય છે.

ઉચ્ચવર્ગ દ્વારા કરવામાં આવતી સામાજિક ક્રિયામાં સમુદાયના અમુક જ ભાગના લોકોને ફાયદો થાય છે. તેનાથી સમગ્ર સમુદાયના મુખ્ય અને મહત્ત્વના પ્રશ્નોનો ઉકેલ આવે તે જરૂરી નથી. ઉચ્ચવર્ગના કાર્યકરોના મૂલ્યો અને સમસ્યા વિશેની સમજ વંચિત જૂથના મૂલ્યો કરતા જુદા હોય છે. તેથી વંચિત જૂથ પોતાની સમસ્યાનું સમાધાન જે રીતે ઈચ્છે છે તે રીતે ના પણ થઇ શકે. તેનાથી જુદી રીતે થઇ શકે.

### 2.2.3 સામાજિક ક્રિયાની પદ્ધતિઓ

વિદ્યાર્થી મિત્રો, હવે આપણે સામાજિક ક્રિયાના કેટલાક પ્રચલિત પ્રકાર જોઈએ. સામાજિક ક્રિયા માટે મુખ્ય બે પ્રકારની પદ્ધતિ જોવા મળી છેઃ અહિંસાત્મક અને હિંસાત્મક પ્રક્રિયા.

**અહિંસાત્મક પ્રકારોઃ**

સત્તાધીશ તંત્ર ઉપર વિધાનોના પરિવર્તન માટે દબાણ લાવવાં વ્યાપકરૂપે અહિંસાત્મક પ્રતિકારની રીતો અપનાવાય છે. તે લાંબાગાળા માટે અસરકારક નીવડે છે અને તેના લીધે કોઈને કઈ નુકસાન પણ થતું નથી. ગાંધીજીએ અહિંસાત્મક પ્રતિકાર કરવાની અનેક રીતો સમાજને આપી છે. નારાયણ દેસાઈએ 'અહિંસક પ્રતિકારની પદ્ધતિઓ' નામના તેમના પુસ્તકમાં ઇસવીસન પૂર્વે પાંચમી સદીથી માંડીને ઈ.સ.1975 સુધી દુનિયાભરમાં અજમાવાયેલ 178 પદ્ધતિઓનું સંક્ષેપમાં નિરૂપણ કર્યું છે. અહી આપણે કેટલીક પદ્ધતિઓ જોઈએઃ

**1. જાહેરસભાઓ કે જાહેરાતો દ્વારા પ્રચાર કરવોઃ**

સામાન્ય લોકોને અસરગ્રસ્તોની સમસ્યાઓ વિશે જાગૃત અને સંગઠિત કરવા ખૂબ જરૂરી હોય છે. તેથી સમુદાયના નેતાઓ લોકો સાથે સંપર્ક કરવા, માહિતીની આપ-લે કરવા માટે પ્રચારના માધ્યમનો ઉપયોગ કરે છે. તેના દ્વારા નેતાઓ લોકો સાથે સીધો સંપર્ક બનાવાનો પ્રયત્ન કરે છે અને લોકો પણ સમસ્યા નિરાકરણમાં પોતાના અભિપ્રાયો આપી શકે છે.

**2. રેલી કે સરઘસ કાઢવાઃ**

તે પણ પ્રચારનો એક પ્રકાર કહી શકાય. પોતાનો વિરોધ પ્રદર્શિત કરવા માટે કાર્યકરો રેલીનું આયોજન કરે છે. તે દ્વારા તે સમુદાયની સમસ્યાઓ સામાન્ય નાગરિકો અને સરકાર સુધી પહોંચાડે છે અને લોકોને પોતાની સાથે જોડે છે. લોકો જાહેર રસ્તાઓ પર રેલી-સરઘસ કાઢે છે. તેમાં ખાનગી કે જાહેર સંપત્તિને નુકસાન કરતા નથી. ક્યારેક પોસ્ટર સાથેની મૌન રેલી પણ આપે સમાચારમાં કે તાદ્દશ્ય જોઈ હશે.

**3. સંશોધનઃ**

સંશોધન દ્વારા જે તે સમસ્યા અને તેને અસર કરનારા પરિબળો વિશે ચોક્કસ આંકડાકીય માહિતી પ્રાપ્ત થાય છે. આ આંકડા ઉપરથી સમાજકાર્યકર કે સમુદાયના નેતાઓ સમસ્યાનું

વિશ્લેષણ કરે છે. આ આંકડાઓની રજૂઆત તેઓ સત્તાધીશોને કરે છે. તેના દ્વારા સામાજિક વિધાન બનાવવામાં સરળતા પ્રાપ્ત થાય છે.

**4. પોસ્ટર પ્રદર્શનઃ**

વધુમાં વધુ લોકોની અવર-જવર અને પહોંચ હોય તેવા સ્થળોએ સમુદાયની સમસ્યાઓ વિષે જાહેર જનતાને જાગૃત કરવા માટે જાહેર રસ્તાઓ ઉપર બેનર-પોસ્ટર લગાવી સત્તાના નિર્ણયના વિરોધમાં પોતાની અસહમતી દર્શાવવામાં આવે છે.

**5. સહી ઝુંબેશઃ**

તેમાં કોરા કાગળ કે મોટા સફેદ કાપડ પર સમસ્યાના સમર્થનમાં જાહેર જનતાની સહી લઈને તેને સરકાર સમક્ષ રજૂ કરવામાં આવે છે. તેનાથી એવું બતાવવામાં આવે છે કે મોટી સંખ્યામાં લોકો જે-તે સમસ્યા માટે સાથે મળીને લડી રહ્યા છે.

**6. ભૂખ હડતાલ કે ઉપવાસઃ**

સમુદાયના કેટલાક પ્રતિનિધિઓ જે-તે સામાજિક નીતિ સામે પોતાનો વિરોધ નોંધાવવા ઉપવાસનો સહારો લે છે. ક્યારેક અનશન કે આમરણાંત ઉપવાસ પર ઉતરી જાય છે. જેમ કે, ગાંધીજીએ પુના કરાર માટે કરેલા ઉપવાસો કે અન્ના હજારેએ ભ્રષ્ટાચારના વિરોધમાં કરેલા ઉપવાસો.

**7. લોબી કરાવીઃ**

વિધાનસભા કે લોકસભાના સભ્યોને કોઈ મુદ્દા અંગે પોતાના વિચાર રજૂ કરવા પ્રયત્ન કરવો તેને લોબી કરાવી કહેવાય. અહિંસક સંઘર્ષના કોઈ મુદ્દે આવો પ્રયાસ થાય ત્યારે તેને અહિંસક પ્રતિકારની રીત ગણાવી શકાય.

**8. ધરણાઃ**

કોઈ જગ્યાએ પોતે ઉભા રહી, બેસી કે આંટા મારીને ત્યાં આવતા-જતા લોકોને પોતાની સમસ્યાઓ વિષે સમજાવવામાં આવે છે. ત્યાં સુત્રોચ્ચાર કરવામાં આવે છે અને લોકજાગૃતિ કરવામાં આવે છે. આ પદ્ધતિનો ઉપયોગ મજૂર આંદોલનમાં ખૂબ થયેલો છે.

**9. સામાજિક બહિષ્કારઃ**

અન્યાય કરનાર વ્યક્તિઓ સાથે બધા સામાજિક સંબંધો કાપીને તેમનો સામાજિક બહિષ્કાર કરવામાં આવે છે. આ પદ્ધતિનો ઉપયોગ પ્રાચીનકાળથી થતો આવ્યો છે. અહિંસક આંદોલનમાં સામાજિક બહિષ્કારનો ઉપયોગ સમુદાયના કેટલાક ભાગોને આંદોલનમાં સામેલ કરવા, વિરોધીઓને સહકાર આપતા લોકોને તેમ કરતા અટકાવવા અને વિરોધીઓ પર દબાણ લાવવા કે તેમના નિર્ણય સામે અણગમો વ્યક્ત કરવા અપનાવ્ય છે.

**10. હડતાલ કે બંધઃ**

કોઈ શહેર કે પ્રદેશની તમામ પ્રવૃત્તિઓ, સરકારી/ખાનગી કચેરીઓ, બૅંક, દુકાનો, શાળા-કૉલેજ, વાહન વ્યવહારો વગેરે બંધ કરી દેવામાં આવે છે. એ થોડા કલાકોથી માંડીને દિવસો સુધી લાંબા ચાલી શકે છે.

**11. પુરસ્કાર પરત આપવાઃ**

વર્તમાન સમયમાં આપણે જોઈએ છે કે કોઈ મુદ્દા કે ઘટનાનો વિરોધ કરવા માટે મહાનુભાવો કે જેઓને જે-તે ક્ષેત્રમાં સારી કામગીરી બદલ પારિતોષિકો મળ્યા છે તેઓ સરકાર

દ્વારા તેમને સમ્માન રૂપે મળેલ પારિતોષિક કે વસ્તુઓ પરત આપીને પોતાનો વિરોધ નોંધાવે છે. તે પણ આંદોલનનો એક ભાગ કહી શકાય.

આમ, અહિંસક પ્રતિકાર માટેની અનેક રીતો દુનિયાભરના કાર્યકરો દ્વારા અપનાવવામાં આવી છે. તે હિંસાત્મક પદ્ધતિ કરતા વધુ ઉપયોગમાં લેવામાં આવે છે અને તેને કારણે નિશ્ચિત પરિણામો મળે છે.

**હિંસાત્મક પ્રક્રિયાઃ**

સામાજિક ક્રિયામાં આ પ્રકારની રીત નકારાત્મક રૂપે જોવા મળી છે. કારણ કે તેના લીધે સમાજમાં સંસાધનો અને વ્યક્તિઓને હાનિ પહોંચે છે. સમાજમાં વિકાસ માટે તે અવરોધક બને છે. મોટે ભાગે જોઈએ તો આ રીત એ ન્યાય મેળવવા માટેના છેલ્લા હથિયાર તરીકે ઉપયોગમાં લેવાય છે. અહી આપણે તેની કેટલીક રીત જોઈએઃ

**1. આગ લગાડવીઃ**

સમસ્યાની રજૂઆત કરવા છતાં પણ શાસક વર્ગ તેનો ઉકેલ ના આપે ત્યારે અસંતોષ ધરાવતા લોકોના ટોળા અલગ અલગ જગ્યાઓએ આગ ચાંપીને લોકોને કે સંપત્તિને નુકસાન કરે છે. જેમ કે, સરકારી બસો સળગાવવી, લોકોના ઘરો સળગાવવા, વગેરે.

**2. ઉગ્રવાદી પ્રક્રિયાઃ**

તેમાં લોકો, મોટે ભાગે યુવાનો ઉગ્રવાદી બની જાય છે અને આ ટોળું સામાન્ય નિર્દોષ લોકોને પણ હાનિ પહોંચાડે છે, ક્યારેક તો જીવ લેવા સુધીના પણ પ્રયત્નો કરે છે. તે સૌથી હિંસક પ્રવૃત્તિ છે. જેમ કે, નક્સલવાદ.

**3. સરકારી સંપત્તિને નુકસાનઃ**

લોકો સરકાર કે તેની નીતિ સામે કરવાના રૂપે આવી પ્રક્રિયા કરે છે. સરકાર જયારે લોકોની માંગણીઓ પૂરી કરી શકાતી નથી કે કોઈ નિર્ણય લેવામાં વિલંબ કરે છે ત્યારે લોકોના ટોળા સરકારી સંપત્તિને નુકસાન પહોંચાડે છે અને ઝડપી નિર્ણય લેવા માટે દબાણ ઉભું કરે છે.

**4. જાહેર સંપત્તિને નુકસાનઃ**

સામાજિક વિધાન બનાવવા માટે જયારે સરકાર કોઈ સમર્થન આપી શકાતી નથી ત્યારે સરકાર ઉપર પોતાના મુદ્દાના સમર્થન માટે વિધાન બનાવવા માટે દબાણ ઉભું કરવા માટે અસરગ્રસ્ત લોકો જાહેર સંપત્તિને નુકસાન કરે છે, જેમ કે જાહેર રસ્તાઓ બંધ કરવા, જાહેરમાં બસ સળગાવવી કે તોડવી, ટ્રેન રોકવી, વગેરે.

**5. સરકારી તંત્રના અધિકારીઓને બંદક બનાવવાઃ**


લોકોનો અસંતોષ કે ઘર્ષણ કોઈ મુદ્દાને લઈને હોય છે છતાં પણ કેટલીક વાર લોકો સરકારી તંત્રમાં કામ કરતા લોકો, સત્તાધીશોને નિશાનો બનાવીને તેમને હાનિ પહોંચાડવા માટેના કરતુત કરે છે.

આમ, જયારે વારંવાર તંત્ર કે સત્તાધીશો સામે રજૂઆત કરવા અને અહિંસક રીતે પ્રતિકાર કરવા છતાં પણ સમસ્યાનું સમાધાન ના થાય અને સમસ્યા વધુ તીવ્ર બને ત્યારે સામાન્યતઃ લોકોની ધીરજ ખૂટી રહે, ત્યારે લોકો હિંસાનો રસ્તો અપનાવે છે. પરંતુ નૈતિકતાની દષ્ટીએ સમાજમાં હિંસાત્મક પ્રકાર ખૂબ અયોગ્ય અને અસ્વીકાર્ય છે.

## 2.3 સામાજિક ક્રિયાની વિવિધ થીયરીઃ મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયર

સામાજિક ક્રિયા માટે અમુક સમાજ ચિંતકોએ કેટલીક થીયરી આપી છે. જેમાંથી પાઉલો ફ્રેયર અને મહાત્મા ગાંધી દ્વારા અપાયેલી થીયરી આપણે અહી જોઈશું:

### 2.3.1 મહાત્મા ગાંધી(1869 થી 1948)



Mahatma Gandhi

મહાત્મા ગાંધી તરીકે વિશ્વ પ્રસિદ્ધ અગ્રણી ભારતીય નેતા મોહનદાસ કરમચંદ ગાંધીનો જન્મ બીજી ઓક્ટોબર 1869ના રોજ પોરબંદર-ગુજરાત ખાતે થયો હતો. સ્વસ્થ-શોષણમુક્ત, સમાનતા આધારિત સમાજ સંરચના બાબતે 19મી સદીના અંતિમ દાયકામાં અને વીસમી સદીના પૂર્વાર્ધમાં વિશ્વકક્ષાએ સર્વાધિક સ્વીકૃત પ્રતિભા તરીકે તેઓ વ્યાપક લોકાદર પામ્યા છે. હિંદની આઝાદી માટે સ્વાતંત્ર્ય સંગ્રામના અગ્રદૂત તરીકેની તેમની ભૂમિકાની સમાંતરે અનેકવિધ કાર્યો થયા તેમાં સામાજિક કાર્યકર તરીકેની કામગીરી ઉલ્લેખનીય છે. ગાંધીજીના સામાજિક કાર્યોને નીચે મુજબ વહેંચી શકાય :

(1) રંગભેદની નીતિ સામે દક્ષિણ આફ્રિકામાં સત્યાગ્રહ

(2) બુનિયાદી શિક્ષણ નિમિત્તે- નઈ તાલીમનો વિચાર

(3) અસ્પૃશ્યતા નિવારણ અને સામાજિક એકતા

(4) ખાદી દ્વારા સ્વાવલંબી જીવન ઘડતરનો વિચાર

(5) ગ્રામ સ્વરાજના અભિગમથી શ્રમનું ગૌરવ

(6) સ્વદેશી ચળવળ અને ગૌસેવા દ્વારા પ્રજા ઘડતર

(7) કોમી એકતા દ્વારા રાષ્ટ્રીય એકતા માટેની જનજાગૃતિ

(8) સવિનય કાનૂનભંગ અને અસહકાર ચળવળ

ગાંધીજીની સમગ્ર કાર્યશૈલીનો આધાર સત્ય અને અહિંસાના પાયા પર નિર્ભર છે. ચોવીસ વર્ષની વયે દક્ષિણ આફ્રિકામાં રંગભેદની નીતિ સામે સંઘર્ષ કરતાં કરતાં તેમને અહિંસક પ્રતિકારનો માર્ગ જડયો. પ્રતિપક્ષ સામે બદલાની ભાવનાથી નહિ પણ હૃદયપરિવર્તનની ભાવનાથી ચળવળ ચલાવવાના ઉદ્દેશના કારણે તેમના અહિંસક પ્રતિકારની રીત દુનિયા માટે નવી હતી. અનોખી હતી. જુલ્મગાર સત્તાધીશોના જુલમ સામે તેમની સહનશક્તિની ઘણી કસોટી થઈ. શસ્ત્રબળ સામે આત્મબળનો વિજય થયો. જનરલ સ્મટ્સ જેવા દક્ષિણ આફ્રિકાના વડાપ્રધાન પણ ગાંધીજીના સત્યાગ્રહ આગળ ઝૂકી ગયા.

પિસ્તાલીસ વર્ષની વયે દક્ષિણ આફ્રિકાથી સ્વદેશ પરત ફરેલા ગાંધીજી ભારત દેશની પ્રજાનું વ્યાપક ભૂમિકાએ ઘડતર કરે છે. લોકશિક્ષણનું કાર્ય કરે છે. 1908માં તેઓ 'હિંદ સ્વરાજ' લખી ચૂક્યા હતા. યંત્ર સંસ્કૃતિ અને પશ્ચિમના સુધારા સામે તેમણે લાલબત્તી ધરી હતી. ગાંધીજી યંત્ર દ્વારા થતા જથ્થાબંધ ઉત્પાદનના બદલે સમૂહ દ્વારા થતા ઉત્પાદનના હિમાયતી હતા. શહેરીકરણ થવાના કારણે ગામડાંઓ તૂટતાં જતા હતા ત્યારે ગામડાંનો ઉદ્ધાર કરવા માટે તેમણે ગામને મજબૂત કરવાની વાત કરી હતી.

'આપણે સૌ એક પિતાના સંતાન' એ ગાંધીજીની મનોભૂમિકા હતી. ઊંચ-નીચના ભેદભાવ દૂર કરવા માટે તેમણે અસ્પૃશ્યતા નિવારણને પોતાના સુધારાલક્ષી કાર્યોમાં સામેલ કર્યો. હરિજનોના મંદિર પ્રવેશ માટેના ઉપવાસ અને 'હરિજન' પત્રની શરૂઆત તેમનું ઉલ્લેખનીય કાર્ય છે.

યુગોથી અપમાન, અવગણના અને તિરસ્કારનો ભોગ બનતા દલિતોના મોટા સમૂહને સમાનતાના ધોરણે સામાજિક પ્રતિષ્ઠા અપાવવા માટે તેમણે સામાજિક સંઘર્ષ કર્યો.

વિવિધ ધર્મ-ભાષા અને પ્રદેશની ભિન્નતાને એકસૂત્રતાથી જોડવાનું ભગીરથ કાર્ય તેમણે કર્યું. ખિલાફત ચળવળને ટેકો આપવા પાછળ તેમનું મુખ્ય કારણ દેશમાં કોમી એકતા પ્રસ્થાપિત કરવાનું હતું. ખાદીનો પ્રચાર-પ્રસાર દ્વારા ગાંધીજી સ્વનિર્ભર, સ્વાવલંબી જીવનશૈલીના હિમાયતી બને છે. સ્વદેશીની ચળવળ પણ વિદેશીઓના શાસનમાંથી દેશને સ્વાવલંબી બનાવવાની અસ્મિતામૂલક કામગીરી હતી.

સ્વાતંત્ર્ય ચળવળ દરમ્યાન અંગ્રેજોની ગુલામીથી મુક્ત કરવા માટે તેમણે અનેકવિધ કાર્યક્રમો આપ્યા. અસહકાર આંદોલન વખતે આઝાદી હાથવેંતમાં લાવી દીધી હતી. ચૌરીચૌરા હત્યાકાંડના કારણે વ્યથિત થયેલા મહાત્માએ અસહકારની ચળવળ પડતી મુકી. અહિંસાના ભોગે તેમને આઝાદી પણ ખપતી ન હતી. 1930માં કરેલી દાંડીકૂચમાં સંગઠનની કુશળતા, ચળવળને દેશવ્યાપી, વિશ્વવ્યાપી સંદેશ તરીકે પ્રસારિત કરવાની ક્ષમતા પ્રગટ થઈ. સમગ્ર દાંડીયાત્રા દરમ્યાન દારૂબંધીનો ઉપદેશ, ખાદીનો પ્રસાર, સ્વચ્છતાનો આગ્રહ, શ્રમમૂલક સાદગીયુક્ત જીવનશૈલી રાષ્ટ્રની પ્રજા માટે અનુકરણીય અનુભવ બની રહે છે. સવિનય કાનૂનભંગ અને જેલભરો આંદોલન જેવા કાર્યશીલ અભિગમો પરિણામલક્ષી બની રહ્યાં. 1942માં 'હિંદ છોડો' એલાન દ્વારા સ્વતંત્ર ભારત માટે મક્કમ અને આખરી લડત દ્વારા તેમણે રાષ્ટ્રીય એકતા સિદ્ધ કરી.

સમગ્ર રીતે જોઈએ તો 1915માં સ્વદેશ પરત ફરેલા મહાત્મા ગાંધીએ 1948ની 30મી જાન્યુઆરીએ દેહ છોડયો ત્યાં સુધી આઝાદી આંદોલનની સમાંતરે રાષ્ટ્રીય ઘડતરની કામગીરી કરી. ગાંધીજીના રચનાત્મક કાર્યોમાં તેમની સામાજિક નિસબત અને સામાજિક પ્રતિબદ્ધતા હતી. અંગ્રેજોને દેશમાંથી હટાવવાના ઉદ્દેશમાં અહિંસાનું પાલન કરવાની સાથે દેશની પ્રજાને આઝાદીને લાયક બનાવવાની સભાનતા હતી. લોકશાહી મૂલ્યોના પ્રસ્થાપન માટે, માનવાધિકારો અને જીવન જીવવાના અધિકારો માટે તેમણે અનુકરણીય જીવનઆદર્શો રજૂ કર્યા.


**(ડૉ. યોગેન્દ્ર પારેખ : ગાંધી કથાકાર, તજ્જ્ઞઃ ગાંધી જીવન-કાર્ય-દર્શન)**

### 2.3.2 પાઉલો ફ્રેયરનો સંચેતાનાકરણનો સિદ્ધાંતઃ

પાઉલો ફ્રેયર(Paulo Freire ઈ.સ.1921-1997) એ 19મી સદીના પ્રખર સમાજ ચિંતક અને શિક્ષણશાસ્ત્રી હતા. 1960ના દાયકામાં અમેરિકામાં દક્ષિણ-પૂર્વના દેશોમાં સંડોવણીના વિરોધમાં યુનિવર્સિટી કેમ્પસમાં અશાંતિ ફેલાયેલી હતી. આ અશાંતિ 1965માં હિંસક પ્રવૃત્તિઓમાં પરિણમી. લઘુમતી સમુદાયના નેતાઓ અને યુદ્ધના અસરગ્રસ્તો તેમના પ્રકાશનો બહાર પાડતા અને લોકોને તેમની સમસ્યાઓ જણાવતા ત્યારે ફ્રેયરને તે વાત ખૂબ અસર કરી ગઈ. આ સમયમાં તેમને તેમનું પ્રખ્યાત પુસ્તક 'PEDAGOGY OF THE OPPRESSED'(કચડાયેલા લોકોનું શિક્ષણશાસ્ત્ર) લખ્યું. તેમણે તેમાં જણાવ્યું કે શિક્ષણ એ કાયમી ઉદારીકરણ માટેનો ઉત્તમ રસ્તો છે. તેમણે શિક્ષણ દ્વારા સામાજિક ક્રાંતિ માટેના બે તબક્કા કહ્યાઃ પહેલો તબક્કો સંચેતાનાકરણ(જેના દ્વારા લોકો જાગૃત થાય છે) અને બીજો તબક્કો

તેના અનુસંધાનમાં મુક્ત સામજિક ક્રિયાઓ માટેની કાયમી પ્રક્રિયાનો(જેમાં લોકો સામાજિક ક્રિયા માટેના પગલાઓ લે છે) સમાવેશ થાય છે.

બ્રાઝિલમાં શૈક્ષણિક કામગીરી દરમિયાન ફ્રેયરે તેમના અનુભવોમાંથી પીડિતો, અત્યાચારનો ભોગ બનેલો માટે શિક્ષણના પ્રયોગનો વિકાસ કર્યો. તેઓએ વંચિતોની સામાજિક લડત અને શિક્ષણ વચ્ચેના અંતર્ગત સંબંધ દર્શાવ્યા છે. સમાજના વંચિત વર્ગોને મુક્તિ અપાવનાર શૈક્ષણિક પ્રક્રિયાની ભૂમિકાના વ્યવહાર અને ઘડતર એ સમાજના સમગ્રલક્ષી દષ્ટીબિંદુને આકાર આપે છે. એમાંથી એવું નક્કર કાર્ય ઉભું થાય છે કે વંચિત વ્યક્તિ એક નિષ્ક્રિય વિદ્યાર્થીને બદલે સક્રિય પ્રશ્નકર્તા વિદ્યાર્થી બને છે. તેમની આ સમજએ ઈ.સ.1970ના દાયકાના પૂર્વાર્ધમાં સામાજિક પરિવર્તન માટેની ‘Conscientization’ની નવી થીયરીને જન્મ આપ્યો.



તેનો સીધો અર્થ સંચેતાનાકરણ કે જાગૃતીકરણ કરી શકાય છે. Conscientization શબ્દ સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે રહેલા દમનકારી તત્ત્વો અને તેના વિરોધાભાસને સમજીને તેની સાથે વર્તમાન જગતની પરિસ્થિતિને સમજવા માટે વપરાય છે. ભારતમાં પણ દલિતો, લઘુમતીઓ અને વંચિતોને તેમના મૂળભૂત અધિકારો મેળવવા માટે સંગઠિત કરવા અને સામાજિક લડત ચલાવવા માટે અનેક કર્મશીલોએ આ થીયરીનો ઉપયોગ કર્યો છે.

ફ્રેયર જણાવે છે કે સત્તાધીશ તંત્રને હંમેશા એ ડર રહેતો હોય છે કે જો વંચિત જૂથોમાં સંચેતના ઉભી થશે, તેઓ પોતાના અધિકારો વિશે સભાન બનશે તો તેઓ તંત્ર અને તેમની વ્યવસ્થાઓનો વિરોધ કરશે અને સ્વતંત્રતાની માંગણી કરશે. તેથી સત્તાધીશ તંત્ર માટે મુશ્કેલી પેદા થશે. જાગૃત બનેલા લોકો પોતાની વર્તમાન સ્થિતિની આલોચના કરતા શીખે છે. તેમની માટે થયેલા વિકાસના કાર્યોના સારા-નરસા પાસાઓ સમજે છે અને સાથે જ તેમને થયેલા અન્યાય વિશે પણ સમજે છે. તેથી તેઓ તંત્ર કે વ્યવસ્થાના વિરોધ માટે સંગઠિત બની પ્રયાસ કરે છે અને પરિવર્તન ઝંખે છે. એટલે કે તેનો અર્થ એવો નથી કે અન્યાયનો ભોગ બનેલા વ્યક્તિઓ જાગૃત બનીને ઝનૂની કે લડાયક બને છે. પરંતુ તેઓ વર્તમાન વાસ્તવિક પરિસ્થિતિ સમજીને તેમાં પરિવર્તન લાવવા માટેના સંગઠિત પ્રયાસ કરે છે. સંચેતાનાકરણના સિદ્ધાંત પ્રમાણે તે વ્યક્તિના સ્વનિર્ણયને પુષ્ટી આપનાર તરીકેની શોધ કરવામાં મદદ કરે છે અને તે રીતે ઝનુનવાદને દૂર રાખે છે. કારણ કે, જો વ્યક્તિ ઝનૂની બને તો તેની વિચારશક્તિ ઘટી જાય છે. તે ત્વરિત અને અબૌદ્ધિક નિર્ણયો લઈ લે છે જે યોગ્ય ના પણ હોઈ શકે. સમસ્યાને ઊંડાણપૂર્વક સમજનારા વ્યક્તિ પરિસ્થિતિનું યોગ્ય વિવેચન કરે છે અને આમૂલ પરિવર્તનકારી પગલાં લે છે. આમ, વિવેચનાત્મક રીતે થયેલી જાગૃતિ સામાજિક અસંતોષને યોગ્ય રીતે ઉજાગર કરે છે અને સમાજ સમક્ષ યોગ્ય રીતે તેને વ્યક્ત કરે છે.

અહી આપણે સંચેતાનાકરણના સિદ્ધાંત પ્રમાણે સામાજિક ક્રિયાની કાર્યપદ્ધતિ જોઈએ:

**લોકજુવાળ ઉભો કરવો:**

લોક જુવાળ ઉભો કરવો તે કોઈ પણ આંદોલન માટે પાયારૂપી પ્રક્રિયા છે. તેમાં સમસ્યા વિશે સંશોધન અને તેનું આંકડાકીય વિશ્લેષણ કરવામાં આવે છે. ત્યારબાદ અસરગ્રસ્ત સમુદાય સાથે શિબિર/મિટિંગ કરવામાં આવે છે, લોકોની સમસ્યાઓ વિશે સામાન્ય નાગરિકો અને સરકારી તંત્રમાં પ્રચાર-પ્રસાર કરીને ઉજાગર કરવામાં આવે છે. લોકોની માંગણીઓ માટે સરકારને અરજીઓ કરવામાં આવે છે. આ બધી પ્રક્રિયા દ્વારા વધુ ને વધુ અસરગ્રસ્ત લોકો કે સમુદાય આંદોલન માટે જોડાય છે અને સંગઠિત થઈ સક્રિય બને છે.

**સ્વયંભૂ લોકજુવાળઃ**

લોકો પોતે જ પોતાની સમસ્યાઓ વિશે જાગૃત થઈને તેને દૂર કરવા માટે સંગઠિત થઈને જાતે જ લડત આપે છે. તેમાં વધુ ને વધુ લોકો આંદોલન સાથે જોડાઈને આંદોલનને વધુ મજબૂત બનાવવામાં પોતાનો સક્રિય ફાળો આપે છે. આમ, લોકો જાતે જ જાગૃત થઈને સરકાર સામે સમસ્યા નિરાકરણ માટે દબાણ ઉભું કરે છે.

**સુજ્ઞતાભરી જાગૃતિઃ**

ફ્રેયરના મતે, સંચેતનાના સિદ્ધાંત પ્રમાણે વ્યક્તિને જેટલું શીખવાડવામાં આવે તેટલું જ શીખે એમ નહિ, પણ સમસ્યાની વાસ્તવિકતાની અનુભૂતિ કરીને તેના વિશેની ઊંડી સમજ કેળવે છે. આ રીતે જાગૃત થઈને પરિસ્થિતિમાં પરિવર્તન કેવી રીતે લાવી શકે છે તેના ઉપાયો પણ વિચારે છે.

**સામૂહિક મંથનઃ**

અન્યાયનો ભોગ બનનારા બધા લોકોને સામૂહિક રીતે સમસ્યા વિશે મંથન કે વિશ્લેષણ કરે છે. તેના પ્રયત્નો રૂપે વારંવાર જાહેર સભાઓ કરવી, શિબિરો કરવી, રજૂઆતો કરવી વગેરે ક્રિયાઓ કરવામાં આવે છે. આવા પ્રયત્નોથી અસરગ્રસ્ત લોકો વારંવાર એકબીજાના સંપર્કમાં આવીને સમસ્યા વિશેના વિચારોની આપ-લે કરે છે. તેના લીધે સામુદાયિક સંગઠન પણ ઉભું થાય છે.

**અનુભૂતિથી સ્પષ્ટ ખ્યાલનો વિકાસઃ**

વંચિતોની રોજબરોજની વાસ્તવિક તકલીફોમાંથી કાર્યકર મૂળભૂત સમજ કેળવે છે. જેમાંથી અનેક અનુભવોના પરિણામરૂપે સંકલ્પ સુધી દોરી જનાર કોઠાસૂઝ ઉત્પન્ન થાય છે. સમસ્યાગ્રસ્ત લોકો પોતાના વ્યક્તિગત અનુભવો કે તકલીફોને વૈશ્વિક સ્તરે મૂલવતા થાય છે. તેમના સામાજિક દૃષ્ટિકોણમાં પણ જાગૃત પરિવર્તન આવે છે.

**દૃઢનિર્ધારઃ**

કોઈ પણ આંદોલન શરુ કરવા અને તેને ચાલુ રાખવા કે આગળ ધપાવવા માટે તેની સાથે જોડાયેલા લોકોનો દૃઢનિર્ધાર હોવો ખૂબ જરૂરી છે. દૃઢનિર્ધારના પાયામાં આત્મ-નિર્ભરતા રહેલી છે. એટલે કે અમે અમારા નિર્ણય જાતે કરીશું અને બહારના સ્ત્રોતોની મદદ જરૂર પુરતી જ લઈશું તેવી ભાવના પ્રબળ હોય છે.

**સ્વયંસ્ફૂરણા :**

સામાજિક ક્રિયામાં અસરગ્રસ્ત લોકોમાં રહેલી સમસ્યા ઉકેલ માટેની કોઠાસૂઝનો વ્યવસ્થિત રીતે પૂરો ઉપયોગ કરવામાં આવે છે. જેમાં આંદોલન દરમિયાન સતત થતા લોક-સંપર્ક દ્વારા સમુદાયના લોકોના અનુભવો અને વિચારોને સમજવામાં અને તેનો ઉપયોગ લેવામાં આવે છે. તે આંદોલનને યોગ્ય દિશામાં ક્રિયાશીલતા આપે છે.

**સંગઠનઃ**

સામાજિક ક્રિયામાં કોઈ નિશ્ચિત સમસ્યાના માધ્યમથી અસરગ્રસ્ત લોકો એકબીજા સાથે સંબંધ બાંધીને સંગઠન રચે છે. વારંવાર થતી મિટિંગ અને લોક સંપર્ક તેમાં મહત્ત્વનો ભાગ ભજવે છે. આ રીતે બનતા સંગઠન એક જ નિશ્ચિત ધ્યેય ધરાવે છે. તેમાં બંધારણ કે હોદ્દેદારો નથી હોતા. કાર્યાલય તરીકે લોકો સરળતાથી પહોંચી શકે અને નિસંકોચપણે પોતાની વાત કે સમસ્યાઓ રજૂ કરી શકે તેવું કોઈ સામાન્ય સ્થળ પસંદ કરવામાં આવે છે. આવા સંગઠનો લોકો દ્વારા જાતે જ ઉભા કરાયેલા હોવાથી સ્વતંત્ર અંગ હોઈ આંદોલનમાં ખૂબ મહત્ત્વ ધરાવે છે. તેમાં કાર્યકર અને સંગઠન વચ્ચે ખૂબ સહજ હોય છે. સંગઠનના સભ્યો માહિતીની આપ-લે કરે છે અને જરૂર પડ્યે એકબીજાની પડખે ઉભા રહે છે.

## 2.4 ઉપસંહાર

આ એકમમાં આપણે સામાજિક ક્રિયામાં પ્રતિકાર કરવાની પદ્ધતિઓ જોઈ. જેમાં આપણે સામાજિક ક્રિયા સાથે જોડાયેલા વ્યક્તિઓ કઈ કઈ રીતે પોતાની સમસ્યાઓ/માંગણીઓ સત્તા તંત્ર સામે રજૂ કરે છે તે જોયું. તેના મુખ્ય બે પ્રકાર-અહિંસક અને હિંસક પ્રતિકારની રીતો જોઈ. મહાન તત્ત્વચિંતક તરીકે મહાત્મા ગાંધી અને પાઉલો ફ્રેયર દ્વારા સામાજિક ક્રિયાઓ વિષે આપવામાં આવેલી થીયરીઓ જોઈ. આ રીતે આપણે આ એકમમાં સમજ્યા કે સામાજિક ક્રિયાઓ ખરેખર કેવી રીતે શક્ય બને છે અને લોકો એમાં કઈ રીતે જોડાય છે તથા તેમની સમસ્યાઓને લઈને પ્રતિકાર કરે છે.

## 2.5 આપની પ્રગતિ ચકાસો

(1) દહેજપ્રતિબંધક કાયદો ક્યારે અમલમાં આવ્યો ?

(A) ઈ.સ. 1962 (B) ઈ.સ. 1965

(C) ઈ.સ. 1960 (D) ઈ.સ. 1970

(2) સામાજિક ક્રિયામાં પ્રતિકાર કરવાના વિવિધ રૂપો કેટલા છે ?

(A) ચાર (B) પાંચ

(C) સાત (D) ત્રણ

(3) સામાજિક ક્રિયાની અહિંસાત્મક પદ્ધતિમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) રેલી કે સરઘસ (B) પોસ્ટર પ્રદર્શન

(C) સંશોધન (D) ઉગ્રવાદી પ્રક્રિયા

(4) હિંદ સ્વરાજ ગાંધીજીએ ક્યારે લખ્યું ?

(A) ઈ.સ. 1970 (B) ઈ.સ. 1908

(C) ઈ.સ. 1912 (D) ઈ.સ. 1905

(5) ગાંધીજીએ દાંડીકૂચ ક્યારે શરૂ કરી હતી ?

(A) ઈ.સ. 1930 (B) ઈ.સ. 1908

(C) ઈ.સ. 1920 (D) ઈ.સ. 1921

(6) પાઉલો ફ્રેયરનો જન્મ ક્યારે થયો હતો ?

(A) ઈ.સ. 1925 (B) ઈ.સ. 1938

(C) ઈ.સ. 1927 (D) ઈ.સ. 1921

(7) સંચેતનાકરણના સિદ્ધાંતમાં કોનો સમાવેશ થતો નથી ?

(A) સ્વયંતુ લોકજુવાળ (B) સામુહિક મંથન

(C) ગોપનીયતા (D) સુજ્ઞતાભરી જાગૃતિ

(8) મહાત્મા ગાંધીજીનો જન્મ ક્યાં થયો હતો ?

(A) રાજકોટ (B) ભાવનગર

(C) પોરબંદર (D) જૂનાગઢ

## 2.6 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) ઈ.સ. 1960
2. (D) ત્રણ
3. (D) ઉગ્રવાદી પ્રક્રિયા
4. (B) ઈ.સ. 1908
5. (A) ઈ.સ. 1930
6. (D) ઈ.સ. 1921
7. (C) ગોપનીયતા
8. (C) પોરબંદર

## 2.7 ચાવીરૂપ શબ્દો

**પ્રતિકાર** : વિરોધ કરવો.

**અહિંસાત્મક** : હિંસા ન કરવી તે જેમાં કોઈને કોઈપણ પ્રકારનું નુકસાન ન થાય.

**હડતાલ** : કોઈપણ વિરોધ પ્રદર્શિત કરવા માટે સરકારી, ખાનગી કચેરી દુકાનો કૉલેજો બંધ રાખવી.

**સંચેતનાકરણ** : સામાજિક, આર્થિક અને રાજકીય ક્ષેત્રે દમનકારી તત્ત્વોને સમજી વર્તમાન જગતની પરિસ્થિતિ સમજવી.

## 2.8 સ્વાધ્યાય લેખન

1. સામાજિક ક્રિયામાં પ્રતિકારની વિવિધ રીતો સમજાવો.

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

....................................................................................................

2. સામાજિક ક્રિયા માટેની ગાંધીજીની થીયરીને સમજાવો.

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

3. પાઉલો ફ્રેયરે સામાજિક ક્રિયા માટે આપેલો સંચેતનાકરણનો સિદ્ધાંત સમજાવો.

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

.....................................................................................................

## 2.9 પ્રવૃત્તિ

1. ગાંધીઆશ્રમની મુલાકાત લઈને ગાંધીજીના સામાજિક ક્રિયા અંગેના વિચારોની નોંધ કરો.
2. સામાજિક આંદોલન સમયે પ્રતિકારના વિવિધ રૂપોની સૂચિ તૈયાર કરવી.

## 2.10 કેસસ્ટડી

1. સામાજિક ક્રિયામાં પાઉલો ફ્રેયરના સિદ્ધાંતનું વર્ણન કરો.
2. ભારતમાં સામાજીક આંદોલનના સંદર્ભમાં ગાંધીજીના કોઈપણ બે પ્રસંગ વિસ્તૃતમાં વર્ણવો.

## 2.11 સંદર્ભગ્રંથ


(1) Freire Paulo, 1988, Pedagogy of the oppressed.

(2) Siddiqui H.Y.((1984), Social Work And Social Action, Harnam Publication, Delhi.

(3) ડૉ.ચાવડા ગીતા(2008),વ્યવસાયિક સમાજકાર્ય, લોક પ્રકાશન, લોકનિકેતન, બનાસકાંઠા.

(4) ડૉ.ચાવડા ગીતા,સામુદાયિક સંગઠન, લોક પ્રકાશન, લોકનિકેતન, રતનપુર, બનાસકાંઠા.

(5) દેસાઈ મગનભાઈ પ્રભુભાઈ(1948), સત્યાગ્રહની મીમાંસા, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

(6) દેસાઈ નારાયણ(1975), અહિંસક પ્રતિકારની પદ્ધતિઓ, પ્રકાશકઃ ભાઈદાસ પરીખ.

# એકમ-3 સામાજિક આંદોલનો માટે સામાજિક ક્રિયાની રણનીતિઓ

એકમનું માળખુંઃ


3.0 એકમના હેતુઓ

3.1 પ્રસ્તાવના

3.2 સામાજિક આંદોલનો કરવા માટે સામાજિક ક્રિયાની રણનીતિઓ

3.3 ઉપસંહાર

3.4 આપની પ્રગતિ ચકાસો

3.5 આપની પ્રગતિ ચકાસોના જવાબો

3.6 ચાવીરૂપ શબ્દો

3.7 સ્વાધ્યાય લેખન

3.8 પ્રવૃત્તિ

3.9 કેસસ્ટડી

3.10 સંદર્ભસૂચિ


## 3.0 એકમના હેતુઓ

– આ એકમના અભ્યાસ દ્વારા વિદ્યાર્થીઓને સામાજિક આંદોલનો માટે મહત્ત્વરૂપ સામાજિક ક્રિયાની વિવિધ રણનીતિઓ અંગે જાણકારી પ્રાપ્ત થશે.

## 3.1 પ્રસ્તાવના

રણનીતિ એટલે સરળ શબ્દોમાં કહીએ તો ચોક્કસ લક્ષ્ય પૂર્ણ કરવા માટેનું પૂર્વ અને પૂર્ણ આયોજન. એક આદર્શ અને સાર્થક રણનીતિ એને જ કહેવાય જે રણનીતિનો ઉપયોગ અહિંસાત્મક રીતે લોકોને તેમની સમસ્યાઓ પ્રત્યે જાગૃત કરી, સંગઠિત કરીને સામાજિક વ્યવસ્થામાં પરિવર્તન લાવવા માટે કરવામાં આવે છે. કોઈ પણ પ્રક્રિયામાં તેને સફળ કરવાની રણનીતિ કે ટેક્નિક ના હોય તો તે વૈજ્ઞાનિક રીતની પ્રક્રિયા ના કહી શકાય. સમાજકાર્ય સામાજિક વિજ્ઞાન હોવાથી સામાજિક ક્રિયામાં પણ આ વાત લાગુ પડે છે. આમ, સામાજિક ક્રિયાને સફળ બનાવવા માટે કેટલીક રણનીતિઓ અને તેનું યોગ્ય આયોજન કરવામાં આવે છે. જે આપણે અહીં વિસ્તૃતમાં સમજીએ.

સમુદાયને ઉપલબ્ધ આંતરિક કે બાહ્ય સાધનોનો ક્યારે કેટલા પ્રમાણમાં ઉપયોગ કરવો તે નક્કી કરવામાં આવે છે. તે માટે તેઓ કોઈ વિશેષજ્ઞની પણ સલાહ લે છે. સામાજિક ક્રિયાની સફળતા કે નિષ્ફળતા એ તેની સાથે જોડાયેલા લોકોના વ્યક્તિગત અને સામૂહિક પ્રયત્નો પર આધાર રાખે છે. સામાજિક ક્રિયામાં અસરગ્રસ્ત જનસમુદાયના લોકો સાથે મળીને સમસ્યાના સમાધાન માટેના ઉપાયો નક્કી કરે છે. ત્યાર બાદ તેને સફળ કેવી રીતે બનાવી શકાય તેની પ્રક્રિયા અને પગલાઓ નક્કી કરવામાં આવે છે. સામાજિક ક્રિયાની પ્રક્રિયામાં સહયોગ, વાટાઘાટ, મધ્યસ્થી, વિવાદ, સૂચનો વગેરે દૃષ્ટિપાત થાય છે. સત્તાપક્ષના વિરોધમાં લોકો

પોતાનો અસંતોષ દર્શાવવા માટે ધરણા, રેલી, ભૂખ હડતાલ, હડતાલ, નારાબાજી, સામૂહિક બહિષ્કાર વગેરે યુક્તિઓનો ઉપયોગ કરે છે. સામાજિક ક્રિયામાં રણનીતિની જટિલતા એ સમસ્યાની તીવ્રતા ઉપર આધાર રાખે છે.

## 3.2 સામાજિક આંદોલનો કરવા માટે સામાજિક ક્રિયાની રણનીતિઓ

### 3.2.1 રણનીતિનું આયોજનઃ

સામાજિક ક્રિયાની પ્રક્રિયામાં સૌથી મહત્ત્વની બાબત તેનું આયોજન છે. આયોજન દ્વારા અંદોલનને સફળ બનાવવા માટેની એક નક્કર રૂપરેખા તૈયાર કરવામાં આવે છે. તેની પદ્ધતિ અને તેના સારા નરસા પરિણામો વિશેનું અનુમાન કરવામાં આયોજનનું ખૂબ મહત્ત્વ છે. સામાજિક ક્રિયાના આયોજનમાં મોટે ભાગે જે-તે સમસ્યાનું સ્વરૂપ, તેના મૂળ કારણો, તે દૂર કરવાના ઉપાયો, ઉપલભ્ય સંસાધનો અને માનવ બળ, તેને સંલગ્ન ડેટા, વગેરે બાબતોને સાંકળી લેવામાં આવે છે. આ બધી જ બાબતોનું યોગ્ય વિશ્લેષણ કરવામાં આવે છે.

આયોજન પ્રક્રિયાનો આરંભ સમસ્યાના મૂળ દ્વારા પ્રાપ્ત થતી માહિતીના એકત્રીકરણથી થાય છે. સમસ્યાના કારણો, તેને અસર કરતા પરિબળો, સમસ્યાની ગંભીરતા અને મર્યાદા, તેનો અસરગ્રસ્ત જનસમુદાય, સમુદાયની સામાજિક, આર્થિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ તથા સમુદાયની જરૂરિયાતો અને અપેક્ષાઓને ધ્યાનમાં લેવામાં આવે છે. આયોજન બનાવવા માટેની પણ એક ચોક્કસ પ્રક્રિયા હોય છે. સામાજિક ક્રિયાની રણનીતિ સંદર્ભે તેના તબક્કો આ પ્રમાણે છેઃ

**પરિસ્થિતિનું વિશ્લેષણઃ**

સૌપ્રથમ પરિસ્થિતિનું વિશ્લેષણ કરવામાં આવે છે. પરિસ્થિતિનું વિશ્લેષણ કરવાથી સમસ્યાગ્રસ્ત વાતાવરણનું સ્પષ્ટ અને વિશાળ ચિત્ર ઉભું થાય છે. રણનીતિ બનાવવા માટે સમસ્યાની ઓળખ કરવી અને તેના દરેક પાસા સમજવા ખૂબ જરૂરી છે. કારણ કે સમસ્યાની ઓળખના આધારે જ તેના કારણો અને આગળનું સંશોધન કરવાનું હોય છે અને તેના માધ્યમથી સમસ્યાને અસર કરતા રાજકીય, આર્થિક, સંસ્થાકીય, સામાજિક પરિસ્થિતિ અને નાગરિકોને મળતી સુવિધાઓની માહિતી મેળવી શકાય છે તથા સમસ્યાનો વ્યાપ-વિસ્તાર સમજી શકાય છે. કેટલા લોકોને અને કેટલા પ્રમાણમાં તે સમસ્યા અસર કરે છે તે સમજી શકાય છે. આમ, સમસ્યાને અસર કરતા દરેક પરિબળોની પરિસ્થિતિ જાણીને તેનું યોગ્ય વિશ્લેષણ કરવામાં આવે છે.

**સમસ્યાનું વિશ્લેષણઃ**

અહી માત્ર સમસ્યાના મૂળનું જ વિશ્લેષણ નહિ પરંતુ એનાથી પ્રભાવિત પરિસ્થિતિઓનું પણ વિશ્લેષણ કરવામાં આવે છે. સમસ્યાના મૂળ કારણો અને તેની સાથે સંકળાયેલા અને સમસ્યાગ્રસ્ત બનેલ જનસમુદાય વિશે સંપૂર્ણ માહિતી લઇ તેનું વિશ્લેષણ કરવામાં આવે છે.સમસ્યાનું વિશ્લેષણ તેના કારણો પર આધારિત હોય છે. ઉદાહરણ તરીકે કોઈ શાળામાં કિશોરીઓનો અધુરો અભ્યાસ છોડવાનું પ્રમાણ(ડ્રોપ-આઉટ રેશિયો) વધુ હોય તો આપણને દેખીતી રીતે એવું લાગે કે માતા પિતા તેમની દીકરીઓને ભણાવવામાં રસ દાખવતા નથી પરંતુ તેનું કારણ તે શાળામાં શૌચાલયની સુવિધા ના હોવાનું પણ હોઈ શકે. અહિ સમસ્યાનું વિશ્લેષણ કરતી વખતે સમસ્યાગ્રસ્ત લોકોની ભાગીદારી ખૂબ જરૂરી છે. કારણ કે, સમુદાયના કોઈ નેતા કે સામાજિક કાર્યકર બૌદ્ધિક રીતે વિશ્લેષણ કરે તે યોગ્ય ના પણ હોઈ શકે.

**સંસાધનોનું વિશ્લેષણઃ**

તેમાં જે તે સમુદાયમાંથી સમસ્યા નિવારણ માટે ઉપયોગમાં લઈ શકાય તેવા સંસાધનો કયા છે, કેટલા પ્રમાણમાં પ્રાપ્ય છે તેનું વિશ્લેષણ કરવામાં આવે છે. તેમાંથી ઉપલબ્ધ અને અનુપલબ્ધ કયા છે તે નક્કી કરવામાં આવે છે. આ સંસધાનોમાં માનવબળ, આર્થિક, સામાજિક, ભૌતિક, રાજકીય અને તક્નિકી સંસાધનોનો પણ સમાવેશ થાય છે. અહી એ જનસમૂહની ઓળખ કરાવી આવશ્યક બને છે જે લોકો પાસે ઉપરોક્ત સંસાધનો ઉપલબ્ધ હોય. કારણ કે આ સંસાધનોની વંચિત સમુદાયો પાસે અછત જોવા મળે છે અને જે વંચિત સમુદાય માટે સામાજિક ક્રિયાની શરૂઆત કરવામાં આવે છે તેમના વિકાસ માટે આ પ્રકારના સંસાધનોના રાજકીય સ્તરે વિતરણ જરૂરી હોય છે.

**સંબંધિત કારકોનું વિશ્લેષણઃ**

સંબંધિત પક્ષોનું વિશ્લેષણ મધ્યસ્થીના કેન્દ્રબિન્દુઓને વધુ ગતિશીલ બનાવવા તથા ક્રિયાન્વિત કરવા માટે યોગ્ય ઉપયોગી રણનીતિ તૈયાર કરવા માટેની મહત્ત્વની રણનીતિ છે. સંબંધિત પક્ષોનું વિશ્લેષણ બધા જ સંબંધિત જૂથો જેમ કે, લક્ષ્યાંકિત સમૂહ, સીધા કે પ્રત્યક્ષ લાભાર્થી તથા છેવાડાના લાભાર્થીઓ માટે સામાજિક કાર્યકરને સૂચના ઉપલબ્ધ કરાવે છે. અનુકૂળતા કે પ્રતિકૂળતાનું વિશ્લેષણ સમસ્યાગ્રસ્ત સમૂહની ઓળખ પરથી થાય છે. અથવા તો પરિસ્થિતિને પ્રભાવિત કરનાર સમૂહની ઓળખથી થાય છે. તેમાં મુખ્યત્વે વંચિત જૂથોનો સમાવેશ થાય છે. અથવા તો ઉપયોગી સહયોગીઓની ઓળખથી થાય છે. જેમ કે ઈલેક્ટ્રોનિક અથવા પ્રિન્ટ મીડિયા, વગેરે. આ પક્ષોને તેમની અનુકૂળતા અથવા પ્રતિકૂળતાના સ્તર પ્રમાણે ક્રમબદ્ધ કરવામાં આવે છે. જેમ કે, અત્યંત અનુકૂળ, અનુકૂળ, અનિશ્ચિત, પ્રતિકૂળ અને અત્યંત પ્રતિકૂળ. ત્યાર બાદ આ સંબંધિત કારકોના હિતો અને અપેક્ષાઓની ઓળખ કરી, તેમની ક્ષમતા અને તેમના તરફથી મળનારા સંભવિત યોગદાનનું આકલન કરવામાં આવે છે.

**SWOT વિશ્લેષણઃ**

આપણે જાણીએ છીએ કે SWOT એટલે Strength(શક્તિ); Weekness (નબળાઈ); Opportunity(તક); Threat(પડકાર). આ વિશ્લેષણ એ સંબંધિત કારકોના વિશ્લેષણ સાથે જ ચાલે છે. તેના દ્વારા લક્ષ્ય પ્રાપ્તિ માટે તૈયાર કરવામાં આવતી મધ્યસ્થતાની પ્રક્રિયામાં વિસ્તૃત ખ્યાલનો ઉમેરો થાય છે. મુખ્ય કાર્યકર્તા કે નેતા વિશ્લેષણ કરે છે કે તેમના વિરોધીઓની તુલનામાં તેમની પાસે કેટલી તાકાત છે, નબળાઈ કઈ છે, કઈ તકો પ્રાપ્ત થશે અને તેમાં પડકારો કયા છે. અને તે ધ્યાનમાં રાખીને મધ્યસ્થીની રણનીતિ તૈયાર કરવામાં આવે છે.

રણનીતિનું આયોજન એ ખૂબ મહત્ત્વપૂર્ણ અને પાયાની બાબત છે. કારણ કે અહિયાં મધ્યસ્થીની સફળતા અને નિષ્ફળતાનો આધાર રણનીતિના આયોજન પર રહેલો છે. જો આયોજનની શરૂઆતના તબક્કામાં જ સમસ્યાની ઓળખ કે અર્થઘટન ખોટું થયું હોય અથવા સમસ્યાગ્રસ્ત પરિસ્થિતિની વાસ્તવિકતા પર પુરતું ધ્યાન આપવામાં ના આવ્યું હોય, અથવા સમસ્યા ઉભી કરનાર પરિબળોની શક્તિઓ તથા નબળાઈઓને નજર અંદાજ કરવામાં આવી હોય તો સામાજિક ક્રિયાની સફળતાની સંભાવના ઘટી જાય છે.

સામાજિક ક્રિયાની અવધારણા તથા રણનીતિના આયોજનના અભ્યાસ બાદ સામાજિક કાર્યકર પાસે સમાજકાર્ય માટે કેટલીક જરૂરી કુશળતાઓનો અભ્યાસ જરૂરી છે. આ કુશળતાઓ અન્ય સામાજિક કુશળતાઓ કરતા બિલકુલ અલગ છે. રણનીતિના આયોજનના તબક્કામાં આયોજન કરનાર વ્યક્તિમાં કેટલીક મહત્ત્વની કુશળતા હોવી જરૂરી હોય છે. જો આયોજકમાં

આ કુશળતાઓની ઊણપ જણાય તો સફળ રણનીતિનું આયોજન ખામી કે ઊણપવાળું બને છે. અહી આપણે તેને ટૂંકમાં સમજવાનો પ્રયત્ન કરીએ.

**(1) સ્થિતિ અને સમસ્યાના અવલોકનની કુશળતાઃ**

રણનીતિના આયોજન વખતે સ્થિતિ અને સમસ્યાની ઓળખ કરવાની કુશળતા હોવી જોઈએ તથા આ સમસ્યાની ઓળખ કર્યા બાદ સમસ્યાનું અવલોકન ચોક્કસ અને સચોટ રીતે કરવાની કુશળતા હોવી જોઈએ. જો સ્થિતિ અને સમસ્યાના અવલોકનની કુશળતામાં ખામી હોય તો સમસ્યાનું ચોક્કસ નિદાન કરવાની રણનીતિ આયોજન વખતે બનાવી શકાતી નથી.

**(2) વિશ્લેષણ કરવાની કુશળતાઃ**

સમસ્યાની ઓળખ કરી સમસ્યાનું અવલોકન કર્યા બાદ સમસ્યાનું વિશ્લેષણ કરવાની પ્રક્રિયા મહત્ત્વની હોય છે. કેટલીક વખત પ્રથમદર્શીય સમસ્યાની સાથે ઘણી નાની-મોટી સમસ્યાઓ પણ જોડાયેલી હોય છે. જે સીધી રીતે દેખાતી નથી પણ મૂળ સમસ્યાનું વિશ્લેષણ કરવાથી આ પ્રકારની બીજી સમસ્યાઓ પણ ધ્યાનમાં આવે છે. આથી જો સામાજિક કાર્યકરમાં રણનીતિના આયોજન વખતે સમસ્યાના વિશ્લેષણમાં કચાશ રહી જાય તો તેની વિપરીત અસર સામાજિક ક્રિયાની સફળતા પર પડે છે.

**(3) માહિતી મેળવવાની કુશળતાઃ**

સામાજિક ક્રિયાની રણનીતિ ઘડતી વખતે સમસ્યાની તથા સમસ્યાગ્રસ્ત લોકોની ચોક્કસ અને પૂરી માહિતી હોવી જોઈએ. જેમ કે, સમસ્યા કેવા પ્રકારની છે ?, સમસ્યાને અસર કરતા જન સમુદાયની આર્થિક, સામાજિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ શું છે ? સમસ્યાનો વ્યાપ કેટલો છે ? વગેરે. આમ, કેટલીક જરૂરી માહિતીના આધારે જ રણનીતિના આયોજન વખતે સમસ્યા નિવારણ માટે ચોક્કસ પગલાં વિચારી શકાય છે. આમ, સામાજિક કાર્યકરમાં માહિતી મેળવવાની કુશળતા પણ અત્યંત જરૂરી છે.

**(4) સંશોધનની કુશળતાઃ**

રણનીતિના આયોજન વખતે સમાજકાર્યકરમાં સંશોધનની કુશળતા પણ આવશ્યક છે. જેમાં સમસ્યાના મૂળ કારણો અને તેના નિવારણના ઉપાયો અને એને માટે સંસાધનો ક્યાંથી ઉપલબ્ધ કરાવી શકાશે તે વિશે વિચાર કરવામાં આવે છે. આ સિવાય નિશ્ચિત આંકડાકીય માહિતીના આધારે પણ સમસ્યા અને તેના ઉપાય વિષે સંશોધન કરવામાં આવે છે. આમ, આ તમામ પ્રક્રિયામાં કાર્યકર માટે સંશોધનની કુશળતા અનિવાર્ય છે.

**(5) સમસ્યાગ્રસ્ત લોકોને એમની સમસ્યા તથા એના સંભવિત ઉપચારની ઓળખ કરાવવાની કુશળતાઃ**

સમસ્યાગ્રસ્ત લોકોને સમાજકાર્યકર તેમની સમસ્યા, તેના કારણો અને તેના પરિણામોથી વાકેફ કરે છે. કાર્યકર લોકોને સંશોધન દ્વારા પ્રાપ્ત થયેલ ચોક્કસ આંકડાકીય માહિતીથી પણ માહિતગાર કરે છે. ત્યારબાદ લોકો પાસેથી તે દૂર કરવાના ઉપાયો કે સુઝાવ અંગે ચર્ચા કરે છે. સમાજકાર્યકર પાસે આ કુશળતા હોવી જરૂરી છે.

**(6) સંબંધિત પક્ષોનું વિશ્લેષણ કરી એમની પ્રસ્તુતતાની કુશળતાઃ**

સંબંધિત પક્ષોનું યોગ્ય વિશ્લેષણ કર્યા બાદ સામાજિક ક્રિયામાં તેમની સહભાગિતા વધુ સારી રીતે કેવી રીતે વાપરી શકાય, કેટલા પ્રમાણમાં વાપરી શકાય તે માટે યોગ્ય આયોજન કરવા માટેની કુશળતા હોવી જોઈએ.

આમ, ઉપરોક્ત દર્શાવેલ કેટલીક એવી મહત્ત્વની કુશળતાઓ છે જેમની જરૂરિયાત રણનીતિના આયોજનના તબક્કે હોય છે. જેનાથી સામાજિક ક્રિયાની ચોક્કસ દિશા નક્કી કરવામાં પણ મદદ મળે છે.

વિદ્યાર્થી મિત્રો, આપણે રણનીતિનું સંચાલન અને સમુદાયની સમસ્યાની રજૂઆત કરવાના મુખ્ય મુદ્દાઓ જોઈએ:

**રણનીતિનું સંચાલનઃ**

રણનીતિના સંચાલનનો ઉદ્દેશ તેવા લોકોને પ્રભાવિત કરવો કે જેમની પાસે સામાજિક, આર્થિક અને રાજકીય શક્તિ છે. જેની મદદથી વંચિત સમૂહનાં જીવનમાં હકારાત્મક પરિવર્તન લાવવા માટે સંસાધનોનું પુનઃવિતરણ સરળ બનાવી શક્ય આ પ્રકારની રણનીતિમાં સર્વ સહમતી મેળવવી(સહી ઝુંબેશ જેવા માધ્યમથી), સમુદાયના લોકોનું સંચાલન અને નેતૃત્વ કરવું, મધ્યસ્થતા, સવિનય અસહકાર, હડતાલ, ધરણા, રેલી, વિરોધ પ્રદર્શન, નારેબાજી, વગેરે જેવા પ્રયત્નો કરવામાં આવે છે. સંચાલક રણનીતિનો ઉપયોગ વંચિત જૂથોને તેમના શોષણ અને સમસ્યાની સામે અવાજ ઉઠાવી શકવા માટે તૈયાર કરવા માટે વપરાય છે. સામાજિક ક્રિયાની પ્રક્રિયામાં સમુદાયના લોકોની સક્રિય ભાગીદારી અને વિશ્વાસ હોવા એ સંચાલનમાં ખૂબ જ મહત્ત્વનું છે.

**હિમાયતી રણનીતિઃ**

હિમાયતી/વકાલત માટેની રણનીતિને સામાજિક ક્રિયાની પ્રમુખ રણનીતિ માનવામાં આવે છે. વાસ્તવમાં તે વિવિધ સામાજિક એજન્સીઓ(સંસ્થાઓ) વચ્ચેના સંબંધો અને રાજકીય સંબંધોને પ્રભાવિત કરવા/અસર કરવા માટે હોય છે. તે છેવાડાના સમુદાય વતી અવાજ ઉઠાવવાની પ્રક્રિયા છે. જેમની પાસે આર્થિક અને રાજકીય શક્તિનો અભાવ હોય છે, જેમનો અવાજ સત્તાધીશો સુધી પહોંચી શકતો નથી અને જેમને મદદની જરૂર છે તેમના માટે વકાલત કરવામાં આવે છે. વકાલતની સફળ રણનીતિ, યુક્તિઓ, નેતાઓ, કાર્યકર્તાની ક્ષમતાઓ, સમસ્યાની સમાજ, નીતિ-નિયમો, મીડિયા, વગેરે સંસાધનોના સચોટ ઉપયોગ પર નિર્ભર હોય છે. વકાલત એ વિશેષજ્ઞ અને પ્રતિબદ્ધ લોકો દ્વારા ઉપયોગમાં લેવાતું દરમ્યાનગીરી માટેનું મોટું સાધન છે.

વકાલતનો આરંભ સમસ્યાગ્રસ્ત લોકોને જાગૃત કરીને સંગઠિત કરવાથી થાય છે. તેમાં ચર્ચાઓ દ્વારા લોકોને જાગૃત કરીને એક લોકમત ઉભો કરવામાં આવે છે. આ પ્રક્રિયા દ્વારા સમસ્યા અને સંસાધનો સ્પષ્ટ થાય છે, જેનાથી લોકોમાં ફક્ત જ્ઞાન જ નહિ પરંતુ સમસ્યાઓ પ્રત્યે આંતરદૃષ્ટિ વિકસિત થાય છે. તેના માટે વિવિધ વ્યવસ્થાઓનું જ્ઞાન હોવું જોઈએ. એ વ્યવસ્થાની ઔપચારિક કે અનૌપચારિક રચના, તેને પ્રભાવિત કરનારા પરિબળો, વગેરે વિશેની મહત્તમ માહિતી હોવી જોઈએ.

વકીલાત અનેક વિષયમાં કરી શકાય છે. જેમ કે, અંગત જીવન, પારિવારિક સ્તર પર (સ્ત્રી-પુરુષ ભેદભાવ, બાળ શોષણ, વૃદ્ધોનું શોષણ, પરિવારમાં સંસાધનોનું અસામાન વિતરણ, વગેરે), સામુદાયિક સ્તર પર (સમુદાય સાથે જોડાયેલા મુદ્દા સમુદાયના કોઈ એક વર્ગનું શોષણ તથા જાતિ, ધર્મ, વંશના કારણે ઉભા થયેલા ભેદભાવો, વગેરે), મૂળભૂત જરૂરિયાતોની બાબતોમાં રાજ્ય કે રાષ્ટ્રીય સત્ર પર (વિવિધ યોજનાઓ, નીતિઓ, રાજકીય પ્રતિનિધિત્વ, વગેરે સમાનતા કે સામાજિક ન્યાયના રૂપમાં ના હોય) વગેરે. એક સ્તરે લેવામાં આવેલા નિર્ણયો અને પ્રક્રિયાની અસર અન્ય બાબતો પર પણ પડી શકે છે. તેથી લાંબાગાળાના ધાર્યા પરિવર્તનો માટે એકથી

વધારે બાબતો પર એક સાથે વકાલત કરાવી જોઈએ. દા.ત.બાળમજૂરીના મુદ્દે આપને વકાલત કરતા હોઈએ તો સાથે સાથે પ્રાથમિક શિક્ષણની વ્યવસ્થાની પણ વકાલત થવી જોઈએ.

**• વકાલતના પ્રકાર**

વકાલતના મુખ્ય ત્રણ પ્રકાર ગણાવી શકાયઃ

**કાનૂની હિમાયતઃ**

તેનો ઉદ્દેશ કાયદાની પ્રક્રિયાને પ્રભાવિત કરી નવા કાયદાઓ કે વિધાનોની ભલામણ કરવા, વર્તમાન કાયદાઓમાં સંશોધન કરવા, સ્વીકૃત વાત હુકમ કે રૅકોર્ડ જે બંધારણ કે કાયદાના વિરોધમાં હોય તેઓ વિરોધ કરવાનો હોય છે. આ પ્રક્રિયા મોટેભાગે સંસદ કે વિધાનસભામાં નીતિ બનાવનારા દ્વારા ઉપયોગમાં લેવામાં આવે છે. તેના આધારે નવા કાયદા કે નીતિ-નિયમો બને છે, જુનામાં સુધારા થઈ શકે છે. આ પ્રક્રિયા માટે મુલતવી પ્રસ્તાવ, સંસદીય વિશેષાધિકારોનું ઉલંઘન, ચર્ચા, અવિશ્વાસનો પ્રસ્તાવ, વિનંતી પત્ર વગેરેનો ઉપયોગ થઈ શકે છે.

**નોકરશાહીની વકાલતઃ**

કેટલીક વાર જડ નોકરશાહી, સરમુખત્યારશાહી વંચિત લોકો માટેની નીતિ અને યોજનાઓને અમલ કરવામાં નડતરરૂપ બને છે. તેથી તેની સામે અવાજ ઉઠાવવો જરૂરી બને છે. હાલના સમયમાં નોકરશાહીના નકારાત્મક પાસાઓ સામે લડવામાં, વહીવટી પારદર્શિતા લાવવા અને જવાબદારીઓ નક્કી કરવા માટે રાઈટ ટુ ઇન્ફોર્મેશન(માહિતી મેળવવાનો અધિકાર) કાયદાને એક સશક્ત સાધન કહી શકાય.

**ન્યાયિક વકાલતઃ**

તેનો મુખ્ય ઉદ્દેશ લોકોના અધિકારો અને હિતોનું સંરક્ષણ, ગરીબ વિરોધી નીતિઓ અને કાર્યક્રમોને પડકારવા, તથા વર્તમાન ન્યાયિક પ્રક્રિયાને વધુ સારી બનાવવા સકારાત્મક પરિવર્તન લાવવાનો છે. તેના માટે લોકોના મુદ્દાઓને તથા સંવૈધાનિક અધિકારો માટે જાહેર હિતની અરજી (Public Interest Litigation)ના માધ્યમથી ન્યાય તંત્ર સામે રજૂ કરવામાં આવે છે. તે ઉપરાંત ગઠબંધન અને નૅટવર્કિંગ કરવામાં આવે છે. તેના દ્વારા એવા સમૂહોનું નિર્માણ થાય છે જે નિશ્ચિત ઉદ્દેશ્યો અને નિશ્ચિત લક્ષ્યને પૂર્ણ કરવા માટે એકજૂથ થાય છે. કોઈ પણ વકાલત ત્યારે જ સફળ થાય છે જયારે તેમાં વધુ ને વધુ લોકો જોડાય. જુદા જુદા પ્રકારના સમૂહો પણ વકીલાતની સફળતામાં સહાયક બને છે. (જેમ કે સ્ત્રીઓ, યુવાનો, વગેરે) આવા સમૂહો સ્થાયી, અસ્થાયી, ઔપચારિક કે અનૌપચારિક હોઈ શકે.

**મીડિયાઃ**

મીડિયાનો સામાજિક ક્રિયામાં ઉપયોગ કરવો એ આજના સમયમાં સૌથી લોકપ્રિય રણનીતિ છે. સામાજિક ક્રિયાના ઉદ્દેશ્યોને પૂર્ણ કરવા માટે કરવામાં આવેલ મીડિયાના ઉપયોગને મીડિયાની વકાલત કહેવાય છે. તેમાં રેડિયો, ટીવી, સમાચારપત્ર, ઈન્ટરનેટ તથા શેરી નાટક, વાર્તા, ભાષણોનો પ્રસાર વગેરે માધ્યમોનો ઉપયોગ વકાલત/હિમાયત કરવા માટે કરવામાં આવે છે. તેના ઉપયોગથી વધુને વધુ લોકો સુધી પહોચી શકાય છે અને લોકોને જાગૃત કરી આપણી હિમાયત સાથે જોડી શકાય છે. મીડિયા વકાલતનો ઉપયોગ માત્ર નીતિ ઘડતા લોકો કે નોકરશાહી વ્યવસ્થા પર દબાવ નાખવા માટે જ નહિ પરંતુ વિશાળ જનમત તૈયાર કરવાના ઉદ્દેશથી સામાન્યમાં સામાન્ય માણસને સામાજિક ક્રિયામાં જોડવાનો છે. તેની સૌથી સારી બાબત એ છે કે સામાન્ય લોકો પણ ઓછા ખર્ચથી તેનો ઉપયોગ કરી શકે છે.

**સંવાદઃ**

તેના ઉપયોગથી કાર્યકર સમુદાયની સમસ્યાઓને સત્તાધીશો કે અધિકારીઓ સુધી પહોંચાડે છે. કાર્યકર પાસે ક્યારે કયા શબ્દો વાપરવા તેનું યોગ્ય જ્ઞાન હોય છે. સંવાદ કે વાટાઘાટનો ઉપયોગ તે સામાજિક ક્રિયાને સફળ બનાવવા માટે કરે છે. તેના માટે પોસ્ટર પ્રદર્શન, નાટક, સમૂહચર્ચા, ગ્રુપ મિટિંગ, રેડિયો, ટેલીવિઝન, સમાચાર-પત્રો, ઈ-મેઈલ, ઈંટરનેટ વગેરે માધ્યમનો ઉપયોગ કરીને સમુદાયની વાત રજૂ કરે છે.

**સામાજિક ક્રિયાની રણનીતિના પ્રકારઃ**

સામુદાયિક સંગઠનથી જે સમસ્યાનો હલ ના આવી સકતો હોય તેમાં સામાજિક ક્રિયાની જરૂર પડે છે. તેના દ્વારા એક સ્પષ્ટ લોકમત ઉભો કરવામાં આવે છે અને વિવિધ સામાજિક નીતિમાં યોગ્ય પરિવર્તન લાવવામાં આવે છે. લી(Lee) દ્વારા સામાજિક ક્રિયાના ત્રણ પ્રકાર પાડવામાં આવ્યા છે, તે આપણે વિસ્તૃતમાં જોઈએઃ

**(1) સહયોગની રણનીતિઃ**

આ પ્રકારની રણનીતિમાં તેવું માનવામાં આવે છે કે દરેક સમસ્યાના સમાધાન માટે લડાયક કે સંઘર્ષાત્મક રણનીતિનો ઉપયોગ કરવો જરૂરી નથી. ઘણી વખત પ્રશ્નોની યોગ્ય રજૂઆત અને વાતચીત દ્વારા પણ સમસ્યાનું સમાધાન શક્ય બને છે. તેના દ્વારા કાર્યકર સમસ્યા સમાધાન માટે નીતિ બનાવવા કે સુધારવા માટે સ્થાનિક, રાજયકક્ષા અને રાષ્ટ્રકક્ષાના તંત્ર અને સત્તાધિકારીઓનો સહયોગ માંગે છે. આ પ્રકારની રણનીતિનું મુખ્ય તથ્ય કાર્યકર અને સત્તાધીકારીના મૂલ્યો અને અભિરુચિમાં સરખાપણું છે. એટલે કે બંને પક્ષકારો સમસ્યાના સમાધાન માટે સરખો જ મત ધરાવે છે. બંને પક્ષકારો માને છે કે તેનાથી પૈસા અને શક્તિ વેડફાતી બચી શકે છે અને સમસ્યાનું નિવારણ પણ આવી શકે છે. આમ, બંને સમાજકાર્યકર અને સત્તાધિકારી બંને સમસ્યાના ઉકેલમાં રસ દાખવે છે અને સંમત થાય છે. સમસ્યાગ્રસ્ત લોકો સ્વીકારે છે કે આ રણનીતિ તેમની સમસ્યાના ઉકેલ માટે કે તેમના કલ્યાણ માટે છે. તેવી જ રીતે સત્તાધિકારી પણ સ્વીકારે છે કે લોકોની સમસ્યા દૂર કરાવી એ તેમનું જ કામ છે. તો જ બંને પક્ષો સહકાર અને સહયોગ આપવા રાજી થાય છે. આમ, આ પ્રકારની રણનીતિ શાંતિપૂર્ણ ઉપાયોના માધ્યમથી સામાજિક સંરચનામાં ઇચ્છિત કલ્યાણકારી પરિવર્તન લાવવા માટે ઉપયોગમાં લેવામાં આવે છે.

**(2) પ્રતિસ્પર્ધાની રણનીતિઃ**

આ પ્રકારની રણનીતિમાં સમાજકાર્યકર તંત્ર અથવા સત્તાધિકારી પક્ષ સાથે સમસ્યાના મુદ્દે દલીલ-વિવાદ-વરોધ કરે છે. વાટાઘાટો દ્વારા તે મંત્રાણા અને સોદો કરે છે. અહી કાર્યકર સમસ્યા નિરાકરણ માટે સમુદાયના મતને માન્ય કરાવવા માટે તંત્ર કે અધિકારી પર જરૂર પડ્યે દબાણ લાવવાના પ્રયત્ન પણ કરે છે. જેમ કે, પ્રચાર-પ્રસારનાં માધ્યમથી લોકોને સંગઠિત કરીને રજૂઆત માટે સાથે લઇ જવા, વારંવાર લેખિત અરજીઓ કરવી, ભાષણ, નારેબાજી કરવી, RTI કાયદાનો ઉપયોગ, વગેરે માધ્યમોની ઉપયોગ કરીને તીવ્ર વિરોધ દર્શાવે છે. આ રીતે કાર્યકર અને સમુદાયના લોકો નીતિમાં ઇચ્છિત પરિવર્તન લાવવા માટે પ્રયત્નો કરે છે.

**(3) વિક્ષેપ કે વિચ્છેદની રણનીતિઃ**

આ પ્રકારની રણનીતિ સૌથી ઘાતકી અભિગમ ધરાવે છે. તેમાં સમુદાયના લોકો પોતાની વાત મનાવવા માટે હડતાલ, બહિષ્કાર, અનશન, ધરણાથી માંડીને રમખાણો, લૂંટ, તોફાનો,

ખાનગી કે જાહેર સંપત્તિને નુકસાન જેવા હિંસક માર્ગ પણ અપનાવે છે. અને તંત્ર ઉપર બળજબરી પૂર્વકનું દબાણ ઉભું કરે છે કે તે સમુદાયની વાત સાથે સંમત થાય. આ પ્રકારની રણનીતિ એક સમાજકાર્યકર માટે ક્યારેય સ્વીકાર્ય ના હોઈ શકે. આ રીતે લીના મતે સમાજકાર્યકર અને સમુદાય દ્વારા ઉપરોક્ત રણનીતિનો ક્રમાનુસાર ઉપયોગ થતો હોય છે. સૌપ્રથમ સહયોગ મેળવવાના પ્રયત્ન, ત્યાર બાદ વાટાઘાટોનો ઉપયોગ અને તેમ છતાં સમસ્યા નિરાકરણ ના આવે તો સામાજિક વિચ્છેદનો માર્ગ અપનાવે છે.

લીએ સામાજિક ક્રિયા માટેની નવ ટેક્નિક પણ દર્શાવી છેઃ

| ક્રમ | ટેક્નિક | સ્તર |
|---|---|---|
| ૧ | અનુસંધાન | સમુદાયના લોકોમાં જાગૃતિ લાવવી |
| ૨ | શિક્ષણ | |
| ૩ | સહયોગ | સંગઠન બનાવવું |
| ૪ | સંગઠન | |
| ૫ | વિવાચન | રણનીતિ |
| ૬ | સમાધાન | |
| ૭ | સૂક્ષ્મ ઉત્પીડન | |
| ૮ | વિધાનના મૂલ્યોને ના માનવું | પ્રક્રિયા |
| ૯ | સંયુક્ત ક્રિયા | |

આમ, લી કહે છે કે, સમાજકાર્યકરની દૃષ્ટિથી સમુદાયના વિકાસ માટે જે ધ્યેય નક્કી કરવામાં આવ્યા હોય તેને અનુરૂપ હોય તે પ્રકારની રણનીતિઓ ઘડવામાં આવે છે અને ટેક્નિકનો ઉપયોગ કરવામાં આવે છે. રિચાર્ડ બ્રયાન્ટએ સામાજિક ક્રિયા માટે બે રણનીતિ દર્શાવી છેઃ

**(1) સોદો કરવોઃ** એટલે કે, સમસ્યાનો લોકોમાં પ્રચાર કરીને જાગૃતિ લાવવી, અરજીઓ કરાવી, માહિતી અને પ્રચાર માટે કેમ્પેઈન કરવા.

**(2) વિવાદ કરવોઃ** એટલે કે હડતાલ, અસહકાર, ધરણા, વગેરે દ્વારા પોતાની સમસ્યા સમાધાન માટે ફરજ પાડવી.

અંતે, લી કહે છે કે સમાજકાર્યકર સામાજિક સુધારણાના હિમાયતી હોય તો સામાજિક ક્રિયાની જરૂર પડતી નથી. ગાંધીજી પણ દઢપણે એવું માને છે કે, વ્યક્તિ એ અન્યાય સામે વિરોધ કરવો જોઈએ, પણ એના માટે અહિંસા અને સત્યાગ્રહનો માર્ગ અપનાવવો જોઈએ.

## 3.3 ઉપસંહારઃ

આપણે આ એકમમાં સામાજિક ક્રિયા માટેની રણનીતિઓ વિશે ઉદાહરણ સાથેની માહિતી મેળવી. આપણે જોયું કે કોઈ પણ સામાજિક કે રાજકીય નીતિ-નિયમો કે વિધાનને બદલવા માટે સામાજિક ક્રિયા કરવામાં તેમાં અપનાવેલી રણનીતિ કેટલો મહત્ત્વનો ભાગ ભજવે છે. જો રણનીતિનું આયોજન યોગ્ય અને પ્રજા દ્વારા સ્વીકાર્ય હોય તો તે સામાજિક ક્રિયાની સફળતા માટેનો પાયો રચે છે. અહી આપણે રણનીતિનું આયોજન અને તેના પ્રકાર વિશે જાણકારી મેળવી. આપણે જોયું કે કોઈ પણ સામાજિક ક્રિયામાં લોકો સીધા જ ઉગ્રવાદી રસ્તાઓ નથી અપનાવતા. સામાન્ય રીતે કોઈ પણ સામાજિક ક્રિયાની શરૂઆતમાં સૌપ્રથમ

પોતાની સમસ્યાની રજૂઆત, ત્યાર બાદ દલીલો કે વાદ-વિવાદ અને દબાણ અને તેમ છતાંય જો તેમની સમસ્યાનો હલ ના આવે તો જ અસરગ્રસ્ત સમુદાયના લોકો ઉગ્ર રસ્તો અપનાવે છે. આમ, કોઈ પણ સામાજિક ક્રિયા માટે તેની રણનીતિ એ ખૂબ જ મહત્ત્વની બાબત છે. રણનીતિ દ્વારા જ સામાજિક ક્રિયાની સફળતા કે નિષ્ફળતા નિર્ભર કરે છે.

## 3.4 આપની પ્રગતિ ચકાસો

(1) સામાજિક ક્રિયાની રણનીતિઓ કુલ કેટલી છે ?

(A) પાંચ (B) સાત

(C) નવ (D) બાર

(2) ચોક્કસ લક્ષ્ય પૂર્ણ કરવા માટેનું પૂર્વ અને પૂર્ણ આયોજન એટલે ....

(A) સિદ્ધાંત (B) રણનીતિ

(C) કુશળતા (D) કાર્યો

(3) સામાજિક ક્રિયાની કુશલતાઓ મુખ્યત્વે કેટલી છે ?

(A) સાત (B) આઠ

(C) ચાર (D) બાર

(4) વકાલતના પ્રકાર કેટલા છે ?

(A) પાંચ (B) બે

(C) ત્રણ (D) ચાર

(5) સામાજિક રણનીતિના પ્રકાર કુલ કેટલા છે ?

(A) સાત (B) નવ

(C) ત્રણ (D) દસ

## 3.5 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (A) પાંચ
2. (B) રણનીતિ
3. (C) ચાર
4. (C) ત્રણ
5. (C) ત્રણ

## 3.6 ચાવીરૂપ શબ્દો

**રણનીતિ** : લક્ષ્ય પૂર્ણ કરવા માટેનું પૂર્વ અને પૂર્ણ આયોજન

**કુશળતા** : કાર્ય કરવા માટેની આવડત

**વકાલત** : છેવાડાના સમુદાય વતી અવાજ ઉઠાવવાની પ્રક્રિયા

## 3.7 સ્વાધ્યાય લેખન

1. સામાજિક ક્રિયાની રણનીતિનું આયોજન સમજાવો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

2. લી એ આપેલ સામાજિક ક્રિયાની રણનીતિના પ્રકારનો સમજાવો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

3. સામાજિક ક્રિયાની મુખ્ય રણનીતિ સમજાવો.

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

..............................................................................................

## 3.8 પ્રવૃત્તિ

1. સામાજિક ક્રિયાની રણનીતિના સંદર્ભમાં તેના તબક્કાઓની યાદી તૈયાર કરો.

## 3.9 કેસસ્ટડી

1. સામાજિક ક્રિયાની રણનીતિમાં કરવામાં આવતા સંચાલન અને રજૂઆતના મુખ્ય મુદ્દાઓ અંગેના તમારા વિચારો સ્પષ્ટ કરો.

## 3.10 સંદર્ભગ્રંથો


(1) Miller Seumas (2001), Social Action, Cambridge University Press.

(2) Dr. R. Parthasarathy(2012), Community Organisation and Social Action.

(3) Siddiqui H.Y.((1984), Social Work And Social Action, Harnam Publication, Delhi.

(4) ડૉ.ચાવડા ગીતા(2008),વ્યવસાયિક સમાજકાર્ય, લોક પ્રકાશન, લોકનિકેતન, બનાસકાંઠા.

(5) ડૉ.ચાવડા ગીતા,સામુદાયિક સંગઠન, લોક પ્રકાશન, લોકનિકેતન, રતનપુર, બનાસકાંઠા.

(6) ડૉ. પટેલ આનંદી, (2010), વ્યવસાયિક સમાજકાર્યના આધારસ્તંભો, વ્યવસાયિક અભિવૃત્તી પ્રકાશન, અમદાવાદ.

(7) દેસાઈ મગનભાઈ પ્રભુભાઈ (1948), સત્યાગ્રહની મીમાંસા, નવજીવન પ્રકાશન, અમદાવાદ.

(8) દેસાઈ નારાયણ(1975), અહિંસક પ્રતિકારની પદ્ધતિઓ, પ્રકાશકઃ ભાઈદાસ પરીખ.

# એકમ-4 સામુદાયિક વિકાસ અર્થ, સિદ્ધાંતો અને રણનીતિઓ

## એકમનું માળખું:

4.0 એકમના હેતુઓ

4.1 પ્રસ્તાવના

4.2 સામુદાયિક વિકાસનો અર્થ અને વ્યાખ્યા

4.3 સામુદાયિક વિકાસના તત્ત્વો

4.4 સામુદાયિક વિકાસના ઉદ્દેશ્યો

4.5 સામુદાયિક વિકાસના કાર્યક્રમના સિદ્ધાંતો

4.6 ભારતમાં સામુદાયિક વિકાસ

4.7 સામુદાયિક વિકાસની રણનીતિઓ

4.8 સામુદાયિક સંગઠન તથા સામુદાયિક વિકાસ વચ્ચેનો તફાવત

4.9 ઉપસંહાર

4.10 આપની પ્રગતિ ચકાસો

4.11 આપની પ્રગતિ ચકાસોના જવાબો

4.12 ચાવીરૂપ શબ્દો

4.13 સ્વાધ્યાય લેખન

4.14 પ્રવૃત્તિ

4.15 કેસસ્ટડી

4.16 સંદર્ભસૂચિ

## 4.0 એકમના હેતુઓ

- આ એકમના અભ્યાસથી વિદ્યાર્થીઓને સામુદાયિક વિકાસ અને તેનો અર્થ અંગેની સ્પષ્ટતા થશે.
- પ્રસ્તુત એકમના અભ્યાસ દ્વારા સામુદાયિક વિકાસના તત્ત્વો, ઉદ્દેશ્યો અને સિદ્ધાંતો અંગેની જાણકારી પ્રાપ્ત થશે.
- પ્રસ્તુત એકમના માધ્યમથી વિદ્યાર્થીઓને ભારતમાં સામુદાયિક વિકાસ અંગેની ઐતિહાસિક માહિતી ઉપરાંત તેની રણનીતિઓ અંગેની માહિતી મળશે.
- વિદ્યાર્થીઓને સામુદાયિક સંગઠન તથા સામુદાયિક વિકાસ વચ્ચેના તફાવત અંગેની જાણકારી મળશે.

## 4.1 પ્રસ્તાવના

સામુદાયિક વિકાસ એ એક એવી પ્રક્રિયા છે. જેના માધ્યમ દ્વારા આર્થિક તથા સામાજિક પ્રગતિનો પ્રયત્ન કરવામાં આવે છે. સામાજિક અને આર્થિક સ્થિતિમાં પરીવર્તન લાવવા માટે

સમુદાય સ્વયં આ ઉપયોગો કરે છે. સામુદાયિક વિકાસમાં વ્યક્તિના કલ્યાણ માટે નીચે મુજબ બે પ્રકારની શક્તિઓનું એકીકરણ થવું જરૂરી છે.

1. એકબીજાને મદદ કરવી, પોતાની જાતે મદદ કરવી, આત્મવિશ્વાસ કરવાની યોગ્યતા અને શક્તિ.

2. સામુદાયિક તથા આર્થિક ક્ષેત્ર સાથે સંબંધિત ટેકનિકલ જ્ઞાન હોવું જરૂરી છે.

સામુદાયિક વિકાસ એ એક એવી પ્રક્રિયા છે. જેમાં લોકો દ્વારા કરવામાં આવતા પ્રયત્નોને સત્તા સંભાળી રહેલ વર્ગ સાથે મેળવીને સમુદાયની સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક પરિસ્થિતિમાં પરીવર્તન લાવી શકાય છે.

## 4.2 સામુદાયિક વિકાસનો અર્થ અને વ્યાખ્યા

**વ્યાખ્યા :**

સામુદાયિક વિકાસને એક પ્રક્રિયાના રૂપમાં ઓળખવામાં આવે છે જેના દ્વારા સમુદાયના લોકોના પ્રયત્નોને અધિકારીઓ સાથે જોડીને સમુદાયની સ્થિતિમાં સુધારો લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે અને રાષ્ટ્રના જીવન સાથે સમુદાયના જીવનને પણ જોડવાનો પ્રયત્ન કરવામાં આવે છે તથા સમુદાય રાષ્ટ્રની સમૃદ્ધિ તથા વિકાસમાં પોતાનો મહત્તમ ફાળો આપે તે યોગ્ય બનાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. આ પ્રકારે સામુદાયિક વિકાસનો મુખ્ય હેતુ મહત્તમ પ્રકારે જ્ઞાનનો ઉપયોગ કરીને લોકોનો આર્થિક તથા સામાજિક વિકાસ કરવાનો રહેલો છે.

"સમુદાયની આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિ સુધારણા, સમુદાયોને રાષ્ટ્રના જીવન સાથે એક કરવા અને રાષ્ટ્રના વિકાસમાં સમુદાય પોતાનો ફાળો આપી શકે તે માટે શક્તિમાન કરવા"

***– કે. ડી. ગંગરેડી***

"એક એવી પ્રક્રિયા જેના દ્વારા લોકોના પોતાના પ્રયત્ન સરકારની સત્તા સાથે જોડાય જેનો હેતુ સમુદાયની આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક સ્થિતિના સુધારનો અને સમુદાયોને રાષ્ટ્રીય જીવનમાં સામેલ કરી તેમને રાષ્ટ્રીય પ્રક્રિયાઓમાં પૂરી રીતે પ્રદાન કરી શકે તે માટે સક્ષમ બનાવવાનો છે."

***– યુ. એન. (સંયુક્ત રાષ્ટ્રસંઘ)***

સામુદાયિક વિકાસની ઉપરોક્ત વ્યાખ્યાઓ ખૂબ જ વિસ્તૃત લાગે છે. પરંતુ વ્યાવહારિક સ્તરે તો તે માત્ર આર્થિક વિકાસનો જ કાર્યક્રમ બની રહ્યો છે. જેમાં લોકોની આર્થિક સ્થિતિને સુધારવા પર ધ્યાન આપવામાં આવેલ છે જે સરકાર દ્વારા આપવામાં આવતી સેવાઓ દ્વારા સુધારો કરવામાં આવે છે.

સામુદાયિક વિકાસમાં સરકાર દ્વારા જે યોજનાઓ અને પ્રોજેક્ટો અમલમાં મુકવામાં આવે છે તેના દ્વારા સમુદાયના લોકોની જે જરૂરિયાતો કે સમસ્યાઓ છે તેને પૂર્ણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સામુદાયિક સંગઠન એ સાધન કે પદ્ધતિ છે જ્યારે સામુદાયિક વિકાસને એક ધ્યેયના રૂપમાં ઓળખવામાં આવે છે. સામાજિક વિકાસમાં લોકોનો નિર્ણય એ જરૂરી છે. પરંતુ સામુદાયિક વિકાસની યોજનાઓમાં લોકોની ભાગીદારી બની રહે એ સ્વીકારકવામાં આવ્યું નથી. સામુદાયિક વિકાસ સમુદાયના આર્થિક વિકાસ માટે સરકાર દ્વારા કરવામાં આવતો પ્રયત્ન છે. જેના દ્વારા લોકોની પરિસ્થિતિઓમાં સુધારો કરવા માટે તેમના પોતાના દ્વારા અનુભવ કરવામાં આવેલ જરૂરિયાતો માટે જરૂરી વિસ્તરણ સેવાઓનું નેટવર્ક ગોઠવે છે.

## 4.3 સામુદાયિક વિકાસના તત્ત્વો

સામુદાયિક વિકાસમાં નીચે મુજબના તત્ત્વોનો સમાવેશ થાય છે.

1. સામુદાયિક વિકાસની પ્રવત્તિઓ સમુદાયની મૂળભૂત જરૂરીયાતો સાથે સંબંધિત હોવી જોઈએ.
2. સામુદાયિક વિકાસ અંતર્ગત ચાલતા બહુમુખી ઉદ્દેશ્યી કાર્યક્રમો વધારે પ્રભાવશાળી હોવા જોઈએ.
3. સામુદાયિક વિકાસની સફળતા માટે લોકોની માનસિક સ્થિતિઓમાં બદલાવ લાવવો જરૂરી છે.
4. સામુદાયિક વિકાસમાં સ્થાનિક નેતાગીરીને મહત્ત્વ આપવું જોઈએ.
5. સામુદાયિક વિકાસના કાર્યક્રમમાં સ્ત્રીઓ તથા યુવકો દ્વારા સક્રિય ભાગીદારી સામેલ કરવામાં આવે તો તેની સફળતા વધે છે.
6. સ્વૈચ્છિક સંસ્થાઓના સ્ત્રોતોનો વધારેમાં વધારે ઉપયોગ કરવો જોઈએ.
7. જરૂરિયાત મુજબ રાજકીય સંસાધનોનો ઉપયોગ પણ સામુદાયિક વિકાસના કાર્યક્રમોમાં કરવામાં આવે છે.

## 4.4 સામુદાયિક વિકાસના ઉદ્દેશ્યો

સામુદાયિક વિકાસના ઘણા બધા ઉદ્દેશ્યો રહેલો જોવા મળે છે જે નીચે પ્રમાણે છે.

1. ઉત્પાદન અને લોકોની રોજગારીમાં વૃદ્ધિ દ્વારા કૌટુંબિક રોજગારીમાં વધારો કરવો તથા તેમાં પ્રોત્સાહન આપવું.
2. લોકોની સહભાગીતા દ્વારા લોકકલ્યાણના કાર્યો કરવા. તળાવો બનાવવો, રસ્તા બનાવવા, સ્કુલો-હોસ્પિટલો બનાવવી, સામુદાયિક લાભના માળખાનું નિર્માણ કરવું.
3. લોકોની આરોગ્ય તથા સુખાકારીનો વિકાસ કરવો.
4. શિક્ષણ, મનોરંજન અને બાળ-વિકાસ
5. ગ્રામ્ય સંસ્કૃતિ, તેના મૂલ્યો અને સ્થાનિક ટેકનોલોજી સાથે લોકકલ્યાણના કાર્યોનો વિકાસ કરવો.
6. સ્થાનિક કક્ષાની સત્તાને પ્રોત્સાહન કરવી. (પંચાયતી રાજ)
7. લોકોમાં સહભાગીદારી બની રહે તે માટે પ્રયત્નો કરવા ઉપરાંત ઉપરોક્ત રહેલા ધ્યેયોને સફળ બનાવવા માટે લોકોમાં જાગૃતિ ફેલાવવી તથા તેમને પ્રોત્સાહિત કરવા. લોકો એકબીજા સાથે સહયોગ કેળવે તેવી ભાવનાનો વિકાસ કરવો અને લોકશાહી રીતે કાર્યો કરે તે માટે પ્રોત્સાહન આપવું જેવા ઉદ્દેશ્યોનો પણ સમાવેશ થાય છે.

## 4.5 સામુદાયિક વિકાસના કાર્યક્રમના સિદ્ધાંતો

**સિદ્ધાંતો :**

સામુદાયિક વિકાસમાં સમાવિષ્ટ સિદ્ધાંતો નીચે મુજબ છે.

**1. સમુદાયની જરૂરીયાત આધારીત કાર્યક્રમ :**

સામુદાયિક વિકાસમાં લોકોના કલ્યાણલક્ષી કાર્યો કરવામાં આવે છે. પરંતુ તેમાં જો સમુદાયની જરૂરીયાત પહેલેથી શું છે તે ઓળખીને કરવામાં આવે તો તે અર્થપૂર્ણ બની રહે છે.

અને તેમાં લોકોનો સહયોગ પણ વધુ મળી રહે છે માટે એ જરૂરી છે કે જે પણ કાર્યક્રમ હોય તેમાં સમુદાયની જરૂરીયાત શું છે. તે બાબતને પ્રાધાન્ય આપવામાં આવે.

**2. બહુઉદ્દેશીય અને સંકલિત કાર્યક્રમ :**

સામુદાયિક વિકાસ અંતર્ગત કાર્યક્રમમાં એ પણ જરૂરી છે કે કાર્યક્રમ એ બહુઉદ્દેશીય હોય અને તેમાં ઘણી બધી બાબતોને આવરી લેવામાં આવતી હોય.

**3. ભૌતિક વિકાસ સાથે માનસિક પરીવર્તનલક્ષી વિકાસ :**

સામુદાયિક વિકાસમાં લોકોના સામાજિક, આર્થિક તથા સાંસ્કૃતિક વિકાસની સાથે-સાથે લોકોના ભૌતિક વિકાસનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. સમયના પરીવર્તનની સાથે-સાથે લોકોની માનસિકાતામાં પણ પરીવર્તન લાવવાનો પ્રયત્ન કરવામાં આવે. જો લોકોની માનસિકતામાં પરીવર્તન લાવવામાં આવે તો તેઓ કાર્યક્રમની સફળતામાં સહયોગી બની રહે છે.

**4. સ્થાનિક સ્તરે શરૂઆત કરવી :**

સામુદાયિક વિકાસમાં સ્થાનિક સ્તરે નેતૃત્વને મહત્ત્વ આપવામાં આવે છે અને તેને પ્રોત્સાહન પણ કરવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સ્થાનિક લેવલે તેની જાણકારી વધુ સારી રીતે મળી રહેતી હોવાથી જો નેતૃત્વ સ્થાનિક હોય તો વધુ સારું બની રહે છે.

**5. યુવાનો અને મહિલાલક્ષી નેતૃત્વ :**

સામુદાયિક વિકાસલક્ષી કાર્યોમાં યુવાનો અને મહિલાઓને પણ જોડવામાં આવે છે અને તેમના નેતૃત્વને પણ કાર્યક્રમની સફળતા માટે મહત્ત્વનું માનવામાં આવે છે. યુવાનો અને મહિલાઓ દ્વારા કાર્યક્રમમાં સહયોગ પૂરો પાડવામાં આવે છે ત્યારે તે કાર્યક્રમ વધુ સારો બની રહે છે અને તેમાં સફળતા વધુ પ્રાપ્ત થાય છે.

**6. રાજકીય સમર્થન મેળવવું :**

સામુદાયિક વિકાસમાં રાજકીય સમર્થન અને સહાયતા પ્રાપ્ત કરવી જોઈએ જેના દ્વારા કાર્યક્રમને વધુ વેગ મળે છે કાર્ય વધુ સરળ બની રહે છે.

## 4.6 ભારતમાં સામુદાયિક વિકાસ

ઐતિહાસિક દૃષ્ટિથી જોવામાં આવે તો આપણો દેશ જેટલો જ સામુદાયિક સંગઠન અને સામુદાયિક વિકાસનો ઈતિહાસ પ્રાચીન છે. પરંતુ વ્યાવહારીક રૂપથી 20મી સદીની શરૂઆતમાં જે ગ્રામીણ વિકાસના કાર્યક્રમો ચલાવવામાં આવ્યો તેમની સાથે સામુદાયિક વિકાસ કાર્યક્રમના આધુનિક તત્ત્વો જોડાયેલા હતા. સમાજકાર્યનો વિકાસ ભારતમાં પશ્ચિમી પ્રભાવથી થયો અને સામુદાયિક સંગઠનને એક પદ્ધતિના રૂપમાં ઉપયોગ કરવામાં આવ્યો તે બાબત નવીન ગણાય. સંસ્થાગત સેવાના રૂપમાં સમાજકાર્યના અંતર્ગત સામુદાયિક સંગઠનનો પણ જુદી-જુદી રીતે અલગ-અલગ યુનિવર્સિટીઓમાં સમાજકાર્યના એક અભ્યાસના ભાગરૂપે થવા લાગ્યો સામુદાયિક વિકાસના ઈતિહાસને ભારતમાં સ્વતંત્રતા પહેલા અને સ્વતંત્રતા પછીના સમયમાં એમ બે રીતે સમજવામાં આવશે.

**1. સ્વતંત્રતા પહેલા સમુદાય વિકાસ :**

આપણા દેશમાં ખૂબ જ પ્રાચીન સમયથી સુખી જીવન પ્રચલિત જોવા મળે છે. કેટલાક લોકોનું માનવું છે કે ભારતનું સુખી જીવન એટલું જ પ્રાચીન છે જેટલું સમાજની સભ્યતાનો વિકાસ. સિંધુ સંસ્કૃતિ અને હડપ્પા સંસ્કૃતિ એ બન્ને સામુદાયિક વિકાસના ઉદાહરણ છે. તે સમયે

સામુદાયિક વિકાસ કાર્યક્રમો ગ્રામપંચાયતો અને ગ્રામીણ સમિતિઓ દ્વારા કરવામાં આવતો હતો. દરેક ગામમાં એક સભાગૃહ જોવા મળતું હતું. જ્યાં ગામના લોકો એકત્રિત થઈને ગામની સમસ્યાઓ અને તેમને દૂર કરી ગ્રામવિકાસની ચર્ચા માટે એકત્રિત થતા હતા. પ્રાચીન કાળમાં સામુદાયિક સમિતિઓ, ગ્રામીણ બેન્કિંગ, ગ્રામીણ ઋણ, ગ્રામીણ સમસ્યાઓનું સમાધાન, આંતરીક તથા બાહ્ય મુશ્કેલીઓથી રક્ષણ કેવી રીતે કરવું વગેરે જેવા કેટલાય કાર્યક્રમો સંચાલિત કરવામાં આવતા હતા. આ બધા કાર્યક્રમો ખૂબ જ સરસ રીતે સુચારું રૂપથી ચાલતા હતા. તેમાં કોઈપણ પ્રકારનું વિઘ્ન કરવામાં આવતું ન હતું. પરંતુ અંગ્રેજોના સમયમાં કેટલાંક એવા કારણો બન્યા જેના કારણે ગ્રામચંયાયતો અને ગ્રામસમિતિઓમાં મુશ્કેલીઓ આવવા લાગી છે. જે નીચે મુજબ છે.

1. ઔદ્યોગિક ક્રાંતિનો પ્રભાવ
2. ખેતીમાં કોઈપણ પ્રકારનો સુધારો ન થવો.
3. વસ્તીમાં સતત વધારો
4. જમીનદારી પ્રથા તથા જમીનનું ..............

**1. ઔદ્યોગીકરણ :** વ્યાવસાયિક સમાજકાર્યના ઉદ્ભવની જેમ જ સામુદાયિક વિકાસના ઉદ્ભવમાં પણ ઉદ્યોગીકરણ કારણભૂત જોવા મળે છે. ઉદ્યોગીકરણને કારણે ગ્રામીણ લોકોની વ્યાવસાયિક કામગીરી પર પણ અસર જોવા મળે છે. જેમાં ગ્રામીણ લોકોના પરંપરાગત વ્યવસાયો ભાંગી પડતા ગ્રામીણ લોકો બેકાર બન્યા જેથી વ્યવસાયની શોધમાં લોકો ગામડામાંથી શહેરોમાં જવા લાગ્યા. જેની અસર ગ્રામ સમિતિ તથા ગ્રામપંચાયતના કાર્યો પરણ પણ જોવા મળે છે.

**2. કૃષિવ્યવસાયમાં સુધારો ન થવો :** ભારત દેશ એ ગ્રામીણ તથા કૃષિ વ્યવસાય સાથે સંકળાયેલ દેશ છે. અંગ્રેજોના સમયમાં ભારત દેશમાં ખેતી વ્યવસાયમાં કોઈપણ પ્રકારનો સુધારો થયેલ ન હતો. જેમાં સરકાર પણ તે વ્યવસાય પ્રત્યે ધ્યાન આપતી ન હતી. વસ્તી વધવાની સાથે ખેતીમાંથી ઉત્પાદન જે થતું હતું તે પૂર્ણ થતું ન હતું. જેના કારણે શહેરીકરણ વધવાની સાથે ગ્રામપંચાયતો અને ગ્રામસમિતીઓની ઉપેક્ષા થવા લાગી.

**3. વસ્તીવૃદ્ધિ :** સ્વતંત્રતા પહેલાં પણ ભારત દેશમાં વસ્તીની સંખ્યા વધુ જોવા મળતી હતી. જેના કારણે ખેતીલાયક જે જમીન હતી તેના પર જે લોકો આવક મેળવતાં હતા તે પૂર્ણ ન હતી. લોકોની ગરીબીમાં વધારો થતો ગયો. વસ્તીવૃદ્ધિ માટે સરકારી પ્રયત્નોમાં પણ કમી જોવા મળતી હતી.

**4. જમીનદારી પ્રથા :** અંગ્રેજોના સમયમાં જ જમીનદારી પ્રથા લાગુ કરવામાં આવી હતી. જેના કારણે ગામમાં જે જમીન હોય તેના પર કોઈપણ એક અથવા બે જમીનદારોનું વર્ચસ્વ રહેતું નથી અને અન્ય લોકો પાસે જમીન જોવા મળતી ન હતી. આ સમયે જે લોકો પાસે જમીન ન હતી. તેમનું શોષણ વધુ થતું હતું.

**2. સ્વતંત્રતા પછી સામુદાયિક વિકાસ :**

સ્વતંત્રતા પછી સરકાર દ્વારા સામુદાયિક વિકાસ કાર્યક્રમો શર કરવામાં આવ્યા. સ્વતંત્રતા પહેલા સામુદાયિક વિકાસ કાર્યક્રમ આપણા દેશમાં બિન સરકારી સંસ્થાના પ્રયત્નો દ્વારા કરવામાં આવતા હતા. સ્વતંત્રતા પછી વિનોબાભાવે દ્વારા ચલાવવામાં આવેલા ભૂ-દાન ચળવળ એ સામુદાયિક વિકાસ કાર્યક્રમને સ્વૈચ્છિક રૂપથી સંચાલન કરેલું જોવા મળે છે. આવા અન્ય કાર્યક્રમોમાં રાજકીય સંસાધનો દ્વારા વિશેષ રૂપથી ચલાવવામાં આવતા હતા. આ કાર્યક્રમોમાં

લોકોના સહયોગને પણ મહત્ત્વ આપવામાં આવતું હતું. આ સમયે ઘણાબધા સામાજિક કાર્યકરો પણ આવા અન્ય કાર્યક્રમોમાં લોકોનો સહયોગ મેળવવા માટે કાર્ય કરવા લાગ્યા.

ભારતમાં ઈ.સ. 1950થી સામુદાયિક વિકાસ કાર્યક્રમની શરૂઆત થઈ. તે સમયે દેશના અનેક વિસ્તારોમાં ગરીબીનું પ્રમાણ હતું તથા લોકોને પ્રાથમિક સુવિધાઓ પણ પ્રાપ્ત ન હતી. શિક્ષણની સ્થિતિ પણ વ્યવસ્થિત જોવા મળતી ન હતી. આરોગ્યની સુવિધાઓ પણ પ્રાપ્ત ન હતી. લોકો આરોગ્યની સેવાઓનો લાભ ગામડાના વૈદ્ય પાસે કરાવતા હતા. અંગ્રેજોના સમયમાં દેશમાં નોકરશાહીનું પ્રમાણ પણ જોવા મળતું. જેના દ્વારા લોકોનું શોષણ થતું હતું. દેશની સામાજિક વ્યવસ્થામાં જાતિવાદનું પણ વધુ પ્રમાણ જોવા મળતું હતું. જેમાં નીચલા વર્ગની જાતિનું શોષણ થતું હતું.

સામુદાયિક વિકાસની શરૂઆત એક પ્રક્રિયાના રૂપમાં થઈ હતી. જેમાં સમુદાયની સાથે સરકાર સહયોગમાં કાર્ય કરતા હતા. જેમાં મુખ્ય ઉદ્દેશ્ય સમુદાયનો વિકાસ અને કલ્યાણ રહેલો હતો. લોકોને સરકાર દ્વારા પોતાના લક્ષ્યપૂર્ણ કરવા માટે મદદ કરવામાં આવે છે તેમાં લોકસહયોગ અભિગમને મહત્ત્વ આપવામાં આવ્યું.

## 4.7 સામુદાયિક વિકાસની રણનીતિઓ

સામુદાયિક સંગઠન તથા સામુદાયિક વિકાસના સંગઠનના તત્ત્વો જ તેના કારકો તથા તેની રણનીતિઓ તરીકે માની શકાય છે. રણનીતિઓમાં સામાજિક સંબંધો, સામાજિક વાતાવરણ સંબંધિત વ્યક્તિ તથા જૂથ, આંતરિક તથા બાહ્ય કારણોનું સ્થાન મહત્ત્વપૂર્ણ સ્થાન છે.

સામુદાયિક વિકાસની રણનીતિઓની વિગતે ચર્ચા નીચે મુજબ છે :

1. સંગઠન
2. કાર્યક્રમ
3. તાલીમ
4. દેખરેખ
5. સંસાધનોનો વિકાસ તથા વહીવટ
6. મૂલ્યાંકન

1. **સંગઠન :** સામુદાયિક વિકાસ એક પ્રક્રિયાના રૂપમાં છે જેમાં સમુદાયના નેતા, આગેવાનો, રાજકીય નેતા તથા સમાજકાર્યકર એકબીજાના સહયોગ દ્વારા નક્કી કરેલા ઉદ્દેશ્યો પ્રાપ્ત કરવાનો પ્રયત્ન કરે છે. સમુદાયના સભ્યો સક્રિયરૂપથી સંગઠનમાં કાર્ય કરે તો ઉદ્દેશ્ય સંપૂર્ણ રીતે પ્રાપ્ત કરી શકે છે. તેમાં માત્ર આંતરક્રિયાઓ દ્વારા નિતિઓનું પણ કરવામાં ન આવે. સક્ષમ કાર્યક્રમો ઘડવામાં આવે તેવા જુદાં-જુદાં વ્યક્તિઓને તેમના ભૂમિકાઓ તથા જવાબદારીઓ નક્કી કરીને તે મુજબ કાર્ય કરીને એક સંગઠનના રૂપમાં સામુદાયિક વિકાસના લક્ષ્યો પ્રાપ્ત કરે છે.

2. **કાર્યક્રમ :** સામુદાયિક વિકાસમાં ઘડવામાં આવેલી નિતિઓના અમલ માટે કેટલાંક કાર્યક્રમો ઘડવામાં આવે છે. જે કાર્યક્રમો બનાવવામાં આવે છે. તેમાં સમુદાયની જરૂરીયાત તેનો અગ્રતાક્રમ, તેમની સમસ્યાઓ, ઉપલબ્ધ સાધનોને ધ્યાનમાં રાખીને બનાવવામાં આવે છે. આ કાર્યક્રમને સફળ બનાવવામાં માટે સમુદાયના સભ્યોની વચ્ચે તેના કાર્યોની વહેંચણી કરવામાં આવે છે અને તે મુજબ જવાબદારી સોંપવામાં આવે છે જેથી કાર્યક્રમ સફળ બને.

3. **તાલીમ :** સામુદાયિક વિકાસમાં જે કાર્યક્રમો નક્કી કરવામાં આવે છે તે ત્યારે જ સફળ બને જ્યારે તેમાં કાર્ય કરવાવાળા લોકોએ તેનું યોગ્ય શિક્ષણ મેળવેલું હોય. શિક્ષણના કારણે કાર્યક્રમોમાં વિભાગ સંબંધિત જ્ઞાન જ નહીં પરંતુ કુશળતા પણ પેદા થાય છે. ઉપરાંત તેમનામાં અન્ય કાર્યક્રમો પ્રત્યે પણ પ્રતિબદ્ધતા વિકસે છે. કેટલીકવાર કોઈ ખાસ કાર્યક્રમનું સંચાલન કરવામાં આવે ત્યારે તે કાર્યક્રમ સંબંધિત કર્મીઓને તેની તાલીમ આપવામાં આવે છે.

4. **દેખરેખ :** સામુદાયિક વિકાસના કાર્યક્રમોનું સંચાલન યોગ્ય રીતે કરીને નક્કી કરેલા લક્ષ્યો ત્યારે જ પૂર્ણ કરી શકાય જ્યારે તેની યોગ્ય રીતે દેખરેખ કરવામાં આવે. કાર્યક્રમો પર દેખરેખ સામાન્ય રીતે તથા ટેકનિકલી પણ રાખવામાં આવે છે. તથા અન્ય બીજા વ્યવહારના તજ્જ્ઞો દ્વારા પણ તેના પર દેખરેખ રાખવામાં આવે છે.

5. **સંશાધનોનો વિકાસ તથા વહીવટ :** સામુદાયિક વિકાસ કાર્યક્રમો ચલાવવા માટે વિવિધ સાધનોની પણ જરૂર પડે છે. જેમાંના કેટલાક સાધનો સમુદાય પોતાના જાતે જ મેળવે છે તથા કેટલાક સાધનો સરકાર દ્વારા પૂરા પાડવામાં આવે છે. સંસાધનોની ઉપલબ્ધતાના સંબંધમાં સમુદાય કાર્યકર્તા સમુદાયના નેતાઓને યોગ્ય સલાહ આપીને સક્ષમ બનાવે છે. સામુદાયિક કાર્યક્રમોના સંચાલન માટે સમાજકલ્યાણ વહીવટની પદ્ધતિનો પણ ઉપયોગ કરવામાં આવે છે. જેના દ્વારા સમુદાયના નેતાઓ એવા સક્ષમ બને છે કે સંસાધનોનો યોગ્ય રીતે ઉપયોગ કરી શકે અને પોતાની જે જવાબદારી મળી છે તેને યોગ્યરીતે નિભાવી શકે.

6. **મૂલ્યાંકન :**

   કાર્યક્રમ કેટલા અંશે સફળ રહ્યો છે તે તેના મૂલ્યાંકનના આધારે આંકી શકાય છે. મૂલ્યાંકન એક એવી ટેકનિક છે જેના દ્વારા સમુદાયના સભ્યો પોતે જાતે પણ નક્કી કરી શકે છે કે તેમનો કાર્યક્રમ કેટલો સફળ રહ્યો છે. જેમાં સામાજિક કાર્યકર સફળ રહ્યો છે. જેમાં સામાજિક કાર્યકર મૂલ્યાંકન કરવા માટે મદદરૂપ બને છે. જેથી યોગ્ય રીતે મૂલ્યાંકન થઈ શકે. કાર્યક્રમની વચ્ચે પણ મૂલ્યાંકન કરવામાં આવે છે જેથી એ ખ્યાલ મેળવી શકાય કે તેમાં કોઈ પણ પ્રકારની ખામી હોય તો તેને જાણીને તેને દૂર કરી શકાય.

## 4.8 સામુદાયિક સંગઠન તથા સામુદાયિક વિકાસ વચ્ચેનો તફાવત

| સામુદાયિક સંગઠન | સામુદાયિક વિકાસ |
|---|---|
| સામુદાયિક સંગઠનનો મુખ્ય હેતુ સમુદાયના લોકો વચ્ચે પારસ્પરિક સહયોગ વધારવાનો છે. | સામુદાયિક વિકાસમાં સમુદાયના સભ્યો અવિકસિત તથા વિકાસાત્મક સમુદાયોના આર્થિક વિકાસ પર ભાર મુક્વામાં આવે છે. |
| સામુદાયિક સંગઠન કાર્યક્રમ સરકાર તથા સ્વૈચ્છિક સંસ્થાના તાલીમ પામેલ કાર્યકરોના સહયોગ દ્વારા કરવામાં આવે છે. | સામુદાયિક વિકાસ કાર્યક્રમ સરકાર દ્વારા ચલાવવામાં આવે છે. |
| સામુદાયિક સંગઠનના કાર્યમાં કુશળ કાર્યકરના માર્ગદર્શન હેઠળ સમુદાયના સભ્યોમાં સામુદાયિક યોજના તથા સંગઠનની ક્ષમતાનો વિકાસ કરવામાં આવે છે. | સામુદાયિક વિકાસ કાર્યમાં સામુદાયિક સભ્યોની વર્તમાન સ્થિતિમાં આર્થિક સ્થિતિ સુધારવા માટે કાર્યક્રમોને કાર્યાન્વિત કરવામાં આવે છે. |
| સામુદાયિક સંગઠક વ્યવસાયમાં એક શિક્ષિત કાર્યકર હોય છે જે પોતાના જ્ઞાન તથા કુશળતાનો ઉપયોગ કરીને સામુદાયિક યોજના બનાવે છે. | સામુદાયિક વિકાસ કાર્યકર એ સરકારી કર્મચારી હોય છે. જે સમુદાયની વર્તમાન સ્થિતિના વિષયમાં જાણકારી રાખે છે. |
| સામુદાયિક સંગઠન એ એક એવું કાર્ય છે જેમાં સમુદાયના સભ્યોને તેમની જરૂરિયાતો તથા ઉપલબ્ધ સાધનો વચ્ચે સમાયોજન કરાવવામાં આવે છે. | સામુદાયિક વિકાસ એ યોજના કાર્ય છે જેમાં સમુદાયના સભ્યો દ્વારા સમુદાયની સામાન્ય જરૂરિયાતો તથા સાધનો વચ્ચે વ્યવસ્થિત સંતુલન સ્થાપિત કરવામાં આવે છે. |

## 4.9 ઉપસંહાર

પ્રસ્તુત પ્રકરણમાં આપણે સામુદાયિક વિકાસ અંગેની સમજ પ્રાપ્ત કરી જેમાં સમુદાયની આર્થિક, સાંસ્કૃતિક પરિસ્થિતિને સુધારવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જે પ્રયત્ન સરકાર દ્વારા કરવામાં આવે છે અને એવું નેટવર્ક ગોઠવવામાં આવે છે કે જેનાથી લોકોની સ્થિતિમાં સુધારો લાવવાનો પ્રયત્ન કરવામાં આવે છે. સામુદાયિક વિકાસનો હેતુ લોકોની સુખાકારીમાં વધારો કરવાની સાથે-સાથે સ્થાનિક કક્ષાની સત્તાને પ્રોત્સાહન પણ પુરું પાડવાનો જોવા મળે છે. સામુદાયિક વિકાસની શરૂઆત ભારતમાં કેવી રીતે થઈ તથા સામુદાયિક વિકાસ માટેની રણનીતિના સોપાનોની ચર્ચા પણ પ્રસ્તુત પ્રકરણમાં કરવામાં આવી છે. સામુદાયિક સંગઠન તથા વિકાસ વચ્ચેના તફાવત દ્વારા બન્ને વચ્ચે શું તફાવત રહેલો છે તે પણ જાણી શકાય.

## 4.10 આપની પ્રગતિ ચકાસો

(1) સામુદાયિક વિકાસને ............ ના રૂપમાં ઓળખવામાં આવે છે.

(A) પદ્ધતિ (B) જ્ઞાન

(C) પ્રક્રિયા (D) કુશળતા

(2) સામુદાયિક વિકાસના કુલ તત્ત્વો કેટલા છે ?

(A) પાંચ (B) સાત

(C) આઠ (D) દસ

(3) સામુદાયિક વિકાસના સિદ્ધાંતોમાં નીચેનામાંથી કોનો સમાવેશ કરવામાં આવતો નથી ?

(A) રાજકીય સમર્થ (B) પ્રવાહલક્ષી નેતૃત્વ

(C) બહુઉદ્દેશીય કાર્યક્રમ (D) ગોપનીયતા

(4) ભૂ-દાન ચળવળના પ્રણેતા કોણ હતા ?

(A) વિનોબા ભાવે (B) ગાંધીજી

(C) રાજ રામમોહનરાય (D) સરદાર વલ્લભભાઈ

(5) ભારતમાં સામુદાયિક વિકાસ કાર્યક્રમની શરૂઆત ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1920 (B) ઈ.સ. 1930

(C) ઈ.સ. 1950 (D) ઈ.સ. 1940

(6) સામુદાયિક વિકાસની રણનીતિઓમાં નીચેનામાંથી કોનો સમાવેશ થતો નથી ?

(A) સંગઠન (B) તાલીમ

(C) કાર્યક્રમ (D) વૈયક્તિકરણ

## 4.11 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (C) પ્રક્રિયા
2. (B) સાત
3. (D) ગોપનીયતા
4. (A) વિનોબા ભાવે
5. (C) ઈ.સ. 1950
6. (D) વૈયક્તિકરણ

## 4.12 ચાવીરૂપ શબ્દો

**સામુદાયિક વિકાસ** : સમુદાયના કલ્યાણ માટે સરકાર દ્વારા કરવામાં આવતા પ્રયત્નો જેમાં લોકોની

**સંકલિત કાર્યક્રમ** : એવો કાર્યક્રમ જેમાં બધા જ પાસાંને આવરી લેવામાં આવે છે.

**તાલીમ** : શીખવું કે, કેળવણીલક્ષી શિક્ષણ

**મૂલ્યાંકન** : મૂલ્ય આંકવું તે, મૂલવણી

**જામીનદારી** : મહેસુલ માટે સીધો ખેડૂત સાથે વ્યવહાર રાખવાને બદલે જમીનદાર પાસેથી જ મહેસૂલ તે.

## 4.13 સ્વાધ્યાય લેખન

1. સામુદાયિક વિકાસનો અર્થ અને વ્યાખ્યા આપી તેના તત્વો અને ઉદ્દેશ્યોની વિસ્તૃતમાં ચર્ચા કરો.

........................................................................................................

........................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

2. સામુદાયિક વિકાસના સિદ્ધાંતો અંગે વિગતમાં સમજાવો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

3. ભારતમાં સામુદાયિક વિકાસના ઈતિહાસની ચર્ચા કરો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

4. સામુદાયિક વિકાસની રણનીતિઓ જણાવી સામુદાયિક સંગઠન અને સામુદાયિક વિકાસ વચ્ચેનો તફાવત સ્પષ્ટ કરો.

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

.................................................................................................

## 4.14 પ્રવૃત્તિ

1. સામુદાયિક વિકાસના સિદ્ધાંતોને ક્ષેત્રકાર્યના અનુભવોને આધારે વર્ણવો.
2. સામુદાયિક વિકાસની રણનીતિઓની સૂચી બનાવી ઉદા. સાથે સમજાવો.

## 4.15 કેસસ્ટડી

1. ભારતમાં સામુદાયિક વિકાસના સંદર્ભમાં કોઈપણ બે પ્રસંગો જણાવો.
2. સામુદાયિક વિકાસ કાર્યક્રમને અસરકારક બનાવવા માટે સમાજકાર્યકર કરીકેના તમારા મંતવ્યો જણાવો.

## 4.16 સંદર્ભગ્રંથો


(1) ડૉ. બાલેશ્વર પાંડેય, ડૉ. ભારતી શુક્લા (2011) વૈજ્ઞાનિક તથા ટેકનિકલ શબ્દાવલી આયોગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન, લખનૌ.

(2) જી. એમ. બુટાણી, ચિરાગ પટેલ (2011) સામુદાયિક સંગઠન, ઉત્કર્ષ એકેડેમી, 15, ફાલ્ગુની એપાર્ટમેન્ટ, બેકર્સ કોલોની, ભૂજ-કચ્છ.

(3) સામુદાયિક સંગઠન (2011), રન્નાદે પ્રકાશન, અમદાવાદ.

# એકમ-5 સમુદાય વિકાસ કાર્યક્રમો અને સમુદાય વિકાસ કાર્યક્રમોમાં સંકળાયેલી સંસ્થાઓ

એકમનું માળખું:


**5.0 એકમના હેતુઓ**

**5.1 પ્રસ્તાવના**

**5.2 ભારતમાં સમુદાય વિકાસ કાર્યક્રમોનો ઈતિહાસ**

**5.3 સમુદાય વિકાસ કાર્યક્રમોમાં સંકળાયેલી સંસ્થાઓ**

**5.4 સમુદાય વિકાસના ઘટકો**

**5.5 સમુદાય વિકાસ શરૂ કરવાના પગલાં**

**5.6 ઉપસંહાર**

**5.7 આપની પ્રગતિ ચકાસો**

**5.8 આપની પ્રગતિ ચકાસોના જવાબો**

**5.9 ચાવીરૂપ શબ્દો**

**5.10 સ્વાધ્યાય લેખન**

**5.11 પ્રવૃત્તિ**

**5.12 કેસસ્ટડી**

**5.13 સંદર્ભસૂચિ**


## 5.0 એકમના હેતુઓ

આ એકમ પૂર્ણ કર્યા પછી, વિદ્યાર્થીઓ નીચે મુજબના ઉદ્દેશો શીખી શકશે :

- ભારતમાં સમુદાય વિકાસ કાર્યક્રમોના ઈતિહાસ અંગે શીખી શકશે.
- ભારતમાં સમુદાય વિકાસ કાર્યક્રમોમાં રોકાયેલા સરકારી અને બિન-સરકારી એજન્સીઓ અંગે શીખી શકશે.
- ભારતમાં સમકાલીન સમુદાય વિકાસ પહેલની રૂપરેખા અંગે શીખી શકશે.
- સમુદાય વિકાસના ઘટકો વિશે તથા સમુદાય વિકાસ શરૂ કરવાના પગલાં વિશે શીખવા મળશે.

## 5.1 પ્રસ્તાવના

પ્રસ્તુત એકમમાં ભારતમાં સમુદાય વિકાસના કાર્યક્રમોની ચર્ચા કરવામાં આવી છે. છેલ્લા એકમમાં તમે સમુદાય વિકાસ અર્થ અને અવકાશ, તેમજ તેને શરૂ કરવા માટેનાં પગલાં શીખ્યા. આ એકમમાં તમે મુખ્ય સમુદાય વિકાસ કાર્યક્રમો વિશે શીખી શકશો. ભારતમાં સમકાલીન સમુદાય વિકાસ પ્રવૃત્તિઓ અને વિવિધ કાર્યક્રમો રોકાયેલા વિવિધ એજન્સીઓ વિશે પણ આપણે શીખીશું.

## 5.2 ભારતમાં સમુદાય વિકાસ કાર્યક્રમોનો ઈતિહાસ

ભારતમાં સમુદાયના વિકાસ વિભાવનાની સારી રીતે શરૂ થી હતી. આઝાદી પહેલાં સ્વતંત્રતાની લડત દરમિયાન પણ મહાત્મા ગાંધીના નેતૃત્વમાં, ગ્રામીણ વિકાસ અને પુનઃનિર્માણ નોંધપાત્ર ધ્યાન આપવામાં આવ્યું. ગાંધીએ આર્થિક સમાનતા, સામાજિક સમાનતા, દારૂમાંથી પુન recovery પ્રાપ્તિ અને માદક દ્રવ્યોનો ઉમેરો, 'ખાદી' (હાથથી વણેલા કાપડ) અને ગામનું પ્રમોશન ઉદ્યોગો, સ્વચ્છતા, આરોગ્ય સંભાળ, શિક્ષણ અને મહિલા સશક્તિકરણ સાંપ્રદાયિકની હિમાયત કરી સંવાદિતા, તેનો ઉદ્દેશ ગ્રામીણ વિસ્તારોમાં લાભદાયી રોજગાર પેદા કરવાનો અને જીવનની ગુણવત્તા સુધારવાનો હતો કે જે આખરે સમુદાયના વિકાસ તરફ દોરી જશે.

ઈ.સ. 1947માં ભારતની આઝાદી પછી સમુદાય વિકાસ ઉચ્ચ અગ્રતા અનુમાનિત કરી હતી. ઈ.સ. 1948માં સમુદાય વિકાસ પ્રોજેક્ટ ઉત્તર પ્રદેશના ઈટાવામાં એક પાયલોટ પ્રોજેક્ટ દ્વારા શરૂ કરવામાં આવ્યો હતો. ઈ.સ. 1950માં સમુદાય વિકાસ (સીડી) એ ભારતમાં પહેલો મોટો પ્રોગ્રામ હતો, જે તમામ રાજયોને આવરી લે છે. સ્વતંત્ર ભારતના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરું અને સીડીના તત્કાલીન કેન્દ્રીય પ્રધાન એસ.કે.ડે. તેના માટે સમર્પિત અને સંપૂર્ણ પ્રતિબદ્ધ હતા. તે માનવ વિકાસ સહિતના તમામ વિકાસના પાસાંઓને આવરી લેતો બહુ-પરિમાણીય કાર્યક્રમ હતો. પ્રથમ વખત ગામથી રાજ્ય કક્ષાએ અને રાજયથી કેન્દ્રિય સ્તર સુધીનું ઈન્ફ્રાસ્ટ્રક્ચર બનાવવામાં આવ્યું હતું. સી.ડી. કાર્યક્રમે ગ્રામીણ ભારતમાં મિનિ ક્રાંતિનું રૂપ લીધું. તે સૌથી વધુ મુખ્ય લક્ષણ એ 'બ્લોક્સ' ની સ્થાપના હતી. જે 100 ગામો સુધી બનાવવામાં આવી હતી. દરેક બ્લોકમાં મલ્ટિ ડિસિપ્લિનરી ટીમ હતી. તે બધા ખાતાઓ પર એક વિશાળ સફળતા હતું.

પાછળથી ઈ.સ. 1952માં, ભારત સરકારે 55 સમુદાય વિકાસ પ્રોજેક્ટ્સ શરૂ કર્યા. દરેક લગભગ 300 ગામો અથવા 30,000 ની વસ્તીને આવરે છે. આ પ્રોગ્રામ બહુપરિમાણીય હતો, પરંતુ કૃષિ ઉત્પાદન તેના પર ભાર મૂકવામાં આવ્યો હતો. પ્રોજેક્ટ શરૂ કરવા માટે ક્ષેત્રો પસંદ કરેલા હતા જેમ કે સિંચાઈ યોજનાઓમાં અથવા જ્યાં પુષ્કળ વરસાદ પડ્યો હતો તે સ્થિતિ છે.

ઈ.સ. 1953માં રાષ્ટ્રીય વિસ્તરણ સેવા પ્રોજેક્ટર સુકા પ્રદેશો સહિત મોટા વિસ્તારોને આવરી લેવાના સમાન ઉદ્દેશો સાથે શરૂ કરવામાં આવ્યો હતો. આ પ્રોજેક્ટ ત્રણ વર્ષનો હતો. તેમાં વ્યવસ્થાપન તરીકે 150-300 ગામડાંઓના બ્લોક્સની સીમાંકન કરી સમુદાય વિકાસ કાર્યક્રમો શરૂ કરવા માટેના એકમો. દરેક બ્લોકમાં કાયમી મલ્ટિ ફંક્શન એક્સ્ટેંશન એજન્સી તરીકે પ્રોજેક્ટની પ્રવૃત્તિઓ અને ઉદ્દેશો સમયાંતરે સંશોધિત કરવામાં આવી હતી અને ચાલુ રાખવામાં આવી હતી. આ સમુદાય વિકાસ બ્લોક્સને સામાન્ય વહીવટી નિયમિત બજેટ ફાળવણી સાથે આયોજન અને વિકાસ માટેના એકમનો તરીકે માનવામાં આવતું હતું.

વર્ષ 1957માં ત્રિ-સ્તરની સિસ્ટમ, ગ્રામીણ સ્થાનિક સરકારની 'પંચાયતી રાજ' (સ્થાનિક પરિષદો દ્વારા શાસન)ની સ્થાપના થઈ. આ ગ્રામ પંચાયતો (ગ્રામકથા), પંચાયત સમિતિઓ (બ્લોક કક્ષા) અને જિલ્લા પરિષદો (જિલ્લા કક્ષા) હતા ઉદ્દેશ નિર્ણય લેવા અને લોકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરો પ્રક્રિયાની વિકેન્દ્રિય બનાવવાનો હતો. કાર્યક્રમ તરીકે ગ્રામીણ ગરીબની અપેક્ષાઓ પૂરી કરી શક્યા નહીં. ઈન્ટિગ્રેટેડ ગ્રામીણ વિકાસ કાર્યક્રમ (આઈ.આર.ડી.પી.)ની રજૂઆત ઈ.સ. 1979માં કરવામાં આવી હતી. સમાજના નબળા વર્ગ પર વિશેષ ધ્યાન કેન્દ્રિત કરવું. મધ્ય એંશીના દાયદા સુધીમાં સરકાર ગરીબોની લઘુત્તમ જરૂરિયાતો

પ્રારંભિક શિક્ષણ, આરોગ્ય, પાણી પુરવઠો, રસ્તાઓ, વીજળીકરણ, આવાસ અને પોષણ જે પૂરી કરવામાં સક્ષમ હતી.

ઈ.સ. 1987માં આયોજન પંચે વિકાસ આયોજન માટે મૂળભૂત એકમ બ્લોકને ધ્યાનમાં લેવાનું નક્કી કર્યું. જિલ્લામાં જિલ્લા સ્તરનું આયોજન કરવાનું કાર્ય જિલ્લા આયોજન અને વિકાસ સમિતિને સોંપવામાં આવ્યું હતું. જેનું પ્રતિનિધિત્વ સમાજમાં વ્યાપક હતું. પંચાયતી રાજ સુધારણા માઇક્રો-લેવલ પર અને ગ્રામ સભાને મજબૂત બનાવવાની યોજના 73મી બંધારણીય સુધારા દ્વારા રજૂ કરવામાં આવી હતી.

ભારતમાં ગરીબી એક મોટો મુદ્દો રહ્યો છે. ગ્રામીણ ભારતીયો અણધારી કૃષિ આવક તેના પર નિર્ભર છે જ્યારે શહેરી ભારતીયો નોકરી પર આધાર રાખે છે. ભારતની ઝડપથી વિકસતી વસ્તીના ત્રીજા ભાગથી વધુ એક અજબની વધુ લોકો હજી પણ ગરીબીની રેખા નીચે જીવે છે. ગ્રામીણ અને શહેરીના મોટા ભાગો વસ્તી ગરીબ અને અમાનવીય સંજોગોમાં જીવે છે. ભારતના વિવિધ ભાગોમાં કેટલાંક પ્રોત્સાહિત વ્યક્તિઓ અને એન.જી.ઓ. દ્વારા કેટલાક ઉત્તમ પ્રોજેક્ટનું આયોજન અને અમલ કરવામાં આવ્યું હતું.

આપણા દેશમાં, સમુદાય વિકાસની તેનું નિરીક્ષણ અને મૂલ્યાંકન કરવાની પદ્ધતિઓ તમામ પહેલ સ્થાપિ કરવી આવશ્યક છે. આમાં તમામ મુખ્ય ખેલાડીઓ પાસેથી માહિતી અને પ્રતિસાદ મેળવવાનાં સાધનો એટલે કે સહભાગીઓ, સ્ટાફ, સમુદાયના નેતાઓ અને બોર્ડ ઓફ ડિરેક્ટર શામેલ થવું જોઇએ તે છે સમુદાયના વિકાસના તમામ પાસાંઓ સમુદાય હિત, પ્રતિબદ્ધતા અને જાહેર ભાગીદારીનું સતત મૂલ્યાંકન કરવું મહત્ત્વપૂર્ણ સમાવેશ થાય છે. આ મૂલ્યાંકનમાંથી મળેલાં પ્રતિસાદનો ઉપયોગ પછી પહેલ સુધારવા માટે થવો જોઈએ.

## 5.3 સમુદાય વિકાસ કાર્યક્રમોમાં સંકળાયેલી સંસ્થાઓ

ભારતમાં 6.4 લાખ ગામો છે. (2001 ની વસ્તી ગણતરી), કૃષિ, પશુપાલન, બાગાયતી અને અન્ય જમીન આધારિત અને બિન-જમીન-આધારિત પ્રવૃત્તિઓ આજીવિકા મેળવે છે. તેથી, ભારતની સમૃદ્ધિ મુખ્યત્વે ગામડાઓમાં રહેતા લોકોની સમૃદ્ધિ છે. સ્વયંસ્ફુરિત ગ્રાસરૂટસ્તરની પહેલ અને વિકેન્દ્રિત સમુદાય આધારિત સંસ્થાઓ સમુદાયના સભ્યની ભાગીદારીમાં વ્યસ્ત રહેવામાં અને પ્રગતિની માલિકી વધુ વખતે સફળ છે. આ તેમની સ્થાનિક વાસ્તવિકતાઓ વિશેના જ જ્ઞાનને કારણે છે જે કે બહારની એજન્સીઓ પણ ગરીબીમાં જીવતા વ્યક્તિઓ સુખાકારી સુધારવામાં મહત્ત્વની ભૂમિકા ભજવી શકે છે. કોઈપણ સમુદાય વિકાસ વ્યૂહરચના અસરકારક બનવા માટે સંસાધનોની જોગવાઈ અને સફળતા (દા.ત. માનવ સંસાધન, નાણાંકીય), તળિયા કામ અને સ્થાનિક ક્રિયાઓને સરળ બનાવવાનો લક્ષ્યાંક તેમાં શામેલ હોવું આવશ્યક છે. સ્થાનિક ક્રિયા કરી શકે છે એવા સમુદાયો જેઓ ભૌગોલિક સમુદાયોમાં સામાન્ય રૂચિ શેર કરે છે. આમ, સમુદાયનો વિકાસ એ લાંબા ગાળાની પ્રવૃત્તિ છે. સમુદાયના સભ્યો અને વ્યાવસાયિકો વચ્ચે પરસ્પર આદર અને વિશ્વાસ બનાવવાનું કામ કરે છે.


ચાલો આપણે સમુદાયના વિકાસમાં રોકાયેલા વિશિષ્ટ સરકારી સંસ્થાઓ અને કાર્યક્રમો જોઈને પ્રારંભ કરીએ.

### 1. પંચાયતી રાજ (સ્થાનિક પરિષદો દ્વારા શાસન) સંસ્થાઓ

ઈ.સ. 1957માં સમુદાય વિકાસ કાર્યક્રમની શરૂઆતના પાંચ વર્ષ પછી સરકારે બલવંતરાય મહેતા સમિતિની પ્રોગ્રામના અમલમાં અવરોધોને દૂર કરવાના પગલાં સૂચવવા નિમણૂંક કરી. સમિતિએ ગ્રામીણ સ્થાનિક સરકારની ત્રિ-સ્તર-સિસ્ટમ ‘પંચાયતી રાજ’ (સ્થાનિક

પરિષદો દ્વારા શાસન) બનાવવાની ભલામણ કરી આ ગ્રામ પંચાયત (ગ્રામ કક્ષા), પંચાયત સમિતિ (બ્લોક સ્તર) અને જિલ્લા પરિષદ (જિલ્લા કક્ષા) હતા. ઉદ્દેશ લોકોને નિર્ણય લેવાની પ્રક્રિયા અને નિર્ણય લેતા કેન્દ્રને નજીકમાં ખસેડવાની વિકેન્દ્રિત કરવાનો હતો. સિસ્ટમનો હેતુ લોકોની ભાગીદારીને પ્રોત્સાહિત કરવાનો અને અમલદારશાહીને તેમના સ્થાનિક નિયંત્રણ હેઠળ રાખવાનો હતો.

નીચે ગ્રામસભાનું ચિત્ર જે વિકેન્દ્રીકરણ શક્તિનું ઉદાહરણ બતાવે છે.




જો કે, પંચાયતી રાજ લોકો અને આયોજકોની બધી અપેક્ષાઓ પૂર્ણ કરવામાં સમર્થ ન હતું. સામાજિક અને આર્થિક રીતે વર્ચસ્વ સ્થાનિક સમુદાયના સુવિધાવાળા વિભાગો જેમણે નબળા વર્ગનું કલ્યાણ અવગણના કરી એક મોટું કારણ હતું રાજકીય અપૂર્ણાંક અને વ્યાપકતાને કારણે ચૂંટાયેલાં સભ્યોમાં સંવાદિતાનો અભાવ ભ્રષ્ટાચાર અને અસમર્થતા અન્ય કારણો હતા.

સાઠના દાયકાના મધ્યમાં, રાષ્ટ્રીય અગ્રતા કૃષિ ઉત્પાદનમાં સ્થાનાંતરિત થઈ. કૃષિમાં તકનીકીના ઉપયોગ પર ભાર મૂકતા ઉત્પાદન હેઠળ ચોથી અને પાંચમી પંચવર્ષીય યોજનાઓ (1969-74 અને 1974-79) હેઠળ કેન્દ્રિય સરકારે વહન માટે સ્વતંત્ર વહીવટી વંશવેલો રજૂ કર્યો કેન્દ્રિય સરકાર દ્વારા વિશેષ કાર્યક્રમોનું નાણાં પૂરા પાડવામાં આવતા અને સીધા સંચાલિત કરવામાં આવતા. તેમાં નીચેની એજન્સીઓ અને પ્રોગ્રામ શામેલ છે :

- Small Farmers' Development Agency (SFDA)
- Intensive Agricultural Areas Programme (IAAP)
- Intensive Agricultural District Programme (IADP)
- Tribal Development Agency (TDA)
- Marginal Small Farmers and Agricultural Labourers development Agency (MFAL)
- Area Devlopment agencies, such as, command area development, Drought prone area and hill area development programmes.

**2. એકીકૃત ગ્રામીણ વિકાસ કાર્યક્રમ :**

જો કે સાઠના દાયકાના અંતમાં ખાસ કાર્યક્રમોમાં કૃષિ ઉત્પાદનમાં વધારો થયો હતો અને ખોરાકના ઉત્પાદનમાં વધારો કરવામાં મદદ કરી, તેમના ફાયદા મોટા પ્રમાણમાં થયા જેમની પાસે જરૂરી સંસાધનો હતા નાના અને સીમાંત ખેડૂતો ફરીથી પાછળ રહી ગયા હતા અને

લીલોતરી ક્રાંતિનો સીધો લાભ મળ્યો ન હતો. સમૃદ્ધિને બદલે, તેમની આર્થિક સ્થિતિ વધુ કથળી કેમ કે શ્રીમંત ખેડૂતોએ તેમની જમીન પાક વહેંચણી માટે આપવાની ના પાડી હતી. આમ ગ્રામીણ ગરીબોની સમસ્યાઓના નિરાકરણ માટે, સરકારે ઈ.સ. 1979માં સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમની (IRDP) રજૂઆત કરી ખાસ કરીને આ કાર્યક્રમનું કેન્દ્ર સમાજના નબળા વર્ગ હતા જેઓ ગરીબીમાં જીવે છે. તેમનો હેતુ પ્રોગ્રામના અમલીકરણમાં સામેલ કરવાનો છે. પ્રોગ્રામમમાં આત્મનિર્ભરતા અને વિકાસ પર ભાર મૂક્યો હતો એવી પહેલ જેણે લોકોની અર્થવ્યવસ્થા ગૌરવ સાથે બનાવી. કાર્યક્રમ માટે સાતમી અને આઠમી યોજનાઓ અનુક્રમે (ઈ.સ. 1985-1990 અને ઈ.સ. 1992-1997) દરમિયાન વધુ ફેરફારો કરવામાં આવ્યા હતા આ ફેરફારો શામેલ છે.

આધારરૂપ વ્યવસ્થા માળખાગત સુવિધાઓ અને રોજગાર વચ્ચે જોડાણ સ્થાપિત કરવું યોજનાઓ, સબસિડી વિતરણને બદલે પ્રોગ્રામને ક્રેડિટ આધારિત સ્વ-રોજગાર પ્રવૃત્તિ તરીકે ડિઝાઈન કરવી જીલ્લા ગ્રામીણ વિકાસ એજન્સી અને બ્લોક અધિકારીઓ દ્વારા કાર્યક્રમના અમલીકરનું વિકેન્દ્રીકરણ.

સમાજના નબળા સભ્યોના ધોરણોને વધારવા માટે બીજી ઘણી પેટા યોજનાઓ શરૂ કરવામાં આવી. આવાં શામેલ છે. ગ્રામીણ વિસ્તારોમાં બાળકો અને મહિલાઓનો વિકાસ (DWCRA), સ્વ-રોજગાર માટે ગ્રામીણ યુવાનોને તાલીમ (TRYSEM), રાષ્ટ્રીય ગ્રામીણ રોજગામ કાર્યક્રમ (NREP) અને જવાહર રોજગાર યોજના (JRY). એંશીના મધ્ય સુધીમાં, સરકાર ગરીબોમાં લઘુત્તમ જરૂરિયાતો પૂરી કરવામાં સક્ષમ હતું જેમાં પ્રાથમિક શિક્ષણ, આવાસ, પાણી પુરવઠો, વીજળીકરણ અને રસ્તાઓ આરોગ્ય અને પોષણ શામેલ છે. ઈ.સ. 1993 અને 1994ની વચ્ચે ભારતમાં લગભગ 32.37% વસ્તી નબળી હતી. ગરીબીમાં વસતી-વસ્તીની ટકાવારી લગભગ 17.22% જેટલી સૌથી વધુ હતી. જ્યારે બાકીની વસ્તી સાથે સરખામણી કરો ત્યારે અનુસૂચિત જાતિ અને અનુસૂચિત જનજાતિ. આ મુખ્યત્વે જમીનની ઓછી જમીન-ખાતું, ભૂમિહીન અને નિરક્ષરતા.

### 3. જિલ્લા આયોજન અને વિકાસ સમિતિઓ :

શિવરામન સમિતિના અહેવાલના આધારે આયોજન પંચ બ્લોકને ધ્યાનમાં લેવા આયોજન માટે એકમ તરીકે ઈ.સ. 1987માં તમામ રાજ્યો સરકારોને માર્ગદર્શિકા જારી કરી હતી. જિલ્લા કક્ષાએ આયોજન કરવાની કામગીરી જિલ્લા આયોજન અને વિકાસ સમિતિ અથવા જિલ્લા આયોજન બોર્ડને સોંપવામાં આવી હતી. જેનું સમાજમાં વ્યાપક પ્રતિનિધિત્વ હતું. આ બોર્ડ મંત્રીની આગેવાની હેઠળ ચૂંટાયેલા તેમજ નામાંકિત પ્રતિનિધિઓની, અથવા જિલ્લા કલેક્ટર અથવા બિન-અધિકારી સમાયેલું છે. કાઉન્સિલ નીતિ માર્ગદર્શિકા સેટ કરવાની સાથે-સાથે સંકલન, દેખરેખ, સમીક્ષા, વાર્ષિક અને પાંચ વર્ષની યોજનાઓ અને ડેટા સંગ્રહને અંતિમ રૂપ આપવું માટે જવાબદાર હતું. બ્લોક પર સ્તર મુજબ, વિવિધ વિભાગોમાં અધિકારીઓને તેમના જિલ્લા વડાઓ પાસેથી માર્ગદર્શિકા મેળવી મુજબ યોજના તૈયાર કરવી.

આ પ્રક્રિયા ગ્રામ પંચાયતો સાથે પરામર્શ કરીને યોજનાઓ તૈયાર કરવામાં અને આર્થિક વિકાસ કાર્યક્રમો વધુ અસરકારક લાગુ કરવા મદદ કરે છે. ગ્રામ્ય કક્ષાએ આયોજન વધુ અસરકારક બનશે કારણ કે હવે સમસ્યાઓનું સીધું નિરાકરણ કરવું અને પાયાના સ્તરે વિકાસને સહાય કરવું શક્ય હતું.

## 4. ગ્રામ પંચાયતો અને ગ્રામસભાઓ :

સમુદાય વિકાસ કાર્યક્રમોમાં શરૂ કરવામાં ઘણી ખામીઓ હોવા છતાં પંચાયતી રાજે દેશનો વિકાસ કરવામાં નોંધપાત્ર યોગદાન આપ્યું હતું. તેનાથી લોકોમાં અને વિકસિત રાજકીય નેતૃત્વ વચ્ચે જાગૃતિ આવી. સિસ્ટમે પણ અમલદારશાહી અને લોકો વચ્ચેનું અંતર ઘટાડવામાં મદદ કરી. જો કે, તેની એક મુખ્ય મર્યાદા શક્તિનું કેન્દ્રિકરણ અને તેમાં વિકાસની પ્રક્રિયામાં લોકો શામેલ ન હોવું હતું. આથી પંચાયતીરાજમાં 73મી બંધારણીય સુધારણા સુધારણા દ્વારા ઈ.સ. 1992માં સુધારો થયો પંચાયતી રાજ સંસ્થાઓને વિકાસ અને વિકેન્દ્રિત આયોજનની જવાબદારી નિભાવવા શક્તિ આપી. આ લોકોને નિર્ભર અને સરકારી અધિકારીઓ કે જેમણે તેઓને શરતો નક્કી કરી. દયા પર બનાવ્યું હતું આ બંધારણીય સુધારા હેઠળ વિકાસની 29 વસ્તુઓ પંચાયતી રાજ સંસ્થાઓ (PRI) માં સ્થાનાંતરિત કરી હતી. આ નીચેના ક્ષેત્રો હેઠળ જૂથ કરી શકાય છે :

– કૃષિ

– વન અને પર્યાવરણ

– ઉદ્યોગો

– ઈન્ફ્રાસ્ટ્રક્ચર, લઘુત્તમ જરૂરિયાતો

– સમાજ કલ્યાણ અને

– ગરીબી નિવારણ અને સમુદાય સંપત્તિનું જાળવણી

ગામ કક્ષાની સુવિધા માટે ગ્રામ પંચાયતોની નબળી સ્થિતિને ધ્યાનમાં રાખને જિલ્લા આયોજન વિકાસ સમિતિ માટે વિવિધ સરકારી અને બિનસરકારી સંસ્થાઓ પ્રતિનિધિત્વ કરનારા સભ્યો સાથે મજબૂત માઈક્રો પ્લાનિંગ માટે હતી. ગ્રામ સભા (ગામ વિધાનસભા) ને મજબૂત બનાવવા માઈક્રો લેવલ પર પ્લાનિંગની સગવડની દરખાસ્ત હતું. ગ્રામપંચાયતને ગ્રામસભાને ચર્ચા અને વાર્ષિક યોજનાઓ અંતિમકરણ માટેના મંચ તરીકે ઉપયોગ કર્યો હતો. ફોરમે વિવિધ વિકાસ કાર્યક્રમો અમલીકરણ માટે પણ પ્રાથમિકતા નક્કી કરી છે. સાથો સાથો, ગ્રામ સભા પ્રવૃત્તિઓમાં ગ્રામજનોના વિકસિત આતુરતા ટકાવી રાખવા માટે એક યોગ્ય પદ્ધતિ હતી. બધા દ્વારા ભાગીદારીની ખાતરી કરવા, સમુદાય સંગઠનો માટે ગ્રામસભામાં પ્રતિનિધિઓની નિમણૂંક કરવી જરૂરી હતી. આ પ્રતિનિધિઓ સામાન્ય લોકોના હિતનું રક્ષણ કર્યું અને ખેડૂત સંગઠનો, સ્વ-સહાય જૂથો, શૈક્ષણિક સંસ્થાઓ અને અન્ય સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા હાલમાં નામાંકિત થયા. હાલમાં, આ લોકશાહી પ્રક્રિયાઓ દ્વારા, 3.3 મિલિયનથી વધુ ચૂંટાયેલા નેતાઓએ પંચાયતી રાજ વહીવટના વિવિધ સ્તરે હોદ્દો સંભાળ્યો છે 2,27,678 ગામ પંચાયતો, 5906 પંચાયત સમિતિઓને અને 474 જિલ્લા પરિષદો આવરી લે છે ફરજિયાત જોગવાઈઓ જે સ્ત્રીઓ અને એસપી/એસટી જૂથોની ભાગીદારી માટે 33% હોદ્દો જાળવી રાખવાના પરિણામ સ્વરૂપે સક્રિય થયા છે. સ્ત્રીઓ પંચાયતી રાજ કાર્યસૂચિ પીવાના પાણી, છોકરીઓનું શિક્ષણ અને મૂળભૂત આરોગ્ય સેવાઓ જેવા મુદ્દાઓ થોડી અગ્રતા મૂકવામાં સફળ રહી છે.

## 5. બિનસરકારી સંસ્થાઓની ભૂમિકા :

બિન-સરકારી સંસ્થાઓ (એન.જી.ઓ.) અને સ્વૈચ્છિક એજન્સીઓની ભૂમિકા :

ગ્રામીણ વિકાસ ક્ષેત્રે ખૂબ જ નોંધપાત્ર છે. ગ્રામીણ વિકાસના સફળ અમલીકરણને અસર કરનાર ભારત ગરીમ પરિવારોને તેમની સક્રિય ભાગીદારી સુનિશ્ચિત કરવા મુખ્ય

પરિબળમાં પ્રેરણારૂપ છે. લોકોની સંસ્થાઓનો વિકાસ પણ સુનિશ્ચિત કરવા માટે જરૂરી છે કે જેમાં નિરિક્ષત અને નબળા લોકોને વિવિધ યોજનાઓનો સહિત લાભ મળે. વિકાસ પ્રક્રિયામાં લોકોની ભાગીદારીની ખાતરી કરવા અને તેમનો આત્મવિશ્વાસ મેળવવા માટે, આયોજનના તબક્કેથી તેઓ યોગ્ય પ્રોગ્રામમાં શામેલ હોવા જોઈએ. કેટલાક નવીન કાર્યક્રમો અમલમાં આવ્યા પાયલોટ સ્કેલ પર બતાવ્યું છે કે દ્વારા ઘણા તર્કસંગત સૂચનો કરવામાં આવ્યા છે. સામાન્ય માણસે કાર્યક્રમો સરળ અમલીકરણ અને સફળતા સુનિશ્ચિત કરવામાં મદદ કરી છે. સહભાગી અભિગમ કાર્યક્રમમાં રાહતની માંગ કરે છે. લક્ષ્યાંક પરિવારોને પ્રોગ્રામના અમલીકરણની જવાબદારી ધારે તે માટે પ્રેરિત થવું જોઇએ. જ્યારે એજન્સીઓ સામેલ થવા માટે ઉત્પ્રેકની ભૂમિકા ભજવવી જોઈએ. સંકલિત ગ્રામીણ વિકાસના આ કાર્યમાં સ્વૈચ્છિક એજન્સીઓ મહત્ત્વપૂર્ણ ભૂમિકા ભજવી શકે છે.

સ્વૈચ્છિક સંસ્થાઓ અથવા બિન-સરકારી સંસ્થાઓ (એન.જી.ઓ.)માં સામાન્ય લોકોની2 સમસ્યાઓ અથવા તેમના પડકારોનો સામનો કરવામાં મદદ કરવા માટે સામાન્ય રીતે તેમની સાથે કામ કરવા માટે તેમની સ્વૈચ્છિક ક્રિયા અને સેવા પર ધ્યાન કેન્દ્રિત કરવું જોઈએ. કાર્યક્રમોમાં સફળતા તરફ દોરી જવા આ સ્વૈચ્છિક એજન્સીઓની કેટલીક મુખ્ય લાક્ષણિકતાઓ નીચે મુજબ છે.

1. પીડાતા લોકો પ્રત્યે સહાનુભૂતિપૂર્ણ વલણ
2. મજબૂત સ્વૈચ્છિકવાદ અને વ્યાવસાયિકરણવાળી સંસ્થાઓ
3. સ્વયંસેવકો અને સ્ટાફનું સમર્પણ
4. સમુદાય સાથે સારા સંબંધ
5. પ્રોગ્રામમાં રાહત અને
6. સમસ્યાઓ હલ કરવા માટે નવીન અભિગમો

ગ્રામીણ વિસ્તારોમાં ઊંડા મૂળવાળી એજન્સીઓ સમુદાયને વધુ અસરકારક રીતે સેવા આપે છે. ઈ.સ. 1970ના દાયકા સુધી સરકારે ગ્રામીણ વિકાસમાં સરકારના પ્રયત્નોને પૂરક બનાવવા માટે સ્વૈચ્છિક એજન્સીઓ ભૂમિકાને માન્યતા આપી ન હતી. આ પહેલાં એન.જી.ઓ. ધાર્મિક સંસ્થાઓ અને સુશિક્ષિત જાહેર સંચાલિત હોસ્પિટલો અને શૈક્ષણિક સંસ્થાઓ દ્વારા સંચાલિત હતી. આંતરરાષ્ટ્રીય દાતા એજન્સીઓની સહાયથી ગ્રામીણ વિકાસમાં સામેલ સ્વૈચ્છિક સંસ્થાઓને ટેકો આપવા માટે, કૃષિમંત્રાલયે 'ભૂખ અભિયાનમાંથી સ્વતંત્રતા' નામની એક સ્વતંત્ર સંસ્થાની રચના કરી, આ સંગઠનનું ફરીથી ગોઠવણ કરવામાં આવ્યું અને તેનું નામ 'લોકોનું કાર્યવાહી' વિકાસ માટે ઈન્ડિયા (પીએડી-આઈ) રાખવામાં આવ્યું. PAD-I કાઉન્સિલ ફોર ગ્રામીણની પ્રગતિ ટેકનોલોજી સાથે ભળી ગયું હતું અને 1986માં તેનું નામ બદલીને કાઉન્સિલ ફોર એડવાન્સમેન્ટ પીપલ્સ એક્શન અને રૂરલ ટેકનોલોજી (કાપાર્ટ) તરીકે કરવામાં આવ્યું. ત્યારથી કાપાર્ટ ગ્રામીણ વિકાસમાં રોકાયેલા સ્વૈચ્છિક એજન્સીઓને આર્થિક સહાય પૂરી પાડે છે. છેલ્લા બે દાયકામાં, બિન સરકારી સંગઠનોની અનેક વિકાસ પહેલ પર નોંધપાત્ર અસર કરી છે. આ પહેલની વ્યાપક સફળતાએ ઘણી રાજ્ય સરકારોને લોકોની ભાગીદારીને પ્રોત્સાહન આપવા યોજનાઓ શરૂ કરવા પ્રોત્સાહન આપ્યું છે.

પંચાયતોની વિવિધ પ્રવૃત્તિઓમાં સહાય કરવા માટે એનજીઓ એ સૌથી યોગ્ય એજન્સીઓ છે. કૃષિ અને અન્ય નાના ઉદ્યોગોમાં રોકાણ દ્વારા તેઓ સ્વરોજગારને પ્રોત્સાહિત કરવાની તકો પ્રદાન કરે છે. તેઓ નાણાંકીય સંસ્થાઓ, બેંકો અને અન્ય પાસેથી લોન મેળવવા

માટેની સુવિધાઓ બનાવવામાં પણ સારું છે. ગરીબ લોકો દ્વારા રોકાણ માટે ભારતીય રિઝર્વ બેંકે તમામ બેન્કરોને 25,000 રૂપિયા સુધીના ભંડોળ માટે કોલેટરલ સિક્યુરિટીનો આગ્રહ ન રાખવો એ માર્ગદર્શિકા જારી કરી હતી. પરિણામે ઈ.સ. 1995-96માં ગ્રામીણ ધિરાણ તરીકે રૂ. 250 અબજથી વધુનું વિતરણ કરાયું હતું. જેમાંથી 50% સહકારી અને બાકીના અન્ય બેંકિંગ સંસ્થાઓ દ્વારા હતા. તેમ છતાં, ઔપચારિક બેંકિંગ કામગીરી ઘણા ગામલોકો માટે હંમેશા તેમના કઠોરતા, અંતર અને ઓપરેશનની ઉંચી કિંમત માટે અનુકૂળ હોતી નથી. તેથી, કેટલાક નવીન બેંકિંગ સંસ્થાઓની સ્થાપના એન.જી.ઓ દ્વારા કરવામાં આવી છે.

**6. BAIF ગ્રામીણ વિકાસ માટે પ્રતિબદ્ધ અગ્રણી એન.જી.ઓ :**

BAIF વિકાસ સંશોધન ફાઉન્ડેશન એક સ્વૈચ્છિક સંસ્થા સંસ્થા છે. ઈ.સ. 1967 માં મહાત્મા ગાંધીના શિષ્ય ડ. મનીભાઈ દેસાઈએ પુણે નજીકના ગામ ઉરુલીકંચન ખાતે સ્થાપના કરી. તેનો મુખ્ય ઉદ્દેશ ગ્રામીણ ગરીબો માટે સ્વ રોજગાર પ્રદાન કરવો છે. BAIF એકીકૃત ગ્રામીણ વિકાસને પ્રોત્સાહન આપે છે. કાર્યક્રમોમાં જીવનની ગુણવત્તાની ખાતરી કરવા માટે સ્ત્રીઓ અને પર્યાવરણીય પ્રદૂષણ, આરોગ્ય, નિરક્ષરતા, સશક્તિકરણની સમસ્યાઓનું નિરાકરણ કરવામાં આવ્યું છે.

BAIF સમાજનાં નબળા વર્ગ પર કુટુંબ આધારિત અભિગમ દ્વારા ધ્યાન કેન્દ્રિત કરે છે. તે દર્શાવ્યું છે કે કુટુંબમાં ત્રણ વધુ ઉપજ આપતી ગાયો છે અથવા હોર્ટી-ફોરેસ્ટ્રી હેઠળની એક હેક્ટર જમીન પ્રતિ વર્ષ 20,000, 25,000 આવક અધોગામી વાર્ષિક કમાણી કરી શકે છે. આ કાર્યક્રમો દ્વારા ગરીબી નાબૂદ કરવા માટેની ટૂંકી અવધિ 5 થી 6 વર્ષ છે. BAIF લોકોને સ્વ-સહાય જૂથની રચના અને સ્થાનિક આયોજન ભાગીદારી સમિતિઓ જે તેમની સમસ્યાઓ વિશે ચર્ચા કરે છે અને યોગ્ય ઉકેલો સાથે આવે છે તેમના દ્વારા પ્રોત્સાહન આપે છે. આ જૂથોના સભ્યોને વિવિધ કૃષિ આધારિત સ્થાનિક સંસાધન વ્યક્તિઓમાં કુશળતા વિકસિત કરવાની તાલીમ આપવામાં આવે છે. તાલીમ પ્રોજેક્ટ અમલીકરણના સંસાધનો અને સંચાલનના મહત્તમ ઉપયોગની સાથે યોગ્ય તકનીકોની પસંદગી અને ઉપયોગના પાસાં પર ભાર મૂકે છે.

BAIF પશુ વિકાસ કાર્યક્રમ ચલાવે છે. જેના દ્વારા સાત રાજયોમાં 10,000 ગામોને આવરી લેતા 725 કેન્દ્રો ચલાવવામાં આવે છે. તે ખેડૂતોના દ્વારા પશુપાલન અને ભેંસની સંવર્ધન સેવા પૂરી પાડે છે. આ પ્રોગ્રામ દ્વારા એક મિલિયનથી વધુ ખેડૂતોને તેમની પશુધનને સુધારવામાં અને દૂધ ઉત્પાદન દ્વારા તેમની આવક વધારવામાં મદદ મળી છે. ડેરી પશુપાલનને મહિલાઓ અને નાના ખેડૂતો માટે ઇકો ફ્રેન્ડલી પ્રથાઓ જૈવિક ખેતી, બાયોગેસ ઉત્પાદન અને સ્ટોલ ફીડિંગ તરીકેને પ્રોત્સાહન આપતી વખતે ટકાઈ આજીવિકા મેળવવા એક ઉત્તમ તક પૂરી પાડી છે.

BAIF દ્વારા સંચાલિત બીજો પ્રોગ્રામ એ છે કે વૃક્ષ આધારિત ખેતી અને જળ સંસાધન સંચાલન દ્વારા કચરાપેટીનો વિકાસ અને કાર્યક્રમ એ છે કે તકનીકી માર્ગદર્શન આપીને આશરે 1000 ગામોમાં જટિલ ઈનપુટ્સ અમલ કરાયો છે.

**7. પ્રગતિ/સહકારી અને સ્વ-સહાય જૂથો માટે લોકોની પહેલ :**

કેટલાંક રાજ્યોમાં ખેડૂતોએ શેરડી, તેલ-બીજ, દૂધ, ફળો અને શાકભાજી પ્રક્રિયા માટે સહકારી સ્થાપના કરી છે. વ્યાવસાયિક સાથે આધુનિક તકનીકોનું સંચાલન અને એપ્લિકેશન, આ સંસ્થાઓ મધ્યસ્થી વેપારીઓ દ્વારા આર્થિક સ્થિરતા અને શોષણને દૂર કર્યું છે.

પીવાના પાણીનો પુરવઠો એ હજી બીજી સમસ્યા છે. દેશવ્યાપી જળ સંસાધન વિકાસ માટેના કાર્યક્રમ હેઠળ જેમ કે સગવડ અને પાણી વપરાશકારોની સંસ્થાઓની રચના કરવા, લોકોને સીધા આ પ્રોજેક્ટને અમલમાં મૂકવા માટે એન.જી.ઓ.માં સામેલ કરવામાં આવી છે. આ કાર્યક્રમ એ પીવાના પાણીના પુરવઠા પર નોંધપાત્ર અસર કરી છે. જરૂરી વિકાસ માટે આર્થિક સમૃદ્ધિ વધારવા માટે જરૂરી ઈન્ફ્રાસ્ટ્રક્ચર અન્ય ક્ષેત્રોમાં સમાન સંસ્થાઓને પ્રોત્સાહન આપવું તે શક્ય છે.

ઈ.સ. 1999માં નવમી પંચવર્ષીય યોજના (1997-2002) દ્વારા સ્વ-સહાય જૂથોને પ્રોત્સાહન આપવા માટેના પ્રયત્નો પણ કરવામાં આવ્યા છે. સ્વર્ણજયંતિ ગ્રામ સ્વરોજગાર યોજના SGSY એ ગરીબ પરિવારોમાં સ્વ-સહાય જૂથો (SHGs)ના વિકાસને પ્રોત્સાહન આપ્યું. આ એસ.એચ.જી. માં ગરીબ સામાજિક-આર્થિક સ્થિતિના 10-20 સભ્યો હોય છે.

તેઓ સહભાગીઓને તેમની બચત એકત્રિત કરવા અને જરૂરિયાતમંદ સભ્યોને લોન તરીકે વહેંચવા નિયમિત મળવા માટે પ્રોત્સાહિત કરે છે. આ પ્રક્રિયા દરમિયાન, તેઓ તેમની સમસ્યાઓ વિશે પણ ચર્ચા કરે છે અને યોગ્ય ઉકેલો શોધે છે. અંતે, તે લોકોની પહેલ છે જે વિકાસને ટકાવી શકે છે. આ લોકોની હિલચાલને ટેકો આપવાની સરકારની ઈચ્છા છે અને ભારતમાં ગ્રામીણ ગરીબો માટે ટકાઉ વિકાસ માટેની આ એકમાત્ર આશાનું કિરણ છે. અમે આશા રાખીએ છીએ કે હવે તમે સમુદાય વિકાસ તેમજ સ્વૈચ્છિક એજન્સીઓની ભૂમિકા રોકાયેલ વિવિધ સંસ્થાઓને સમજી શકશો.

## 5.4 સમુદાય વિકાસના ઘટકો

સમુદાય વિકાસ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોની વિશાળ શ્રેણીને આવરે છે. આ એક સમુદાયથી બીજા સમુદાયથી અલગ પડે છે અને સમુદાયની પ્રાથમિકતાઓ, મુદ્દાઓ, યોજના, સમસ્યાઓ અને ઉકેલો પર આધાર રાખે છે. આ સમુદાય વિકાસના મુખ્ય ઘટકો નીચે મુજબ છે.

**બાળ વિકાસ કાર્યક્રમ :**

બાળકો એ કોઈપણ રાષ્ટ્રની ભાવિ સંપત્તિ હોય છે અને તેથી તે તેમના વિકાસમાં રોકાણ માટે ચૂકવણી કરે છે. બાળ વિકાસ કાર્યક્રમ જન્મથી ચાર વર્ષનાં બાળકોવાળા પરિવારો માટે સપોર્ટ સેવા તરીકે જોઈ શકાય છે. તે પણ જાણવા મળ્યું છે કે માતા-પિતાની પાલન અને તંદુરસ્ત સહાયક કરવાની ક્ષમતા અને તેમના બાળકોનો આજુવન વૃદ્ધિ વિકાસ પ્રારંભિક સંસાધનોની દખલ જોગવાઈથી થાય છે.

**કિશોરો વિકાસ કાર્યક્રમ :**

કિશોરાવસ્થા એ શારીરિક, માનસિક અને ભાવનાત્મક પરિપક્વતાની દૃષ્ટિએ વિકાસ અને માનવ વિકાસનો મહત્ત્વપૂર્ણ સમય છે. આ તે સમયગાળો છે જ્યારે કિશોરોએ ભાવિ કુશળ જીવન માટે પૂરતી ક્ષમતા પ્રાપ્ત કરવાની અપેક્ષા છે, અને જો કિશોરોની સારી કાળજી લેવામાં આવતી નથી, તો તેઓ નકારાત્મક વલણ અને વર્તનનો વિકાસ કરી શકે છે જે સમુદાયના વિકાસને અસર કરી શકે છે અને તેથી કિશોરોના સર્વાંગી વિકાસને પ્રોત્સાહન આપતા કાર્યક્રમો કરવા તે સમુદાયની જવાબદારી છે.

**યુવા વિકાસ કાર્યક્રમ :**

યુવાનો એ કોઈપણ સમાજને અમૂલ્ય ભેટ છે. ઉત્પાદક વય જૂથ હોવાથી, તેઓ સમુદાયના વિકાસની પ્રક્રિયામાં ઘણું યોગદાન આપી શકે છે. યુવા વિકાસમાં રોકાણ કરવું સાકલ્યવાદી અને વ્યાપક રીતે ટકાઈ સમુદાયના વિકાસ માટેનો માર્ગ મોકળો કરશે.

**મહિલા વિકાસ કાર્યક્રમ :**

મહિલા સમુદાય વિકાસની શાંત પરંતુ અસરકારક ફાળો આપનાર છે. ઘરેલું અને બિન-સ્થાનિક ક્ષેત્રોમાં તેમનું યોગદાન છે. સમુદાયની એક જવાબદારી છે તે મહિલાઓના કુલ વિકાસ માટે તેમના પ્રજનન સ્વાસ્થ્ય સહિતની પોષણ, સંભાળ અને પ્રોત્સાહન આપવા.

**મહિલા વિકાસ કાર્યક્રમ :**

વૃદ્ધત્વ એ એક કુદરતી ઘટના છે અને આપણા જીવનચક્રનો એક ભાગ છે. કુશળતા અને વરિષ્ઠ નાગરિકોના અનુભવનો ઉપયોગ સમુદાય માટે થવો જોઈએ વિકાસ પહેલ. વૃદ્ધ લોકોનું રક્ષણ અને સામાજિક સુરક્ષા એ સમુદાયની જવાબદારી હોવી જોઈએ. પુનર્ગઠન, સ્વીકૃતિ, દેખભાળ અને ઉછેર એ સમુદાય વિકાસનો ભાગ અને હિસ્સો છે.

**આરોગ્ય અને પરિવાર કલ્યાણ કાર્યક્રમ :**

આરોગ્ય અને કુટુંબ કલ્યાણ કાર્યક્રમ એ સમુદાય વિકાસ કાર્યક્રમની એક મહત્ત્વપૂર્ણ પ્રવૃત્તિ છે. તેમાં વ્યક્તિઓની શારીરિક, માનસિક અને સામાજિક સુખાકારીનો સમાવેશ થાય છે. પ્રજનન અને બાળ આરોગ્ય પ્રવૃત્તિઓ એ સમુદાયના વિકાસ કાર્યક્રમના મહત્ત્વપૂર્ણ ઘટકો પણ છે.

**કૌટુંબિક જીવન શિક્ષણ :**

કૌટુંબિક જીવન શિક્ષણ એ એક બીજું મહત્ત્વપૂર્ણ ક્ષેત્ર છે. આપણી સમાજ વ્યવસ્થાના વર્તમાન સંદર્ભમાં જેની ખૂબ જરૂર છે. પરંપરાગત ભારતીય કુટુંબ સિસ્ટમ અને પારિવારિક જીવન ખૂબ જ મજબૂત છે અને તેણે આપણા સાંસ્કૃતિકનો પાયો નાંખ્યો છે. પારિવારિક જીવન શિક્ષણ વ્યક્તિઓને કુટુંબમાં, તેમની જવાબદારીઓ અને ફરજો શીખવે છે. તે સમુદાય વિકાસ અને સામાજિક સશક્તિકરણમાં કુટુંબની ભૂમિકા પણ આવરી લે છે.

**કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ :**

કૃષિ અને સંલગ્ન પ્રવૃત્તિઓ સમુદાયને સ્વસ્થ આહાર આપે છે. સમુદાય વિકાસ પ્રવૃત્તિઓના ભાગરૂપે, સમુદાય તેની મોટા ભાગની આવશ્યક ખાદ્ય ચીજોનું ઉત્પાદન કરવું જોઈએ. સમુદાયમાં કૃષિ ઉત્પાદન વધારીને તેમાં પોષક ઉણપને દૂર કરવી જોઇએ. સમુદાયમાં ટકાઉ કૃષિ ઉત્પાદન પ્રાપ્ત કરવા માટે કાર્બનિક અને પર્યાવરણમિત્ર એવી કૃષિ પહેલના ઉપયોગને પણ પ્રોત્સાહન આપવું જોઇએ. વધુમાં, કૃષિ આધારિત ઉદ્યોગોનો વિકાસ હોવો જોઇએ અને જૈવિક ખાતર ઉપયોગ જેવી કે જમીનની ફળદ્રુપતાને બચાવવા માટેની પહેલ. સમુદાયે આવશ્યક શાકભાજી અને માંસ લોગ પણ જાળવવી જોઈએ.

**સહકારી સેવા સોસાયટી :**

આરોગ્ય સહકારી સેવા મંડળીઓ સમુદાય વિકાસની કરોડરજ્જુ છે. સહકારી ક્ષેત્ર સમુદાય વિકાસના તમામ ક્ષેત્રોને સ્પર્શે છે. સહકારી સેવા મંડળીઓ ચલાવવા અને વિવિધ ક્ષેત્રોમાં સંચાલિત કરવાની ક્ષમતા સમુદાય વિકાસ કાર્યકર ક્ષમતા પ્રાપ્ત કરી શકે છે અને આ જૂથ હસ્તક્ષેપના દ્વારા સમુદાયના વિકાસમાં મદદ મળશે. સહકારી ક્ષેત્રનો બીજો ઉદ્દેશ સમુદાય વિકાસ માટે સાધન એકત્રીકરણ અને સંસાધનોનો યોગ્ય ઉપયોગ છે.

**શિક્ષણ :**

સમુદાયના વિકાસ માટે શિક્ષણ એ એક મહત્ત્વપૂર્ણ સાધન છે. ત્યાં છે ત્રણ પ્રકારનાં શિક્ષણ. ઔપચારિક, બિન ઔપચારિક અને અનૌપચારિક. ઔપચારિક શિક્ષણ એ વર્ગખંડ

આધારિત પ્રવૃત્તિ છે જે પ્રશિક્ષિત શિક્ષકો અને માળખાગત અભ્યાસક્રમ દ્વારા માર્ગદર્શિત પ્રમાણપત્ર તરફ દોરી રહેલાં દ્વારા પૂરી પાડવામાં આવે છે. બિન ઔપચારિક શિક્ષણ એ શિથિલ રીતે વ્યવસ્થિત શિક્ષણ પ્રવૃત્તિ છે જે ઔપચારિક અભ્યાસક્રમ દ્વારા માર્ગદર્શન આપી શકે છે અથવા નહીં. આ પ્રકારનું શિક્ષણ કોઈ લાયક શિક્ષક અથવા વધુ અનુભવવાળા નેતા દ્વારા દોરી શકે છે. જ્યારે અનૌપચારિક શિક્ષણ એ ઔપચારિક શિક્ષણ વાતાવરણની બહાર થાય છે. અહીં શિક્ષક ફક્ત કોઈ એવી માતા-પિતા, દાદા અથવા મિત્ર જેવા વધુ અનુભવ સાથે હોય છે. તે સમુદાય અને પર્યાવરણ જ્યાં તે રહે છે. સમુદાયના વિકાસમાં આ પ્રકારના દરેક શિક્ષણનું પોતાનું મહત્ત્વ છે. પુખ્ત નિરક્ષરતા તેમજ વ્યાવસાયિક અને અન્ય કૌશલ્ય વિકાસના મુદ્દાઓ બિન ઔપચારિક શિક્ષણને સંબોધિત કરી શકે છે જે સમુદાયના વિકાસને ટેકો આપવા માટે જરૂરી છે. વિચારકો, આયોજકો, મેનેજરો, નીતિ નિર્માતાઓ અને અન્ય વ્યાવસાયિકો સમુદાયના વિકાસ માટે જરૂરી છે. ખરેખર, જેમ આપણે પહેલાં કહ્યું છે. માનવ સંસાધન વિકાસ એ સમુદાય વિકાસનો એક આવશ્યક ઘટક છે. માનવ સંસાધન વિકાસમાં શિક્ષણની મુખ્ય ભૂમિકા છે.

શિક્ષણ કુશળ માનવશક્તિ વિકસાવવામાં પણ મદદ કરે છે જે સમુદાયના વિવિધ ક્ષેત્રોમાં જમાવટ અથવા રોજગાર પેદા કરી શકે છે. ઉદાહરણ તરીકે સમુદાય માનવશક્તિના વિકાસ માટે ઉત્પાદન, કુશળ અને લાયક મજૂરોનો ઉપયોગ કરી શકાય છે. સીડબ્લ્યુ સમુદાયમાંથી રોજગાર, બેરોજગારી અને અયોગ્ય રોજગાર પર ડેટા એકત્રિત કરવા જોઈએ. સમુદાયના વિકાસ માટે માનવશક્તિનો ઉપયોગ કરવામાં મજૂર બેંકની કલ્પના અને તેનો અસરકારક ઉપયોગ ખૂબ જ મદદરૂપ છે.

**વાતચીત :**

અસરકારક સંદેશાવ્યવહાર એ સમુદાય વિકાસનું બીજું મહત્ત્વનું પાસું છે. આ સંદર્ભમાં સંદેશાવ્યવહાર માત્ર મૌખિક વાતચીત નથી, પરંતુ તેમાં અન્ય વિવિધ સ્વરૂપો શામેલ છે જે લોકોને શારીરિક અને વૈચારિક એક સાથે લાવે છે. ઉદાહરણ તરીકે, બાંધકામ રસ્તાઓ, પરિવહન અને સંદેશાવ્યવહાર સુવિધાઓ એકબીજા અને વૈશ્વિકરણવાળા વિશ્વના સમુદાયના સભ્યો સાથે કડી કરવામાં મદદ કરે છે. સંદેશાવ્યાવહાર અને માળખાગત વિકાસ સમુદાય વિકાસ પ્રક્રિયામાં બે રીતે મદદ કરે છે. વૈશ્વિક તકો પર જાગૃતિ વધારશે અને માર્કેટિંગ, એચઆર અને અન્ય ઉત્પાદનો માટ અવકાશ લાવીને તમે સમુદાય વિકાસના ઘટકો પર આ વિભાગના અંતમાં આવ્યા છો. હવે પછીના ભાગમાં, અમે સમુદાય વિકાસ પ્રારંભ કરવા માટેનાં પગલાંઓની ચર્ચા કરીશું

## 5.5 સમુદાય વિકાસ શરૂ કરવાના પગલાં

દરેક સમુદાયની તેની વિશેષ વિશેષતાઓ હોય છે જે તેને બીજા સમુદાયથી અલગ બનાવે છે. સંસાધનોની પ્રાપ્યતા અને ઉપયોગ, સંસ્કૃતિ, વલણ, વર્તન અને સામાજિક વિકાસ જરૂરિયાતો તફાવતોનું સ્વરૂપ લઈ શકે છે. સમુદાય વિકાસ પ્રારંભ કરવા માટે નીચેના મુખ્ય પગલાં છે.

**પગલું 1 : ગોલ સેટિંગ**

ધ્યેય સેટિંગ એ સમુદાય વિકાસ પ્રવૃત્તિઓની પહેલનું પ્રથમ પગલું છે. તે આયોજન અને અમલીકરણ પહેલાં આવે છે. ધ્યેય સેટિંગ દરમિયાન સીડબ્લ્યુ એ સમુદાયના સામાજિક, આર્થિક, સાંસ્કૃતિક અને વસ્તી વિષયક પાસાં ધ્યાનમાં લેવા જોઈએ. આ ઉપરાંત, તેઓએ

માનવશક્તિ, આયોજકો અને અમલકર્તાઓ જેવા સાધનોની ઉપલબ્ધતા પર પણ જોવું જોઈએ. સાધનસત્તા, લક્ષ્ય પ્રવૃત્તિમાં 'સરળ' હોવું જોઇએ.

**પગલું 2 : સમુદાયના લોકોને સમજવું**

સમુદાય વિકાસ કાર્યક્રમનું આયોજન અને અમલ કરતા પહેલા, સમુદાયના લોકો વિશે શીખવું મહત્ત્વપૂર્ણ છે. તમે નીચેની માહિતી શોધવા દ્વારા આ કરી શકો છો.

- તેમની જરૂરિયાતો
- શૈક્ષણિક સ્તરો અને આવશ્યકતાઓ
- સાંસ્કૃતિ અને ધાર્મિક રચનાઓ
- તેઓ જે સમસ્યા અને સમસ્યાઓનો સામનો કરે છે
- તેમનો ઇતિહાસ
- રાજકીય સુયોજન અને રાજકીય નેતાઓ
- સમાજનું વલણ
- આરોગ્ય સંબંધિત મુદ્દાઓ
- જીવનની ગુણવત્તા
- સામાજિક-આર્થિક પરિસ્થિતિ
- રોજગારીની તકો
- સહકારી ક્ષેત્રોની ઉપલબ્ધતા
- સ્વ-સહાય જૂથો

**પગલું 3 : સમુદાય વિકાસ પરની સમસ્યાઓ, તકો અને મુદ્દાઓ ઓળખો**

સમુદાય વિકાસ વિશે તમે જે માહિતી એકત્રિત કરો છો તે તમને સમુદાયની સંબંધિત તકો, સમસ્યાઓ અને મુદ્દાઓ ઓળખવા પણ મદદ કરશે. તમે યોજના કરો તે પહેલાં તેઓની સૂચિ બનાવવી અને વિકાસલક્ષી પ્રવૃત્તિઓ અમલમાં મૂકવી મહત્ત્વપૂર્ણ છે.

**પગલું 4 : મુદ્દાઓ અને સમસ્યાઓને પ્રાધાન્ય આપો.**

એકવાર તમે સમુદાયમાં મુદ્દાઓ અને સમસ્યાઓની સૂચિ તૈયાર કરો, પછી આગળનું પગલું તે છે કે જેને પહેલાં હલ કરવાની જરૂર છે તે ઓળખવું. આ સમુદાય સાથે પરામર્શ કરવામાં આવશે. જે મુદ્દાઓ માંગ કરે છે તાકીદનું ધ્યાન પ્રથમ ધ્યાન આપવું જોઈએ. આમ, સમુદાયના વિકાસમાં સમુદાયની જરૂરિયાતો અને તેમની આવશ્યકતા અને તાકીદ મુજબની સમસ્યાઓને પ્રાધાન્ય આપવું એ મહત્ત્વપૂર્ણ પગલું છે.

**પગલું 5 : રિસોર્ટ મેપિંગ**

એકવાર તમે જરૂરિયાતો અને મુદ્દાઓને ઓળખી અને પ્રાધાન્યતા આપી લો, પછીનું પગલું રિસોર્ટ મેપિંગ છે. રિસોર્ટ મેપિંગ શું છે ? તે ચોક્કસ વિકાસ યોજનાઓ માટે જરૂર તમામ ઉપલબ્ધ સંસાધનો, જેમ કે માનવ શક્તિ, સામગ્રી અને નાણાં ઓળખ છે. દરેક સ્રોતની ગુણવત્તા અને જથ્થોનું વિશ્લેષણ કરવું અને સમુદાય વિકાસ જરૂરિયાતો સંબોધન કરવા માટે તેનો કેવી રીતે ઉપયોગ કરી શકાય તે ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે.

**પગલું 6 : પ્રવૃત્તિની યોજના બનાવો અને તૈયાર કરો**

એકવાર લક્ષ્યો નક્કી થઈ જાય. પછી જરૂરિયાતો ઓળખી અને સંસાધનો મેપ થાય. સી.ડી.ડબલ્યુ. એ ગોલ ની સિધ્ધિ માટે પ્રવૃત્તિઓ કરવાની યોજના તૈયાર કરવી જોઈએ. તેઓ સામાજિક કાર્યકરો અને આયોજકો,જેઓ સમુદાયના વિકાસની યોજના પ્રવૃત્તિઓ અને તૈયારીમાં સક્રિય ભૂમિકા ભજવવામાં મદદ કરી શકે છે ભજવી શકે છે.

**પગલું 7 : અમલીકરણ માટે ડિઝાઈન તૈયાર કરો**

આ પ્રક્રિયા આયોજકોને અને અમલકર્તાઓને પ્રવૃત્તિઓ / અમલીકરણમાં સિદ્ધાંત અને વ્યવહારિકતા સમજવામાં મદદ કરશે. જ્યારે ડિઝાઈન તૈયાર કરવામાં આવે ત્યારે અમલીકરણની વ્યૂહરચનાઓ પર વિશેષ ધ્યાન આપવાનું છે. પર્યાવરણ બનાવટ, સાધન સપોર્ટની ખાતરી અને લોકોનો ટેકો એ ડિઝાઈનનો ભાગ અને હિસ્સો બનશે.

**પગલું 8 : સમય અને ખર્ચનો અંદાજ તૈયાર કરો**

સમય અને ખર્ચનો અંદાજ એ બે મહત્ત્વપૂર્ણ પાસાં છે જે તમારે જોઈએ સમુદાયના વિકાસની યોજના અને અમલ કરતી વખતી ધ્યાનમાં લોકપ્રવૃત્તિઓ દરેક પેટા પ્રવૃત્તિ માટે વાજબી સમયમર્યાદા આપવી જોઈએ અને મુખ્ય પ્રવૃત્તિ. કિંમતનો અંદાજ કાળજીપૂર્વક તૈયાર થવો જોઈએ અને તમે કરી શકો છો કુશળતા અને અનુભવતા ધરાવતા લોકોની સહાય લેવી. ઉપગોગ કરીને સમુદાય સપોર્ટ અને અન્ય સ્રોતો, અમલીકરણની કિંમત હોઈ શકે છે.

**પગલું 9 : સમુદાય વિકાસ પ્રવૃત્તિઓ અને કાર્યક્રમોનો અમલ**

આયોજન, પ્રવૃત્તિઓ કર્યા પછી, તમારો વર્ક પ્લાન ડિઝાઈનિંગ અને બજેટ તૈયાર કર્યા પછી, આગળનું પગલું અમલીકરણ છે. આ પગલાનો ઉદ્દેશ તમે જે અગ્રતા સમસ્યાઓ અને ઘટનાઓ ઓળખી હતી તેનો સામનો કરવાનો છે. આ પ્રવૃત્તિઓ અમલમાં મૂકવા માટે અસરકારક સંકલન અને મહત્ત્વપૂર્ણ તૈયારીની જરૂર છે. અમલીકરણની પ્રક્રિયા વ્યવસ્થિત, વૈજ્ઞાનિક અને સમય બંધાયેલ હોવી જોઈએ.

**પગલું 10 : પ્રવૃત્તિનું દસ્તાવેજીકરણ**

દસ્તાવેજીકરણનો અર્થ એ છે કે શરૂઆતથી અંત સુધી પ્રોગ્રામમાં સામેલ બધી પ્રક્રિયાઓનો રેકોર્ડ બનાવવો છે. શક્ય હોય તેટલું તમારે કાર્યક્રમની સફળતા અને પડાકારોના દસ્તાવેજ યાદ રાખવા જોઈએ. આ સમુદાયના લોકો અને નિષ્ણાતો સુધી પ્રતિસાદ અને અભિપ્રાય એકત્રિત કરવા માટે પહોંચાડવામાં આવશે. તે તમને લોકો અને સમુદાયના સભ્યોમાં સકારાત્મક વલણ કેળવવા સમર્થન પ્રાપ્ત કરવામાં મદદ કરશે.

**પગલું 11 : મોનિટરિંગ**

દેખરેખ એ સમુદાયના વિકાસમાં બીજું મહત્ત્વપૂર્ણ પગલું છે. મોનિટરિંગ દરમિયાન, તમે પ્રવૃત્તિઓની પ્રગતિને સતત ટ્રેક કરો છો તમે યોજના ઘડી રહ્યા છો તે સુનિશ્ચિત કરવા માટે તમે તેનો અમલ કરી રહ્યા છો. મોનિટરિંગ તમને તમે જે પ્રવૃત્તિઓ લાગુ કરી રહ્યાં છો તે પડકારો અને સફળતાના વિશ્લેષણ માટે સક્ષમ કરે છે. જેથી તમે સારા સમયમાં સુધારાત્મક પગલાં લઈ શકો. મોનિટરિંગમાં નીચેના કાર્યો શામેલ છે.

– રેકોર્ડિંગ શું થઈ રહ્યું છે તેમજ શું થઈ રહ્યું નથી.

– પ્રવૃત્તિઓ તપાસી અથવા નિરીક્ષણ કરવું.

– પ્રવૃત્તિઓ અને પરિણામો પર તથ્યો અને આંકડાઓ એકત્રિત કરવું

– અમલ યોગ્ય રીતે ચાલે છે કે તેમ તેનું મૂલ્યાંકન કરવું અથવા

– ઈચ્છિત પરિણામો પ્રાપ્ત કરી રહ્યું છે.

**પગલું 12 : મૂલ્યાંકન**

મૂલ્યાંકન તમને કોઈ પ્રોજેક્ટની સિદ્ધિઓ વિશે નિર્ણય લેવાની મંજૂરી આપે છે. તે માપે છે કે પ્રોગ્રામની પ્રવૃત્તિઓના ઉદ્દેશોને પ્રોજેક્ટના ઉદ્દેશો અને ગોલ કેટલા સારી રીતે પૂર્ણ કરી છે તે મૂલ્યાંકનની યોગ્ય માંગ

– ચોક્સાઈ અને ધ્યાન

– બાહ્ય-બહારની એજન્સી, બાહ્ય મૂલ્યાંકન એ સિવાય કંઈ નથી મૂલ્યાંકન કોઈના દ્વારા હાથ ધરવામાં આવ્યું છે જે સીધી રીતે પ્રક્રિયા અમલીકરણ સામેલ નથી.

– આંતરિક-અમલીકરણ એજન્સી, વાસ્તવિક પ્રોજેક્ટ ટીમ તરફથી કેટલાક દ્વારા હાથ ધરવામાં આવેલ મૂલ્યાંકન

**પગલું 13 : આયોજન અને અમલીકરણની પ્રક્રિયાઓની સાયકલ ફરી ચલાવો**

તમને મોનિટરિંગ અને મૂલ્યાંકન દ્વારા મળેલ પ્રતિસાદ ખૂબ જ મહત્ત્વપૂર્ણ છે. આ પગલાં દરમિયાન, તમે જે ઈચ્છિત પરિણામો પ્રવૃત્તિઓ કે પ્રાપ્ત કરવા માટે તેને સંબોધવા માટે મોનિટરિંગમાંથી ડેટાનો ઉપયોગ કરો છો. ગોઠવણીની જરૂર છે એ જ રીતે તમે અનુગામી કાર્યક્રમોનું આયોજન અને અમલીકરણમાં ડિઝાઈનને સુધારવા સહાય માટે મૂલ્યાંકનમાંથી ડેટાનો ઉપયોગ કરો છો.

## 5.6 ઉપસંહાર

પ્રસ્તુત એકમાં આપણે સમુદાય વિકાસના કાર્યક્રમો અને સમુદાય વિકાસ કાર્યક્રમો સાથે સંકળાયેલી સંસ્થાઓ વિશેની જાણકારી પ્રાપ્ત કરી તથા તેમાં પંચાયતી રાજ, ત્રિ-સ્તરીય માળખાનો, સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમ, જીલ્લા આયોજન અને વિકાસ સમિતિ, ગ્રામ સભાઓ, બિનસરકારી સંસ્થાઓની ભૂમિકા, બાયફ સંસ્થા વિશે અભ્યાસ કર્યો ઉપરાંત સમુદાય વિકાસના જુદા-જુદા ઘટકોવિશે પણ ઊંડાણપૂર્વક માહિતી મેળવવાનો પ્રયત્ન કર્યો અને સમુદાય વિકાસ શરૂ કરવાના પગલાંઓનો પણ અભ્યાસ કર્યો.

## 5.7 આપની પ્રગતિ ચકાસો

(1) ભારતમાં સમુદાય વિકાસનો પાયલોટ પ્રોજેક્ટ સૌ પ્રથમ ક્યાં શરૂ કરવામાં આવ્યો છે ?

(A) ઈટાવા (B) દિલ્હી

(C) મુંબઈ (D) ગોવા

(2) રાષ્ટ્રીય વિસ્તરણ સેવા પ્રોજેક્ટ ક્યારે શરૂ કરવામાં આવ્યો ?

(A) ઈ.સ. 1947 (B) ઈ.સ. 1945

(C) ઈ.સ. 1953 (D) ઈ.સ. 1990

(3) પંચાયતીરાજની સ્થાપના ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1857 (B) ઈ.સ. 1872

(C) ઈ.સ. 1972 (D) ઈ.સ. 1957

(4) સમુદાય વિકાસ કાર્યક્રમની શરૂઆત ભારતમાં ક્યારે થઈ ?

(A) ઈ.સ. 1955 (B) ઈ.સ. 1954

(C) ઈ.સ. 1950 (D) ઈ.સ. 1943

(4) સંકલિત ગ્રામીણ કાર્યક્રમની શરૂઆત ક્યારે કરવામાં આવી ?

(A) ઈ.સ. 1972 (B) ઈ.સ. 1979

(C) ઈ.સ. 1977 (D) ઈ.સ. 1975

## 5.8 આપની પ્રગતિ ચકાસોના જવાબો

1. (A) ઈટાવા
2. (C) ઈ.સ. 1953
3. (D) ઈ.સ. 1957
4. (C) ઈ.સ. 1950
5. (B) ઈ.સ. 1979

## 5.9 ચાવીરૂપ શબ્દો

**સંકલિત** : બધાનો સમન્વય કરવો તે.

**એન.જી.ઓ.** : બિનસરકારી સ્વૈચ્છિક સંસ્થા

**એસ.એચ.જી.**: સ્વ-સહાય જૂથ

## 5.10 સ્વાધ્યાય લેખન

1. ભારતમાં સમુદાય વિકાસ કાર્યક્રમોના વિકાસની ચર્ચા કરો.

.....................................................................................................
.....................................................................................................
.....................................................................................................
.....................................................................................................
.....................................................................................................

2. સમુદાય વિકાસ કાર્યક્રમો સાથે સંકળાયેલ સંસ્થાઓ વિશે જણાવી કોઈપણ એક સંસ્થા વિશે વેગતે ચર્ચા કરો.

.....................................................................................................
.....................................................................................................
.....................................................................................................
.....................................................................................................
.....................................................................................................

3. સમુદાય વિકાસના ઘટકોની વિગતે ચર્ચા કરો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

4. સમુદાય વિકાસ શરૂ કરવાના પગલાની વિગતે સમજૂતી આપો.

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

..........................................................................................

## 5.11 પ્રવૃત્તિ

1. સંકલિત ગ્રામીણ વિકાસ કાર્યક્રમનું ચાર્ટ પેપર પર સુંદર આલેખન કરી સમજાવો.
2. સમુદાય વિકાસના ઘટકોનો ચાર્ટ બનાવવો.

## 5.12 કેસસ્ટડી

1. તમારા ગામમાં આયોજિત થતા ગ્રામસભામાં જોડીને તેના અનુભવોની નોંધ લખો.
2. ગ્રામ પંચાયતની મુલાકાત લઈને તેની નોંધ તૈયાર કરો.
3. તમારા ક્ષેત્રકાર્યના ગામમાં બિનસરકારી સંસ્થાની ભૂમિકાની નોંધ બનાવો.

## 5.13 સંદર્ભસૂચિ


(1) ડૉ. બાલેશ્વર પાંડેય, ડૉ. ભારતી શુક્લા (2011) વૈજ્ઞાનિક તથા ટેકનિકલ શબ્દાવલી આયોગ, માનવ સંસાધન વિકાસ મંત્રાલય, ઉત્તરપ્રદેશ હિન્દી સંસ્થાન, લખનૌ.

(2) જી. એમ. બુટાણી, ચિરાગ પટેલ (2011) સામુદાયિક સંગઠન, ઉત્કર્ષ એકેડેમી, 15, ફાલ્ગુની એપાર્ટમેન્ટ, બેકર્સ કોલોની, ભૂજ-કચ્છ.

(3) સામુદાયિક સંગઠન (2011), રન્નાદે પ્રકાશન, અમદાવાદ.

BAOU
Education
for All

# ડો.બાબાસાહેબ આંબેડકર
# ઓપન યુનિવર્સિટી

જ્યોર્તિમય પરિસર, સરખેજ-ગાંધીનગર હાઈવે,
છારોડી, અમદાવાદ-૩૮૨૪૮૧
વેબસાઈટ : www.baou.edu.in